# વિચાર સ્વાતંત્ર્યનો ઇતિહાસ

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી

શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઇ સ્મારક ગ્રંથ નં. ૨૬

# વિચાર સ્વાતંત્ર્યનો ઇતિહાસ

અનુવાદક,
ખુશવદનલાલ ચંદુલાલ ઠાકોર, બી. એ,
ભરૂચ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી
હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ, બી. એ;
આસિ. સેક્રેટરી, અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૫૦૦
સને ૧૯૨૯. સંવત ૧૯૮૫.

કિંમત એક રૂપિયો.

**અમદાવાદ**, સલાપોસ રોડ,
ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

# શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઈ ગ્રંથમાળાનો

# ઉપોદ્‌ઘાત.

ઇ. સ. ૧૮૬૪ માં મુંબાઈના મરહુમ શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઈ અમદાવાદ પધાર્યા હતા, ત્યારે તેમણે ગુજરાતના જુવાન માણસોમાં બુદ્ધિનાં કામ કરવાની હોંશ વધારવાને તથા ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીનાં ઉપયોગી કામને પુષ્ટિ આપવા સારૂ રૂ. ૨૫૦૦] સોસાઈટીને સોંપ્યા હતા; અને એવી ઇચ્છા જણાવી હતી કે, તેની પ્રોમીસરી નોટો લઇ તેના વ્યાજમાંથી ઇનામ આપી શુદ્ધ ગુજરાતીમાં સારા નિબંધ તથા પુસ્તક રચાવવાં. તે પ્રમાણે આ ફંડમાંથી આજ સુધીમાં નીચેનાં પુસ્તકો તૈયાર કરાવી સોસાઇટીએ છપાવેલાં છે:—

૧. ગુજરાતી ભાષાનો ઇતિહાસ (૩ જી આવૃત્તિ).
૨. દૈવજ્ઞ દર્પણ.
૩. ગુજરાતના ભિખારીઓ.
૪. ભિક્ષુક વિષે નિબંધ.
૫. અર્થશાસ્ત્ર.
૬. સ્ત્રી નીતિધર્મ (૫મી આવૃત્તિ).
૭. ગુજરાતના ઊત્કર્ષનાં સાધન વિષે નિબંધ.
૮. દુકાળ વિષે નિબંધ.
૯. સેવિંગ બેન્કની અગત્ય વિષે.
૧૦. સ્થાનિક સ્વરાજ્ય.
૧૧. અર્થશાસ્ત્રનાં મૂળતત્ત્વો (૩જી આવૃત્તિ.
૧૨. જ્ઞાન વચન.
૧૩. પ્રાચીન ભરતખંડનો મહિમા.

૧૪. પ્રેસિડંટ લીંકનનું ચરિત્ર.
૧૫. મોહસિનીનાં નીતિવચનો.
૧૬. માર્કોપોલોનો પ્રવાસ.
૧૭. જીવતત્ત્વ.
૧૮. વનસ્પતિ તત્ત્વજ્ઞાન.
૧૯. નવરાશના વખતમાં ગમ્મત અને જ્ઞાન.
૨૦. ખેતર, વાડી અને બગીચાની ઉપજ વધારનારાં ખાતર વિષે નિબંધ.
૨૧. બ્રિટિશ હિંદનો આર્થિક ઇતિહાસ ભા. ૧.
૨૨. અગ્નિમાંદ્ય.
૨૩. નિરોગી રહેવાના ઉપાય.
૨૪. યજ્ઞ રહસ્ય.
૨૫. સૌન્દર્ય અને લલિતકળા.
૨૬. વિચાર સ્વાતંત્ર્યનો ઇતિહાસ.

# અનુવાદકની પ્રસ્તાવના.

ટેરેન્સ મેક્સ્વિની કૃત ‘ પ્રિન્સિપલ્સ ઓવ્ ફ્રીડમ ’ નું ભાષાંતર કરવાના પ્રયાસમાં સફળતા મળવાથી પરભાષાનાં ઉત્તમ પુસ્તકોનો અનુવાદ કરવાની પ્રેરણા જન્મી. એવામાં ગુજરાત વર્નાક્યુલર સોસાઇટિ તરફથી પ્રસિદ્ધ થયેલી ઇનામી પુસ્તકોની યાદી જોવામાં આવી; અને પ્રો. બૅરીના History of the Freedom of Thought નામના પુસ્તકનું–વિચારસ્વાતંત્ર્યનો ઇતિહાસ–એ નામથી અનુવાદ કરવાની તક પ્રાપ્ત થઈ.

પ્રસ્તુત પુસ્તકમાં અધિકાર અને બુદ્ધિ વચ્ચેની લડત ચર્ચેલી છે તથા અતિ સંક્ષેપમાં વિચારસ્વાતંત્ર્યનો ઇતિહાસ આલેખ્યો છે. પુસ્તકમાં આપેલી હકીકત કેવળ પશ્ચિમના સુધારાને લગતી છે. ઘણા ટૂંકા સાર રૂપે કહીએ તો, પ્રાચીન ગ્રીસમાં અને રોમમાં ચર્ચાસ્વાતંત્ર્ય તથા વિચારસ્વાતંત્ર્ય કેવાં જોસમાં હતાં; ત્યારપછી ખ્રિસ્તીધર્મ રૂપે એક અદૃષ્ટ, હઠીલી શક્તિ આવી તેણે મનુષ્યનાં મનને કેવી બેડીઓ પહેરાવી, તેના વિચાર પર કેવા અંકુશ મૂકયા; તેના સ્વાતંત્ર્યને કેવી નિર્દય રીતે કચડી નાંખ્યું; નિર્દોષ સ્વતંત્ર વિચારકો તથા ચૂડેલ ગણાતી સ્ત્રીઓ પર ધર્મરક્ષા, રાષ્ટ્રરક્ષા અને સામાજિક હિતના ઓઠાં તળે ધર્મસંસ્થાએ કેવો પારાવાર અને જગતમાં જોટા વિનાનો જુલ્મ ગુજાર્યો; બુદ્ધિની ગતિ કુંઠિત કરી નાંખી, સત્યાન્વેષણના એક જ અમોઘ સાધનરૂપ મનાતા ચર્ચાસ્વાતંત્ર્યને કચડી નાંખી, સત્યની સંહિતાનાં સલિલને પ્રગતિના સાગર પ્રત્યે સતત ઉછાળા મારતાં અટકાવી, તેને સુકવી; સંકુચિત કરી રૂઢિ અને અંધશ્રદ્ધાના બંધ ખાબોચિયાંરૂપ કેવી રીતે બનાવ્યાં તે તથા ગુમાવેલા અને લગભગ પ્રાણશેષ બનેલા સ્વાતંત્ર્યને કેવાં મોઘાં બલિદાનો, કેવાં કારમાં સતત યુદ્ધો, નવા સંક્ષોભક વિચારો, તત્ત્વવિચાર, વૈજ્ઞાનિક શોધ અને ઐતિ-

હાસિક વિવેચન જેવાં સાધનો દ્વારા મનુષ્યોએ કેવી વીરતા અને ધૈર્યથી પાછું મેળવ્યું તે હકીકત પ્રસ્તુત પુસ્તકમાં ચર્ચી છે.

આ પુસ્તકમાં આલેખેલા વિચારસ્વાતંત્ર્યનો ઇતિહાસ વિચારતાં ભારતવર્ષમાંના વિચારસ્વાતંત્ર્યનો ઇતિહાસ સહજ જ આંખ આગળ તરી આવે છે. પણ પ્રસ્તાવના ટૂંકી લખવાની એટલે સ્થળસંકોચને લીધે એ બીના વિસ્તારપૂર્વક અહિં ચર્ચાય એમ નથી. પશ્ચિમના દેશોમાંના અહિં આલેખેલા ચિત્ર સામે ભારતનું ચિત્ર મૂકતાં હર્ષ અને શોક, અભિમાન અને શરમ એવી મિશ્રિત લાગણી પ્રકટ થાય છે અતિ પ્રાચીન કાળથી ભારતભૂમિમાં અનેક દાર્શનિકો પ મ્યા છે, અનેક ધર્મો અને ધર્મપંથો જન્મ પામ્યા છે; એટલું જ નહિ પણ હિંદના અનેક મૂળ ધર્મો ઉપરાંત પારસી, ખ્રિસ્તી, મહમ્મદીય, યહુદિ આદિ પરધર્મો પણ આ ભૂમિ પર આશ્રય અને પોષણ પામ્યાં છે. પ્રાચીન કાળથી આજ સુધીમાં વૈદિક, બ્રાહ્મણ, બૌદ્ધ, જૈન, શૈવ, વૈષ્ણવ, શીખ વગેરે અનેક ધર્મો–આ બધાની શાળાઓનું તો સૂચન માત્ર બસ છે–કાળક્રમે અહિં જન્મ્યા અને વિકસ્યા છે. છેક નજદિકના કાળમાં બ્રહ્મસમાજ અને તેની વિવિધ શાખાઓ, આર્યસમાજ અને છેવટે બ્રહ્મવિદ્યાવાદી અને આત્મવિદ્યાવાદી સમાજો: એ સર્વનો પ્રચાર પણ અહિં થયો છે. પણ કહેવાતા શ્રી શંકરાચાર્યે કરેલા બૌદ્ધ ધર્મના નાશ સિવાય કોઇ પણ કાળે આ ભૂમિ પર ધર્મરક્ષાને બહાને નિર્દોષોનાં લોહી રેડાયાં નથી. પશ્ચિમના દેશો સાથેનો આપણો આ વિરોધ આપણાં હર્ષ અને અભિમાનનું કારણ છે. બીજી બાજૂ, દૂર દૂરના ભૂતકાળથી વારસામાં મળેલાં અંધશ્રદ્ધાવાળી માન્યતાઓ, ધાર્મિક વ્હેમો, વિચિત્ર ગૂઢગ્રાહો, ચમત્કારની અશ્રદ્ધેય કથાઓ, અયુક્તિક જડગ્રાહો (Dogmas) અને ધર્મધતિંગોને પ્રગતિશીલ દેશો તત્ત્વવિચાર, વૈજ્ઞાનિક શોધો, ઐતિહાસિક વિવેચન, અને નવા સંક્ષોભક વિચારોના પ્રચાર દ્વારા લગભગ ટાળી શકયા છે, તથા રહ્યા છે ત્યારે ભારતની નિવૃત્તિપ્રિય પ્રજા એની પ્રગતિમાં અટકામત નાંખતી

આ ખાઇઓને એના જુગ જૂના અજ્ઞાનને લીધે ઓળંગી નથી શક્યા એ આપણાં શોક અને શરમની કથા છે.

આ પુસ્તકના વાચનથી આપણને એ વ્હેમો વગેરેના દુર્ભેદ્ય દુર્ગો તોડવાની પ્રેરણા થાય તથા ભારતમાંના વિચારસ્વાતંત્ર્યનો ઇતિહાસ સુવ્યવસ્થિત રીતે લખવાની વૃત્તિ પેદા થાય તો અનુવાદ સફળ થયો માનીશ.

પ્રસ્તુત પુસ્તકના લેખક પ્રો. બૅરી અતિ શિષ્ટ લેખક છે. વાચકને પુસ્તકને પાને પાને એમનાં ઉંડા અભ્યાસ અને વિશાળ વાચનના દર્શન થાય છે. એમની લેખનશૈલી ઘડાયલી અને પરિપક્વ છે. શબ્દસંક્ષેપ અને અર્થબાહુલ્ય વા અર્થગાંભીર્ય એ આ પુસ્તકમાંનાં વિશિષ્ટ લક્ષણો હોઈ, પુસ્તકના અનુવાદનું કાર્ય કઠણ કરવામાં એ બે કારણભૂત બન્યાં છે. આમ છતાં લેખકને અન્યાય ન થાય, મૂળ વિચારોને હાનિ ન પહોંચે એ માટે યથાશક્તિ કાળજી લીધી છે તથા એ વિચારો વાચકને સુગમ્ય થાય તે માટે અનુવાદની ભાષા મૂળ વિચારને અનુરૂપ અને બની તેટલી સરલ રાખવા પ્રયત્ન કર્યો છે. વિષયની વિશિષ્ટતાને લીધે મૂળ પુસ્તકમાં અનેક પારિભાષિક શબ્દો આવ્યા છે. તેમનો અનુવાદ કરતી વખતે આધારભૂત શબ્દકોષોનો, તથા શ્રીયુત વિ. પ્ર. ભટ્ટના પારિભાષિક શબ્દકોષનો સારો આધાર લીધો છે. આ ઉપરાંત જે પારિભાષિક શબ્દો માટે આપણી ભાષામાં રૂઢ પ્રયોગો નથી તેવા કેટલાક માટે યથામતિ નવા શબ્દપ્રયોગો યોજ્યા છે. ભાષાને કઢંગી થતી, બન્યું ત્યાં સુધી, અટકાવી છે. છતાં આવાં પુસ્તકોને આપણી ભાષામાં ઉતારવાની મુશ્કેલીને લીધે દોષો તો રહી ગયા જ હશે. સુજ્ઞ વાચકો દોષ તરફ દૃષ્ટિ ન કરતાં, મૂળ લેખકના સુંદર વિચારો તરફ વળશે એ જ વિજ્ઞપ્તિ.

આ પુસ્તકનો અનુવાદ કરવામાં મારો ઉત્સાહ ટકાવી રાખવા માટે તથા કેટલીક અગત્યની સૂચનાઓ કરવા માટે શ્રીયુત વિ. મ. ભટ્ટનો તથા પ્રો. બળવંતરાય ઠાકોરનો આભાર માનું છું.

**ખુશવદનલાલ ચં. ઠાકોર.**

# અનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| | | | પૃષ્ઠ. |
| પ્રકરણ | ૧ લું | વિચાર સ્વાતંત્ર્ય અને બાધક શક્તિઓ ... | ૧ |
| ,, | ૨ જું | બુદ્ધિ સ્વાતંત્ર્ય ... ... ... | ૧૫ |
| ,, | ૩ જું | બુદ્ધિ નિયંત્રણ ... ... ... | ૪૩ |
| ,, | ૪ થું | છુટકારાની આશા ... ... ... | ૬૫ |
| ,, | ૫ મું | ધાર્મિક સ્વાતંત્ર્ય ... ... ... | ૮૬ |
| ,, | ૬ ઠું | બુદ્ધિવાદનો વિકાસ ... ... ... | ૧૨૪ |
| ,, | ૭ મું | બુદ્ધિવાદની પ્રગતિ ... ... ... | ૧૭૧ |

# વિચારસ્વાતંત્ર્યનો ઇતિહાસ.

## પ્રકરણ ૧ લું.

### વિચારસ્વાતંત્ર્ય અને બાધક શક્તિઓ.

વિચાર સ્વતંત્ર છે એવી સામાન્ય ઉક્તિ છે. જ્યાં સુધી મનુષ્ય પોતાના વિચાર જાહેર ન કરે ત્યાં સુધી ગમે તે વિષયનો વિચાર કરતાં તેને કદી અટકાવી શકાય નહિ. એની વિચારસૃષ્ટિને કેવળ બે સીમાબંધનો છેઃ—એના અનુભવની મર્યાદા તથા એની કલ્પનાશક્તિ. પણ આમ ગુપ્ત રીતે વિચાર કરવાની સ્વાભાવિક છૂટની કિંમત નહિ જેવી જ છે. એવી સ્વતંત્રતા હોવા છતાં જો વિચારકને તેના વિચારનો પ્રચાર કરતાં અટકાવવામાં આવે તો તેને દુઃખ થાય જ. વિચારસ્વાતંત્ર્ય પર અંકુશ મૂકવાની નીતિનો આ એક જ ગેરફાયદો નથી. એ નીતિને લીધે વિચારકને દુઃખ થાય છે એ તો ખરું, પરંતુ તદુપરાંત તેની આજૂબાજૂના લોકોને એના વિચારો ગુપ્ત રહેવાથી કશો જ લાભ મળતો નથી. વિશેષમાં દૃઢ **પ્રતીતિઓને દાબી રાખવી એ પણ ઘણી મુશ્કેલ વાત છે.** જો કોઈ માણસને તેની વિચારશ્રેણી તેની આસપાસના માણસોના આચારને નિયમિત કરનારા વિચારો કે રિવાજો વિષે શંકા ઉઠાવવાને, તેમની માન્યતાઓનો અસ્વીકાર કરવાને અને તેમના જીવનમાર્ગો કરતાં ઉચ્ચતર માર્ગોની ઝાંખી કરવાને પ્રેરે તો એ પોતાના વિચારો સાચા છે એવી તેની ખાતરી થઈ ગઇ હોય તોપણ તે મનુષ્ય ચૂપ રહીને, અમુક શબ્દો જાણ્યા અજાણ્યા ઉચ્ચારીને કે પછી પોતાના સામાન્ય વલણથી પણ આજૂબાજૂના લોકોથી પોતે ભિન્ન વિચારનો છે એવું જણાવ્યા વગર રહી શકે એમ બનવાનું જ નહિ. ભૂતકાળમાં સોક્રે-

ટિસની માફક કેટલાક માણસોએ પોતાના વિચારોને દાબી રાખવા કરતાં મોતને પ્યારું ગણ્યું છે. આજ પણ કેટલાક મોતને જ પસંદ કરે. **આમ વાણીસ્વાતંત્ર્ય વિચારસ્વાતંત્ર્યમાં સમાએલું જ છે. વાણીસ્વાતંત્ર્ય વિનાનું વિચારસ્વાતંત્ર્ય નકામું છે.**

હાલમાં ઘણા સુધરેલા દેશોમાં વાણીસ્વાતંત્ર્ય બહુ સામાન્ય થઈ પડયું છે. એની સાથે આપણે એટલો ગાઢ પરિચય છે કે એ એક કુદરતી હક્ક જ હોય એમ ભાસે છે. પણ આ હક્ક મેળવ્યાને હજુ ઝાઝો વખત થયો નથી, અને લોહીની ઘણી નીકો ઓળંગીને જ એની પ્રાપ્તિના પંથે પળી શકાયું છે. વ્યક્તિગત વિચારોને પ્રસિદ્ધ કરવાની ને સર્વ પ્રશ્નો પર ચર્ચા ચલાવવાની છૂટ અનિષ્ટ નથી, પરંતુ હિતકર જ છે એ વાત સમજુ જનોમાં હૃદયમાં ઠસાવતાં સૈકાઓ લાગ્યાં છે. કેટલાક ખાસ અપવાદો સિવાય સમાજ સામાન્ય રીતે વિચારસ્વાતંત્ર્ય એટલે કે નવા વિચારોની સામે થયો છે. આનું કારણ શોધવું સહેલું છે.

માણસ સ્વભાવથીજ આળસુ હોય છે. માર્ગમાં ઓછામાં ઓછી નડતરો આવે તેવા માર્ગ તરફ તેનું મન વળે છે. શંકા કર્યા વગર સ્વીકારી લીધેલી અને પછીથી ચૂસ્તપણે જીવનમાં અપનાવેલી માન્યતાઓથી જ સામાન્ય મનુષ્યની મનઃસૃષ્ટિ ભરેલી હોય છે. એની આ પરિચિત સૃષ્ટિની કાયમની વ્યવસ્થાને ઉંધી વાળે એવી હર એક વસ્તુ સામે એનો જુસ્સો સ્વાભાવિક ઉછળી ઉઠે છે. જે જે માન્યતાઓ એ ધરાવે છે તેમાંની કેટલીકથી ભિન્ન એવો એકાદ નવો વિચાર ઉદ્ભવે કે એને પોતાની માનસિક વ્યવસ્થા પલટવી પડે જ; આ વિચાર પદ્ધતિ ફેરવવાની રીત શ્રમકારક છે, એમાં મગજશક્તિનો ભારે વ્યય થાય છે. રુઢ થયેલા વિચારો તથા સુસ્થાપિત સંસ્થાઓ વિરુદ્ધના વિચારો કે અભિપ્રાયો, એના તથા એના જેવા વિચાર ધરાવનારા સાથીઓના મોટા સમૂહની નજરે અનિષ્ટ લાગે છે, કારણ તે (વિચારો) તેમને અનુકૂળ હોતા નથી.

કેવળ માનસિક તન્દ્રાથી નિપજતો કંટાળો બીકની સાક્ષાત્ લાગણીથી વૃદ્ધિ પામે છે. સમાજના ચાલુ બંધારણમાં કોઇ પણ પ્રકારના ફેરફારથી તેના પાયાને ધક્કો લાગે જ એવી પ્રગતિ વિરોધી પ્રેરણા રીઢી થઇને પ્રગતિવિરોધી સિદ્ધાંતમાં પરિણમે છે. રાજ્યનું હિત તેની સંસ્થાઓ તેમજ સંપ્રદાયોમાં અણુમાત્ર પણ ફેરફાર વિનાની સ્થિરતા પર આધાર રાખે છે, એવી માન્યતાને લોકો હજુ આજ કાલજ છોડવા લાગ્યા છે. જ્યાં જ્યાં એવી માન્યતા પ્રચલિત છે ત્યાં ત્યાં નવા વિચારો હાનિકારક અને નડતરકર્તા મનાય છે, અને જો કોઈ મનુષ્ય સ્થાપિત સિદ્ધાંતોનાં કારણો વિષે એકાદ પ્રતિકૂળ પ્રશ્ન પૂછે તો તે માણસ ભયંકર લેખાય છે.

પ્રગતિવિરોધી પ્રેરણા તેમજ તેમાંથી પરિણમતો તેવોજ સિદ્ધાંત ધર્મ પરના મૂઢ વિશ્વાસથી વધુ દૃઢ બને છે. જો સર્વ રૂઢિઓ અને વિચારો સમેત સમાજબંધારણને ધાર્મિકમત સાથે ગાઢ સંબંધ હોય તથા તે બંધારણ દૈવી આશ્રયથી ખીલતું મનાતું હોય તો એ સમાજવ્યવસ્થાની ટીકા કરવી એ દેવનિંદા બરોબર છે અને ધર્મમતને વખોડવો એ તો દૈવી સત્તાના કોપને સીધું આમંત્રણ આપવા જેવું છે.

ધર્માધિકારીઓ, વર્ણ (caste) અને વર્ગ (class) જેવા સમાજના પ્રતાપી વિભાગો ચાલુ પ્રણાલિકા તથા તેના મૂળભૂત વિચારોના રક્ષણમાં પોતાના લાભ જુએ છે. એ પ્રણાલિકા વિરૂદ્ધના નવા વિચારો સામે તે વિભાગો ઝુંબેશ ઉઠાવે છે, અને એમની લડતને પરિણામે પ્રગતિ વિરોધી વૃત્તિને પુષ્ટિ મળે છે.

દાખલા તરીકે એમ ધારો કે એક પ્રજા એવું માને છે કે સૂર્યગ્રહણ, એ તો અમને ઉપયોગી સંદેશો આપવા માટે અમારા ઇષ્ટ દેવતાએ કરેલી નિશાની છે, અને કોઈ એક કુશળ માણસ એ ગ્રહણો થવાનું સાચું કારણ શોધી કાઢે છે. એના દેશબંધુઓને પ્રથમ તો એની શોધ ગમતી નથી; કારણ એમના અન્ય વિચારો સાથે એ

શોધનો મેળ બેસાડવો એ જ કઠિન વાત છે. બીજું, એમની નજરમાં સમાજને અત્યંત લાભદાયી નિવડે એવી જણાતી રચનામાં એ શોધથી ઉંધુચતું થવાનો સંભવ હોય છે; આથી એમને એ કુશળ પુરુષની શોધ હરકતકર્ત્તા લાગે છે. અંતમાં, એ શોધ જાણે એમના ઈશ્વરનું અપમાન ન હોય એમ ધારી તેઓ તેનાથી ભડકે છે. દૈવી ચિહ્નોનો અર્થ તથા હેતુ સમજાવવા એ જેમની એક ફરજ છે એવા ધર્માધિકારીઓ એમની સત્તાને જોખમમાં નાંખે એવા સિદ્ધાંતથી ખળભળી ઉઠે છે.

છેક પ્રાચીન સમયમાં આવા સ્વાર્થનું જોર ઘણું ચાલતું હોવાથી પ્રગતિશીલ સમાજોમાં પરિવર્તન થવામાં ઢીલ થઇ હશે અને કેટલાક સમાજો રહેજ પણ પ્રગતિ કરતા અટકયા હશે. પરંતુ આખા ઇતિહાસમાં તેમની થોડી ઘણી અસર તો ચાલુ રહીજ છે. એવા સ્વાર્થી હેતુઓથી જ્ઞાનપ્રાપ્તિ અને પ્રગતિના માર્ગોમાં અંતરાય ઉભાં થયાં છે. છેક આગળ વધી ગયેલા સમાજો સામે એ હેતુઓનું જોર નબળું પડયું છે; તેમના (સમાજોના) વિકાસને રોકવાની કે નવું જૂનું કરે એવા વિચારોનો ફેલાવો થતો બંધ કરી દેવાની આજ તેમની શકિત નથી, તોપણ તેવા સમાજોમાં યે એ સ્વાર્થની અસર આપણે નિહાળી શકીએ. નવા વિચારને નડતરરૂપ માનનારા આજે પણ ઘણાઓ આપણી નજરે પડે છે. સમષ્ટિવાદ (Socialism)થી અભડાઈ જનારાઓ પૈકી એવા ઘણા યે છે. તેઓ તેની વિરુદ્ધ યા તરફેણમાં થતી દલીલોનો વિચાર સરખો કરતા નથી. પણ એ વિચારથી તેમની માનસસૃષ્ટિમાં વિક્ષોભ ઉત્પન્ન થાય તથા એમની પરિચિત વસ્તુસ્થિતિની સખત છાટકણી થવાનો સંભવ હોય છે એટલાજ કારણથી તેઓ સમષ્ટિવાદથી કંટાળાપૂર્વક વિમુખ થાય છે. વળી રખેને ધાર્મિક મંજુરીઆતો સાથે સંબંધ ધરાવતા ભૂલભરેલા વિચારસમૂહની હસ્તીને હાનિ પહોંચે એવી બીકથી આપણી અપૂર્ણ લગ્નસંસ્થામાં ફેરફાર કરવાની સૂચના પર વિચાર પણ કરવાની ના પાડનારાં યે

આજ ઘણાં છે. આમ કરવામાં તેઓ વાજબી હોય અને ન યે હોય. તેઓ વાજબી જ હોય તો તેમાં તેમનો દોષ નથી. પ્રાચીન સમાજોની પ્રગતિને અંતરાયરૂપ જે કાંઇ સ્વાર્થો હતા તે જ સ્વાર્થોથી તેઓ પણ પ્રેરાયા છે. એક બાજૂ સ્વાતંત્ર્યના વાતાવરણમાં વૃદ્ધિ પામેલી આવી મનોવૃત્તિવાળા લોકોનું અને બીજી બાજૂ સદા નવા વિચારોની શોધમાં ફરનારા તથા એવા વધુ વિચારો ફેલાયા નથી એ જોઈ ખેદ પામનારા લોકોનું આપણે સમકાલિન અસ્તિત્વ જોઇએ છીએ, ત્યારે જે જે સમયમાં આવા નવીન વિચારને ચાહનારાના અભિપ્રાયથી પ્રજામત ઘડાયો હતો તે સમયમાં વિચારને કેવી બેડીઓ હતી તથા જ્ઞાનના માર્ગમાં કેટલા બધા અંતરાયો હતા તેની આપણે ઝાંખી કરી શકીએ છીએ.

હવે અધિકાર (Authority) કે પોતાના પાડોશીના પૂર્વગ્રહો (Prejudices)ની ગણના કર્યા વગર પોતાના વિચારોને પ્રસિદ્ધ કરવાની છૂટ ચાલુ સમયમાં જો કે એક સુસ્થાપિત સિદ્ધાંત સમાન થઈ ગઈ છે તો પણ પોતાના વિચારને જતો કરવા કરતાં મોતને વધાવી લેનારાઓમાંથી પોતાના વિચારોનો યુક્તિ:પુરસર બચાવ કરી શકે એવા થોડાક જ હશે, એમ હું માનું છું. **વાણીસ્વાતંત્ર્ય એ મનુષ્યનો સ્વાભાવિક અને વંશોપભોગ્ય જન્મ સિદ્ધ હક્ક છે** એવું આપણે માની લઇએ એમ છીએ, તેમજ વાણીસ્વાતંત્ર્ય વિરુદ્ધ જે કાંઇ કહેવામાં આવે એ સર્વ સામે આ જ પૂરતા જવાબ છે; એમ પણ આપણે કલ્પી લઇએ એમ છીએ. પણ આવો હક્ક કેવી રીતે પ્રતિપાદિત કરવો એ જ મુશ્કેલીની વાત છે.

જો માણસને કોઈ પણ 'કુદરતી હક્કો' હોઇ શકે તો તે બેજ છે:–(૧) પોતાની જીંદગી ટકાવવાનો (ઉદર પોષણના માર્ગ શોધવાનો) તથા (૨) પ્રજોત્પત્તિ કરવાનો. તોપણ સમાજ આ બન્ને હક્કોનો અમલ કરવાની બાબતમાં અંકુશો મૂકે છે. ભૂખે મરતા માણસને બીજાનું અન્ન લેવાની મના હોય છે; વર્ણસંકર પ્રજોત્પત્તિ સામે

કેટલાક કાયદા તથા રિવાજો રૂપી અટકાયત હોય છે; અને આવા સ્વાભાવિક હક્કો પર અંકુશ મૂકવામાં સમાજ ન્યાય્ય માર્ગેજ વર્ત્તે છે એમ સૌ કોઈ કબુલ કરે છે; કારણ આ બે અંકુશો સિવાય સમાજમાં સુવ્યવસ્થા અસંભવિત છે. આથી વિચારપ્રસિદ્ધિ એ એક આવો જ હક્ક છે એમ આપણે મંજુર રાખીએ તો તેટલાજ કારણથી તેમાં કાંઈ ડખલગીરી ન જ થાય અગર સમાજ તેના (વિચાર પ્રસિદ્ધિ) પર અંકુશ મૂકે તો તે અન્યાયી જ કહેવાય, એવી વાંધા ભરી દલીલો ઉઠાવાય નહિ. પણ વિચારપ્રસિદ્ધિ એ એવોજ એક હક્ક છે એટલું કબુલ કરવું એ તો હદ કરતાં મોટી કબુલાત કરી કહેવાય. કારણ (ઉપર આપેલાં) બીજાં ઉદાહરણોમાં સમાજનાં બંધનો સૌ કોઇને લાગુ પડે છે, પરંતુ વિચારસ્વાતંત્ર્ય વિષેની મર્યાદા તો ક્રાંતિકારક, રૂઢિવિરૂદ્ધ વિચાર ધરાવનારી પ્રમાણમાં નાની સંખ્યા માટે જ છે, કાંઈ બધા જ ને એ મર્યાદા લાગુ પડતી નથી. સત્ય વાત તો એ જ છે કે 'કુદરતી હક્કો' વિષેના ખ્યાલ પર કોઇ વાજબી દલીલ યોજી શકાય નહિ. કારણ એમાં સમાજ તથા તેના સભ્યો વચ્ચેના સંબંધ વિષે એક અપ્રતિપાદ્ય તર્ક સમાયલો છે.

બીજી બાજૂ સમાજના તંત્ર માટે જવાબદાર લોકો એવી દલીલ કરી શકે કે 'સમાજ વિરુદ્ધ કર્તવ્યો અટકાવવાની હમારી જેટલી ફરજ છે તેટલી જ ફરજ હાનિકારક વિચારો અટકાવવાની પણ છે. વળી તેઓ એમ પણ કહી શકે કે મનુષ્ય તેના પાડોશીનો ઘોડો ચોરીને કે તેની ધર્મપત્ની સાથે અઘટિત પ્રેમ કરીને સમાજને જેટલી હાનિ કરી શકે તે કરતાં સમાજવિરુદ્ધ વિચારો ફેલાવીને તે વધુ નુકસાન કરી શકે. રાષ્ટ્ર (State)ના હિત માટે તેઓ જવાબદાર છે અને અમુક વિચારના પ્રચારથી સમાજના પાયારૂપ રાજકીય, ધાર્મિક કે નૈતિક ધારણાઓને ધોકો પહોંચે એવી તેમને ભીતિ લાગે તો બીજા બધા ભયોની માફક તેવા વિચારથી પણ સમાજને ઉગારી લેવાની તેમની ફરજ છે.

વિચારસ્વાતંત્ર્યને મર્યાદિત કરવાની જરુર જણાવતી આવી દલીલોનો સચોટ જવાબ આગળ ઉપર યોગ્ય સ્થળે અપાશે. **વિચારસ્વાતંત્ર્યને કચડી નાંખવું એ એક ભૂલ** છે એવી વાત ચિરકાળ સુધી કોઇને સ્પષ્ટ થઇ ન હતી. એ ભૂલ જ છે એવા અનુમાન પર આવતાં વર્ષોનાં વર્ષો વીતી ગયાં, અને હજુ તો દુનિયાના માત્ર એક ભાગની જ એ વિષે ખાતરી થઇ છે. મારી નજરે તો એ અનુમાન સર્વથી વધુ ઉપયોગી છે અને એ અનુમાન આ પુસ્તકમાં ચર્ચેલી અધિકાર અને બુદ્ધિ વચ્ચેની લડતનું પરિણામ છે. અધિકાર (Authority) શબ્દ પર જરા વિસ્તૃત વિવેચન કરવાની જરુર છે.

જો ત્હમે કોઇને પૂછો કે 'ભાઇ ત્હમે અમુક વસ્તુ શી રીતે જાણી?' તો તે કહેશેઃ—"એને માટે મ્હારી પાસે સારું પ્રમાણ છે," અથવા 'મ્હેં તે ચોપડીમાં વાંચી' કે 'એ તો સામાન્ય જ્ઞાનની વાત છે' અગર 'હું તે નિશાળમાં શીખ્યો.' આ દરેક ઉત્તરનો અર્થ એ જ છે કે તેણે આ જ્ઞાન બીજા પાસેથી મેળવ્યું છે, તેમના જ્ઞાનમાં શ્રદ્ધા રાખી છે, તેમની હકીકતના સાચાજુઠાપણાંની તેણે ખાતરી કરી નથી કે તેમની કરેલી બાબત પર તેણે સ્વતંત્ર વિચાર ચલાવ્યો નથી. ખરેખર, ઘણા માણસોનાં જ્ઞાન તથા માન્યતાઓનો મોટો ભાગ આ જ પ્રકારનો હોય છે; એટલે કે માતપિતા, શિક્ષકો, ઓળખાણ પીછાણવાળાઓ, પુસ્તકો કે છાપાંઓ વગેરેમાંથી ખરાખોટાનો વિચાર કર્યા વિના ગ્રહણ કરેલો હોય છે. અંગ્રેજ બાળક ફ્રેન્ચ ભાષા શીખતી વખતે શબ્દોના અર્થો તથા રૂપાખ્યાનો શિક્ષકના કહેવાથી કે વ્યાકરણના આધારે ખરાં માની લે છે. નકશામાં અમુક સ્થળે ઘીચ વસ્તીવાળા કલકત્તા નામના નગરનો નિર્દેશ કરવામાં આવ્યો છે એ હકીકત ઘણા લોકોએ બીજાના પ્રમાણ પર સ્વીકારેલી છે. નેપોલીઅન અને સીઝર એક સમે હતા એ વાત પણ આવી જ છે. ખગોળવિદ્યાના સુવિદિત સિદ્ધાંતો તે વિદ્યાના ખાસ

અભ્યાસી સિવાય બીજા તો એજ રીતે જાણે છે. અને આ ખોટું નથી. કારણ જો બીજાના આધારે અમુક જ્ઞાન સ્વીકારવામાં આપણે વાજબી ન ગણાતા હોત તો ખરેખર દરેક માણસનું જ્ઞાન છેક જ સંકુચિત હોત એ દીવા જેવું સ્પષ્ટ છે.

પણ અન્યના આધારે અમુક જ્ઞાન સ્વીકારવામાં આપણે એક શરતે જ વાજબી કરીએ છીએ. જે હકીકત આપણે અંદેશા વગર સ્વીકારી શકીએ તે પુરવાર થઈ શકવી જોઈએ. ઉપર આપેલાં દૃષ્ટાંતો આવાં છે, અર્થાત્ સિદ્ધ થઈ શકે એવાં છે. જ્યારે અંગ્રેજ બાળક ફ્રાન્સ જાય અગર તેનામાં ફ્રેન્ચ ભાષાનું એકાદ પુસ્તક વાંચવા પૂરતી શક્તિ આવે ત્યારે તેને ખાતરી થાય જ કે બીજાને આધારે સ્વીકારેલું જ્ઞાન સાચું છે. દિનપ્રતિદિન મ્હારી સામે એવા પુરાવાઓ ખડા થાય છે કે જો હું મહેનત લઉં તો કલકત્તા શહેરનું અસ્તિત્વ હું જ પુરવાર કરી શકું એમ મ્હને સિદ્ધ થતું જાય છે. પણ આજ રીતે નેપોલીઅન નામનો એક વીર નર દુનિયા પર થઇ ગયો એ બાબતની હું ખાતરી કરી ન શકું; છતાં જો મ્હને એ બાબતમાં શંકા હોય તો માત્ર સાદી વિચારશ્રેણીથી હું એટલી તો ખાતરી પામું જ કે તેની હસ્તીના ઈન્કાર વિરુદ્ધ હજારો હકીકતો મોજુદ છે. પૃથ્વી સૂર્યથી ૯૩,૦૦૦૦૦૦ મૈલ દૂર છે એ વિષે મ્હને શંકા નથી. કારણ બધા ખગોળવેત્તાઓ એમ માને છે કે એ હકીકત પ્રયોગસિદ્ધ છે. બધાજ એક મત પર કેમ આવ્યા એ વાત બે રીતે સમજાવી શકાય એમ છે. એક તો, પૃથ્વી અને સૂર્ય વચ્ચેના અન્તરની ગણતરી પ્રયોગસિદ્ધ છે અને બીજું એ કે એ ગણતરી કરવાની જે કોઈ તસ્દી લે તે પણ એજ નિર્ણય પર આવે.

પણ આપણો બધો જ માનસિક સરંજામ આ પ્રકારનો નથી હોતો. સામાન્ય મનુષ્યોના વિચારો, પ્રતિપાદ્ય તેમજ બીજાને આધારે સ્વીકારેલી હકીકતો તથા અપ્રતિપાદ્ય વિચારો અને માન્યતાઓથી ભરેલા હોય છે. ત્રિમૂર્તિ (Trinity) વિષેની માન્યતા ધર્માધિકારી-

ઓના મત પર આધાર રાખે છે અને કલકત્તા નામનું એક શહેર પૃથ્વીતલ પર છે એ માન્યતાથી તદ્દન જુદાજ પ્રકારની છે. ધર્માધિકારીઓના પ્રમાણ સિવાય પહેલી હકીકત સાબીત કરવાનું આપણી પાસે અન્ય સાધન નથી. છતાં જો આપણે તેને સ્વીકારી લઇએ તો તેનું કારણ એટલું જ હશે કે એવો મત (ત્રિમૂર્તિ વિષેનો) દર્શાવનાર વ્યક્તિમાં આપણને ઉંડી શ્રદ્ધા હોય છે અને તેનાં કથનો સિદ્ધ કરવા કઠિન હોય છતાં શ્રદ્ધાવશ થઇ આપણે તે કથનોને વજન આપીએ છીએ.

માન્યતા માન્યતા વચ્ચેનો આ ભેદ કદાચ એટલો સ્પષ્ટ ભાસે છે કે તે જણાવવાની ભાગ્યેજ જરૂર જણાય. છતાં એ ભેદ છેક સ્પષ્ટ કરી બતાવવો એ અગત્યનું છે. અતિ પ્રાચીન કાળનો માણસ તેના પૂર્વજો પાસેથી શીખ્યો હતો જે ટેકરીઓમાં રીંછો તથા ભૂત પિશાચો છે. પણ તેણે એક રીંછને જોયો અને તેના પૂર્વજોની કહેલી પહેલી વાતની ખાતરી કરી લીધી. હવે જો તેને કોઇ પણ કાળે ભૂતપિશાચનો ભેટો થયો ન હોય તો રીંછ અને ભૂતપિશાચ વિષેની તેના પૂર્વજોની કહેલી વાતોમાં ભેદ છે એ વાત તે અદ્દ્ભુતશક્તિવાળો માણસ હોય તો જ તેને સ્ફુરે, નહિ તો ન સ્ફુરે. એ કદી કશી દલીલ કરે તો આવીજ કરે કે, જેમ રીંછો વિષેની મ્હારા પૂર્વજે કહેલી વાત સાચી હતી તેમ ભૂતપિશાચો વિષેની પણ સાચી હોવી જોઈએ. મધ્યયુગમાં જે મનુષ્ય બીજાના અનુભવ કે પ્રમાણ અનુસાર એમ માનતા કે કોન્સ્ટાટિનોપલ નામનું એક શહેર (દુનિયામાં) છે તથા ધૂમકેતુ એ ઇશ્વરીકોપ દર્શાવનારાં ચિહ્નો છે તેને એ બે બાબતો વિષેના પુરાવાના પ્રકારનો ભેદ પરખાતો નહિ. હજુ પણ કોઇ કોઈ સમય તમે આવી મતલબની દલીલો સાંભળો ચે ખરા:— " જ્યારે હું બીજાના આધારે કલકત્તાની હસ્તી સ્વીકારું છું ત્યારે બીજાના જ કહેવાથી ભૂતપિશાચની વાતમાં માનવાનો મને અધિકાર નથી શું ?

હવે હરએક યુગમાં કેવળ લોકમત, (Church) ધર્મસંઘ કે ધર્મપુસ્તકના જ આધાર પર અમુક અસિદ્ધ કે અપ્રતિપાદ્ય સિદ્ધાંતો લોકોએ સ્વીકારવા એવી તેમને આજ્ઞા કરવામાં આવી છે, અને તેઓ એ ફરમાન માન્ય રાખે એવી તેમની પાસે આશા રાખવામાં આવી છે. આ બાબતમાં ઇતિહાસ સાક્ષી પૂરે છે. કુદરત અને મનુષ્ય વિષે અશાસ્ત્રીય રીતે બાંધવામાં આવેલી માન્યતાઓથી સીધી કે આડકતરી રીતે ધર્મ તથા સમાજનું હિત સધાયું છે; અને આથીજ બુદ્ધિનો ઉપયોગ કરવાની કુટેવવાળા (?) લોકોની ટીકાઓ સામે એ માન્યતાઓનું શરીરબળથી રક્ષણ કરવામાં આવ્યું છે. શરીરબળ વાપરી ધર્માધિકારીઓ તથા સમાજના જવાબદાર તંત્રીઓએ એ માન્યતાઓને અખંડ રાખવા પ્રયત્ન કર્યો છે. જો પોતાનો એકાદ પાડોશી પ્રતિપાદ્ય વિષયમાં અશ્રદ્ધા બતાવે તો કોઇ માણસ તેથી ખાસ છેડાઇ જતો નથી; એ બીના પર કોઈ લક્ષ આપતું નથી. એક સમે નેપોલીઅન નામનો નર પૃથ્વીપર હતો તથા પાણી ઓક્ષિજન (પ્રાણવાયુ) તથા હાઇડ્રોજન (અંબુતત્ત્વ)નું બનેલું છે, એ બે પ્રયોગદ્વારા સિદ્ધ થઈ શકે એવી બાબતનો જો કોઈ નાસ્તિક ઇન્કાર કરે તો તે કેવળ હાસ્યાસ્પદ થાય છે. પણ જો કોઈ ઇશ્વરના અસ્તિત્વ વિષે કે આત્માના અમરત્વ જેવા અપ્રતિપાદ્ય સિદ્ધાંતોનો અસ્વીકાર કરે તો તે ભારે ઇતરાજી વ્હોરે છે, અને એક સમય તો તેવાને મોતને શરણ પણ જવું પડયું હોત. મધ્યયુગના આપણા કોઈ મનુજ બંધુએ કોન્સ્ટાટિનોપલની હસ્તી વિષે શંકા ઉઠાવી હોત તો બહુ બહુ તો તેને મૂર્ખ કહેવામાં આવ્યો હોત, પણ જો તેણે ધૂમકેતુ થવાનાં (ધર્માધિકારીઓ બતાવતા હોય તે) કારણો વિષે શંકા ઉઠાવી હોત તો તો તે આફતમાં આવી પડયો હોત. જેરુસલેમ વિષે બાઇબલમાં ઉલ્લેખ છે માટે તેની હસ્તીનો ઇન્કાર કરવા કોઇએ માથું ઉંચકયું હોત તો તેને લોકો અને ધર્માધિકારીઓ હસી કાઢે એટલેથી વાત પતી ન હોત; એના પર જુલમનો પાર રહ્યો ન હોત.

મધ્યકાલીન યુગમાં યૂરોપની માનસિક વૃત્તિ કાંઈ વિચિત્ર જ હતી. જૂના વિચારકોની જુલમી સત્તાએ લોકહૃદયમાં જડ ઘાલી હતી. એમણે સ્થાપિત કરેલા સિદ્ધાંતો યુક્તિપુરઃસર છે એવુંજ ઠસાવવામાં આવતું. હોય તેનું સમર્થન કરવામાં જ બુદ્ધિનો નિર્ણય થતો. સ્વતંત્ર બુદ્ધિને સ્થાન હતુંજ નહિ. પણ **બુદ્ધિ** કોઈ પણ કાળે આપખુદ અંકુશો કે અંતરાયોને માન્ય રાખેજ નહિ. અને રાખે તો બુદ્ધિ બુદ્ધિ રહી શકે જ નહિ. અનુભવની સૃષ્ટિ એ બુદ્ધિના તાબાનો મુલક છે. આથી જે પ્રદેશમાં બુદ્ધિ કદમ ન મૂકી શકે તે પ્રદેશ બુદ્ધિને મંજુર નથી; એ જૂના વિચારકોના પ્રમાણરૂપ મનાતા સ્થાપિત વિચારોનાં સત્યાસત્ય ઝીણવટથી તપાસ્યા વગર તે પોતાનો એક પણ હક્ક વિચારકોની સત્તાને સ્વાધીન કરે એમ નથી જ.

આમ વિચારના સમગ્રપ્રદેશમાં પોતાના નિરંકુશ હકકોનું બુદ્ધિ જે છેલ્લા પાટલાનું પ્રતિપાદન કરે છે તેને બુદ્ધિવાદ એવું નામ આપવામાં આવે છે; અને આજને દિને પણ એ નામને જે કાંઇ થોડો ઘણો બટ્ટો લાગેલો છે તે પરથી બુદ્ધિ અને તેને બાધક શક્તિઓ વચ્ચે કેવી કડવાશભરી લડત ચાલતી તે આપણે સમજી શકીએ છીએ. બુદ્ધિવાદ શબ્દનો પ્રયોગ ખાસ કરીને ધર્મવિદ્યાના (Theology) ક્ષેત્રમાં થાય છે, કારણ કે એ ધર્મવિદ્યાના ક્ષેત્રમાંજ બુદ્ધિની સત્તાના પ્રતિપાદન સામે તીવ્ર અને હઠીલો વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. ધર્મવિદ્યાના ક્ષેત્રમાં એક બીજો શબ્દ પણ ઘડી ઘડી વપરાય છે. એ શબ્દ તે **'સ્વતંત્ર વિચાર'** (**Free Thought**). સર્વ બાહ્ય અધિકારની અવગણના કરી, બુદ્ધિ અને અંતરના અવાજ અનુસાર વર્તવાની પદ્ધતિને સ્વતંત્ર વિચાર કહી શકાય. અધિકાર અને બુદ્ધિ વચ્ચેની આખી લડતમાં બુદ્ધિ કરતાં અધિકારને વધારે લાભદાયી સંજોગો પ્રાપ્ત થયા હતા. બુદ્ધિસ્વાતંત્ર્ય માટે પ્રાણને પણ ખપાવી દે એવા લોકની સંખ્યા હર એક યુગમાં ઘણી જ ન્હાની હોય છે અને સંભવ છે કે આ દશા ભવિષ્યમાં લાંબા કાળ સુધી ટકે. બુદ્ધિને

કેવળ એકજ શસ્ત્ર વડે યુદ્ધ ખેડવાનું હતું—એ શસ્ત્ર તે દલીલ અથવા તર્ક. પરંતુ અધિકારનાં શસ્ત્ર નાનાવિધ હતા.—કોઇ વાર શારીરિક કે નૈતિક બળાત્કાર, તો કોઇવાર કાયદેસર દમનનીતિ, તો વળી ત્રીજી વાર સામાજીક અસંતોષ; આમ અધિકાર અનેક સાધનો કામે લગાડતો. વળી કેટલીક વાર તે શત્રુની તરવાર પણ વાપરતો, પણ પરિણામે તેને પોતાનેજ ઘા થતા. બુદ્ધિ અને અધિકાર વચ્ચેના યુદ્ધમાં અધિકારની લડાયક સ્થિતિમાં એક ખામી એ હતી કે અધિકારના બધા સેનાનીઓ આખરે મનુષ્યજ હતા અને મને કે કમને તેમને બુદ્ધિના માર્ગો સ્વીકારવા જ પડતા. પરિણામે તેમનું ઘર ફુટતું, તેમની માંહોમાંહે પક્ષો ઉભા થતા. આમ હોવાથી બુદ્ધિને ( તો પોતાના વિજય સ્થાપવાની ઉત્તમ ) તક પ્રાપ્ત થઇ. જાણે શત્રુની છાવણીમાં અને તેના હિતમાંજ કામ કરતી ન હોય તેવી દશામાં બુદ્ધિ પોતાના વિજયની બાજી રચ્યા કરતી હતી.

કોઇ કોઈ લોકો કહેશે કે અધિકાર માટે એક અલગ, યોગ્ય પ્રદેશ છે. તેમાં બુદ્ધિને માથું મારવું ઘટતું નથી; અને ઉદાહરણમાં કહેશે કે જે સિદ્ધાંતો અનુભવાતીત છે અને તેથીજ પ્રયોગદ્વારા જુઠા કે સાચા ઠેરવવા અશક્ય છે તેવા સિદ્ધાંતોમાં તો પ્રાચીન ચિંતકોનાં પ્રમાણોમાં શ્રદ્ધા રાખ્યે જ છુટકો. અલબત્ત જુઠા ન ઠરાવી શકાય એવા અગણિત સિદ્ધાંતો નવેસરથી યોજી શકાય; જેમનાં હૃદયમાં અનહદ શ્રદ્ધા હોય તેઓ એ સિદ્ધાંતો માનવાને સ્વતંત્ર છે; પણ જ્યાં સુધી તેમનું જુઠાણું પૂરવાર નથી થયું ત્યાં સુધી એ બધા જ શ્રદ્ધાપાત્ર છે એવું તો કોઈજ નહિ કહે. જો માત્ર થોડાજ સિદ્ધાંતો શ્રદ્ધાપાત્ર હોય તો પછી એ સિદ્ધાંતો કયા છે એનો નિર્ણય કરવા માટે બુદ્ધિ સિવાય બીજું કયું સાધન છે? અધિકાર એક સાધન છે, એમ કહેવામાં આવે તો તે નહિ ચાલે. તેમાં એક મોટી મુશ્કેલી આડે આવે છે; કેમકે અધિકાર પર સ્વીકારાયલી ઘણી માન્યતાઓ અંતે જુઠી ઠરી છે અને સદંતર પડતી

મૂકવામાં આવી છે. આમ છતાં, પ્રચલિત ધર્મવિદ્યા પ્રમાણેનો સત્તાવાર ધર્મમત (Theological Doctrine) આપણે જુઠો ન ઠરાવી શકીએ ત્યાં સુધી તેનો ઇન્કાર કરવાનો આપણને અધિકાર નથી એમ કેટલક કહે છે. પણ હું એટલુંજ જણાવવા માગું છું કે સિદ્ધાંતને જુઠો સાચો ઠરાવવાનો ભાર, શંકા કે ઇન્કાર કરનારને શિર હોતો જ નથી. એ ભાર સિદ્ધાંત પ્રતિપાદન કરનારને શિર છે. આ સંબંધમાં મ્હને એક વાત યાદ આવે છે. એક સમે વાતવાતમાં એક મનુષ્યે નરક (ના અસ્તિત્વ) સંબંધમાં જરા અનાદરભરી ટીકા કરી. આથી નરક જેવી સંસ્થા છે એવું ચુસ્તપણે માનનાર એક ભાઈ જરા વિજય-ઘોષ કરી પેલા મનુષ્ય પ્રત્યે બોલી ઉઠયોઃ–' પણ ભાઈ, વિચિત્ર વાત તો એ છે કે નરક નથી એવું ત્હમે સાબીત નહિ કરી શકો." વાહ ! જો ત્હમને એમ કહેવામાં આવે કે **સિરિઅસ** તારાની આજૂબાજૂ ફરનારા ગ્રહમાં અંગ્રેજી ભાષામાં વાતચીત કરી જાણનારી તથા (Eugenics) સુપ્રજનનવિદ્યા પર ચર્ચા કરવામાં વખત ગાળનારી ગર્દભ જાતિ વસે છે, તો ત્હમે એ વાત જુઠી ઠરાવી તો ન શકો, પણ તેથી કાંઈ એ હકીકત માનવા જેવી તો થોડી જ ઠરે છે ? કોઇ હકીકત ફરી ફરી કહેવામાં આવે તો સૂચનાના સબળ બળને લીધે કેટલાક મનુષ્યો તે માનવાને તત્પર થાય પણ ખરા[1]. જાહેર ખબરો આપવાની આજની પદ્ધતિ માફક એકને એક વાત ભારપૂર્વક ફરી ફરી જણાવવાથી સૂચનાના બળે કરીને ઘણા પ્રમાણભૂત સિદ્ધાંતો સ્થપાયા છે અને ઘણા ધાર્મિક પંથો પ્રચારમાં આવ્યા છે. સદ્‌ભાગ્યે બુદ્ધિ પણ એ મદદનો ઉપયોગ કરવા શક્તિમાન્ થઈ છે.

આ પુસ્તકની હકીકત પશ્ચિમના સુધારાને લગતી છે. ગ્રીસ દેશમાં બુદ્ધિની કેવી દશા હતી એ બાબતનું વર્ણન આ ઇતિહાસ (પુસ્તક)માં પ્રથમ આપ્યું છે. પુસ્તકમાં માત્ર ખાસ આકર્ષક મુખ્ય મુખ્ય બનાવો ચર્ચવાનો પ્રયાસ કર્યો છે. હમે બહુ વિસ્તારમાં ઉતર્યા

---

૧. ત્રણ ઠગ અને બ્રાહ્મણની વાત.

નથી. આ પુસ્તક એક વિશાળ અને અટપટા વિષયની માત્ર પ્રસ્તાવના રૂપ છે. એ વિષયની યોગ્ય ચર્ચા કરતાં તો ધર્મ, ધર્મસંઘો, અનેક પાખંડો, અત્યાચાર વગેરેના ઇતિહાસ ઉપરાંત તત્ત્વજ્ઞાન, ભૌતિક શાસ્ત્રો અને રાજદ્વારી સિદ્ધાંતોના ઇતિહાસને પણ છેડવા પડે. સોળમા સૈકાથી તે ઠેઠ ફ્રાન્સના બળવા સુધીમાં જે જે ઉપયોગી, ઐતિહાસિક બનાવો બન્યા તે સર્વને વિચારસ્વાતંત્ર્યની લડત સાથે થોડો ઘણો સંબંધ હતો. બુદ્ધિસ્વાતંત્ર્યને અંતરાય કે મદદરૂપ નિવડેલા એવા, જૂનો સુધારો નાબુદ થયો ત્યારપછીના, બૌદ્ધિક કે સામાજીક બળોની દિશાઓ અને આંતરૂ ક્રિયાઓની પૂરી નોંધ લેતાં આખો જીવનકાળ વીતી જાય અને તેમને વર્ણવતાં ઘણાં થોથાંની જરુર પડે. આવા કે આથી મોટા પુસ્તક દ્વારા કોઇપણ લેખક બહુ બહુ તો એટલુંજ કરી શકે કે બુદ્ધિ અને અધિકાર વચ્ચેની લડતનો સામાન્ય ચિતાર આપે; એ લડતના જે જે ખાસ બનાવોનો તેણે અભ્યાસ કર્યો હોય તેમને વિસ્તારપૂર્વક ચર્ચે.

# પ્રકરણ ૨ જું.

## બુદ્ધિસ્વાતંત્ર્ય.

અર્વાચીન સંસ્કૃતિ ગ્રીક પ્રજાને કેટલી આભારી છે એવો આપણને કોઇ પ્રશ્ન કરે કે તુરતજ જવાબમાં ગ્રીક લોકોએ સાહિત્ય અને કળાના ક્ષેત્રોમાં જે જે સિદ્ધિઓ મેળવી તે કુદરતી રીતે આપણને પહેલી સ્ફુરી આવે છે; પરંતુ આ જવાબ સંપૂર્ણ સાચો કહી શકાય નહિ. એ પ્રશ્નનો વધારે સાચો જવાબ તો એ કહેવાય કે વિચાર અને વિવેચનની સ્વતંત્રતાના પ્રવર્તકો તરીકે ગ્રીકોના આપણે અત્યંત ઋણી છીએ. કેવળ તેમના તત્ત્વજ્ઞાનના વિચારો, વિજ્ઞાનના ક્ષેત્રમાંની તેમની પ્રગતિ કે રાજદ્વારી સંસ્થાઓના પ્રયોગોજ તેમની માનસિક સ્વતંત્રતાના પરિણામ રૂપ હતા એમ નથી, પરંતુ સાહિત્ય અને કળાની તેમની શ્રેષ્ઠતાનું કારણ પણ એજ માનસિક સ્વતંત્રતા હતું. દાખલા તરીકે, જીવનની સ્વતંત્ર ચર્ચા કરતાં તેમને અટકાવવવામાં આવ્યા હોત તો તેમનું સાહિત્ય આજની ઉચ્ચ સ્થિતિમાં ન હોત. પણ એમણે મેળવેલી સિદ્ધિઓની વાત તો દૂર રહી; મનુષ્ય–ઉદ્યોગના ઘણાખરાં ક્ષેત્રોમાં એમણે જે જે અદ્ભુત સિદ્ધિઓ મેળવી તે તે તેમણે કદાચ ન મેળવી હોત તોપણ એમણે પ્રતિપાદિત કરેલા સ્વતંત્રતાના સિદ્ધાંતને લીધે માનવજાતિના કલ્યાણકારોમાં ગ્રીક લોકોનું સ્થાન ઉચ્ચજ હોત; કારણ એ પ્રતિપાદન મનુષ્યની પ્રગતિ કરાવનારું સમર્થ કારણ હતું.

ગ્રીક લોકોએ વિશ્વ વિશે ઉદાર અને વિશાળ દૃષ્ટિ કેવી રીતે સંપાદિત કરી તથા પોતાના વિવેચન અને શોધકબુદ્ધિના ક્ષેત્ર વિસ્તારને અમર્યાદિત અને અતિવિશાળ રાખવા પુરતાં ઇચ્છા અને હિંમત કેવી રીતે પ્રાપ્ત કર્યાં તે સમજાવવા જેટલું તેમના પ્રાચીન ઇતિહાસનું આપણને જ્ઞાન નથી. આપણે ગ્રીકોનું આ લક્ષણ સ્વીકારી લેવાનું છે. ગ્રીક પ્રજા ભિન્ન ભિન્ન જાતિઓની બનેલી હતી અને તે સર્વમાં

મુખ્ય લક્ષણો સામાન્ય હતાં છતાં તેમના સ્વભાવ, રિવાજ અને સંપ્રદાયો ભિન્ન હતા, એ બધું આપણે યાદ રાખવું જોઈએ. કેટલાક, બીજાની સરખામણીમાં, પ્રગતિવિરોધી, પછાત તથા બુદ્ધિરહિત હતા. આ પ્રકરણમાં "ગ્રીક" એટલે બધાજ ગ્રીક લોકો નહિ પરંતુ સંસ્કૃતિના ઇતિહાસમાં અમૂલ્ય ફાળો આપનાર આયોનીઅન અને એથેનીઅન લોકો એવોજ તે શબ્દનો અર્થ કરવો.

એશીઆ માઇનોરમાં આવેલું આ આયોનિઆ વિચારસ્વાતંત્ર્યનું જન્મસ્થાન હતું. યૂરોપના વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના ઇતિહાસની શરૂઆત આયોનિઆમાંજ થઈ હતી. ઇ. સ. પૂર્વે ૫ મા અને ૬ ઠા સૈકાઓમાં પ્રાચીન તત્ત્વ વિચારકોએ અહિંઆજ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી, આ વિશ્વનાં ઉત્પત્તિ અને બંધારણનાં મૂળ ખોળી કાઢવાના યત્નો આદર્યા હતા. તેમના પર પણ પ્રચલિત મંતવ્યોની થોડી ઘણી અસર તો થયેલી પરંતુ તેમણે યથાશાસ્ત્ર (Orthodox) અભિપ્રાયો અને ધાર્મિકમતોના ખંડનનું કાર્ય તો શરૂ કર્યુંજ હતું. વિચાર સ્વાતંત્ર્યના અગ્રેસર હિમાયતીઓમાં ઝેનોફેનીઝ (Xenophanes) ખાસ વજનદાર કે સમર્થ ન હોવા છતાં પ્રથમ સ્થાન ભોગવે છે; કારણ કે એનો ઉપદેશ જનસમાજે જે સહિષ્ણુતાથી સાંભળ્યો તે પરથી અગ્રેસરો કેવા સ્વતંત્ર વાતાવરણમાં વિહરતા હતા તે સ્પષ્ટ થાય છે. તે એક શહેરથી બીજે શહેર ભટકતો અને નીતિની દૃષ્ટિએ દેવદેવીઓ વિષેની રૂઢ માન્યતાઓ સામે વાંધો ઉઠાવતો અને ગ્રીક લોકો તેમના પોતાના દેવો પર માનવગુણધર્મોનું આરોપણ કરતા હતા. અર્થાત્ દેવો માણસો જેવાં કામો કરતા હતા—એ વાતને તે હસી કાઢતો. "જો બળદોને માણસોના હાથ અને માનસિક શક્તિઓ હોત તો તેઓ પોતાના દેવોને બળદ–આકારના બનાવત." આમ પ્રચલિત ધર્મક્રિયા પર કરેલો હુમલો એ (વાસ્તવિક રીતે) જૂના કવિઓ અને ખાસ કરીને પુરાણ વિષયમાં સર્વશ્રેષ્ઠ પ્રમાણ

રૂપ મનાયેલા કવિ હોમરના સાચાપણાં સામે ઉઠાવેલી તકરાર જ હતી. જે કામો મનુષ્યોને હાથે થાય તો પણ ઘણાં શરમપાત્ર કે ધૃણાજનક ગણાય, એવાં કામો દેવોએ કર્યા છે એમ મનાવવા ખાતર ફ્ઝેનોફેનીઝે (Xenophanes) હોમરની સખ્ત ઝાટકણી કાઢી. આ પ્રકારે વંશપરંપરાથી ઉતરી આવેલી માન્યતાઓ સામે તકારાર ઉઠાવતાં કે હોમર દુષ્ટ અને અનીતિમાન્ હતો એવું તેને શિર કલંક લગાડતાં ફ્ઝેનોફેનીઝને કોઇએ અટકાવવાનો પ્રયત્ન સરખો કર્યો હોય એવું આપણી જાણમાં નથી. હોમરનાં કાવ્યો ઇશ્વરોક્ત વાણી તરીકે કદી પણ મનાતાં ન હતાં એ આપણે યાદ રાખવું જોઈએ. કવિ હોમર ગ્રીક લોકોના બાઇબિલ રૂપ હતો એવું કહેવામાં આવ્યું છે, પણ આ કથન સત્યથી છેક વેગળું છે. સદ્‌ભાગ્યે ગ્રીક લોકોને બાઇબિલ હતુંજ નહિ અને એ હકીકત તેમના સ્વાતંત્ર્યના ઉદ્‌ગારરૂપ અને મુખ્ય કારણરૂપ હતી. બાઇબલના અભાવે તેમનામાં વિચાર સ્વાતંત્ર્યનો ઉદય થયો. હોમરનાં કાવ્યો સાંસારિક, વ્યાવહારિક હતાં, ધાર્મિક નહિ; અને કોઈ પણ ધાર્મિક પુસ્તકના કરતાં તે કાવ્યોમાં ઓછી અનીતિ, ઓછી અસભ્યતા, ઓછું જંગલીપણું છે એ હકીકત લક્ષમાં લેવી ઘટે છે. હોમરનાં કાવ્યો ભારે પ્રમાણરૂપ મનાતાં એની તો ના પાડી શકાય નહિ, પણ ધર્મપુસ્તકોની માફક તે કાવ્યો પ્રજાને બંધનકારક, પ્રજાના આચાર–વિચારનાં નિયામક ન હતાં; અને આથી બાઇબિલ સામે ટીકા કરનારને જેટલી અટકાયત કરવામાં આવતી તેટલી હોમર સામે આક્ષેપ કરનારને કદી કરવામાં આવતી ન હતી.

પ્રસ્તુત વિષય ચર્ચતી વેળા સ્વતંત્રતા વધવાનું એક બીજું કારણ આપણે લક્ષમાં લેવું જોઇએ. એ કારણ તે (The absence of sacerdotalism) પાદરીશાહીના પક્ષપાતનો અભાવ–પાદરીઓની રીતિ તરફના પક્ષપાતનો અભાવ. પોતાના લાભાર્થે આખા સમાજ પર સિતમ ગુજારે અને રૂઢ માન્યતાઓ વિરૂદ્ધ ઉઠાવવામાં

આવતા પોકારને દાબી શકે એટલી બધી સત્તા પાદરીઓ કદીયે પ્રાપ્ત કરી શક્યા ન હતા. જાહેર પ્રજાનો સામાન્ય અધિકાર રાષ્ટ્ર સત્તાના (civil authorities) પોતાના હાથમાં હતો. કદાચ કેટલાંક પાદરી કુટુંબો અતિશય લાગવગ ભોગવતાં હશે તોપણ તેમનો કાંઈ ખાસ ગજ વાગતો નહિ. સાધારણ નિયમ પ્રમાણે પાદરીઓ રાજ્યના નોકરો હતા અને ધર્મક્રિયાની સાંકેતિક વિગતો સિવાય બીજી કોઈ પણ બાબતમાં તેમના શબ્દોને કોઇ માન આપતું નહિં.

હવે પ્રાચીન તત્ત્વવેત્તાઓ વિષે ફરી વિચાર કરીએ. મોટે ભાગે તેઓ જડવાદી હતા. એમના તર્કોનો સંગ્રહ બુદ્ધિવાદના ઈતિહાસમાં રસિક પ્રકરણરૂપ છે. આ તત્ત્વવેત્તાઓમાંથી હીરેક્લીટસ અને ડિમોક્રિટસ એ બે મહાન્ વિચારકોનાં નામ પસંદ કરીશું; કારણ કે બીજા બધાં કરતાં એ બેએ કેવળ ઉંડા અને કઠણ મનનને અંતે આ બ્રહ્માણ્ડના રહસ્ય વિષે નવીજ પદ્ધતિએ વિચાર ચલાવવા તથા સામાન્ય અક્કલમાં ન ઉતરે એવા નિર્વિચારે બંધાએલા સિદ્ધાંતો જૂઠા પાડવા સારુ બુદ્ધિને વધારે કેળવી. સ્થૂલ વસ્તુમાત્રમાં જે નિત્યત્વ અને નિશ્ચળતા આપણી ઇન્દ્રિયોને ભાસે છે તે કેવળ જુઠો ભાસ છે તથા આ વિશ્વ તેમજ ભૌતિક વસ્તુ માત્ર પ્રતિક્ષણ બદલાયા કરે છે એવું હીરેક્લીટસે જ્યારે પહેલીજ વાર જણાવ્યું ત્યારે લોકો ચમકી ઉઠયા હતા. ડિમોક્રિટસે વિશ્વની ઉત્પત્તિ સંબંધમાં વિચારના ઇતિહાસમાં છેક સામ્પ્રતકાળના પ્રાકૃતિક અને રસાયનિક સિદ્ધાંતો સાથે સંબંધ ધરાવતા, ૧૭મા સૈકામાં પુનર્જીવન પામેલા પરમાણુવાદને સ્થાપિત કરીને ખરેખર એક અજબ પરાક્રમ કર્યું. ધર્માધિકારીઓએ સત્ય તરીકે ઠોકી બેસાડેલી વિશ્વોત્પત્તિ વિષેની કપોલકલ્પિત વાતોથી આ પ્રખર ભેજાંઓને કશાંયે બંધનો નડયાં નહિ.

આ બધા તાત્ત્વિક વિચારોથી સોફિસ્ટ તરીકે જાહેર થયેલા શિક્ષણશાસ્ત્રીઓનો માર્ગ તૈયાર થયો. પાંચમી સદી અધવારી ગઇ ત્યાર પછી આ લોકો પ્રકાશમાં આવવા લાગ્યા. તેમણે સમસ્ત

ગ્રીસ દેશમાં પોતાનો કર્મયજ્ઞ શરૂ કર્યો, સતત મુસાફરી કરી અને યુવક વર્ગને જાહેર જીવન માટે તાલીમ આપી તથા બુદ્ધિનો ઉપયોગ કરવાનું તેમને શિક્ષણ આપ્યું. શિક્ષણશાસ્ત્રીઓ તરીકે તેમનાં ધ્યેય વ્યવહારિક હતાં. સ્થૂલ વિશ્વવિષેના પ્રશ્નો છોડીને તેઓ માનવ-જીવનને લગતા નીતિ અને રાજનીતિના પ્રશ્નો છેડવા લાગ્યા. આ કામમાં તેમને સત્ય અને ભ્રાંતિનો વિવેક કરવાની મોટી મુશ્કેલી નડી, અને તેઓમાંના અતિ સમર્થ તત્ત્વવેત્તાઓએ જ્ઞાન, તર્કશૈલી અને બુદ્ધિના સાધન રૂપ વાણી એ ત્રણેનાં લક્ષણો વિષે સંશોધનો ચલાવ્યાં. એમના ખાસ સિદ્ધાંતો ગમે તે હો પરંતુ તેમની સામાન્ય વૃત્તિ તો સ્વતંત્ર શોધ અને વિવેચન કરવા તરફ હતી. તેમણે સર્વ વસ્તુનું સત્ય બુદ્ધિની કસોટી પર કસવાનો પ્રયત્ન આદર્યો. પાંચમી સદીના ઉત્તર ભાગને આપણે પ્રબોધકાલ કહી શકીએ.

અહિં એટલો ઉલ્લેખ કરવો જરૂરી જણાય છે કે ગ્રીક લોકોએ પરદેશો સંબંધી જે કાંઈ જ્ઞાન મેળવ્યું હતું તેને પરિણામે અધિકાર સામેની તેમની શંકાશીલ વૃત્તિ વૃદ્ધિંગત થઈ. જ્યાં સુધી મનુષ્યને માત્ર પોતાના દેશના રિવાજોની માહિતી હોય છે ત્યાં સુધી તે તેમને છેક કુદરતી માની લે છે; પરંતુ જ્યારે તે પરદેશગમન કરીને પોતાના રિવાજોથી તદ્દન ભિન્ન રિવાજો અને જીવનાદર્શો પ્રચારમાં આવેલા જુએ છે ત્યારે રિવાજ અગર ટેવની સત્તા કેટલી પ્રબળ છે તે તેના સમજવામાં આવે છે, અને નીતિ અને ધર્મ દેશકાળ અનુસાર હોય છે એવું તે શીખે છે. ગંગા કે યુફ્રેટિસ નદીના તટ પરના કોઈ પ્રદેશમાં જન્મવાથી હું જરૂર જુદા ધર્મ સિદ્ધાંતો માનતો હોત એવી જેમ એકાદ ખ્રિસ્તી તરીકે ઉછરેલા મનુષ્યને ખાતરી થવાથી તેનામાં ભિન્ન વિચારો જાગે છે તેમ આવી શોધ અને પ્રતીતિને પરિણામે અધિકારનું બળ ઢીલું થતું જાય છે અને અશાંતિકારક વિચારો જન્મ પામે છે.

બૌદ્ધિક સ્વતંત્રતાને લગતી આ હિલચાલો, અલબત્ત, હમેશ

મુજબ, જનસમૂહના માત્ર ન્હાના ભાગેજ હાથ ધરી હતી. આમ-વર્ગ તો જ્યાં જુઓ ત્યાં અત્યંત વ્હેમી માલુમ પડતો. દેવોની કૃપા પરજ તેમનાં શહેરોની હસ્તી અને સહિસલામતી અવલંબિત હતાં એમ લોકો માનતા. સામાન્ય જનતામાં જડ ઘાલી બેઠેલા આ (ધાર્મિક) મૂઢગ્રાહોને ધોકો પહોંચે એવા વિચારોનો પ્રચાર થાય તો નવીન તર્ક સિદ્ધાંતના પ્રવર્તકને જુલમના ભોગ થવું પડે એવી સદંતર ભીતિ રહેતી. આવું એથેન્સમાં બનેલુંયે ખરૂં. પાંચમી સદીના મધ્યમાં એથેન્સ ગ્રીસનું અત્યંત બળવાન રાજ્ય બન્યું હતું તેમજ કલા અને સાહિત્યનાં ક્ષેત્રોમાં ઉચ્ચ સ્થાન ભોગવતું. તે પૂર્ણ પ્રજા સત્તાક રાજ્ય હતું. રાજકીય ચર્ચા ત્યાં છૂટથી થતી હતી. આ સમયે એથેન્સના રાજ્યનો સુકાની પેરિકિલસ નામનો રાજનીતિ નિપુણ પુરૂષ હતો. તે જાતે (free-thinker) નવીન વિચારનો હતો અથવા તેના સમયના એકે એક વ્યુત્ક્રાંતિકારક વિચારથી તે સુપરિચિત હતો એમ કહીએ તો પણ ચાલે. આયોનીઆથી એથેન્સમાં ઉપદેશ કરવા આવેલા એનેકસેગોરાસ (Anaxagoras) નામના તત્ત્વજ્ઞાની સાથે તેને ખાસ ઘરોબો હતો. લૌકિક દેવો સંબંધમાં એનેકસેગોરાસ નર્યો નાસ્તિક હતો. રાજદ્વારી બાબતોમાં પેરિકિલસ સામે મતભેદ ધરાવનારા તેના શત્રુઓએ એનેકસેગોરાસ પર હુમલો કરી પેરિકિલસને પરોક્ષ રીતે ઘા કર્યા. એ વિરોધીઓએ દેવનિંદાને લગતો એક કાયદો રજુ કરી, પસાર કર્યો. આ કાયદાની રૂએ નાસ્તિકો તેમજ સ્વર્ગ સંબંધી સિદ્ધાંતો શીખવનાર વ્યક્તિઓ પર કામ ચલાવી શકાતું. એનેકસેગોરાસ તો એવો જ ઉપદેશ કરતો કે દેવો માત્ર કલ્પિત છે અને સામાન્ય એથેનીઅન જે સૂર્યને સવાર સાંજ પૂજતો તે સૂર્ય બળતી કોઈ ધાતુનો મોટો ગોળોજ છે. આથી તેના પર દેવનિંદક હોવાનો આરોપ પુરવાર કરવો એ ઘણું સહેલું હતું. પેરિકિલસની લાગવગને લીધે એનેકસેગોરાસ મૃત્યુના મુખમાંથી ઉગર્યો. પણ તેને ભારે દંડ થયો હતો અને એથેન્સ છોડી લેમ્પેસેકયુસ

(Lampesacus) જવું પડયું હતું. આ બીજે સ્થળે તે સારો આદર સત્કાર પામેલો.

ધર્મ વિરૂદ્ધ વિચાર ફેલાવનારને જુલમના ભોગ થવું પડતું એ પુરવાર કરવા માટે બીજાએ દાખલાઓ છે. પ્રોટેગોરાસ નામના એક મહાન સોફીસ્ટે "દેવો વિષે" એ નામનું એક પુસ્તક પ્રસિદ્ધ કર્યું. દેવો છે કે નહિ એ વાત બુદ્ધિદ્વારા કોઇ જાણી શકે નહિ એવું પુરવાર કરવાનો એ પુસ્તકનો હેતુ હોય એમ ભાસે છે. તેના શરૂઆતના શબ્દો આ મુજબ હતા; "દેવો વિષે મને પ્રશ્ન કરવામાં આવે તો તેઓ છે કે નથી એ હું કહી શકું નહિ. આ બાબત આપણે જાણી શકતા નથી તેનાં એકથી વિશેષ કારણો છે. એક તો વિષયજ ગૂઢ છે અને બીજું મનુષ્યજીવન ઘણું ટુંકું છે." પ્રોટેગોરાસ ઉપર પણ દેવનિંદક હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો અને તેને પણ એથેન્સ છોડવું પડયું હતું. આમ છતાં નવીન વિચારોને ઉગતાજ દાબી દેવા માટે કોઈ ખાસ નિયમિત (દમન) પદ્ધતિ ન હતી. પ્રોટેગોરાસના ગ્રંથની નકલો એકત્ર કરી સળગાવવામાં આવી હતી; પરંતુ જે વિચારો ફેલાવવા ખાતર એનેક્સેગોરાસને શિક્ષા કરવામાં આવી હતી તેજ વિચારોથી ભરેલું એનેક્સેગોરાસનું પુસ્તક એથેન્સના ચોપડીઓવાળાઓની દુકાને સામાન્ય કિંમતે વેચાતું હતું. વળી ડાયોનીઅસના માનમાં થતાં ઉત્સવો વખતે ભજવાતા નાટ્ય પ્રયોગો જો કે કેવળ ધાર્મિક વિધિઓ રૂપજ લેખાતા તો પણ બુદ્ધિવાદીય વિચારોએ રંગભૂમિ પર પણ આક્રમણ કરવા માંડયું હતું. **યુરીપીડીસ** (Euripides) નું હૃદય આ નવીન વિચારપદ્ધતિથી સંપૂર્ણ રંગાયેલું હતું અને તેનાં (Tragedies) કરૂણાંત નાટકોનાં વલણ વિષે ભલે ગમે તે અભિપ્રાય બંધાય છતાં તે પોતાનાં નાટકનાં પાત્રોને મુખે ઘણા શાસ્ત્રવિરોધી વિચારો જાહેર કરાવતો એટલું તો આપણે કબુલ કરવું જ જોઇએ. એક સુપ્રસિદ્ધ રાજનીતિજ્ઞે તેના પર દેવનિંદા કરવાનો આરોપ–મૂકી, ફોજદારી કરી. પાંચમી

સદીના છેલ્લાં ત્રીસ વર્ષ દરમ્યાન શિક્ષિત વર્ગોમાં પ્રચલિત ધર્મ મત સામે બંડખોર વૃત્તિ ઘણી ફેલાઇ એમ આપણે માની શકીએ. આ સમયે સ્વતંત્રતા વિરુદ્ધ વ્યવસ્થિત દમનનીતિ ચલાવવી અશક્ય હતી, કારણ કે ભારી લાગવગવાળા બુદ્ધિવાદીઓનો એક મોટો વિભાગ એ સમયે હસ્તી ધરાવતો. વળી દેવનિંદાને લગતા કાયદાની એક મુખ્ય ખામી એ હતી કે તેનો ઉપયોગ અંગત અને પાક્ષિક કારણો માટે થઇ શકતો. આપણી જાણમાંની ઘણી ફોજદારીઓ ખરેખર આવાજ હેતુઓથી કરવામાં આવતી હતી. બીજા મુકદમાઓ ખરેખરી ધર્માંધતા, ખરેખરા ધર્મઝનૂન અથવા તો રખેને નાસ્તિક વિચાર અતિશિષ્ટ અને નિરુદ્યમી વર્ગો ઉપરાંત બીજા લોકો પર પણ અસર કરે એવી ભીતિથી ઉભા કરવામાં આવ્યા હોય; બાકી ઘણાખરાં તો અંગત કે પાક્ષિક કારણોથી જ ઉભા કરવામાં આવેલા. ગ્રીક પ્રજામાં અને પાછળથી રોમન પ્રજામાં એક એવો સર્વમાન્ય સિદ્ધાંત હતો કે સામાન્ય પ્રજા માટે ધર્મ હિતકારી અને આવસ્યક છે. ધર્મના સત્યમાં જે લોકોને શ્રદ્ધા ન હતી તેઓ પણ એક રાજદ્વારી સંસ્થા તરીકેની તેની ઉપયોગિતા સ્વીકારતા અને સાધારણ રીતે તત્ત્વવેત્તાઓ લોકસમૂહમાં સંક્ષોભક સત્ય ફેલાવવાનો યત્ન પણ કરતા નહિ. આજના કરતાં એ સમયે, સ્થાપિત ધર્મમતોમાં નહિ માનનારા લોકો તે મતોને બાહ્ય રીતે વળગી રહે એવો એક રિવાજ વધુ સામાન્ય થઈ પડેલો. ગ્રીક રાજદ્વારી પુરૂષો અને વિચારકોના જીવનકાર્યક્રમમાં ઉચ્ચ લોક–શિક્ષણને સ્થાન ન હતું. એ લોકશિક્ષણને તેમના જીવનકાર્યક્રમમાં સ્થાન અપાયું હોત તો પણ તે શિક્ષણ માટેના પ્રયોગો તે યુગમાં ભાગ્યે જ વ્યવહારસિદ્ધ નિવડયા હોત એવી દલીલ કરનારને સત્યથી બહુ દૂર લેખવો ન જાઇએ.

છતાં આથી ભિન્ન વિચાર ધરાવનાર એક સુવિખ્યાત એથેનીયન પાકયો. આ એથેનીયન તે તત્ત્વવેત્તા સોક્રેટીસ. એ સૌથી મહાન્ શિક્ષણશાસ્ત્રી હતો અને ગરીબ હોવા છતાં બીજાઓની માફક પૈસા

લીધા વગર એ ઉપદેશ આપતો હતો. એ ચર્ચાદ્વારા ઉપદેશ કરતો. આ ચર્ચાનું ઘણી વાર કાંઈ વાસ્તવિક પરિણામ નહોતું આવતું; પણ અમુક પ્રચલિત વિચાર (received opinion) અપ્રતિપાદ્ય છે, તથા સત્યનો નિર્ણય કરવો મુશ્કેલ છે, એટલું બતાવવા પૂરતી તો તે ચર્ચાની અસર થતીજ. જ્ઞાન અને સદ્‌ગુણ વિષે સોક્રેટીસ ખરેખર અમુક ચોક્કસ વિચારો ધરાવતો. તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં એ વિચારો અતિ મહત્ત્વના છે, પરંતુ આપણને તો ચર્ચા અને વિવેચનમાં સોક્રેટીસ જે ઉત્સાહ દાખવતો તેટલા પૂરતીજ તેની અગત્ય છે. જે કોઈ તેનું કહ્યું સાંભળતું તેની સાથે સોક્રેટીસ પાત્રાપાત્રનો વિવેક કર્યા વગર વાર્તાલાપમાં ઉતરતો અને દરેક રૂઢ માન્યતાનું સત્ય બહુમતિના અભિપ્રાય કે આપ્ત ગણાતાં પુરૂષોનાં કથનો અનુસાર ન કસતાં, નિખાલસ ચિત્તે બુદ્ધિ કે તર્કદ્વારા કસવાનો એ સર્વ કોઇને ઉપદેશ કરતો. ટૂંકાણમાં, અમુક અભિપ્રાયનું સત્ય તપાસવા માટે ઘણા લોકોએ જે ધોરણ સ્વીકાર્યું હોય તે સિવાયનાં બીજાં ધોરણો શોધી કાઢવાનું એ લોકોને ઉપદેશતો. આગામી જમાનાના તત્ત્વવેત્તાઓ થવાનું જેમના ભાગ્યમાં લખાયેલું હતું તથા એથેન્સના ઇતિહાસમાં જેમણે આગળ પડતો ભાગ ભજવ્યો હતો એવા કેટલાયે યુવકો સોક્રેટીસનું શિષ્યમંડળ શોભાવતા.

એથેનીઅન પ્રજાને હાથે એકાદ દૈનિક પત્ર ચાલતું હોત તો પત્રકારોએ સોક્રેટીસને ભયંકર આદમી તરીકે ધિક્કારી કાઢયો હોત. તેઓ એક ( comedy ) સુખાવસાની નાટક દ્વારા તત્ત્વવેત્તાઓ, સોફીસ્ટ અને તેમના મિથ્યા સિદ્ધાંતોને વારંવાર હાસ્યાસ્પદ બનાવતા. એરીસ્ટોફેન્સનાં વાદળ–The clouds of Aristophanes—નામના એક નાટકમાં સોક્રેટીસને દેવનિંદાપૂર્ણ અને ધ્વંસાત્મક વિચારોના એક લાક્ષણિક હિમાયતી તરીકે નિંદવામાં આવ્યો છે. આ પ્રકારની કનડગતો છતાં એક પણ અનિષ્ટના ભોગ થયા વિના પોતાના બંધુજનોને ઉપદેશ આપવાનું સતત કામ કરતો કરતો સોક્રેટીસ વૃદ્ધા

વસ્થાએ પહોંચ્યો. પછી ઈ. સ. પૂર્વે ૩૯૯ની સાલમાં ૭૦ વર્ષની પાકટ ઉંમરે તેના પર નાસ્તિક હોવાના તથા યુવકોની નીતિમાં બગાડ કરવાના આરોપસર ફોજદારી ચાલી તથા તેને મારી નાંખવામાં આવ્યો. એથેનીઅન લોકોની દૃષ્ટિમાં સોક્રેટીસ સમાજને ખરેખર હાનિકર્તા જણાયો હોય તો તો આટલા લાંબા કાળ સુધી તેમણે સોક્રેટીસને નીભાવી લીધો એ મને આશ્ચર્યકારકજ લાગે છે. હું તો નિઃસંશય માનું છું કે તેના પર રાજદ્વારી હેતુઓને લીધે તહોમત મૂકવામાં આવ્યું હતું* અમર્યાદિત પ્રજાશાસન (Democracy) રાજ્ય તરફ તેની સહાનુભૂતિ હોય અથવા અજ્ઞ બહુમતિની ઇચ્છા સમાજને કલ્યાણકારક થઈ પડે એ સિદ્ધાંત તેને રુચતો હોય એ હકીકતો સોક્રેટીસની લાક્ષણિક વિચારપદ્ધતિ જોતાં અસંભવિત હતી. મતાધિકારને મર્યાદિત કરવા ચાહનારા લોકો સાથે તેની કદાચ સહાનુભૂતિ હતી એ મનાતું. સ્થાપિત રાજ્યબંધારણ વિરૂદ્ધ ચાલતી લડતને પરિણામે રાજ્યબંધારણ કેટલીક વાર ઉંધુ પડયા પછી, જ્યારે પ્રજાશાસન ફત્તેહમંદ નિવડયું ત્યારે પ્રજાશાસનનો વિરોધ કરનારા સામે કડવાશની તીવ્ર લાગણી ઉભી થઇ અને બીજા કેટલાકની સાથે સોક્રેટીસ પણ એ કડવાશનો ભોગ થઈ પડયો. જો તેની ઇચ્છા હોત તો સોક્રેટીસ સહેલાઇથી શિક્ષામુક્ત થઈ શકયો હોત. ભવિષ્યમાં ઉપદેશ ન કરવાની તેણે બાંહેધરી આપી હોત તો ચોક્કસ તેને લગભગ નિર્દોષજ ઠરાવવામાં આવત. વસ્તુસ્થિતિ એવી હતી કે સોક્રેટીસના મુકદમા માટે ન્યાયાધીશ તરીકે નીમાયેલા ૫૦૧ સામાન્ય એથેનીઅન લોકોમાંના લગભગ અડધા જેટલાએ તેને નિર્દોષ તરીકે છોડી દેવાનો અભિપ્રાય દર્શાવ્યો હતો. જો આ ક્ષણે પણ તેણે પોતાની ઉદ્દામ, કડક રીતિ સ્હેજ પલટી હોત તો તે મોતની શિક્ષા પામ્યો ન હોત.

પણ આ મહાન્ પ્રસંગને પહોંચી વળવા એ કટિબદ્ધ થયો અને એક અજબ સાંકેતિક ભાષણ દ્વારા ચર્ચાસ્વાતંત્ર્યનો હક્ક તેણે

*જુઓ 'એનસાઈકલોપિડિઆ બ્રિટાનિકા'ની છેલ્લી આવૃત્તિમાંનો સોક્રેટિસ પરનો જેક્સનનો લેખ.

વ્યાજબી ઠેરવી બતાવ્યો. સોક્રેટીસના અતિ બુદ્ધિશાળી શિષ્ય અને તત્ત્વચિંતક પ્લેટોએ [ધી એપોલોજી ઓવ્ સોક્રેટિસ] "સોક્રેટીસનો બચાવ" નામનું પુસ્તક રચ્યું છે. આમાં એના બચાવનું સામાન્ય વલણ બતાવવામાં આવ્યું છે. અન્ય શહેરીઓ જે દેવોને પૂજતા તેમને સોક્રેટીસ સ્વીકારતો નહિ એવો તેના પર આરોપ મૂકવામાં આવ્યો હતો. તેનો તે સંતોષકારક જવાબ વાળી શક્યો નથી એમ પ્લેટોના પુસ્તક પરથી સ્પષ્ટ થાય છે. આ આરોપ વિરુદ્ધ તેણે જે જે ખુલાસાઓ આપ્યા તે એનાં ભાષણોનો ખામીભરેલો ભાગ છે. પણ યુવકોની નીતિ બગાડવા વિશેના આરોપનો ચર્ચાસ્વાતંત્ર્ય માટેની સુંદર દલીલો આપી તે સચોટ જવાબ વાળી શક્યો હતો. આખા બચાવ (apology) માં આ જ ભાગ અતિ ઉપયોગનો છે અને આજ સુધી પણ તે અસલ જેટલોજ અસરકારક છે. હું ધારું છું ત્યાં સુધી તે નીચેના બે મુખ્ય મુદ્દાઓ પર ભાર મૂકે છે.

(૧) એ કહે છે કેઃ—**કોઇ પણ માનુષી સત્તા કે અદાલત જબરદસ્તી અગર બળાત્કાર કરે તો પણ પોતાના અંતઃકરણ વિરૂદ્ધ કાર્ય કરવાની ગમે તે જોખમે બેધડક ના પાડવી એ વ્યક્તિ માત્રની અનિવાર્ય ફરજ છે.** અર્થાત્ મનુષ્યકૃત કાયદા કરતાં વ્યક્તિના અંતઃકરણના અવાજનું ચઢીઆતાપણું સોક્રેટીસ પ્રતિપાદિત કરે છેઃ પોતાના તમામ જીવનકાર્યને તે ધાર્મિક શોધમાં પરોવાયેલા જીવન તરીકે ઓળખાવે છે. તાત્ત્વિક વિવેચનમાં રચ્યાપચ્યા રહેવામાં પોતે અંતરના કોઈ અકળ માર્ગદર્શકના અવાજને વશ વર્ત્યો છે એમ તેને પોતાને ખાતરી થઈ લાગે છે અને પોતાના અંતઃકરણની ઉંડી પ્રતીતિ ટાળી દેવા કરતાં મૃત્યુમુખમાં હોમાવા માટે સોક્રેટીસ વિશેષ તત્પર થાય છે. તે કહે છે કેઃ—ઓ એથેનીઅન લોકો! હું સત્ય માટેની શોધના પ્રયત્નો ત્યજી દઉં એ શરતેજ જો તમે મને નિર્દોષ ઠરાવી છોડવા માગતા હો તો, હું આભારપૂર્વક જણાવવાની રજા લઉં છું કે હું તો ઇશ્વરની આજ્ઞા પાળીશ. તેજ પ્રભુએ—નહિં કે તમે—મને

મારૂં જીવનકાર્ય સોંપ્યું છે. આથી જ્યાં સુધી મારામાં પ્રાણ અને strength બળ હશે ત્યાં સુધી હું તત્ત્વચિંતન હરગીઝ નહિ છોડું. **જેને જેને હું મળીશ તેને ઉદ્દેશીને કહીશ "ભલા આદમી! જ્ઞાનપ્રાપ્તિ, સત્યસંશોધન અને આત્મોન્નતિના માર્ગોની અવગણના કરી, ધન અને માન અકરામ પર આસક્તિ લગાડતાં તને શરમ નથી આવતી શું?"** મોત શી વસ્તુ છે તે હું જાણતો નથી. કદાચ તે સારી વસ્તુયે હોય; પણ હું એટલું તો જાણું છું કે હાથે ઉપાડેલી લડત છોડી ભાગી જવું એ તો બુરી વસ્તુ છે, અને જે વસ્તુ બુરી હોવાની મારી ઉંડી પ્રતીતિ છે તે વસ્તુ કરતાં જે વસ્તુ સારી નિવડવાનો સંભવ હોય તેને હું વધારે પસંદ કરૂં છું. (અર્થાત્ ધર્મલડત પડતી મૂકવા કરતાં મોતને વધાવી લેવું મને વધારે પસંદ છે.)

(Free discussion) ચર્ચાસ્વાતંત્ર્યથી થતા જાહેર લાભો પર સોક્રેટીસ ખાસ ભાર મૂકે છે. લોકોને ઉદ્દેશીને તે લખે છે:—"હું કદાચ તમારા આચાર વિચારનો કડક અને ઉત્સાહપ્રેરક ટીકાકાર છું, કારણ કે એક ઘડી સમજાવીને તો બીજી ઘડી ઠપકો આપીને હું તમને સત્ય પંથે દોરવવા ખંતપૂર્વક મથું છું, તમારા અભિપ્રાયોની સતત કસોટી કરૂં છું, અને અમુક વસ્તુનું જ્ઞાન મેળવ્યાનું તમારૂં મિથ્યાભિમાન, તમારૂં અજ્ઞાન પુરવાર કરી ઉઘાડુ પાડું છું. જે વસ્તુ મારે મુખેથી તમે સાંભળો છો તેની પ્રતિદિન ચર્ચા થાય એમાં માનવજાતિનું સર્વોત્કૃષ્ટ કલ્યાણ સમાયેલું છે. જો જીવનને આવી ચર્ચાની કસોટીથી કસવામાં ન આવે તો એ જીવન જીવવા લાયક નથી."

આમ વિચારસ્વાતંત્ર્યના વાજબીપણાના આ સૌથી પહેલા એકરારમાં બે મહત્ત્વની બાબતો પ્રતિપાદિત થયેલી આપણને માલુમ પડે છે. (૧) વ્યક્તિના અંતઃકરણનો અખંડનીય હક્ક—જેના પર ભવિષ્યની સ્વાતંત્ર્ય માટેની લડતો મંડાવાની હતી તે—અને (૨) ચર્ચા અને વિવેચનની સામાન્ય અગત્ય. પહેલો હક્ક વિવાદસિદ્ધ નથી,

કેવળ અંતર્જ્ઞાન પર યોજાયેલો છે. કોઇ એક પ્રકારના દેવતાઇ નૈતિક સિદ્ધાંતના અસ્તિત્વ વિષેની માન્યતા પર એ હક્ક આધાર રાખે છે; અને સોક્રેટીસના જેવો અંગત અનુભવ ન થવાથી જેઓ એમ માનવાનો ઇન્કાર કરે છે તેમને માટે સોક્રેટીસની દલીલો નકામી છે; પરંતુ ૨૦૦૦થીયે વધારે વર્ષોના અનુભવ બાદ વિચાર–સ્વાતંત્ર્યના વ્યાજબીપણાંના એકરારમાં જણાવેલો વિવેચન સ્વાતંત્ર્યનો બીજો હક્ક, ખુદ સોક્રેટીસે પણ નહિ કલ્પ્યા હોય એવા ઘણાએ સંબંધોમાં વધારે વિસ્તારથી પ્રયોજી શકાય.

જે સંજોગો વચ્ચે સોક્રેટિસના ગુન્હાની તપાસ શરુ થઇ તે પરથી એથેન્સમાં તે સમયે જે મતાંતરક્ષમા તથા અક્ષમા હતાં તે સ્પષ્ટ થાય છે. ચિરકાળ સુધીનું સોક્રેટિસનું મુક્તપણું, આખરે તેના પર રાજદ્વારી અને કદાચ અંગત કારણોસર તહોમત મૂકવામાં આવ્યું હતું તે હકીકત, તેની તરફેણમાં ન્યાયાધીશો સારી સંખ્યામાં હતા એ બીનાઃ-આ બધા પરથી એટલું પ્રતીત થાય છે કે તે સમયે સાધારણ વિચારસ્વાતંત્ર્ય હતું, અને જે અસહિષ્ણુતા ભાસતી તે તો અંતરે અંતરે આવેશમાં આવતી અને કાંઈ જૂદા જ હેતુઓ સિદ્ધ કરવા માટે. તત્ત્વચિંતક એરિસ્ટોટલના દાખલા પરથી ઉપરની હકીકત વધારે સ્પષ્ટ થશે. ઉપલા બનાવ બાદ ૭૦ વર્ષે દેવનિંદા કરવાના આરોપસર પોતાના પર મુકદ્દમો ચાલશે એવી ભીતિથી તેણે એથેન્સનો ત્યાગ કર્યો હતો. પણ આ આરોપ તો વિરોધી રાજદ્વારી પક્ષના કોઇ એક સભ્ય પર પરોક્ષ રીતે ઘા કરવાના હેતુથી કરવામાં આવ્યો હતો. અભિપ્રાયોને કચડી નાંખવા માટે વ્યવસ્થાપૂર્વક દમન કદી થયું જ ન હતું.

જગતભરના તત્ત્વજ્ઞો સામાન્ય રીતે હિંસાને વખોડનારા હોય છે; ગમે તેવાં ગંભીર કારણો હોય છતાં લોહી રેડવાના પ્રસંગો ઉભા થાય કે તુરત એમનાં હયાં કંપી ઉઠે છે. જુલમ અથવા સિતમથી, સામાન્ય નિયમ પ્રમાણે, તત્ત્વજ્ઞો સો ગાઉ દૂર હોય છે.

આથી, ગ્રીસ દેશમાં સિતમગાર પદ્ધતિ કેમ પ્રચાર પામી એ વાતનો નિર્ણય કરતી વખતે આપણે ફિલસુફોનો ઉલ્લેખ કરવો પડે છે–એ સિતમગાર પદ્ધતિ ગ્રીસમાં પ્રચલિત કરવામાં ફિલસુફોનો હાથ હતો એ કહેવું પડે છે–એ કદાચ વિચિત્ર લાગશે. સોક્રેટીસના અતિ બુદ્ધિશાળી શિષ્ય પ્લેટોએ તેની ઉત્તર અવસ્થામાં એક કાલ્પનિક રાષ્ટ્ર રચનાનું પુસ્તક લખ્યું હતું. એમાં એણે બધા પ્રચલિત ધર્મોથી અત્યંત ભિન્ન ધર્મનું પ્રતિપાદન કર્યું અને જણાવ્યું કે એણે (પ્લેટોએ) નક્કી કરેલા દેવોને ન માનનારાને કેદ કરવામાં આવશે અથવા મોતની શિક્ષા કરવામાં આવશે. પ્લેટોની પ્રણાલિકાના આ પોલાદી ચોકઠામાં ચર્ચાસ્વાતંત્ર્યને બીલકુલ સ્થાન ન હતું. છતાં આ કાલ્પનિક રાષ્ટ્રયોજના ઘડવામાં એણે જે વલણ અંગીકાર કર્યું છે તેમાંની ખાસ રસિક બીના તો એ છે કે અમુક ધર્મ સાચો છે કે નહિ તે જાણવાની તે બહુ પરવા કરતો નહિં; એ ધર્મની નૈતિક ઉપયોગિતા છે કે નહિ એટલુંજ વિચારવાની તેને કાળજી રહેતી. વાર્તાઓ દ્વારા નીતિજ્ઞાનનો પ્રચાર કરવા તે તૈયાર હતો. લોકપ્રિય ધર્મકથાઓ અને પુરાણને તે ધિક્કારતો. આનું કારણ, આ કથાઓ સત્ય ન હતી એ નથી, પરંતુ એ કથાઓથી સાધુતાને પંથે પળવું અશક્ય હતું તે છે.

એથેન્સમાં અપાતી ઘણી છૂટનું પરિણામ એ આવ્યું કે સોક્રેટીસના વાર્તાલાપ પર આધાર રાખતી ફીલસુફીઓની પરંપરા નીકળી. ઠેઠ સ્વાતંત્ર્યના નવયુગમાં આધુનિક વિજ્ઞાનનો જન્મ થયો ત્યાં સુધી માનવજાતિની પ્રગતિ પર પ્લેટો, એરીસ્ટોટલ, (Stoics) તિતિક્ષાવાદી, (Epicureans) સુખવાદી અને (Sceptics) સંશયવાદી તત્ત્વજ્ઞાનીઓના તર્ક પ્રયોગથી, બીજી કોઇ પણ અખંડ બૌદ્ધિક હીલચાલ કરતાં વધારે ઉંડી અસર થઈ છે.

સુખવાદી, (એપિકયુરીઅન) તિતિક્ષાવાદી (સ્ટોઇકિસ) તેમજ સંશયવાદીઓના (સ્કેપ્ટિકસ) સિદ્ધાંતો વ્યક્તિના આત્માને શાંતિ અને

પ્રેરણા અપાવવા કાજેજ હતા. ઇ. સ. પૂર્વે ૩ જા સૈકાથી સમસ્ત ગ્રીસ દેશમાં તેમનો અત્યંત પ્રચાર કરવામાં આવ્યો હતો અને એ સમયથી માંડીને સુશિક્ષિત ગ્રીક લોકો થોડા ઘણાં પ્રમાણમાં બુદ્ધિવાદી બન્યા હતા એમ આપણે કહી શકીએ. એપીક્યુરસના ઉપદેશમાં ધર્મવિરુદ્ધ સ્પષ્ટ વલણ દૃષ્ટિગોચર થાય છે. એને તો એમજ લાગતું કે હરેક **ધર્મનું મૂળ કારણ મનુષ્યના હૃદયમાં વસેલી બીકની લાગણી છે.** રખેને ધર્મ તરફ નહિ વળીએ તો કોણ જાણે શું યે થશે એવી બીકથીજ લોકો ખરેખરાં કે પછી માત્ર દેખાદેખીથી ધર્મ તરફ વળે છે. આવી બીકમાંથી માણસનું મન મુક્ત કરવું એ એપીક્યુરસના ઉપદેશનો મુખ્ય હેતુ હતો. એપીક્યુરસ Materialist જડવાદી હતો તથા વિશ્વોત્પત્તિ સંબંધમાં પરમાણુવાદ વિષેના સિદ્ધાંત માનતો અને આ વિશ્વનો કોઈ દૈવી નિયંતા છે એ વાતનો તે ઈન્કાર કરતો. અલબત્ત તેને દેવોના અસ્તિત્વ વિષે શ્રદ્ધા તો હતીજ પણ મનુષ્ય સાથેનો દેવોનો સંબંધ વિચારવામાં આવે તો એના દેવો હતા તે યે ન હતા જેવાજ: કારણ કે તેઓ દૂર, સુદૂર આવાસમાં વસતા અને મનુષ્યોના કલ્યાણ તરફ જાણે દુર્લક્ષ કરીને શાશ્વત અને શુભ શાંતિ ભોગવતા હતા. એ દેવો તો આદર્શ સુખવાદી જીવનના સાક્ષાત્ ઉદાહરણરૂપ હતા.

અદ્‌ભુત કાવ્યશક્તિવાળો એક કવિ એપીક્યુરસની આ ફીલસુફીનો એક કાવ્યદ્વારા પ્રચાર કરવા પ્રેરાયો એ ખરેખર એપીક્યુરીઅન ફિલસુફીનું કંઈક ગૂઢ આકર્ષણ જ સમજવું. ઇ. સ. ૧ લા સૈકામાં પ્રસિદ્ધ થઈ ગયેલો રોમન કવિ લ્યુક્રિટિઅસ, એપીક્યુરસને માનવજાતિનો ઉદ્ધારક–તારણહાર લેખતો અને તેણે On the Nature of the world ઓન ધ નેચર ઓવ્ ધ ઉવર્લ્ડ નામના કાવ્યમાં એપીક્યુરસની ફિલસુફિના જન્મનો "શુભ સંદેશ"* જાહેર કરવાનો નિશ્ચય કર્યો હતો. ધર્મવિષયમાં અત્યંત રસ લેનારા એક

* ખ્રિસ્તીધર્મના અર્થમાં.

પ્રોત્સાહી પુરૂષની ઉત્સુક્તાથી તે ધર્મને વખોડી કાઢે છે. તેની પ્રત્યે વિરોધ, અણગમા અને તિરસ્કારના શબ્દો સાતે સુરમાં ઉચ્ચારે છે અને ધર્મને નામે થયેલાં ઘોર કુકર્મોને ક્રોધાગ્નિથી ધગધગતા શબ્દોમાં તે નિંદી કાઢે છે. નાસ્તિક સેનાના એક સેનાની જેમ તે સ્વર્ગના કિલ્લાની સામે કૂચ કરે છે. શાસ્ત્રીય દલીલો જાણે નૂતન વિશ્વના ઉજ્જવલ આવિષ્કાર રૂપ ન હોય એમ તે તેમને સમજાવે છે; અને સંપૂર્ણ શાંતિના ધ્યેયયુક્ત સિદ્ધાંત સાથે તેના આવેશયુક્ત ઉત્સાહનો અજબ યોગ થાય છે. અગર જો ગ્રીક વિચારકોએ સમસ્ત કાર્ય સાધ્યું હતું અને લ્યુક્રિટિઅસનું લેટીન કાવ્ય અવમાનિત (Prostrate) દેવો પરના વિજયનું ગીત માત્ર હતું, તોપણ વિચારસ્વાતંત્ર્યના ઇતિહાસમાં કાવ્યમાં તરી આવતા નિડર, સહૃદય જુસ્સાને લીધે એ કાવ્ય સદા ઉચ્ચ સ્થાન ભોગવશે. શાસ્ત્રવિરુદ્ધ વિચાર ધરાવનાર લોકસમૂહને બદલે જો શાસ્ત્રમતાનુસારી જનતા સમક્ષ એ કાવ્ય પ્રસિદ્ધ થયું હોત વિચારસ્વાતંત્ર્યના (free thought) ઇતિહાસમાં એ અધિક રસિક થઈ પડયું હોત. પણ લ્યુક્રિટિઅસના સમયના શિક્ષિત રોમનો તો ધર્મની બાબતમાં શંકાશીલ હતા. કેટલાક એપીકયુરીઅન મત માનતા; અને આથી આપણે એમ માની શકીએ કે ઘણા રોમનોને અધર્મના ઉદ્દામ હીમાયતી (લ્યુક્રિટિઅસ)ની ધૃષ્ટતાભરી દલીલોથી કશી અસર કે કશો આઘાત પહોંચ્યાં નહિ હોય.

સ્વાતંત્ર્ય માટેની લડતમાં (સ્ટોઇક) તિતિક્ષાવાદીઓનો ફાળો ખાસ નોંધવા લાયક છે. ચર્ચાસ્વાતંત્ર્ય વિનાના વાતાવરણમાં એ ફિલસુફી ભાગ્યેજ ખીલી હોત. જાહેર સત્તા વિરૂદ્ધ વ્યકિતના હકકોનું એ ફિલસુફી પ્રતિપાદન કરતી. કાયદાઓ અન્યાયી હોઈ શકે અને પ્રજાઓ કદાચ ઉંધે માર્ગે ચઢી જાય એ વાતો સોક્રેટીસના ધ્યાનમાં આવી હતી ખરી, પણ સમાજને માર્ગદર્શક નિવડે એવો એકે સિદ્ધાંત સોક્રેટીસને જડયો ન હતો. પ્રજાઓના રિવાજો અને લિખિત કાયદાઓ કરતાં પ્રાચીન અને ઉચ્ચતર એવો કુદરતનો કાનુન

(સ્ટોઇક) તિતિક્ષાવાદીઓની દષ્ટિએ સમાજને માર્ગદર્શક થઇ પડે એવો લાગ્યો અને આ સિદ્ધાંતની અસર (સ્ટોઇક) તિતિક્ષાવાદીઓ ઉપરાંત સમસ્ત રોમન આલમ અને તેના ધારાશાસ્ત્ર પર થઈ.

આ ફિલસુફીઓનો વિચાર કરતાં આપણે ગ્રીસથી રોમની વાત ઉપર ઉતરી પડયા. અગાઉના રોમન સામ્રાજ્યમાં કે પાછળના રોમન પ્રજાસત્તાકમાં વ્યકિતના અભિપ્રાયો પર કોઇ પણ પ્રકારના અંકુશ મૂકવામાં આવ્યા ન હતા, અને તેથીજ વ્યકિતના હકકો પ્રથમ ચર્ચનારી આ ફિલસુફીઓ બહોળો ફેલાવો પામી. ઘણા આગેવાન લોકોને Religion of the State સરકારી ધર્મમાં શ્રદ્ધા ન હતી, પરંતુ અશિક્ષિત જનતાને વ્યવસ્થામાં રાખવા માટે તેઓ ધર્મને ઉપયોગી સમજતા. સાધારણ જનતાના કલ્યાણર્થે મૂઢ વિશ્વાસ ઉત્પન્ન કરવાની રોમન પદ્ધતિને એક ગ્રીક ઇતિહાસ-કાર મુકતકંઠે વખાણે છે. સીસેરોનું આવું જ વલણ હતું. સમાજના હિતાર્થે અસત્ય ધર્મ પણ અનિવાર્ય છે એવી અસલના નાસ્તિકોની માન્યતા હતી. એક યા અન્ય રૂપે હાલ પણ એ માન્યતા સામાન્ય છે. ધર્મોનો બચાવ તેમનામાંના સત્યને લીધે નહિ પણ તેમની ઉપ-યોગીતાને લીધેજ કરવામાં આવે છે. રાજનો કારભાર વ્યવસ્થિત રહે માટે ધર્મની જરૂર છે અને પોતાને અસત્ય જણાતો હોય એવા ધર્મને પણ નીભાવવો એ રાજકર્તાની ફરજ છે, એમ મેકીઆવેલી ઉપદેશે છે.

હવે બીજા સૈકામાં પ્રસિદ્ધ થઇ ગયેલા છેલ્લા ગ્રીક સાહિત્યકાર લ્યુશીઅન વિષે કંઇક કહેવાની જરૂર છે. એનાં લખાણોની અસર બધા પર થતી. લોકપ્રિય પુરાણ કથાઓને તે છડેચોક નિંદી કાઢતો. શિક્ષિત નાસ્તિકવર્ગને આનંદ આપવા ઉપરાંત એનાં કટાક્ષમય ગીતોની બીજી કંઇ અસર થઇ કે કેમ એ કહેવું મુશ્કેલ છે. (Zeus in a Tragedy Port) "ઝીઅસ ઇન એ ટ્રેજેડી પાર્ટ" એ એનું સૌથી વધારે અસરકારક ઉપહાસયુકત ગીત છે. જો કોઇ આધુનિક

લેખક નિંદાપૂર્વક ત્રિમૂર્તિની દિવ્યાકૃતિઓ (પિતા, પુત્ર અને પવિત્ર આત્મા) ને મહાન્ સંતો અને પવિત્ર ફીરસ્તાઓ સાથે સ્વર્ગીય ધૂમખંડમાં બેઠા બેઠા ચાલુ યુગમાં ઈંગ્લાંડમાં થયેલા Unbelief અશ્રદ્ધાના ભયોત્પાદક પ્રચાર વિષેની ચર્ચામાં પરોવાયેલા અને પછી ટેલીફોન યંત્રની મદદથી લંડન શહેરની જાહેર વ્યાસપીઠ પર નવીન વિચારક અને એકાદ પાદરી વચ્ચે ચાલતો ઝઘડો અનાયાસે સાંભળતા દર્શાવે તો લુશીઅને જે સ્થિતિ કલ્પી છે તેની બરોબર સરખામણી થઇ શકે. લુશીઅનના ગીતોમાં દેવોને Anthropomorphism માનવલક્ષણારોપણના સિદ્ધાંતની બેવકુફી પર જેટલી આકરી અને સચોટ ટીકા કરવામાં આવી છે એટલી બીજે કશે કદિએ થઇ નથી.

(રોમન) સામ્રાજ્યમાં પ્રવર્તેલા બધા ધર્મો, મતો—ને પંથો તરફ સહિષ્ણુતા દાખવવી એજ રોમન રાજ્યપદ્ધતિનું સામાન્ય ધોરણ હતું. દેવનિંદા કરવા બદલ એ રાજ્યમાં શિક્ષા કરવામાં આવતી ન હતી. શહેનશાહ ટીબેરીઅસના એક સૂત્રમાં આ વાત પ્રકટ કરવામાં આવી છે. "દેવોનું અપમાન થતું હોય તો ભલે દેવો જાતે તે વિચારી લે." આમ છતાં ખ્રિસ્તી કોમ તરફ ક્ષમાશીલતા દાખવવામાં આવતી ન હતી એ એક અપવાદ રૂપજ ગણાય. આ પૌર્વાત્ય ધર્મ પ્રત્યે ચલાવવામાં આવેલી કડક વર્તણુકને પરિણામે યૂરોપમાં ધાર્મિક જુલમોનો પાયો નંખાયો એમ કહી શકાય. સમર્થ, માયાળુ અને સ્હેજ પણ ધર્મોન્માદ વિનાના શહેનશાહોએ પણ ખ્રિસ્તી કોમ સાથેના સંબંધમાં આ અપવાદરૂપ રીતિ કેમ અંગીકાર કરી એ સમજવું રસિક થઈ પડશે.

ચિરકાળ સુધી બહુ થોડા રોમનો ખ્રિસ્તીઓને જાણતા હતા અને જે કોઈ તેમને વિષે કંઈ જાણતા તેઓ તેમને યહુદી પ્રજાના એક પંથ તરીકેજ ગણતા. યહુદી ધર્મના સિદ્ધાંતો અને અસહિષ્ણુતાને લીધે પરધર્મ પ્રત્યે ક્ષમાશીલતાથી વર્તનારા અ—ખ્રિસ્તી મૂર્ત્તિ-

પૂજકો તે ધર્મ તરફ વ્હેમ અને ઇતરાજીપૂર્વક જોતા. કેટલીક વાર યહુદી ધર્મ પાળનારાઓ અને રોમન રાજ્યાધિકારીઓ વચ્ચે અથડા-અથડી થતી હતી અને ખોટી ભંભેરણીથી રોમન રાજ્ય યહુદીધર્મ પર હુમલો કરતું, તો પણ સામાન્ય રીતે રોમન સમ્રાટો એ ધર્મને છેડતા ન હતા અને યહુદીઓની ધર્માંધતાથી એમના વિરુદ્ધ જે તિરસ્કાર પ્રકટેલો તેમાંથી તેઓને ઉગારી લેવાની કાયમની નીતિ તેઓ અમલમાં મૂકતા હતા. આજન્મ યહુદી લોકમાં જ જ્યાં સુધી યહુદી ધર્મની અસર રહી ત્યાં સુધી તો રોમન લોકો તેને સાંખી રહ્યા, પણ એ યહુદી ધર્મ વિશેષ ફેલાવાની ધાસ્તી લાગતી ગઈ તેમ તેમ ધાર્મિક પ્રશ્ન નવું સ્વરૂપ પકડવા લાગ્યો. સમસ્ત વિશ્વમાં સ્થાપિત થયેલા અને પરસ્પરની સહાનુભૂતિથી ખીલતા ધર્મપંથોથી તદ્દન ભિન્ન તથા મનુષ્યજાતિના શત્રુરૂપ લેખાતા ઘણા અનુયાયીઓવાળો ધર્મ બ્હોળો ફેલાવો પામે એ જોઈ રાજ-કર્તાઓ ભડકે, તેમના હૃદયમાં ગંભીર શંકા અને વ્હેમ જાગૃત થાય એ તદ્દન સંભવિત હતું. યહુદી સિવાયની અન્ય પ્રજાઓમાં યહુદી ધર્મ ફેલાય તો તે રાજ્યને જરુર ભયરૂપ નિવડે એમ ભાસતું; કારણ એ ધર્મનું તત્ત્વ રોમન સમાજના મૂળ બંધારણને તથા સંપ્રદાયોને પ્રતિકૂળ હતું. સમ્રાટ્ ડોમિશિઅન તો યહુદીધર્મના પ્રચારમાં રોમન સામ્રાજ્યનાં નાશનાં બીજ જોતો હતો એમ લાગે છે. આથી તેણે રોમન શહેરીઓને પરધર્મમાં વટલાતાં અટકાવવા માટે ચાંપતા અને આકરા ઈલાજ અમલમાં મૂકયા. યહુદી વિરૂદ્ધ મંડાયેલાં તેની સત્તાનાં શસ્ત્રોના કેટલાક ખ્રિસ્તીઓ પણ ભોગ થઈ પડયા હશે. એના વર્તન પરથી એમ લાગતું કે યહુદી અને ખ્રિસ્તી વચ્ચેનો ભેદ ભાગ્યે જ તેને ખબર હશે, ને વળી તેની દૃષ્ટિમાં એ બેમાં કશો તફાવત હતો જ નહિ. યહુદીધર્મ તથા તેમાંથી જ જન્મેલો ખ્રિસ્તી ધર્મ એ બન્ને રોમન સમાજ પ્રત્યે અસહિષ્ણુતા અને વિરોધ દર્શાવવાની બાબતમાં એક સરખાંજ હતા. એ બે

ધર્મોમાં અંતર માત્ર એટલું જ હતું કે યહુદીઓ ઘણા થોડાને સ્વ-ધર્મમાં આણી શકયા ત્યારે ખ્રિસ્તીઓએ ઘણાઓને ધર્મભ્રષ્ટ કરી પોતાના ધર્મમાં દાખલ કર્યા.

ટ્રેજન રાજ્ય કરતો હતો ત્યારે 'ખ્રિસ્તી થવું એટલે મૃત્યુની શિક્ષાને પાત્ર ગુન્હો કરવો' એવો સિદ્ધાંત પ્રતિપાદિત થયો હતો. તેના સમયથી ખ્રિસ્તી ધર્મને બીનકાયદેસર લેખવામાં આવ્યો. 'ખ્રિસ્તી થનાર મોતની શિક્ષા પામશે' એ મતલબનો કાયદો ટ્રેજને કરેલો. પરંતુ વ્યવહારમાં આ કાયદાનું અચૂક દૃષ્ટિથી અક્ષરશઃ પાલન થતું નહિ. કારણ એમ પણ હોય કે શહેનશાહો લોહીનું એક પણ ટીપું રેડયા વગર ખ્રિસ્તી ધર્મને સમૂળ ઉખેડી નાંખવા માગતા. ટ્રેજને કાઢેલી રાજાજ્ઞા પરથી આ વાત સ્પષ્ટ થશે. "ખાસ પ્રયત્ન પૂર્વક ખ્રિસ્તીઓને વીણી કાઢવા નહિ, તેમના વિરુદ્ધ નનામા આરોપોની નોંધ કરવી નહિ; જે કોઈ ખ્રિસ્તીઓના ગુન્હા વિષે ખબર આપે તેણે તેના પરનો આરોપ પુરવાર કરવો પડશે, નહિ તો જુઠા આરોપ મૂકવાના ગુન્હા માટે જે કાયદાઓ છે તેમની રૂએ તેમને શિક્ષા ફરમાવવામાં આવશે." ખ્રિસ્તી લોકો સમજી ગયા કે (Edict) આ અનુશાસન ખરૂં જોતાં તેમના રક્ષણાર્થેજ છે. બીજા સૈકામાં કેટલાક મુકદ્દમાઓ ચાલ્યા હતા, ઘણાને દેહાંત–દંડ ભોગવવો પડયો હતો. ખ્રિસ્તીઓ યે ધર્મ શહીદની કીર્તિને વરવા કાજે કષ્ટોને વધાવી લેતાં. આમ છતાં તેમના પ્રત્યે ખાસ ક્રૂર વર્તણુક ચલાવવામાં આવતી ન હતી. પકડાયા બાદ તેઓ નાસી જતાં તો સત્તાધીશો જોયું ન જોયું કરતાં એ વિષેના પુરાવા પણ છે. **આમ ખ્રિસ્તીઓ પર જુલમ ગુજારવાનું ખરૂં કારણ તો પરધર્મના પ્રચારથી ભય મુગ્ધ થયેલી રોમન પ્રજાની ઉશ્કેરણી હતી.** રોમન સત્તાધીશોની ઇચ્છાથી એવા સીતમો વર્તતા નહિ.દેવ માત્રની ચ્ચોક નિંદા કરનારા અને આ વિશ્વના નાશ માટે પ્રાર્થના કરનારા આ ગૂઢ પૌર્વાત્ય ધર્મના અનુયાયીઓથી જાહેર

પ્રજા ભડકી જતી. દૈવયોગે કદાચ રેલ આવે કે દુકાળ પડે અને ખાસ કરીને આગ લાગે તો એ બધું ખ્રિસ્તીઓની મેલી વિદ્યાને લીધે જ થાય છે એમ જાહેર પ્રજા માની લેતી.

ખ્રિસ્તી હોવાનો આરોપ જેને શિર મૂકાતો તેના પરનો આરોપ સાચો છે કે જુઠો એ બાબતનો નિર્ણય કરવા માટે આરોપી પાસે દેવો અગર દેવ (Deified) પંક્તિમાં ગણાતા સમ્રાટોની મૂર્તિઓ સમક્ષ ધૂપ મૂકવાની માગણી કરવામાં આવતી. આરોપી આ માગણી પ્રમાણે વર્તે તો તે નિર્દોષ ઠરી છૂટી જતો. શહેનશાહોની મૂર્તિઓની પૂજા સામે ખ્રિસ્તીઓ વાંધો ઉઠાવે એજ હકીકત મના (ખ્રિસ્તીઓના) ભયાવહ ધર્મનું એક અતિ અમંગળ ચિહ્‌ન છે એમ રોમન લોકો માનતા. રોમન શહેનશાહોએ પ્રચલિત કરેલી આ પૂજાનો હેતુ ભિન્ન ભિન્ન ધર્મપંથો અને દેવો માનનારી જુદી જુદી પ્રજાનું બનેલું સામ્રાજ્ય એક અને અવિભક્ત છે એમ સૂચવવાનો હતો. સંપ અને વફાદારી વધારવાના રાજદ્વારી હેતુથી એ પૂજા શરૂ કરવામાં આવી હતી. આથી એ પૂજાની અવગણના કરનારનો આત્મા દ્રોહી છે એવી શંકા ઉત્પન્ન થાય તો તે આશ્ચર્યકારક નથી. પણ કોઈ પણ શહેરીને આ પૂજામાં ભાગ લેવાની ફરજ નહતી એ વાત નોંધમાં લેવી જોઈએ. લશ્કરી કે બીનલશ્કરી અમલદારો તરીકે સમાજને સેવા અર્પનાર સિવાયની સામ્રાજ્યની બીજી વ્યક્તિઓ પાસે એ પૂજાને ચુસ્તપણે વળગી રહેવાની માગણી કરવામાં આવતી જ નહિ. આ બધાનું પરિણામ એ આવ્યું કે ખ્રિસ્તી લોકો લશ્કરી કે અમલદારી નોકરીમાંથી બાતલ રહ્યા.

આ સમયે પ્રસિદ્ધ થયેલા ખ્રિસ્તી ધર્મના બચાવના લેખો જો શહેનશાહોએ વાંચ્યા હોત તો ખ્રિસ્તી ધર્મ ભારી રાજદ્વારી આફત રૂપ હતો એવી તેમને ખાતરી થાત. એ લેખોની લીટીઓનો ભાવાર્થ યથાર્થ સમજવાથી સ્પષ્ટ સમજાત કે ન કરે નારાયણ અને ખ્રિસ્તી લોકનું ચઢી વાગ્યું તો તેઓ રાજ્યના બીજા ધર્મપંથોને કનડગત

કર્યા વિના રહે જ નહિ. ખ્રિસ્તીઓ પોતે જે પરરાજ્યની સંસ્કૃતિમાં જીવનવ્યવહાર ચલાવતા હતા તે પ્રત્યે તેમને અત્યંત તિરસ્કાર હતો. આ હકીકત ખ્રિસ્તી ધર્મનો બચાવ કરનારાઓ થોડે ઘણે અંશે ગુપ્ત રાખવા મથતા પણ ટેટિઅન નામના તત્કાલીન એક લેખકના ગ્રંથમાં એ વાત સ્પષ્ટ તરી આવે છે. જે રાજ્યમાં ખ્રિસ્તી સત્તા જામી હોય ત્યાં અન્ય ધર્મીઓના આધાર તરફ સહિષ્ણુતાનો સદંતર અભાવ હોય એવું તે સમયના ખ્રિસ્તી સાહિત્યના વાચકને લાગ્યા વિના રહેશે નહિ. આમ, સર્વ ધર્મ પ્રત્યે ક્ષમાશીલતાથી વર્તનારા શહેનશાહોએ ખ્રિસ્તી ધર્મ પ્રત્યે અપવાદરૂપ વર્તણુક ચલાવી તેનું કારણ એટલું જ કે તેઓ બીજા સર્વ ધર્મ પ્રત્યેની ક્ષમાશીલતાનું રક્ષણ કરવા માગતા હતા. (ખ્રિસ્તી ધર્મનો પ્રચાર જેમ જેમ વધતો જાય તેમ તેમ અન્ય ધર્મો પ્રત્યે સહિષ્ણુતા ઘટતી જવાની તેમને દહેશત લાગતી.)

ખ્રિસ્તી ધર્મની મના કરેલી હોવા છતાં, ત્રીજા સૈકામાં તેની ધાર્મિક ક્રિયાઓ ખુલ્લી રીતે સાંખી રહેવામાં આવી. ખ્રિસ્તી ધર્મગુરૂઓએ ખુલ્લી રીતે પોતાના ધર્મદેવળોની વ્યવસ્થા કરવા માંડી. કોઇ પણ પ્રકારની ડખલગીરી વગર પાદરીઓની પરિષદો મળતી. દમનનીતિના બહુ થોડાં, ક્ષણિક અને સ્થાનિક છમકલાં થતાં; માત્ર એક જ ગંભીર અત્યાચાર કરવામાં આવ્યો હતો. (આ જુલમની શરૂઆત ડીસીઅસે ઇ.સ. ૨૫૦ માં કરી અને વેલેરીઅને તે જારી રાખી.) પાછળ પાછળથી તો ખ્રિસ્તીઓએ શહીદોનું ખાસું પુરાણજ રચ્યું હતું—કે હજારો ખ્રિસ્તીઓ ધર્મ માટે મરી ફીટયા હતા—એ ખરૂં છે તથાપિ વાસ્તવિક રીતે આ આખી ત્રીજી સદીમાં ઘણા થોડા લોકોને ધાર્મિક સિતમના ભોગ બની પોતાના પ્રાણની આહુતિ આપવી પડેલી. જે શહેનશાહોના છત્ર હેઠળ ખ્રિસ્તી ધર્મગુરૂઓ સંપૂર્ણ શાંતિ અને સ્વાતંત્ર્ય ભોગવતા તેજ શહેનશાહો પર ઘણા જુલમો ગુજાર્યાનો આરોપ મૂકવામાં આવતો.

પછી તો મુલકી અવ્યવસ્થાનો એક લાંબો યુગ ચાલ્યો, એ સમય દરમ્યાન સામ્રાજ્યના પાયા હાલી ઉઠયા હતા, પણ ખરી અણીની વેળાએ શહેનશાહ ડાયોક્લીશીઅને તેને ઉગારી લીધું. રાજ્ય વહીવટમાં તેણે મૌલિક પુનર્ઘટના કરી અને એક વધુ સદી માટે તેણે રોમન સત્તાને સંપૂર્ણતઃ અક્ષત જાળવી રાખી. રોમનત્વનો પુનરુદ્ધાર કરી રાજસત્તાની ઉંડી જડ બેસાડવાની તેની નેમ હતી અને તેણે રાજધર્મમાં નવચેતન રેડવાનો યત્ન કર્યો. પોતાનો હેતુ બર આણવા માટે ખ્રિસ્તીઓની વધતી જતી અસર તેણે અટકાવવા માંડી. ખ્રિસ્તીઓની બહુમતી ન હોવા છતાં તેઓ ઘણી મોટી સંખ્યામાં હતા; આ વસ્તુસ્થિતિ ભવિષ્યમાં ભયકારક નિવડે એવી શંકાથી શહેનશાહે વ્યવસ્થિત દમનનીતિ ચલાવી. એ ઘોર નિર્દય નીતિ ચિરકાળ ટકી. પ્રતિષિદ્ધ ધર્મને કચડી નાખવા માટેનો એ (દમનનીતિ) સાર્વત્રિક, વ્યવસ્થિત અને સહૃદય પ્રયાસ હતો. પણ એ પ્રયાસ નિષ્ફળ નિવડયો; કારણ, ખ્રિસ્તીઓ એટલા વધી ગયા હતા કે તેમની જડ ઉખેડવી એ દુર્ઘટ હતું. ડાયોક્લીશીઅનના રાજત્યાગ પછી રોમન સામ્રાજ્યના જુદા જુદા ભાગમાં રાજ્ય કરતા બાદશાહોને ડાયોક્લીશીઅનની નીતિ ઉપયોગી કે યોગ્ય લાગી નહિ અને (૩૧૧–૩૧૩ સુધીમાં) ધર્મસહિષ્ણુતાનાં અનુશાસનો પણ નીકળ્યાં. દમનનીતિ બંધ થઈ. ધર્મસ્વાતંત્ર્યના ઈતિહાસમાં આ અનુશાસનો અતિ ઉપયોગી છે. પૂર્વ પ્રાંતોમાં પ્રસિદ્ધ થયેલું પ્રથમ અનુશાસન આ મુજબ હતું.

"અમે જોયું કે ખ્રિસ્તી લોકો ભ્રમમાં પડયા છે. તેમના પૂર્વજોના ધાર્મિક આચાર વિચારોને તેમણે તિલાંજલિ આપી છે, ભૂતકાળની ક્રિયાઓને ઉદ્ધતાઈથી તુચ્છકારી, તેમણે મનના તરંગો અનુસાર અવિચારી ધારાધોરણો અને અભિપ્રાયો બાંધ્યાં છે અને અમારા સામ્રાજ્યોના જુદા જુદા પ્રાંતોમાંથી એક સેળભેળીઆ સમાજ તેઓ ભેગી કરી બેઠા છે. તેમને આ ભ્રમમાંથી મુક્ત કરી

પુનઃ કુદરત અને બુદ્ધિના માર્ગે ચઢાવવા અમે ખાસ ઉત્સુક હતા. ફરજીઆત પૂજા વિષેના અમારા કાયદાથી ઘણા ખ્રિસ્તીઓ ભય સંકટમાં આવ્યા; ઘણા મૃત્યુના મુખમાં હોમાયા; અને પોતાની નિંદ્ય મૂર્ખાઈ જારી રાખનારા બીજા ઘણાઓ કોઈ પણ પ્રકારની જાહેર ધર્મક્રિયા કરી શકતા નહોતા એ પણ અમે જોયું. આથી એવા દુઃખી જનોને અમારી સ્વાભાવિક કાયમની રહેમદિલી દર્શાવવાની અમને વૃત્તિ થઈ; માટે જો તેવા લોકો સ્થાપિત કાયદા Established law and Government કાનુનો અને સરકારને યોગ્ય માન આપી વર્તવા કબુલે તો અમે તેમને તેમનાં ખાનગી ધર્મમતો પાલન કરવાની તથા કોઈ પણ પ્રકારની બ્હીક કે કનડગત વગર તેમના દેવળોમાં છુટથી એકત્ર થવાની પરવાનગી આપીએ છીએ.

'મીલન ( Milan ) નું અનુશાસન' ને નામે મશહુર થયેલું બીજું કોન્સ્ટેન્ટાઇનનું અનુશાસન પણ આજ મતલબનું હતું. સહિષ્ણુતા સ્થાપવાના કારણમાં કોન્સ્ટેન્ટાઈને જણાવ્યું હતું કે એ દ્વારા પ્રજાનાં સુખ અને શાંતિ જાળવવાની મ્હારી અભિલાષા તૃપ્ત થશે અને પરિણામે સ્વર્ગમાં વસેલા ઈશ્વરને શાંત કરવાની મ્હારી આશા સફળ થશે. આમ 'મીલનના અનુશાસન' દ્વારા બક્ષવામાં આવેલી મતાંતરક્ષમા લોકમાં સુખશાંતિ ફેલાવવાની અને પ્રભુને ખુશ રાખવાની શહેનશાહની અભિલાષા પર યોજાઈ હતી. રોમન સરકાર અને ખ્રિસ્તીઓ વચ્ચેના સંબંધને અંગે વ્યક્તિના અંતઃકરણની સ્વતંત્રતાનો તથા દમનનીતિના વાજબીપણાનો પ્રશ્ન ઉપસ્થિત થયો. ( નીચેની ઘટના પરથી એ પ્રશ્ન કેવી રીતે ઉપસ્થિત થયો તે સ્પષ્ટ સમજાશે. ) હરેક ધર્મમત અને પંથ તરફ ક્ષમાની દૃષ્ટિથી જોનારા અને કેવળ રાજધર્મ પાળનારા રાજ્યને માલુમ પડે છે કે ખુદ તેની વચમાંજ પોતાથી ભિન્ન, એકે એક ધર્મ સંપ્રદાયના હડહડતા શત્રુ સમાન, તથા સત્તા પ્રાપ્ત થયે અન્ય ધર્મ સંપ્રદાયોને

કચડી નાંખે એવો, સમાજ ઉભો થયો છે. **આત્મરક્ષણાર્થે** સરકાર આવા પરિવર્તનકારક વિચારો ફેલાતા અટકાવવાનો નિર્ણય કરે છે અને તે ધર્મના અમુક સિદ્ધાંતો ખાતર નહિ, પરંતુ તે સિદ્ધાંતોની સમાજ પર જે અસર થાય તે વિચારીને એવા ધર્મપાલનને એક ગુન્હા તરીકે ગણે છે. હવે પોતાના અંતરના અવાજને દાબી દીધા વગર અને નરકવાસ વ્હોરી લીધા વગર આવા સમાજના સભ્યો પોતાનો નિરાસક (exclusive) સિદ્ધાંત છોડી શકે નહિ. રાજ્ય તરફની બધી ફરજો કરતાં અંતઃકરણના છુટાપણાનો સિદ્ધાંત ચઢીયાતો છે. આ છૂટાપણાના નવા હક્ક માટેની લડત પોતાની સન્મુખ ઉભી થયેલી જોઈ રાજ્ય તે હક્ક કબુલવા **અસમર્થ** નિવડે છે. પરિણામે દમનનીતિ શરૂ થાય છે. ( આજ પ્રકારે રોમન સરકાર અને ખ્રિસ્તી ધર્મ વચ્ચેના સંબંધે કરી વ્યક્તિના અંતઃકરણની સ્વતંત્રતા અને તેને દાબી દેવા માટેની દમનનીતિનો પ્રશ્ન ઉભો થયો.)

છેક પ્રાચીનમતાવલંબી અને પૂર્ણચુસ્ત મૂર્તિપૂજકના દૃષ્ટિબિંદુથી પણ ખ્રિસ્તીઓ પર જે સિતમ ગુજારવામાં આવ્યો તેનો બચાવ થઈ શકે એમ નથી, કારણ તેમાં નકામું લોહી રેડાયું. બીજી રીતે કહીએ તો એ દમનનીતિ ખરેખર એક ગંભીર ભૂલ જ હતી; કેમકે તે નિષ્ફળ નીવડી. કારણ જ્યારે જ્યારે નીચેનાં વૈકલ્પિક અનિષ્ટોમાંથી પ્રસંદગી કરવાની હોય છે ત્યારે પત્થર કરતાં ઈંટ પોચી એ ન્યાયે બેમાંથી દમનનીતિની પસંદગી કરવામાં આવે છે. આ બે વૈકલ્પિક અનિષ્ટો નીચે મુજબનાં છે (૧) હિંસા, ( દમનનીતિની હિમાયત કરનાર કોઈ પણ વિચારશીલ મનુષ્ય આને અનિષ્ટ લેખવામાં આનાકાની નહિં કરે. ) અને (૨) હાનિકારક વિચારોનો પ્રચાર. બીજું અનિષ્ટ વધારે હાનિકર્તા છે એવે બ્હાને તે અનિષ્ટના નિવારણાર્થે પહેલું અનિષ્ટ પસંદ કરવામાં આવે છે. પણ જો ઈષ્ટ હેતુ સિદ્ધ થાય એવી યુક્તિપૂર્વક દમનનીતિ વ્યવસ્થિત ન થાય તો એકને બદલે બે અનિષ્ટો ઉભાં થાય છે અને ભિન્ન

વિચારો ધરાવનારા પર ગુજારેલા જુલમો વાજબી ઠરી શકતા નથી. ખુદ શહેનશાહો પોતાના દૃષ્ટિબિંદુથી ખ્રિસ્તીઓને સમાજવિરૂદ્ધ અને ભયકારક લેખે તેને માટે તેમની પાસે વાજબી કારણો હતાં, પણ તેમણે તો ખ્રિસ્તીધર્માનુયાયીઓને બીલકુલ છેડવા ન હતા, અગર છેડયા તો તો ખ્રિસ્તીધર્મનું મૂળ ઉખેડી નાખવા માટે વ્યવસ્થિત આકરાં પગલાં લેવાં જોઈતાં હતાં. જો શરૂઆતથીજ તેમણે વ્યવસ્થિત રીતે આકરી તપાસ કરી હોત તો કદાચ તેઓ ખ્રિસ્તી ધર્મનું નામનિશાન ભૂંસી શકયા હોત. કાંઈ નહિ તો આ પગલું મુત્સદ્દીને છાજે એવું તો ગણાતજ પણ અતિ તીવ્ર પગલાં તેમને સૂઝયા પણ ન હતાં અને અનુભવહીણા તે લોકોને તેમના સન્મુખ ખડો થયેલો પ્રશ્ન સમજાયો પણ ન હતો. ધમકી અને ડરામણીથી તેમણે ફત્તેહની આશા રાખી. સમાજને હાનિકારક લાગતા ભિન્ન વિચારો દાબી દેવા માટેના તેમના પ્રયાસો અસ્થાયી, ડામાડોળ, ક્ષણિક આવેશવાળા, બીન અસરકારક અને હાસ્યાસ્પદ હતા. ૨૫૦ થી ૩૦૩ સુધી જે જુલમો વર્ષાવવામાં આવ્યા તે ફત્તેહમંદ નિવડવાની મુદ્દલ આશા ન હતી. આ સંબંધમાં ખ્રિસ્તી ધર્મના સાહિત્યને દાબી દેવા માટે પ્રયત્ન સરખોયે કરવામાં આવ્યો ન હતો એ બીના ખાસ ધ્યાનમાં લેવી ઘટે છે.

ઈષ્ટ હેતુ સિદ્ધ થાય તો પણ પરધર્મી પર જુલમ ગુજારવો એ વાજબી છે કે કેમ એવા અતિ અગત્યના પ્રશ્ન પર તો વિચાર સરખોયે કરાયો ન હતો. વ્યક્તિના અંતઃકરણ અને અધિકાર તથા રાષ્ટ્રના મનાતા હિત વચ્ચેના વિરોધ પર આખી લડત ચાલી રહી હતી. અદૃશ્ય માલેક પ્રત્યેની આજ્ઞાંકિતતા અને મનુષ્યકૃત કાયદા તરફની પાલનબુદ્ધિનો મેળ ન બેસે ત્યારે શું થાય? શું વ્યક્તિના અંતઃકરણને ગમે તે જોખમે માન આપવાની રાજ્યની ફરજ છે? કે માત્ર મર્યાદામાં? અને તે કેવી અને કેટલી? આ પ્રશ્નનો ઉકેલ કરવાનું કામ ખ્રિસ્તીઓએ ઉપાડી લીધું નથી; એમાં તેમને રસ ન

પડયો. ખ્રિસ્તી ધર્મથી ભિન્ન ધર્મ પાળનારી સરકાર પાસે તેમણે (ખ્રિસ્તીઓએ) કેવળ પોતાને માટે સ્વાતંત્ર્યના હક્કનો દાવો કર્યો અને જો તે સરકારે ખ્રિસ્તીઓની નિંદા અને તિરસ્કારને પાત્ર બનેલા નાસ્તિક ધર્મને દાબી દીધો હોત તો કદાચ ખ્રિસ્તીઓએ સરકારના કૃત્યને પ્રશંસાપૂર્વક વધાવી લીધું હોત એમ કહી શકાય. ગમે તેમ હો, પણ જો ખ્રિસ્તી રાજ્યસત્તા સ્થપાત તો ખ્રિસ્તીઓ પોતેજ ઉભો કરેલો વ્યક્તિના અંતઃકરણના છુટાપણાનો સિદ્ધાંત જરૂર ભૂલી જાત. શહીદો પોતાના અંતઃકરણને જે વાજબી લાગ્યું હતું તેને માટે–પોતાના અંતઃકરણના અવાજને માન આપવા માટે મર્યા; પરંતુ સ્વાતંત્ર્ય માટે–ગમે તે ધર્મના માણસ માત્રના અંતઃકરણના છૂટાપણા માટે–તેઓ મર્યા નથી. રોમન ચર્ચ–સંપ્રદાય પોતાના અમલની બહારનાં આધુનિક રાજ્યો પાસે પોતાના અનુયાયીઓના છૂટાપણાનો દાવો કરે છે, પણ જો પોતાને સત્તા હોય તો તેજ હક્ક બીજાને આપવાની તેમની ફરજ થઈ પડે એ વાત તેઓ કબુલતા નથી.

ગ્રીસ અને રોમનો પુરાણો ઈતિહાસ આપણે તપાસીશું તો આપણને માલુમ પડશે કે વિચારસ્વાતંત્ર્ય એ શ્વાસોશ્વાસરૂપ હતું. આથી વિચારસ્વાતંત્ર્યના હક્ક પર કોઈ કશો વિચાર કરતું જ નહિ. એથેન્સમાં સાત આઠ વિચારકોને ( Heterodoxy ) બંડખોર ધર્મમત ધારણ કરવા બદલ શિક્ષા કરવામાં આવી હતી, પણ આ આઠમાંના ઘણા અને કદાચ બધાના સંબંધમાં એવા મત સ્વીકારવાની વાત તો એક બ્હાના રૂપજ હતી. ( શિક્ષા કે દંડ થવાનું ખરૂં કારણ તો તે લોકો પ્રત્યેની દ્વેષબુદ્ધિજ હતી. ) છતાં એ દ્વેષબુદ્ધિથી જ્ઞાનની પ્રગતિના માર્ગમાં કશા અંતરાય ઉભા થયા ન હતા તથા અશાસ્ત્રીય અધિકારના વજનથી વિજ્ઞાન પણ અટક્યું ન હતું. એ સામાન્ય વાતો ઉપલા મુકદમાઓથી ખોટી ઠરતી નથી. શિક્ષિત ગ્રીકો બુદ્ધિસ્વાતંત્ર્યને ચાહનારા હોવાથી પરધર્મીઓ પ્રત્યે

સહિષ્ણુતા દાખવતા. બુદ્ધિનું ટટ્ટુ ન ચાલે એવી કોઈ પણ સત્તા ગ્રીકોએ સ્થાપી ન હતી. પૂર્ણ ચર્ચા, વિવેચન કે સમજુતિ આપ્યા સિવાય કોઈ પણ રસ્તે લોકોના મન પર અમુક અભિપ્રાયો તેઓ ઠસાવી દેતા ન હતા. જેમ એક ન્હાનું બાળક બીજાના પ્રમાણ પર "અગોચર ધામ" ની વાત માન્ય રાખે છે, તેમ વગર વિચારે સ્વર્ગના જેવી જ કોઈ વાત સ્વીકારી લેવાની કે પોતાને અચૂક મનાવતી સત્તા સમક્ષ તેમની બુદ્ધિ નમાવવાની શિક્ષિત ગ્રીક લોકો બીજાઓ પાસે આશા રાખતા ન હતા.

પણ આ સ્વાતંત્ર્ય કોઈ બુદ્ધિપૂર્વક સ્વીકારેલી નીતિ કે ઉંડી પ્રતીતિનું પરિણામ ન હતું, અને તેથી તે અનિયમિત અને અનિશ્ચિત રહ્યું. વિચાર સ્વાતંત્ર્ય, ધાર્મિક સ્વાતંત્ર્ય, ક્ષમા શીલતા વગેરેના પ્રશ્નો સમાજપર ઠસાવવામાં આવ્યા ન હતા. આથી કોઈએ તે પ્રશ્નો ગંભીરપણે વિચારેલા નહિ. રોમન સરકાર સન્મુખ જ્યારે ખ્રિસ્તી ધર્મનો પ્રશ્ન આવી ઉભો ત્યારે ખ્રિસ્તી જેવા એક ન્હાના, અપ્રસિદ્ધ, અને મૂર્તિપૂજક વિચારકોની દૃષ્ટિએ અરસિક અને અતિ પ્રતિકૂળ ભાસતા સંપ્રદાય પ્રત્યેની વર્તણુકમાં એક અતિ ઉપયોગી સામાજીક સિદ્ધાંત સમાયેલો છે એવું કોઈને ભાસેલું નહિં. વિચાર સ્વાતંત્ર્યના સિદ્ધાંતનું દૃઢ પ્રતિપાદન કરવા માટે જુલમના નીતિ અને પ્રયોગ વિષેના લાંબા અનુભવની જરૂર હતી. ખ્રિસ્તી સંપ્રદાયે દમનનીતિની જે કઢંગી નીતિ અંગીકાર કરી અને તેનાં જે પરિણામો આવ્યા, તેને લીધે અંતે બુદ્ધિ પ્રસ્તુત પ્રશ્ન ચર્ચવા પ્રેરાશે તથા બૌદ્ધિક સ્વાતંત્ર્યના વાજબીપણાનાં કારણો તેને શોધી કાઢવાં પડશે. ગ્રીક અને રોમનોની સંસ્કૃતિનો તેમના ગ્રંથોમાં તરી આવતો આત્મા ઉંડા અંધકારનાં લાંબા કાળ પછી વિશ્વને પુનઃ પરમ તેજથી પ્રકાશિત કરશે અને આજસુધી તેમણે અનાયાસે ભોગવેલા બુદ્ધિના સામ્રાજ્યનું પુનઃ સ્થાપન કરવામાં મદદ રૂપ નિવડશે.

# પ્રકરણ ૩ જું.

## બુદ્ધિનિયંત્રણ.

### મધ્યયુગ.

મતાંતરક્ષમાનું અનુશાસન નિકળ્યા પછી દશ વર્ષે કોન્સ્ટેન્ટાઈને ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કર્યો. ધર્મવિષયમાં આ બનાવ અસાધારણ મહત્ત્વનો હતો. એ પ્રસંગથી માંડીને સહસ્રવર્ષ પર્યંત બુદ્ધિસ્વાતંત્ર્ય અને વિચારસ્વાતંત્ર્યને દાબી દેવામાં આવ્યાં અને જ્ઞાનની પ્રગતિના માર્ગમાં દુર્ભેદ્ય દિવાલો ઉભી થઈ. પરિણામે જ્ઞાન હતું ત્યાંનું ત્યાં જ અટકયું એ વસ્તુ સ્થિતિની આપણે આલોચના કરીએ.

જે બે સૈકા દરમ્યાન ખ્રિસ્તીધર્મ પ્રતિષિદ્ધ લેખાયો હતો તે સૈકાઓમાં ખ્રિસ્તીઓ એવી દલીલ કરતા કે **કોઈ પણ ધર્મનો અંગીકાર કરવો એ મનુષ્યની પોતાની મરજીની વાત છે.** અમુક ધર્મ સ્વીકારાવવા માટે કોઈ પણ વ્યક્તિ પર દબાણ થઈ શકે નહિ. આવી દલીલો રજૂ કરી તે સમયે ખ્રિસ્તીઓ ધાર્મિક સ્વાતંત્ર્યનો દાવો કરતા. પરંતુ જ્યારે તેમનો પંથ સર્વોપરિ થયો અને રાજ્ય તરફથી પણ ખ્રિસ્તીધર્મને સંગીન આશ્રય મળ્યો ત્યારે ખ્રિસ્તીઓએ "ધર્મ સ્વીકાર કેવળ ઐચ્છિક વસ્તુ છે" એવા પોતાના જૂના અભિપ્રાયને તિલાંજલિ આપી એટલું જ નહિ, પરંતુ વિશ્વનાં ગૂઢ તત્ત્વો વિષેના મનુષ્યોના અભિપ્રાયોમાં એકતા આણવાનું આશા ભર્યું સાહસ તેમણે ઉત્સાહપૂર્વક ઉપાડયું અને વિચાર સ્વાતંત્ર્યને કચડી નાખવાની વધતી ઓછી વ્યવસ્થિત નિગ્રહનીતિ અમલમાં મૂકી. શહેનશાહો અને સરકારોએ પણ આ નીતિ કંઈક અંશે રાજકીય કારણોસર સ્વીકારી. અતિ તીવ્ર ધાર્મિક મતભેદો રાજ્યની

આબાદી તથા એકતાને અડચણરૂપ સમજી, તેમણે એ નીતિનો અંગીકાર કર્યો. પણ આ જુલમની નીતિ અમલમાં મૂકવામાં રાજ-હિતરક્ષણ એ મુખ્ય કારણ ન હતું. ખ્રિસ્તી ધર્માધિકારીઓ એમ માનતા કે ખ્રિસ્તીધર્મ એજ કેવળ મોક્ષનો માર્ગ છે. આ માન્યતામાં જ જુલમની વ્યવસ્થિત નીતિ અમલમાં મૂકવા માટેનું મુખ્ય તત્ત્વ સમાયેલું છે. પોતાની સર્વોપરિ દશામાં ખ્રિસ્તીઓએ કેવા વિચારો બાંધ્યા હતા તે નીચે દૃષ્ટિ નાખવાથી સ્પષ્ટ થશે.

(૧) ખ્રિસ્તીધર્મ એજ મોક્ષનું સાધન છે.

(૨) ઈતરધર્મીઓ સદાકાળ નરકમાં સડે છે. ખ્રિસ્તીધર્મ વિરુદ્ધ વર્ત્તન રાખનારને મહાન્ ગુન્હેગાર લેખી ઈશ્વર આકરી શિક્ષા કરે છે.

(૩) મનુષ્યનું શાશ્વત હિત રક્ષવા માટે આવું વર્ત્તન અટકાવવું જોઈએ અને એક માત્ર સાચો ખ્રિસ્તી ધર્મ સર્વ પાસે પળાવવો જોઈએ.

(૪) પાખંડમતધારી અસાધારણ ગુન્હેગાર છે. તેને નરકમાં અતિઘોર યાતનાઓ ભોગવવી પડશે. એ યાતનાઓમાંથી તેને ઉગારવા માટે, તેના પાખંડ ધર્મની ઝેરી જ્વાળાથી તેને અસ્પૃષ્ટ રાખવા માટે, તેના પર ઈહલોકમાં ગમે તેવા નિર્દય જુલમો ગુજારવામાં કશી હાનિ નથી; કારણ તેને જે યાતનાઓ ભોગવવી પડે તેના પ્રમાણમાં આ શિક્ષા કશી જ નથી.

(૫) માણસ સદ્‌ગુણી હોય, પણ જો તે વિહિત ધર્મ વિરુદ્ધ વર્ત્ત તો તે ઈશ્વરનો મહાન્ અપરાધી થાય છે, આથી એના સદ્‌ગુણો તરફ દૃષ્ટિ કરીને એને એના ગુન્હા બદલની શિક્ષામાંથી મુક્ત કરી શકાય નહિ.

(૬) સમાજના સામાન્ય સદ્‌ગુણો મનુષ્યાત્માની અંતિમ ઉન્નતિની સરખામણીમાં દુર્ગુણ સમાન જ છે.

(૭) જે બાળકો ખ્રિસ્તી ધર્માનુસાર જળસંસ્કાર (બાપ્તિઝમ)

પામ્યા વિના મરણ પામે, તે કયામતના—અંતિમ ન્યાયના—દિવસ સુધી નરકમાં રગદોળાયા જ કરે.

ખ્રિસ્તીઓ આવા વિચારો ધરાવતા હોવાથી મતાંતરક્ષમાનું તેમનામાં કેવળ શૂન્ય હતું. અન્ય ધર્મીઓ પ્રત્યેની તેમની અસહિષ્ણુતા તેમના ઉપરના વિચારો જોતાં કાંઈ વિલક્ષણ નિવડે એમાં આશ્ચર્ય નથી.

ખ્રિસ્તી ધર્મમાં પરધર્મી પ્રત્યે અસહિષ્ણુતાનાં તત્ત્વો દાખલ થયાં તેનું કારણ કેવળ સિદ્ધાંતોની વાસ્તવિકતા ઠસાવવા માટે ખ્રિસ્તીઓએ જે દલીલબાજી ચલાવી તેજ નથી. તેમના ધાર્મિક ગ્રંથનું આંતર સ્વરૂપ પણ કંઈક અંશે આ પરિણામનું ઉત્પાદક છે. પ્રાચીન ખ્રિસ્તીઓએ ઉતરતી ભૂમિકાની સંસ્કૃતિના વિચારો દર્શાવનારાં અને અશિષ્ટતાથી ઉભરાતાં યહુદી લખાણોનો પોતાનાં શાસ્ત્રોમાં, દુર્ભાગ્યે, સમાવેશ કર્યો હતો, પ્રાચીન કરારમાં નિર્દયતા, હિંસા અને ધર્માંધતાનાં સૂત્રો અને કૃત્યો ઘડી ઘડી વાચકને દૃષ્ટિગોચર થાય છે. એ કરાર ઈશ્વરપ્રેરિત છે એવું શ્રદ્ધાપૂર્વક માનનાર તો એ જાલીમ કૃત્યોને યોગ્ય જ લેખે; પણ ખ્રિસ્તીઓના આ ધાર્મિક ગ્રંથનું આંતર સ્વરૂપ અનિષ્ટકારી અને ચિત્તને નીતિભ્રષ્ટ કરનારૂં છે; કારણ એમાંનાં સૂત્રોથી અને કૃત્યોથી મનુષ્યની નીતિમાં બગાડ થયલો છે. એ બીગાડને લીધે કેટલી હાનિ થઈ એ ચોક્કસ નિર્ણિત કરવું કઠણ છે; છતાં આટલું તો આપણે નિઃસંદેહ કહી શકીએ કે એથી કરીને ધાર્મિક જુલમ વર્ષાવવા માટેનાં જરુરી શસ્ત્રાસ્ત્ર તૈયાર થયાં. **ધાર્મિક ગ્રંથો નૈતિક અને માનસિક પ્રગતિમાં મહાન્ અંતરાય રૂપ છે. કારણ કે એવા ગ્રંથોમાં અમુક યુગના વિચારો અને રીતરીવાજો દેવનિર્ણિત, સનાતન અને અનુલ્લંઘનીય છે, એવું પ્રતિપાદન હોય છે.** ધાર્મિક ગ્રંથોની આ અસર ખ્રિસ્તીઓના આચાર અને વ્યવહાર પર ઘણી પહોંચી. અતિ પ્રાચીનકાળનાં પુસ્તકોને અક્ષરશઃ

માન્ય રાખી ખ્રિસ્તી ધર્મે માનવવિકાસની ગતિને કુંઠિત કરી નાખી. ખ્રિસ્તીઓએ તેમના ધર્મ વિધાનમાંથી **જેહોવાહને** બાતલ કર્યો હોત અને **પ્રાચીન કરારની** પ્રેરણાનો ઈન્કાર કરી, નૂતન કરારથી સંતોષ માન્યો હોત તો ઈતિહાસમાં જરુર અતિ મહત્ત્વનું પરિવર્તન થાત એવી કોઈ માન્યતા ધરાવે તો તે સ્વાભાવિક છે.

મહાન્ કોન્સ્ટેન્ટાઈન અને તેના વારસોના સમયમાં પાખંડી ખ્રિસ્તી સમાજો તથા જંગલી મૂર્તિપૂજકો (Pagans) ના દેવો વિરુદ્ધ એક પછી એક ફરમાન નિકળવા લાગ્યાં. ખ્રિસ્તીઓની આ ક્રૂર પ્રવૃત્તિ ઇ.પૂ. ૩૬૩ દરમ્યાન ધર્મભ્રષ્ટ જુલીઅને ક્ષણભર અટકાવી પોતાના એ વર્ષના ટૂંકા રાજ્યમાં જૂની વસ્તુ વ્યવસ્થાને પુનર્જીવિત કરવાના હેતુથી તેણે સાર્વત્રિક (ધર્મ) સ્વાતંત્ર્ય જાહેર કર્યું; પરંતુ ખ્રિસ્તીઓને જાહેરશાળાઓમાં ઉપદેશ આપવાની મનાઈ કરીને એણે અન્યધર્મીઓની સરખામણીમાં ખ્રિસ્તીઓને ગેરલાભ કર્યો. જુલીઅનના આ કૃત્યથી પ્રતિમાપૂજાનો નાશ અલ્પકાળ માટે અટકયો. પાખંડી સમાજો ક્ષણિક સ્વાતંત્ર્ય ભોગવતા થયા, તથા ખ્રિસ્તીઓના જુલમમાંથી અતિ ટૂંક સમય માટે ઉગરી ગયા. આખરે ૧ લા થીઓડોસીઅસના કડક કાયદાઓના અમલથી જંગલી મૂર્તિપૂજકોનો ધર્મ છિન્ન ભિન્ન થઈ ગયો. થીઓડોસીઅસના સમય પછી બીજી એક સદી સુધી એ ધર્મ એક યા બીજે સ્થળે અને ખાસ કરીને રોમ અને એથેન્સમાં ટગુમગુ દશામાં ટકી રહ્યો. તેનું મહત્ત્વ નહિ જેવું હતું. ખ્રિસ્તીઓ મૃતપ્રાયઃ દશામાં પ્રવર્તતી પ્રાચીન સંસ્કૃતિને નિર્મૂળ કરવાને બદલે પરસ્પર સ્પર્ધા કરવામાં રોકાયા હતા. આમ ન હોત તો ઉપર્યુક્ત ધર્મવિશેષ સત્વર ભસ્મશેષ થયો હોત. પણ આવા આકસ્મિક સંજોગોની સહાય તેનું અસ્તિત્વ અખંડિત ટકાવી રાખવા સમર્થ ન હતી. ખ્રિસ્તીધર્મ મોક્ષનો માર્ગ છે એવા એવા વિચિત્ર વિચારો ધરાવનારા ખ્રિસ્તીઓએ પોતાનો ધર્મ અન્ય પાસે કબૂલાવવા માટે સાધ-

નની કશી મણા રાખી નહિ. પાખંડીઓને મોતની શિક્ષા ફરમાવવાનું પણ તેમણે યોગ્ય લેખ્યું. ચોથી સદીમાં પ્રિસ્તીઅન નામના એક પાખંડીને ફાંસી દેવામાં આવી હતી. એ સમયથી માંડીને પાખંડમતધારીઓને દેહાંત શિક્ષા કરવાની પ્રથા શરુ થઈ.

આ યુગના એક અખ્રિસ્તી લેખકને ભિન્ન ભિન્ન ખ્રિસ્તીપંથોના અનુયાયીઓને પરસ્પર સહાનુભૂતિ દર્શાવવાનો સદુપદેશ આપતો જોઈ આપણને આનંદ થાય છે. શહેનશાહ વેલેન્સને કરેલા એક સંબોધનમાં થેમીસ્ટીઅસે તેને વિનંતિ કરેલી કે 'શહેનશાહ! તમારાથી ભિન્ન મત ધરાવનારા ખ્રિસ્તીઓ વિરુદ્ધ કાઢેલાં અનુશાસનો રદ કરો, એજ સંબોધનમાં એણે સહિષ્ણુતાના સિદ્ધાંતનું પૂર્ણ વિવેચન કરેલું. આપણે એવો સદાસ્મરણીય શબ્દો વાંચીએ.

"વ્યક્તિઓની ધાર્મિક માન્યતાઓ એક એવું ક્ષેત્ર છે કે જ્યાં સરકારની સત્તાની ધારી અસર થઈ શકે નહિ. **બળાત્કારને વશ થઇ મનુષ્ય કદાચ વિધર્મી સરકારની સત્તાને નમતું આપે તો પણ હૃદયપલટો અસંભવિત છે.** જુલમને પરિણામે સત્યધર્મને સ્થાને દાંભિક ધર્મપાલન શરુ થાય છે. દરેક ધર્મપંથને તેની ઇચ્છાનુસાર વર્તવા દેવો જોઈએ. પ્રજા માત્રના સામાન્ય હિત પ્રતિ લક્ષ રાખીને, રાજ્ય વહીવટ કરાવનાર સરકાર-પ્રાચીનમતાવલંબીઓ અને પાખંડીઓ પ્રત્યે એ હિતની વૃદ્ધિ થાય એવું રાજતંત્ર ચલાવવું જોઈએ. ઇશ્વર જાતે એમ સ્પષ્ટ દર્શાવે છે કેઃ—

પૂજાનાં વિવિધ વિધાન હોય એવી મ્હારી ઇચ્છા છે.

ઇશ્વરને પહોંચવાના મનુષ્ય પાસે અનેક માર્ગો છે.

ધર્મ વિષયમાં કોઈ પણ ધર્મગુરુ સંત ઓગસ્ટાઇન કરતાં વધારે વજનદાર લેખાયો નથી. સર્વશ્રેષ્ઠ પ્રમાણરૂપ આ સંત ઓગસ્ટાઈને ઇસુએ એક વાર્તામાં 'તેમને અંદર આવવાની ફરજ પાડો' (બળાત્કારે વિધર્મીઓ પાસે ત્હમારો એક માત્ર સાચો ધર્મ કબૂલાવો) એવા જે શબ્દો વાપર્યો છે તે શબ્દોના આધારે ભાવિ

પ્રજાના અનુસરણાર્થે ધર્મને નામે જુલમ ગુજારવાની નીતિ પ્રતિપાદિત કરી હતી. ૧૨ મા શતકના અંત પર્યંત સંપ્રદાયે પાખંડમત ભૂંસી નાખવા માટે આકરા યત્નો આદર્યાં હતા. ધર્મને નામે જુલમ ગુજારવામાં આવ્યો; પરંતુ દમનનીતિ વ્યવસ્થિત ન હતી. ધર્મરક્ષા અને ધર્મોન્નતિના કેવળ પરમાર્થિક દૃષ્ટિબિંદુથી તેઓએ તે શરુ કર્યો ન હતો. પાખંડમત ઉન્મૂળ કરવાના પ્રયાસમાં તેઓ પોતાના ઐહિક લાભો રક્ષવાના હેતુથી પ્રેરાયા હતા. અને કોઈ અસત્ય સિદ્ધાંતના પ્રચારથી દેવળની આવક ઘટવાનો કે સમાજને હાનિ પહોંચવાનો ભય લાગતો ત્યારે જ ગુરુઓ તીવ્ર પગલાં ભરતાં એ બાબત સપ્રમાણ છે. ૧૨ મા શતકના અંતે ત્રીજો ઇનોસન્ટ પોપ થયો અને એના અમલ દરમ્યાન પશ્ચિમ યૂરોપના ખ્રિસ્તીપંથી ચર્ચો-સંપ્રદાયો સત્તાની પરાકાષ્ઠાએ પહોંચ્યા. ખ્રિસ્તી મુલકમાંથી પાખંડીઓનો પગ કાઢવાનો માર્ગ એ ઇનોસન્ટ અને એના અનુગામી ધર્મગુરુઓએ યોજેલો; અને આ યોજનાને નિર્દયપણે અમલમાં મૂકવા માટે પણ એજ લોકો જવાબદાર છે. ફ્રાન્સના લેંગ્વેડોક ગામમાં એલબીજેઓઇસ (Albigeois) નામના પાખંડી લોકની મોટી વસ્તી હતી. આ લોકોના વિચારો ખાસ કરીને ખ્રિસ્તીધર્મ પ્રત્યે અપ્રીતિ ફેલાવે એવા ગણાતા. એલ્બીજેઓઇસ ટુલુઝના અમીરના ઉદ્યમી અને આબરુદાર પ્રજાજનો હતા. પણ એ પાદરીવિરોધી ( Anti-clerial ) લોક પાસેથી ધર્મગુરુઓને જુજ જેવી રકમ મળતી; એટલે ઇનોસન્ટે ટુલુઝના અમીરને તેના રાજ્યની હદમાંથી એ પાખંડીઓને દૂર કરવાની આજ્ઞા ફરમાવી. પણ અમીરે પોપાજ્ઞાને તરછોડી. તેથી પોપે એલ્બીજેઓઇસ સામે ધર્મયુદ્ધ જાહેર કર્યું અને એ યુદ્ધમાં જે કોઇ ભાગ લે તેને સર્વ પાપમાંથી મુક્તિ આપવાનું અને તદુપરાંત ધર્મ યુદ્ધમાં ઝૂઝનારા યોદ્ધાઓને સામાન્ય રીતે જે કાંઇ બદલો આપવામાં આવતો તે પણ આપવાનું તેણે વચન આપ્યું. પરિણામે, ઘોર ખૂનખાર યુદ્ધની

ખ્રાસ્સી પરંપરા ચાલી. સાઇમન ડી મૉન્ટફોર્ડ નામના અંગ્રેજે તેમાં ભાગ લીધો. આ ધર્મયુદ્ધમાં સેંકડો અને હજારો સ્ત્રી પુરુષ અને બાળકોને બાળી મૂકવામાં અને ફાંસીએ ચઢાવવામાં આવ્યાં. ટુલુઝની પ્રજાનો વિરોધ આમ દાબી દેવામાં આવ્યો પણ પાખંડમત નાબુદ કરી શકાયો નહિ. આખરે ૧૨૯૯ માં ટુલુઝના અમીરની અપમાનકારક હાર થઇ અને લડાઇ બંધ થઇ.

આ બનાવની મુખ્ય અસર એ થઇ કે ત્યાર પછી ધર્મગુરુઓએ યૂરોપના જાહેર કાયદાઓમાં એક એવું નવું તત્ત્વ ઉમેર્યું કે કોઇ પણ સમ્રાટ્ પોતાના મુલકમાંથી અવિહિત ધર્મસંપ્રદાયોને ઉન્મૂળ કરવાની જવાબદારી આપે તો જ તે ગાદી ભોગવી શકે. આ ફેરફાર થયા પછી જો પોતાની આજ્ઞા થવા છતાં કોઇ નરેશ પાખંડીઓ પર સિતમ વર્ષાવવાની આનાકાની કરે તો તેના પર સખ્તી થતી. તેના મુલકો પરનો તેનો હક્ક ઝુંટવી લેવામાં આવતો અને તેના પ્રદેશોમાં નિર્દય લૂંટ ચલાવવા માટે ધર્મગુરુઓ ગમે તે માણસને લલચાવતા. આમ પોપોએ ધર્મપાટસ્થસત્તા સ્થાપિત કરી હતી અને એ રાજપ્રણાલિકામાં પાખંડીઓ પર જુલમ વર્ષાવીને ધર્મની વિશુદ્ધતા જાળવી રાખવાની મહાન્ ફરજના મુકાબલામાં અન્ય સર્વ ધર્મો અને લાભો ગૌણ લેખવામાં આવતા.

પણ પાખંડમતનું નિકંદન કરવા માટે તેનાં ગુપ્તમાં ગુપ્ત આશ્રય સ્થાનો શોધી કાઢવાની જરુર હતી. એલ્બીજેઓસીસને કચરી નાખવામાં આવ્યા હતા, પરંતુ તેમના સિદ્ધાંતની ઝેરી અસર ચાલુજ હતી. કોઈ આકરી દમનનીતિ, કોઈ અવિરત કાર્યક્રમ અમલમાં મૂકાય તો જ ખ્રિસ્તી ધર્મગુરુઓનાં ધાર્યા ધ્યેય હાંસલ થવાનો સંભવ હતો. આથી આશરે ઇ. સ. ૧૨૩૩માં નવમા ગ્રેગરી નામના પોપે પાખંડીઓને વીણી વીણીને શોધી કાઢવા માટે ઇન્કવીઝીશન ( રોમન કેથોલિક ધર્મથી ઉલટું મત ધરાવનાર માણસોની તપાસ કરી તેમને શિક્ષા કરનારી સભા ) ને નામે ઇતિહાસ મશહુર થયેલી વ્યવસ્થિત

પરિપાટી યોજી કાઢી અને ચોથા ઇનોસન્ટે ૧૨૫૨માં એક ધર્મપત્રિકા (Bull) કાઢી એ સભાની સત્તાને પૂર્ણતાએ પહોંચાડી. આ ધર્મ-પત્રિકા અનુસાર જુલમના પ્રયોગપ્રબંધો પ્રત્યેક શહેર અને રાજ્યનાં સમાજશરીરનાં મુખ્ય અંગો લેખાયાં. ધર્મ વિષયમાં મનુષ્યનું વિચાર સ્વાતંત્ર્ય દાબી દેવા માટેનું આ અતિ બળવાન યંત્ર (Inquisition) ઇતિહાસમાં અદ્વિતીય છે.

ચર્ચે ઉપાડેલા કામને પાર ઉતારવા માટે ધર્મોપદેશકો અસમર્થ હતા, એથી ખ્રિસ્તીધર્મની સત્તા નીચેના એકે એક જીલ્લામાંથી યોગ્ય સાધુઓની પસંદગી કરી, પાખંડીઓને વીણી વીણીને શોધી કાઢવા માટે પોપ તરફથી તેમને અખત્યાર આપવામાં આવ્યો. આ તપાસ કરનારાઓની સત્તા અમર્યાદિત હતી. નહિ તેમની કશી જવાબદારી કે નહિ તેમના કાર્યનું કોઇ નિરીક્ષક. પાખંડીઓને દમવાની રોમન કેથલિક ધર્મગુરુઓએ આમ અતિ કડક નીતિ યોજી. પરંતુ એ ગુરુઓના અનેક પ્રયત્નો છતાં લૌકિક રાજકર્ત્તાઓની વણમાગી મદદ વગર સભા સુસ્થાપિત થાત નહિ. સમકાલીન લૌકિક રાજકર્ત્તાઓએ તદ્દન સ્વતંત્ર રીતે પાખંડમત અટકાવનારાં નિર્દય ધારાધોરણો રચ્યાં હતાં. કોઇપણ શાસ્ત્રને ઇશ્વરોક્ત નહિ માનનાર—નવીન વિચારક બીજા ફ્રેડ-રિકે પણ જર્મની અને ઇટલિમાંના પોતાના વિસ્તારવાળા રાજ્ય માટે એવા કાયદા ઘડયા હતા કે પાખંડી માત્રને રાજ્યની હદ બહાર કાઢી મૂકવા; એમનામાંના જેઓ પોતાના સિદ્ધાંતોનો ઇન્કાર ન કરે તેમને અગ્નિમાં હોમી દેવા અને જેઓ ઇન્કાર કરે તેમને માત્ર કેદમાં પૂરવા. પણ જેઓ વળી પાછા પોતાના જૂના સિદ્ધાંતો પ્રમાણે વર્તે તેમને ફાંસીએ લટકાવવા, તેમની માલમિલ્કત જપ્ત કરવી, તેમનાં ઘરો નષ્ટ કરવા તથા તેમનાં બાળકો જો પોતાના બાપ કે કોઇ બીજા પાખંડીને ઉઘાડા ન પાડે તો તેમને બે પેઢી સુધી સારી આવક-વાળી પદવીઓ માટે નાલાયક ગણવાં.

ફ્રેડરિકના રાજકાનુનો ઘડાયા ત્યારથી પાખંડીઓને દંડવા

માટે શૂલી યોગ્ય શસ્ત્ર ગણાયું. આ અતિ નિર્દય પ્રકારની મોતની શિક્ષા સૌથી પહેલાં સને ૧૦૧૭માં એક ફ્રેન્ચ શહેનશાહે પાખંડીઓને કરી કહેવાય છે. આપણે યાદ રાખવું જોઈએ કે મધ્યયુગમાં અને ત્યારપછી પણ ઘણાં વર્ષો સુધી દરેક પ્રકારના ગુન્હા માટે અત્યંત નિદય સજા ફરમાવવામાં આવતી. ઉદાહરણ તરીકે ઈંગ્લેંડમાં આઠમા હેન્રીના રાજ્યકાળમાં ઝેર દેનારાઓને મરતાં સુધી ધીકધીકતા પાણીમાં ઉકાળ્યાની વાત છે. પાખંડ અતિદુષ્ટ ગુન્હો લેખાતો હોવાથી તેને નાબુદ કરવાનું કામ નરકના દારુણદળને જીતવા બરોબર-નરકનાં દ્વાર સદા માટે બંધ કરવા સમાન-ગણાતું. આથી પાખંડીઓ વિરુદ્ધ જે જે ધારાધોરણો થયાં તેને જાહેર પ્રજાનો મજબુત ટેકો હતો.

ઈન્ક્વીઝીશનની પૂરી સત્તા જામી ત્યારે પશ્ચિમ તરફની ખ્રિસ્તી આલમમાં તેની જાળ એટલી પથરાઈ કે કોઈ પણ પાખંડી ભાગ્યેજ તેમાંથી ઉગરી શકતો. જુદા જુદા પ્રદેશોમાં તપાસ કરનારાઓ પરસ્પર સહચારથી વર્તતા અને એકમેકને સવિસ્તર ખબર પૂરી પાડતા. ઈંગ્લેંડેતર યુરોપીય પ્રદેશો-Continental Europe-માં પરસ્પર સંબંધ ધરાવતી અનેક અદાલતો ઉભી થઈ હતી. માત્ર ઈંગ્લેંડ બ્હાર રહ્યું હતું; પરંતુ ત્યાં પણ ચોથા અને પાંચમા હેન્રીના સમયથી એક ખાસ કાનુનદ્વારા પાખંડીઓને શૂલીએ ચઢાવી પાખંડમત અટકાવવામાં આવતો હતો. (આ કાયદો ઘડાયો-૧૪૦૦ માં, રદ થયો ૧૫૩૩ માં. મેરીના સમયથી ફરી અમલમાં મૂકાયો હતો-છેવટે ૧૬૭૬ માં સદંતર રદ થયો.)

ઇન્ક્વીઝીશનને નામે મશહુર થયેલી ધર્મસભા મતૈક્ય સ્થાપવાના કાર્યમાં સ્પેઈનમાં સૌથી વિશેષ સફળ નિવડી. ૧૯મા શતક સુધી હયાતી ભોગવતી સ્પેઇનમાંની સભાએ ઘણાં કાર્યો સાધ્યાં; તેમાં, પોતાના જૂના ઇસ્લામી રીતરિવાજો અને ધર્મવિચારોને વફાદારીથી વળગી રહેલા ભ્રષ્ટ મૂરલોકોને સ્પેઇનમાંથી હાંકી કાઢવાનું

કામ પણ તેણે પાર પાડયું. પણ એ સભાએ સ્પેઈનની કેવળ આટલીજ સેવા કરી નહતી. કહેવાય છે કે એજ સભાએ અનેક પ્રયાસો કરી સ્પેઈનમાંથી યહુદીધર્મને નિર્મૂળ કર્યો તથા દેશને પ્રોટેસ્ટંટ ધર્મોપદેશકોના આવેશભર્યા આખ્યાનોની ઝેરી અસરમાંથી ઉગારી લીધો. પરંતુ સ્પેઇનને પ્રોટેસ્ટંટ મતની અસરમાંથી અણિશુદ્ધ ઉગારી લેવાનું માન સ્પેઇનની તપાસકારિણી સભા (Inquisition)ને ઘટે છે એ કથન સાબીત કરવું અશકય છે; કારણ કે પ્રોટેસ્ટંટ મતપ્રચારનાં બીજ સ્પેઈનમાં રોપાયાં હોત તોપણ એ પ્રતિકૂળ પ્રદેશમાં તે બીજો ફળત નહિ. આ જોતાં સ્પેઇનમાંથી પ્રોટેસ્ટંટ મત દૂર કરવાનું માન તપાસકારિણી સભાને અર્પવું અયોગ્ય મનાશે. છતાં એ સભાની સફળતા માટે શંકા લાવી શકાય એમ નથી. સ્પેઈનમાંની સભાના પ્રયાસોથી વિચારસ્વાતંત્ર્યને છેક દાબી દેવામાં આવ્યું હતું એ વાત નિર્વિવાદ છે.

પાખંડીએ એને વીણીચૂંટી કાઢવા માટે તપાસકારિણી સભાએ અનેક સાધનો યોજ્યાં, એમાં Edict of Faith ધર્માનુશાસન એ સૌથી વધારે અસરકારક સાધન હતું. આ આજ્ઞાપત્ર અનુસાર તપાસકારિણી સભાની સેવા કરવા માટે લોકોનાં નામ નોંધવામાં આવતાં અને પાખંડીઓ સંબંધી ખબર પૂરી પાડવાની માણસો પાસે માગણી કરવામાં આવતી. વધારામાં વખતોવખત અમુક અમુક જીલ્લાની મુલાકાત લેવામાં આવતી અને જે લોકોને પાખંડી વિષે કશી માહિતી હોવાની શંકા લાગતી તેવાઓને તુરત સભા એક ફરમાનદ્વારા આજ્ઞા આપતી કે ત્હમારે સભા સમક્ષ જાતે હાજર થઇ, ત્હમને મળેલી બધી બાતમી જાહેર કરી જવી, નહિતો તમને શિક્ષાઓ ફરમાવવામાં આવશે અને લૌકિક અને પારમાર્થિક લાભોથી ત્હમને વંચિત રાખવામાં આવશે. વસ્તુસ્થિતિ આવી ઉભી થઇ હોવાથી,

નોંધઃ—મૂરલોકો [ ધર્મે મુસ્લિમ, લોહીએ (૧) અરબ (૨) આફ્રિકન (૩) સ્પેનિશ (૪) મિશ્ર ]

કોઇપણ મનુષ્ય તેના પાડોશીઓના કે કુટુમ્બીઓના પણ વ્હેમમાંથી મુક્ત રહી શકતો નહિ. આખી પ્રજાને વશ કરવા, તેની બુદ્ધિને કુંઠિત કરી નાખવા અને તેની પાસે અંધપણે ધારી આજ્ઞાઓ પળાવવા માટે તપાસકારિણી સભાની સ્થાપના કરતાં વધુ વિચક્ષણ યુક્તિ કોઈએ શોધી કાઢી નથી. જો કોઇપણ સંસ્થામાં ગમે તે મનુષ્ય પર પાખંડી હોવાનો દોષારોપ કરવો એને ઉચ્ચ ધાર્મિક ફરજ તરીકે ગણવામાં આવ્યું હોય તો તે આ સભાની યોજનામાં શક્ય થયું હતું. એ પરિપાટીમાં જ એવી અનિષ્ટ કૃતિને ધાર્મિક ફરજનું મહત્ત્વ અપાતું હતું.

સ્પેઇનમાં પાખંડીઓની તપાસ ચલાવતી વખતે સત્યનો નિર્ણય કરવા માટે ન્યાયી, સયુક્તિક સાધનોને નાપસંદ કરવામાં આવ્યાં હતાં. વગર પુરાવે કેદીને ગુન્હેગારજ કલ્પવામાં આવતો અને પોતાની નિર્દોષતા પુરવાર કરવાનો ભાર એને શિર રહેતો. એની તપાસ ચલાવનાર ન્યાયાધીશ જ ખરું જોતાં એના પર ફરિયાદ મંડાવનાર હતો. ગમે તેટલા અપ્રતિષ્ઠિત પુરુષો એની વિરુદ્ધ સાક્ષી તરીકે જેટલા આવે તેટલા કબૂલ રાખવામાં આવતા. ફરીઆદપક્ષ તરફના સાક્ષીઓ સ્વીકારવા માટેના કાયદા બહુ ઢીલા હતા. બચાવપક્ષના સાક્ષીઓ નાપસંદ કરવા માટેના કાયદાઓ કડક, અનુલ્લંઘનીય હતા. યહુદીઓ, મૂરલોકો અને નોકરો કેદી વિરુદ્ધ સાક્ષી આપવા છુટા હતા, પરંતુ તેની તરફેણમાં પુરાવો આપવાની તેમને મનાઇ હતી. કેદીના દૂરના સગાસંબંધીઓને પણ આ જ નિયમ લાગુ પાડવામાં આવતો. **સભા ન્યાય આપતી વેળા એવા સિદ્ધાંત પાળતી કે એક દોષિત પુરુષ છુટી જાય તેના કરતાં સો નિર્દોષ મનુષ્યો કષ્ટ ભોગવે એ વધારે સારું છે.** સભાએ પાથરેલી જાળમાં જે કોઈ શિકાર ફસાવતું, એણે પ્રકટાવેલી ચિતામાં જે કોઈ ઇન્ધન ઉમેરી આપતું, તેને પોપની કૃપારૂપી બક્ષિસ આપવામાં આવતી. આવાં નિર્દય પગલાં ભરનારી સભાનો દંભ પણ જરા જોવા જેવો હતો. સભા તરફના ન્યાયાધીશો

જાતે ફાંસીની સજા ફરમાવતા નહતા; કારણ કે **अहिंसा परमोधर्मः ।** ખ્રિસ્તી ધર્મગુરુઓએ તો હિંસાથી હજાર ગાઉ વેગળા રહેવું જોઇએ. ધર્માસનસ્થ ન્યાયાધીશો એટલુંજ જાહેર કરતા કે કેદી પાખંડી છે—એ સુધરે કે શુદ્ધ થાય એવી કશી આશા ભાસતી નથી. આટલા ટૂંકા વિચારો દર્શાવી, ન્યાયાધીશો રાજકર્તાઓને કેદીઓ સ્વાધીન કરી દેતા. પણ તેમનો દંભ આટલેથીજ અટકતો નહતો.. ધર્માધ્યક્ષો ગંભીરતાપૂર્વક ફોજદારી ન્યાયાધીશોને આજ્ઞા કરતા કે કેદીઓ પ્રત્યે દયા—કૃપા—દર્શાવવી. કિંતુ કેદીઓ પ્રતિ દયા દર્શાવવાની આ કેવળ બાહ્યાચારયુક્ત માગણી રાજકર્તાઓ વધાવી શકતા નહિ. તેમનો તો કેદીઓને મોતની શિક્ષા ફરમાવ્યેજ છુટકો હતો. એથી અન્યથા વર્તે તો રાજ્યવહીવટ કરનાર સરકાર પાખંડમતને ટેકો આપે છે એવું વ્હેમી અનુમાન સત્વર બાંધવામાં આવતું અને પરિણામે એ સરકારોની પણ પાખંડીઓ જેવી જ વલે થતી. તપાસકારિણી સભા તરફથી સોંપવામાં આવેલા કેદીઓને કોઇ રાજકુંવર કે અમલદાર યોગ્ય શિક્ષા ન ફરમાવે તો તેને ખ્રિસ્તી ધર્મમંડળમાંથી બાતલ કરવાની કૅનન લૉ (રોમન કેથલિક સ્મૃતિ)માં સ્પષ્ટ આજ્ઞા હતી. આવી ધર્માજ્ઞાઓ અને આવા કાયદાઓ હોવાથી પાખંડીઓને ખૂબ દમવામાં આવતા; નિરાધાર વૃદ્ધ પુરુષો, નિઃસહાય અબળાઓ અને નિર્વિવેકી, નિર્દોષ બાળકોને શૂલી પર ચઢાવવામાં આવતાં. આમ છતાં રોમન કેથલિક ધર્મથી ઉલટું મત ધરાવનાર માણસોની તપાસ કરી તેમને શિક્ષા કરનારી ઇન્ક્વીઝીશન નામની સભાની ક્રૂરતા વિષે આપણે આવેશમાં ને આવેશમાં અયોગ્ય મત બાંધવું ન જોઇએ. આપણે એટલું ધ્યાનમાં રાખવું જોઇએ કે પ્રજાજનોએ ફાંસીને લાકડે ચઢેલા લોકોની સંખ્યા વિષે અતિશયોક્તિ ભરેલી કલ્પના ચલાવી છે, છતાં એ સભાની કાર્યપ્રથાથી, તથા લગભગ મોત જેવી નિર્દય સજાઓથી લોકને જે જે યાતનાઓ ભોગવવી પડેલી તેનું વર્ણન યથાર્થ છે.

રોમન કેથલિક ધર્મગુરુઓએ તપાસકારિણી સભાએ વીણી કાઢેલા પાખંડીઓને દમવા માટે જે ન્યાયરીતિ અમલમાં મૂકી તેનાથી ઇંગ્લેંડેતર યુરોપીય પ્રદેશોના ફોજદારી કાયદાશાસ્ત્ર પર ઘણી માઠી અસર થઇ. લી નામનો ઇતિહાસકાર કહે છે કે તપાસકારિણી સભાની સ્થાપનાથી થયેલાં અનિષ્ટોમાંનું સૌથી ગંભીર એ હતું કે ઠેઠ ૧૮મી સદીના અંત સુધી યુરોપના ઘણાખરા દેશોમાં પાખંડમત નિર્મૂળ કરવા માટે એ સભાએ જે પદ્ધતિ સ્વીકારી હતી તે ગમે તે પ્રકારના આરોપીની તપાસ ચલાવવા માટે આદર્શ મનાવા લાગી. એ જ પદ્ધતિસર દરેક ગુન્હાની તપાસ કરવાનો ધારો પડી ગયો.

આ સભાના સભ્યોને ઉદ્દેશી ગીબન કહે છે કે તેઓ ભેવકુફી ભરેલી, ક્ષુલ્લક વાતોનું નિર્દય આચરણથી રક્ષણ કરતા હતા. આ સભાસદોને ઘણીવાર અતિ ક્રૂર, રાક્ષસી પ્રકૃતિના લેખવામાં આવ્યા છે છતાં એમની અને એમની ઇચ્છાનુસાર વર્તનારા રાજકર્તાઓની તરફેણમાં એટલું કહી શકાય ખરૂં કે આદિકાળમાં દેવતાઓને મનુષ્યના ભોગો આપનારા ધર્મગુરુઓ અને શહેનશાહો કરતાં તેઓ જરા પણ દુષ્ટતર ન હતા. પવન પોતાને અનુકૂળ થાય એવી ઇચ્છાથી દેવોને પ્રસન્ન કરવા માટે પોતાની પુત્રી ઇફીજીનીઆની આહૂતિ આપનાર ગ્રીક રાજા એગેમેમ્નન અત્યંત પ્રેમી પિતા હશે; અને એવી આહૂતિ આપવાની તેને સલાહ આપનાર ધર્મગુરુ પણ ઘણો પવિત્ર અને પ્રમાણિક પુરુષ હશે. પણ એમનાં કૃત્યો કેવાં જાલીમ છે! એગેમેમ્નન અને તેના ગુરુની માફક જ મધ્યયુગમાં અને ત્યાર પછી ઘણાં વર્ષો સુધી દયાળુ પ્રકૃતિના અને નીતિનિયમના પાલન માટે વિશુદ્ધ પ્રેમ ધરાવનારા માણસો પણ પાખંડીઓની ગંધ આવતાં જ પોતાનો મૂળ સ્વભાવ ભૂલી, દયાહીન થતા. તેમની માન્યતાઓ જ તેમને જાલીમ કૃત્યો કરવા પ્રેરતી. એગેમેમ્નન અને તેના ગુરુને આપણે ક્રૂર લેખ્યા નથી તો પછી તપાસકારિણી સભાના સભ્યોને આપણે જુલમગાર કેમ લેખીએ? દોષ માન્યતાનો હતો, માન્યતા ધરાવનારનો

નહિ. ખ્રિસ્તીઓના નિરાસક મોક્ષના સિદ્ધાંતમાંથી જ પાખંડમત પ્રત્યે ક્રૂર તિરસ્કાર જન્મેલો. એ તિરસ્કાર એક જાતના ચેપી જંતુ જેવો હતો. પરિણામે સભ્યોમાં પાખંડીઓની ઉંડી સૂઝ પેદા થઈ અને એમની માન્યતાઓએ એમને અતિક્રૂર કર્મો કરવા પ્રેર્યા.

આ સિદ્ધાંત વિષે એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે એને લીધે મનુષ્યનો સત્ય માટેનો આગ્રહ ઓછો થઈ ગયો. ખ્રિસ્તી ધર્મ પ્રમાણે ન વર્તવાથી મનુષ્યનું શાશ્વત ભાવિ જોખમમાં આવી પડે એમ હોવાથી કોઈ પણ પ્રકારે,–પછી કપટ કે જુઠાણું પણ ચાલે– એ ખ્રિસ્તીમત સર્વ પાસે કબૂલાવવો એ અનિવાર્ય અને વાજબી કર્ત્તવ્ય મનાતું. નીતિમાં વૃદ્ધિ કરે એવી કલ્પિત વાતો અને ચમત્કારોની કથાઓ તદ્દન નવી જ કલ્પી કાઢતાં કોઈ અચકાતું ન હતું. આમ એ સિદ્ધાંતના પરિણામે મનુષ્યની સત્યબુદ્ધિનો લોપ થયો હતો. સત્તરમી સદીના સમારંભ સુધી નિઃસ્વાર્થી સત્યપ્રેમનો સદંતર અભાવ હતો. સત્યનો કેવળ સત્ય માટે જ પ્રેમ એ સદી પહેલાં લોકહૃદયમાં પ્રકટે એવી આશા પણ ન હતી.

આમ ખ્રિસ્તીધર્મનો નિરાસક મોક્ષનો સિદ્ધાંત અને તેની સાથે સંબંધ ધરાવતા પાપ, નરક અને અંતિમ ન્યાય વગેરેના સિદ્ધાંતથી આવાં ગંભીર પરિણામો આવ્યાં, તો ખ્રિસ્તીધર્મના બીજા સિદ્ધાંતો અને તેમના આનુષંગિક સિદ્ધાંતોનું પરિણામ એ આવ્યું કે તેમને લીધે મધ્યયુગમાં જ્ઞાનની પ્રગતિના માર્ગમાં એક મજબુત દિવાલ ઉભી થઈ. વિજ્ઞાનશાસ્ત્રની વૃદ્ધિનાં દ્વાર બંધ થયાં તથા ઠેઠ ઓગણીસમી સદીના મધ્યકાળ સુધી વિજ્ઞાનની પ્રગતિમાં અનેક અંતરાયો ઉભા થયા કર્યા. વૈજ્ઞાનિક શોધનાં પ્રત્યેક અગત્યના ક્ષેત્રમાં ખોટા વિચારોનો ખૂબ ફેલાવો થયો હતો અને રોમન કેથલિક ધર્મગુરુઓ બાઇબલનું અચૂક પ્રમાણ આપી એ વિચારોને સાચા જાહેર કરતા. બાઇબલમાંનું બધુંજ સાચું, બાઇબલ બ્હારનું અને વિરુદ્ધનું સર્વ કાંઈ જુઠું અને તેથીજ દંડપાત્ર, એવી શ્રદ્ધાજન્ય માન્યતા મધ્ય-

યુગમાં સુપ્રચલિત હતી. ઘણાં શાસ્ત્રોની સ્વતંત્ર શોધ કરવાની મના હતી. મનુષ્યોનાં પાપો માટે ઇસુએ કષ્ટો સહ્યાં અને પરિણામે મનુષ્યો પાપમુક્ત થયા એવા ખ્રિસ્તીઓના પાપમુક્તિના સિદ્ધાંત અને તેની સાથે અવિચ્છિન્ન રીતે સંકળાયલી વિશ્વોત્પત્તિ અને બાવા આદમના પતનની યહુદી કથા—એ એને આધારે ભૂસ્તરવિદ્યા, પ્રાણીવિદ્યા અને મનુષ્યશાસ્ત્રને આંગળી અડકાડવાની મના હતી. ત્રણેનું સ્વતંત્ર સત્યાન્વેષણ કરવાનો પ્રતિબંધ હતો. બાઇબલના લખાણનો અક્ષરસઃ અર્થ કરતાં સૂર્ય પૃથ્વીની આજૂબાજૂ ફરે છે એવું સત્ય તેમાં દષ્ટિગોચર થાય છે; પણ એ સત્ય વિજ્ઞાનની દષ્ટિએ અપ્રતિપાદ્ય હોય તો યે તેને માન્યે જ છુટકો. (Antipodes) પાતાળ વિષેના સિદ્ધાંતને રોમન ધર્મગુરુઓ જુઠો માનતા, તરછોડી કાઢતા. (કારણ બાઇબલનો એ સિદ્ધાંતને ટેકો નથી.) બાઇબલ બ્હારનો કે વિરુદ્ધનો વિચાર દર્શાવે તેના ભોગજ લાગતા. સોળમા શતકમાં જેને અગ્નિમાં હોમવામાં આવ્યો હતો તે સર્વેટસ પર એક એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે બાઇબલમાં જેને રસકસથી ઉભરાતી ભૂમિ તરીકે વર્ણવી છે તે જુડીઆ (Judea)ની ભૂમિ તદ્દન વેરાન છે એવા એક ગ્રીક ભૂગોળવેત્તાના કથનને તે (સર્વેટસ) વિશ્વાસપૂર્વક માનતો. હિપોક્રેટિસ Hippocrates નામના ગ્રીક વૈદ્યે અનુભવ અને પદ્ધતિસર શોધ એ એના પાયાપર વૈદ્યવિદ્યાનાં અધ્યયન અને રોગચિકિત્સા યોજ્યાં હતાં. પણ અનુભવ અને પદ્ધતિસર શોધ મધ્યયુગને ક્યાંથી પાલવે? મધ્યયુગનાં મનુષ્યો પાછા અસંસ્કારી યુગના પ્રાચીન વિચારો માનવા લાગ્યા હતા. શેતાનની દુર્જનતા કે ઇશ્વરી કોપ જેવાં ગૂઢ કારણોથી રોગાદિ શારીરિક પીડાઓનો ઉદ્ભવ મનાતો; સંત ઓગસ્ટાઇન કહેતા કે ખ્રિસ્તીઓમાં રોગો ફેલાયા એનું કારણ ભૂતપિશાચો અને તેમની મેલીવિદ્યા, તો લૂથર કહેતા એ રોગોનું મૂળ કારણ શેતાન, શેતાન ને શેતાન. જનસમાજમાં આવી આવી માન્યતાઓ પ્રચલિત થઇ હોવાથી, પ્રકૃતિબાહ્ય કાર-

ણોનાં કાર્યો દૂર કરવા માટે અલૌકિક ઉપાયો યોજાય એ સયુક્તિક જ હતું. એટલે ચમત્કારોનું ધતીંગ ઉભું થયું, કહો કે, ચમત્કારોનો વ્યાપાર શરુ થયો; અન્તે કેથલિક ચર્ચોની ત્રિજોરીઓ સારી આવકથી ઉભરાવા લાગી. વૈદ લોકો જાદુગરા અને અશ્રદ્ધાળુ નાસ્તિક છે એવો વારંવાર તેમના પર શક જતા. શરીર (છેદન) શાસ્ત્રની મના કરવામાં આવી હતી. મૃતશરીરના પુનરુત્થાન વિષેનો ખ્રિસ્તીઓનો સિદ્ધાંત કદાચ આ મના કરાવવામાં કારણભૂત હતો. ૧૮ મી સદીમાં ધર્મોપદેશકોએ શીતળા કઢાવવાના ધારાનો વિરોધ કર્યો હતો એ હકીકત શું પુરવાર કરે છે? એ જ કે મધ્યયુગમાં રોગનાં મૂળ કારણો વિષે મનુષ્યોના જે વિચારો હતા તે ૧૮ મી સદી સુધી વધતે ઓછે અંશે જીવંત જ હતા. રસાયણશાસ્ત્ર અનિષ્ટકારી લેખાતું અને ૧૩૧૭ માં ધર્મગુરુ પોપે તેને તિરસ્કારી કાઢયું હતું. પોતાને પ્રાચીન મતના અતિ ઉત્સાહી અનુયાયી તરીકે ઓળખનાર તથા શાસ્ત્રના પ્રાચીનમતને પ્રતિકૂળ વૈજ્ઞાનિક શોધ માટેની સહજબુદ્ધિથી વિભૂષિત થયેલા રોજર બેકનને ચિરકાળ પર્યંત કારાવાસમાં સડવું પડયું હતું એ બીના મધ્યકાલીન પ્રજાને વિજ્ઞાનની કેટલી સૂગ હતી તેના ઉદાહરણરૂપ છે.

આપણે ઉપર જોયું કે ધાર્મિક માન્યતાઓથી વિજ્ઞાન પ્રત્યે જનતામાં તિરસ્કાર ઉભો થયો હતો, પરંતુ આમ ન થયું હોત તો પણ પ્રાકૃતિકવિજ્ઞાન જ્ઞાન ભાગ્યેજ કશી પ્રગતિ કરી શકયું હોત એ વાત સંભવિત છે, કારણ ખ્રિસ્તીધર્મની સત્તા ઉંડી જામી ત્યાર પહેલાંના ૫૦૦ વર્ષમાં ગ્રીકોના વિજ્ઞાનશાસ્ત્રમાં નવી શોધોનો બીલકુલ ઉમેરો થયો ન હતો. ઇ. સ. પૂર્વે લગભગ ૨૦૦ ની સાલ પછી એક પણ અગત્યની શોધ થઇ ન હતી. આ ગતિસ્તમ્ભનું કારણ સમજાવવું સહેલું નથી છતાં એનું મૂળ ગ્રીક અને રોમન રાજ્યોની સામાજીક સ્થિતિમાં શોધ્યું શોધાય એમ છે, એટલું આપણે ખાતરીપૂર્વક કહી શકીએ. તદનુસાર, જનસમાજના મોટા ભાગ પર દઢ સત્તા જમાવી બેઠેલી ખ્રિસ્તીઓની ધાર્મિક માન્યતાઓનું વિઘ્ન વિજ્ઞાનના

માર્ગમાંથી દૂર થયું હોત તોપણ મધ્યકાળની સામાજીક દશા વિજ્ઞાન-પ્રેમ–વસ્તુના સત્યની તટસ્થ રીતે શોધ કરવાની વૃત્તિ–ને પ્રતિકૂળ નિવડી હોત એમ આપણે અનુમાન બાંધી શકીએ. તેમ ૧૩ મી સદીમાં દૃષ્ટિગોચર થતી નવી સામાજીક સ્થિતિ કંઈક પરિપક્વતાએ પહોંચતા સુધી ગમે તે સંજોગોમાં વિજ્ઞાનનો પુનર્જન્મ મુલતવી જ રહ્યો હોત એવી અટકળ પણ કરી શકીએ. આમ ધાર્મિક માન્યતાઓના વિઘ્નના અભાવે પણ સામાજીક દુર્દશાને લીધે વિજ્ઞાનની પ્રગતિ અટકી હોત. મધ્યયુગમાં વિજ્ઞાનની પ્રગતિ અટકાવવાનું એક અને અદ્વિતીય કારણ ધાર્મિક માન્યતાઓનો પ્રચાર એ જ હતું એવું પ્રતિપાદન કરવું વધારે પડતું લેખાશે. કિંતુ મધ્યયુગ પછી પણ જે ધાર્મિક પૂર્વગ્રહ અસ્તિત્વમાં હતો તેનાથી કદાચ મુખ્યત્વે જ્ઞાન પ્રચારના કાર્યને હાનિ પહોંચી હોય. બીજા શબ્દોમાં કહીએ તો, પ્રાચીન અને અર્વાચીન સંસ્કૃતિની વચમાંના અજ્ઞાનાંધકારમય યુગમાં ખ્રિસ્તી–ધર્મસિદ્ધાંતોથી વિજ્ઞાનની પ્રગતિમાં જે અડચણો પહોંચી તેના કરતાં તો એ સિદ્ધાંતોના અસ્તિત્વ છતાં વિજ્ઞાન જ્યારે પુનર્જીવન પામ્યું તથા ફરી પાછું કદી નિર્મૂળ ન થાય એવી સબળ દશાએ પહોંચ્યું તે સમયે એ સિદ્ધાંતોથી વિજ્ઞાનની પ્રગતિમાં જે અંતરાયો ઉભાં થયાં તે કદાચ વધારે હાનિકર્તા નિવડયાં.

ભૂતપિશાચ, જાદુ અને ડાકણવિદ્યા વિષેની માન્યતાઓ મધ્યયુગે પ્રાચીનકાળ પાસેથી વારસામાં મેળવી હતી. પરંતુ એ માન્યતાઓએ મધ્યયુગમાં વધુ ઉગ્ર અને ઘોર સ્વરૂપ ધારણ કર્યું હતું. પરિણામે અખિલ વિશ્વમાં ત્રાસ ત્રાસ વર્ત્તી રહ્યો હતો. દુનિયા ભયંકર બની હતી અને ચારે બાજૂથી ખાવા ધાતી હોય એવી ભાસતી હતી. "'અમારી ચોમેર ભૂતપિશાચો ઘૂમે છે'; 'તેઓ અમને ઈજા કરવાની તકો શોધ્યા કરે છે': 'રોગ, તોફાન, ગ્રહણ, દુષ્કાળ આદિ ઉપદ્રવો શેતાનની જ લીલા છે.'" એવું એવું તે સમયના લોકો પરમ શ્રદ્ધાપૂર્વક માનતા. પણ તેમની દૃઢ શ્રદ્ધા આટલેથી જ અટકી

નહિ. સાથે સાથે તેઓ એટલીજ શ્રદ્ધાથી એમ પણ માનતા કે એ બધા ઉપદ્રવો રૂપી શત્રુઓને પહોંચી વળવા માટે ધર્મગુરુઓ સમર્થ હતા—એ ઉપદ્રવોનો અંત આણવા માટે તેમની ક્રિયાઓ સબળ હતી. કેટલાક પ્રાચીન ખ્રિસ્તી શહેનશાહોએ જાદુવિરુદ્ધ ધારાધોરણો યોજ્યાં હતાં, છતાં ચૂડેલવિદ્યાને નિર્મૂળ કરવા માટે કોઈ વ્યવસ્થિત પ્રયાસ કરવામાં આવ્યો ન હતો. એ જ સદીમાં એક એવો ભયંકર બનાવ બન્યો કે મનુષ્યના હૃદયમાં ઘર કરી બેઠેલી ભૂતપિશાચ અને શેતાન વિષેની બીક વધુ દૃઢ બની. આ બનાવ તે આખા યુરોપને નિર્જન, વેરાન કરી નાખનાર **બ્લેક ડેથ** (Black Death) ને નામે પ્રસિદ્ધ થયેલી મહા મરકી, મંત્રતંત્ર, કૂડકામણના આરોપસર રોજ રોજ વધુને વધુ તપાસો ચાલવા માંડી અને ૩૦૦ વર્ષ સુધી ચૂડેલવિદ્યાની શોધ કરી, એ વિદ્યાના ઉપયોગ કરનારા—મુખ્યત્વે સ્ત્રીઓ—નો નાશ કરવો એ જ યુરોપીય સંસ્કૃતિનું દૃઢ અથવા સ્થાયી લક્ષણ થઇ પડયું. ચૂડેલવિદ્યાના અસ્તિત્વ વિષે બાઇબલ (ધર્મગ્રંથ)માં પ્રમાણ હતું અને એ વિદ્યાના પ્રચારને અટકાવવા માટે જુલમ ગુજારનારને ધર્મગ્રંથનો ટેકો હતો. ‘ ત્હારે ચૂડેલને જીવતી રહેવા ન દેવી ’ એવી સર્વશ્રેષ્ઠ અધિકારીની સ્પષ્ટ આજ્ઞા હતી. આઠમા ઇનોસન્ટ નામના પોપે આ વિષય પર ૧૪૮૪ માં એક ધાર્મિક ફરમાન કાઢયું હતું. તેમાં તેણે એવું પ્રતિપાદિત કરેલું કે મરકી અને તોફાનો એ બધાં ચૂડેલોનાં જ કારસ્તાન છે. તાજુબીની વાત એ છે કે સમર્થ બુદ્ધિશાળી પુરુષો પણ ચૂડેલ સ્ત્રીઓ પાસે શેતાની, પૈશાચી સત્તા છે એવું માનતા. મધ્યયુગનો જનસમાજ ખરેખર અત્યંત વ્હેમી અને અંધશ્રદ્ધાળુ હતો.

ચૂડેલો (ગણાતી સ્ત્રીઓ) પ્રત્યે જે નિર્દય વર્તણુક દાખવવામાં આવી હતી તેનાથી વધુ કરુણ, હૃદયદ્રાવક કથા બીજી કોઇ છે જ નહિ અને ઇંગ્લેંડ અને સ્કોટલેંડમાં જુલમની જે ઝડી વર્ષી તેની તોલે આવે એવો જુલમ બીજા કોઈ દેશમાં વર્ષાવવામાં આવ્યો ન હતો. હું આ હકીકતનો ઉલ્લેખ કરું છું તેનાં બે કારણો છે. એક

તો, આ બધો જુલમ ધાર્મિક સિદ્ધાંતોનું જ પરિણામ હતું, ધર્મને નામે જ ગુજારવામાં આવેલો એ દર્શાવવાનું; અને બીજું બુદ્ધિવાદના પ્રચારથી જ જુલમની એ પરંપરાનો અંત આવ્યો એ વાચકના હૃદય પર ઠસાવવાનું.

આમ, જેટલો વખત ખ્રિસ્તીધર્મની સત્તા સર્વોપરિ હતી તેટલો વખત મનુષ્યના હૃદયક્ષેત્રની ચારે બાજૂ ખ્રિસ્તીધર્મે કારાગૃહની જે દિવાલો ચણી હતી તે વચ્ચે બુદ્ધિ શૃંખલામાં જકડાઈ પડી હતી. અલબત્ત, આ સમયમાં બુદ્ધિ છેક નિષ્ક્રિય, પ્રવૃત્તિહીન થઈ ગઈ ન હતી, પરંતુ તેની પ્રવૃત્તિ પાખંડમતમાં રૂપાંતર પામી હતી. અથવા ઉપરનું કારાગૃહનું રૂપક કાયમ રાખીને કહીએ તો જે લોકો ખ્રિસ્તી-ધર્મ સિદ્ધાંતોની દૃઢ શૃંખલા તોડી શક્યા તેઓ ઘણે ભાગે એ કારા-ગૃહની દિવાલોને કૂદવાને અસમર્થ હતા. તેમનામાં અમુક માન્યતાઓ નવેસરથી બાંધવા પૂરતું જ સ્વાતંત્ર્ય આવ્યું હતું, પરંતુ તેમની આ માન્યતાઓ પણ પ્રાચીન–મતોની જેમ ખ્રિસ્તીધર્મની દેવકથાઓને આધારે જ ઘડાયલી હતી. અલબત્ત, કેટલાક અપવાદો પણ હતા. ૧૨ મી સદીના અંતકાળે પરભૂમિ તરફથી ઉત્તેજન મળવા લાગ્યું હતું. ઍરિસ્ટૉલની ફિલસુફી પશ્ચિમના ખ્રિસ્તી પ્રદેશોના વિદ્વાનોને વિદિત થવા લાગી હતી. આ વિદ્વાનોના ગુરુઓ યહુદીઓ અને ઇસ્લામી હતા. પ્રાચીન ગ્રીક તત્ત્વવિચારના જ્ઞાનથી ઇસ્લામીઓમાં અમુક અંશે વિચાર સ્વાતંત્ર્ય જાગૃત થયું હતું. અને ઍરિસ્ટૉટલની ફિલસુફીને આધારે લખાયલા નાસ્તિક Free-thinker એવરૂરોસ ( બારમી સદીમાં ) ના ગ્રંથોએ ખ્રિસ્તી મુલકોમાં બુદ્ધિવાદનું અલ્પ મોજું વહેતું કર્યું હતું. આ એવરૂરોસ જડ પદાર્થોની શાશ્વતતાને માનનારો હતો; અમરત્વનો સિદ્ધાંત એને અગ્રાહ્ય હતો. એવરૂરોસના સામાન્ય વિચા-રોને આપણે સર્વબ્રહ્મમયવાદ (Pantheism) તરીકે વર્ણવી શકીએ. (પણ) ઇસ્લામના પ્રાચીનમતાવલંબી ધર્માધિકારીઓ સાથેની ખટપટ દૂર કરવાના હેતુથી એણે "દ્વૈધ સત્ય" નો સિદ્ધાંત પ્રતિપાદિન કર્યો

હતો; એટલે કે (૧) દાર્શનિક અને (૨) ધાર્મિક એવાં બે સ્વતંત્ર અને પરસ્પર વિરોધી તત્ત્વોના સહવર્ત્તનનો સિદ્ધાંત તેણે પ્રતિપાદિત કર્યો હતો. આમ છતાં સ્પેઇનના ખલિફાના દરબારમાંથી એને દૂર થવું પડયું હતું. પણ એની સેવા છેક નિષ્ફળ ન નિવડી. પેરિસના વિશ્વવિદ્યાલયમાં એના ઉપદેશથી નાસ્તિકોનો એક પંથ ઉભો થયો હતો. તેઓનું માનવું એવું હતું કે વિશ્વોત્પત્તિ, ઇસુના પુનરૂત્થાન અને બીજા અગત્યના સિદ્ધાંતો ધર્મની દૃષ્ટિએ સાચા હોઇ શકે, પરંતુ બુદ્ધિની કસોટી પર તેમનાં સત્યો કસતાં એ સિદ્ધાંતો જુઠા ભાસે છે. સરળચિત્ત પુરુષને આ માન્યતા આત્માના અમરત્વનો સિદ્ધાંત રવિવારે સાચો છે અને અન્ય દિવસોએ જુઠો છે અથવા આદિપ્રચારકોનું મંતવ્ય દિવાનખાનામાં જુઠું અને રસોડામાં સાચું છે એવું કોઈ કહે તેના જેવી લાગશે. ૨૧ મા જોન નામના પોપે આ હાનિકારક પ્રવૃત્તિને નષ્ટ કરી તથા "દ્વૈધ સત્ય"ના સંરક્ષક સિદ્ધાંતને તિરસ્કારી કાઢયો. એવરૂરોસના તેમજ તેવા બીજા સિદ્ધાંતોનો પ્રચાર થવાથી, એક અતિ સૂક્ષ્મ વિચારક અને સંશયવાદ પ્રત્યે સ્વાભાવિક માનસિક વલણ ધરાવનારા દક્ષિણ ઇટલીના એક્વીનો ગામના ટોમસ નામના વતનીએ પોતાનું ધર્મવાદનું પુસ્તક બ્હાર પાડયું. એના સમય પર્યંત નાસ્તિકતાના ઉપદેશક અને નાસ્તિકોના નાયક તરીકે ગણાયલા એરિસ્ટોટલને ટોમસે પ્રાચીન મતાવલંબી તરીકે ઓળખાવ્યો અને આજની ઘડીએ પણ રોમિક ચર્ચોમાં પ્રમાણભૂત મનાતી ઘણી વિચક્ષણ ફિલસુફી યોજી કાઢી. પણ ધર્મને એરિસ્ટોટલ અને બુદ્ધિ બન્ને ભયરુપ ચિત્રો છે. એરિસ્ટોટલના વિચારો જોતાં એને પ્રાચીનમતાવલંબી ગણાવાય અને ધર્મમાં શ્રદ્ધા ઉપરાંત બુદ્ધિનું તત્ત્વ ઉમેરાય તો ધર્મસત્તા વધુ જામવાને બદલે શિથિલ થવાની ભીતિ છે; અને ટોમસે પોતાના નિબંધમાં જે કેટલાક પ્રશ્નોને ઉકેલ કર્યો છે તેથી શંકાશીલ આત્માના સંદેહો શાંત થવા કરતાં એ જ નિબંધમાં એણે સચોટ રીતે ઉભી કરેલી શંકાઓથી શ્રદ્ધાળુ હૃદય પણ ડામાડોળ થવાનો વધારે સંભવ લાગે છે.

હરએક યુગમાં આમતેમ વેરાયલી છાનીછપની અશ્રદ્ધા તો હશે જ, પછી ભલે તેનાં પરિણામો ગંભીર ન આવ્યાં હોય. મોઝીઝ, ઇસુખ્રિસ્ત અને મહમદ એ ત્રણ ધૂર્તોએ આખી દુનિયાને છેતરી એવી દેવનિંદાત્મક વાત તેરમી સદીમાં પ્રચલિત હતી. અર્વાચીન યુગના પ્રથમ પુરુષ તરીકે લેખાતા સ્વતંત્રવિચારક બીજા ફ્રેડરિક પર આ વાત ઉભી કર્યાનો આરોપ આવ્યો હતો. ઉપરનો જ વિચાર જરા નમ્ર સ્વરૂપમાં એટલાજ જૂના કાળની ત્રણ વીંટીવાળી વાતમાં પ્રદર્શિત કરવામાં આવ્યો છે. એ વાત નીચે મુજબ છે. એક તવંગર યહુદી પાસેથી પૈસા કઢાવવાના હેતુથી એક મુસલમાન બાદશાહે તેને પોતાના દરબારમાં હાજર થવાનું તેડું મોકલ્યું અને તેને ફસાવવા માટે જાળ પાથરી. બાદશાહે તે યહુદિને કહ્યું કે "દોસ્ત, મ્હેં સાંભળ્યું છે કે તું ઘણો ડાહ્યો માણસ છે, તો કહે કે યહુદિ, ઇસ્લામી અને ખ્રિસ્તી એ ત્રણ ધર્મોમાં ત્હને કયો સૌથી વધારે સાચો લાગે છે ? યહુદિ સમજી ગયો કે બાદશાહે જાળ બીછાવી છે. આથી તેણે નીચે પ્રમાણે આડકતરો જવાબ આપ્યો.

"શહેનશાહે આલમ ! એક સમે એક અતિ ધનવાન મનુષ્ય હતો. તેના ખજાનામાં એક બહુ કિંમતી વીંટી હતી. આ વીંટી તેના વંશજોના અમર વારસામાં મૂકી જવાની એની અભિલાષા હતી. આથી તેણે એવું વસીઅતનામું બનાવ્યું કે મ્હારા મૃત્યુ પછી આ વીંટી જેની પાસે હોય તેને મ્હારી મિલ્કતનો વારસ સમજવો. ધનિકે જેને એ વીંટી આપી તે પુત્ર પણ પોતાની રીતિ અનુસાર વર્ત્યો અને આમ એ વીંટી એક પછી એક બીજાને એમ કરતાં ઘણાંને હાથ ગઈ. આખરે તે એક એવા મનુષ્યના હાથમાં ગઈ જેને ત્રણ પુત્રો હતા અને જે ત્રણે પર તેને સમાન પ્રીતિ હતી. 'મ્હારા મૃત્યુ પછી મ્હારે એ વીંટી કોને સોંપવી યોગ્ય છે," એ વિષયનો નિર્ણય કરવા આ મનુષ્ય અસમર્થ નિવડયાથી તેણે ત્રણે પુત્રોને ખાનગીમાં એ વીંટી આપવાનું વચન આપ્યું; અને તે ત્રણેને સંતોષવા માટે

તેણે સોનીને બોલાવી પેલી વીંટીના જેવી જ બીજી બે વીંટીઓ કરાવી. એ મનુષ્ય પોતે મૂળ વીંટી કયી અને નવી બે કયી તે પરખી શક્યો નહિ. પોતાના અંતકાળે મરણ શય્યા પર પડયા પડયા તેણે પુત્રોને એક પછી એક બોલાવી દરેકને એકેક વીંટી આપી; આથી ત્રણે જણાં તેના મૃત્યુબાદ પોતાને હક્કદાર વારસ સમજવા લાગ્યા. પરંતુ વીંટીઓમાં રતિમાત્ર પણ ફેરફાર ન હોવાથી એક પણ પુત્ર પોતાનો હક્ક પુરવાર કરી શક્યો નહિ; અને કોણ સાચો હક્કદાર એ ચર્ચા આજ સુધી અનિર્ણિત ઉભી જ છે. નામદાર શહેનશાહ! ઇશ્વરે ત્રણ જુદી જુદી પ્રજાને આપેલા આ ત્રણ યહુદિ, ઇસ્લામી અને খ્રિસ્તીધર્મ વિષે પણ તેમજ સમજવું. દરેક ધર્મના અનુયાયીઓ પોતાનો જ ધર્મ સાચો લેખે છે, પરંતુ વસ્તુતઃ કયો ધર્મ સૌથી વધારે સાચો છે એ પ્રશ્ન હજુ ઉભો છે, પેલી ત્રણ વીંટીઓની માફક એ પ્રશ્નોનો હજી નિર્ણય થઈ શક્યો નથી." ૧૮ મી સદીમાં જર્મન કવિ લેસિંગે અસહિષ્ણુતાની અવાસ્તવિકતા દર્શાવવાના હેતુથી ઉપર્યુક્ત કથાને આધારે 'નાથન ધ સેજ' Nathan the Sage નામનું નાટક રચ્યું તે સમયે એ કથા અતિ પ્રસિદ્ધ થઈ હતી.

# પ્રકરણ ૪ થું.

## છુટકારાની આશા.

જે બૌદ્ધિક અને સામાજીક પ્રવૃત્તિને પ્રભાવે મધ્યયુગનો અંધકાર વિલીન થવાનો હતો અને બુદ્ધિને આખરે તેના કારાવાસમાંથી છોડાવનારાનો માર્ગ સરળ થવાનો હતો તે પ્રવૃત્તિ ઇટલિમાં, ૧૩મી સદીમાં શરુ થઇ હતી. અતિ શ્રદ્ધા અને બાળાભોળાપણાને લીધે મનુષ્યના અંતરાત્મામાં અજ્ઞાનનો જે ધૂસર પડદો ઉભો થયો હતો અને જેને લીધે તેઓ પોતાનું સ્વરૂપ તેમજ વિશ્વ સાથેનો તેમનો સંબંધ સમજવાને અશક્તિમાન્ નિવડયા હતા તે પડદો ધીરે ધીરે ખસી જવા લાગ્યો હતો. માણસને પોતાના સ્વતંત્ર વ્યક્તિત્વનું ભાન થવા લાગ્યું હતું. દેશ કે કોમથી તદ્દન સ્વતંત્ર રીતે પોતાની પણ કંઇક કિંમત છે એવી તેને ચેતના પ્રકટી હતી અને મધ્યયુગનો અજ્ઞાનાંધકાર વિલીન થતાં તેને નવયુગના અરુણોદયનું દર્શન થવા લાગ્યું હતું. આ પરિવર્તન, કેટલાંક પ્રજાસત્તાક અને કેટલાંક એકહથ્થુ અને જુલમી રાજસત્તાવાળાં ન્હાનાં ન્હાનાં રાજ્યોની રાજદ્વારી અને સામાજીક પરિસ્થિતિનાં પરિણામરૂપ હતું.

આમ સ્વતઃ પ્રાદુર્ભાવ પામતી નવીન માનવસૃષ્ટિનો પોતાના મનોરથોની સિદ્ધિ માટે ઉપયોગ કરવા ઇચ્છનાર વ્યક્તિને એ સૃષ્ટિને માટે કોઇ પ્રેરકની જરૂર જણાઈ અને રોમ અને ગ્રીસના પ્રાચીન સાહિત્યમાં તેને ઈપ્સિત પ્રેરણાનું બીજ જણાયું. મધ્યયુગના અજ્ઞાનાંધકારમાંથી મુક્ત થયેલી આ નવસૃષ્ટિ એ પ્રાચીન સાહિત્યમાંથી ચેતન અને પ્રેરણા પામી તેથી ઇટલિમાં શરુ થઈ જે નવજીવન યુરોપના ઠેઠ ઉત્તર પ્રદેશોમાં પણ ફેલાયું તેને Renaissance રેનાસાં અથવા પુનઃ પ્રબોધકાલને નામે ઓળખવામાં આવે છે. પ્રાચીન સાહિત્ય માટે આમ પ્રબુદ્ધ થયેલી અભિરુચિથી નવીન પ્રવૃત્તિનું સ્વ-

રૂપ સ્પષ્ટ થયું તથા તેની પ્રગતિને વધુ ઝોક મળ્યો. નવા આદર્શો પણ જાગૃત થયા તેમ નવાં દૃષ્ટિબિંદુઓ પણ સૂચિત થયાં; છતાં એ અભિરુચિ તો ચૌદમા સૈકામાં જે ભાવ–પરિવર્તન દૃષ્ટિગોચર થવા માંડયું હતું તેનું માત્ર બાહ્ય સ્વરૂપજ હતું. એ પરિવર્તને કોઈ બીજું સ્વરૂપ પણ ધારણ કર્યું હોત. એનું ખરું નામ Humanism –સંસ્કારી સહૃદયતા છે.

પરંતુ પોતે સંસ્કૃતિના નવીન યુગમાં સંક્રમણ કરે છે એવું લોકોને તે સમયે લાગેલું નહિ, તેમ રેનાસાંથી થયેલા બુદ્ધિવિકાસને લીધે પ્રાચીન મતો વિરુદ્ધ જાહેર કે સાર્વત્રિક બૌદ્ધિક બળવો પણ જાગેલો ન હતો. મધ્યકાલીન પ્રાચીનમતોના શિક્ષણની અસરમાંથી દુનિયા ક્રમશઃ મુક્ત થતી હતી અને એ શિક્ષણ વિરુદ્ધનો જ ભાવ ધારણ કરતી જતી હતી; પરંતુ આ વિરોધ એકાએક નિકળ્યો નહતો. સત્તરમી સદીના સમારંભ સુધી અધિકાર અને બુદ્ધિ વચ્ચે વ્યવસ્થિત વિગ્રહ શરુ થયો ન હતો. Humanists–સંસ્કારી સહૃદયતાવાદીઓને–ધર્મશાસ્ત્રીઓ કે ધર્મના અયુક્તિક સાંપ્રદાયિક મતો સામે ખાસ કશો વિરોધ ન હતો, પરંતુ આ વિશ્વ પરત્વે તેમનામાં કેવળ માનુષી જિજ્ઞાસા જાગૃત થયેલી અને તેમાંજ તેમનું લક્ષ પરોવાયેલું. મધ્યકાલીન દૃષ્ટિકોણ કરતાં એમનો દૃષ્ટિકોણ જૂદો હતો. અનીતિના વિચારોથી–અથવા ખ્રિસ્તીઓની માન્યતા અનુસાર કહીએ તો ઝેરી જંતુઓથી–ભરપૂર એવા (Pagan) જંગલી મૂર્તિપૂજકોના સાહિત્યનો તેઓ આદરપૂર્વક અભ્યાસ કરતા હતા. શિક્ષણની વ્યાવહારિક બાજૂ જ અતિ અગત્યની ગણાવા લાગી હતી અને ધર્મ તથા ઈશ્વરવિદ્યાને જુદાં જ ખાનાંમાં મૂકવામાં આવ્યાં હતાં. એ બે પર ખાસ ધ્યાન અપાતું ન હતું. આમ પ્રાચીન ધર્મ અને નવા વિચારો વચ્ચે ક્રમશઃ વિરોધ જામતો જતો હતો. એ વિરોધનું જેમને ભાન હતું એવા વિચારશીલ પુરુષો પ્રાચીનધર્મ અને નવા વિચારોનો મેળ બેસાડવાનો યત્ન આદરતા હતા. પરંતુ રેનાસાંના જમાનાના વિચારકોનું

સામાન્ય વલણ એ એનાં ક્ષેત્રો નોખાં રાખવા તરફ અને બુદ્ધિપૂર્વક ધર્મમતને ખરેખર અધીન થયા વગર માત્ર બ્હારથી, ઉપર ઉપરથી તેને વળગી રહેવા તરફ હતું.

રેનાસાંની આ દ્વિમુખતા મોન્ટેનનો દાખલો આપી હું પુરવાર કરીશ. એના નિબંધોમાં બુદ્ધિવાદ તરફ સ્પષ્ટ વલણ દૃષ્ટિગોચર થાય છે, પરંતુ પ્રાચીન કેથલિક મત એને ગ્રાહ્ય હતો એવું દર્શાવનારાં વચનો એ નિબંધોમાં વારંવાર માલુમ પડે છે. બે ભિન્ન દૃષ્ટિબિંદુઓનો મેળ બેસાડવાનો એ નિબંધોમાં પ્રયાસ થયો નથી; વસ્તુતઃ ધર્મ અને બુદ્ધિને સંકલનારો કોઇ સેતુ જ નથી એવું સંદિગ્ધ મત મોન્ટેન જાહેર કરે છે. ઇશ્વરવિદ્યાના પ્રદેશમાં માનવબુદ્ધિનો પ્રવેશ થઇ શકેજ નહિ અને ધર્મને એટલું ઉચ્ચ સ્થાન અપાવું જોઇએ કે બુદ્ધિ ત્યાં પહોંચી શકેજ નહિ, કે કશી ડખલગીરી કરી શકેજ નહિ. ધર્મનો નમ્રતાપૂર્વક સ્વીકાર થવો જોઇએ. આવા તેના વિચારો હતા. પણ તે નમ્રતાપૂર્વક ધર્મને સ્વીકારતો છતાં તેના આત્મા પર પ્રચલિત ધર્મનું પ્રભુત્વ ન હતું. સિસેરો, સેનેકા અને પ્લુટાર્ક જેવા પ્રાચીન કાળના તત્ત્વવેત્તાઓ અને સુજ્ઞપુરુષો એની માનસિક સૃષ્ટિ રચતા હતા. મૃત્યુનો પ્રશ્ન ચર્ચતી વખતે તે ખ્રિસ્તી ધર્મમાંનાં સાન્ત્વનોનો આધાર શોધતો ન હતો, પરંતુ સિસેરો વગેરેના વિચારોનો આશ્રય લેતો. ફ્રાન્સના જે ધાર્મિક વિગ્રહો તેણે જાતે જોયેલા તે વિગ્રહો અને સંત બાર્થોલોમ્યુના દિવસે થતો સંહાર જોઇને મોન્ટેનને સંશયવાદમાં વધુ ઉંડી શ્રદ્ધા બેઠી. ધાર્મિક જુલમો વિષે એના જે વિચારો હતા તે નીચેની ટીકા પરથી સ્પષ્ટ સમજાય છે.

"પોતાના અભિપ્રાયોને લીધે બીજાઓને જીવતાં શેકવાં એ પોતાનાં મતોની ઉંચી કિંમત આંકવા બરોબર છે."

મોન્ટેનના સંશયવાદનાં નિગમનો ( Logical Results ) એના મિત્ર ચેરોને ( Charron ) ૧૬૦૧ની સાલમાં પોતાના "ડહાપણ વિષે" On wisdom નામક ગ્રંથમાં જાહેર કર્યાં હતાં.

આ પુસ્તકમાં એમ ઉપદેશવામાં આવ્યું છે કે ખરી નીતિનું મૂળ ધર્મ નથી; અને ગ્રંથકાર ખ્રિસ્તીધર્મને લીધે જે અનિષ્ટો ઉત્પન્ન થયાં તે દર્શાવવા માટે તે ધર્મના ઇતિહાસનું અવલોકન કરે છે. આત્માના અમરત્વના સિદ્ધાંત વિષે તે લખે છે કે એ સિદ્ધાંત સૌથી વધુ માન્ય થયેલો છે, જનહિતાર્થે એ સિદ્ધાંતમાંની શ્રદ્ધા અત્યંત શ્રેયસ્કર છે, પરંતુ માનવબુદ્ધિ અને તર્કસિદ્ધ દલીલોથી કસીએ તો એ બીલકુલ સંગીન લાગતો નથી. પણ ગ્રંથકારે આ અભિપ્રાય તથા બીજા કેટલાક ફકરાઓ બીજી આવૃત્તિમાંથી કાઢી નાંખ્યા હતા. ચેરોનના સમયના એક જેઝુઇટે (Jesuit) અતિ ભયંકર અને દુષ્ટ અનીશ્વરવાદીઓમાં ચેરોનની ગણના કરાવી છે. ખરું જોતાં ચેરોન કેવળેશ્વરવાદી હતો, પરંતુ તે જમાનામાં અને ત્યાર પછી પણ ચિરકાળ સુધી ખ્રિસ્તેતર કેવળેશ્વરવાદીને અનીશ્વરવાદી તરીકે ઓળખાવતાં કોઈ અચકાતું નહિ. જો ચેરોનને ચોથા હેન્રીનો આશ્રય ન હોત તો તેના પુસ્તકને જપ્ત કરવામાં આવ્યું હોત અને તેના પર પણ ગુજરી હોત. એ પુસ્તક આપણને રેનાસાંયુગ–જેનો મોન્ટેન પ્રતિનિધિરૂપ હતો તે–ના વાતાવરણમાંથી વધતે ઓછે અંશે આક્રમણશીલ બુદ્ધિવાદના નવયુગમાં લઈ જતું હોવાથી ખાસ અગત્યનું છે.

૧૪, ૧૫ અને ૧૬મા શતકમાં પહેલવહેલાં ઇટાલિમાં અને પછી બીજા દેશોમાં Humanism સંસ્કારી સહૃદયતાના પ્રચારથી બુદ્ધિસ્વાતંત્ર્યની શરુઆત થાય અને જ્ઞાન પુનઃ પ્રગતિ કરી શકે એવું વાતાવરણ ઉપસ્થિત થયું તથા ભવિષ્યમાં થનારા અધિકારના પરાજયમાં અત્યંત મદદગાર નિવડનારી મુદ્રણકળાની અને પૃથ્વીના કેટલાક નવા ભાગોની શોધો થઈ.

પણ સ્વાતંત્ર્યનો વિજય કેવળ બુદ્ધિથી જ થઈ શકે એમ ન હતું. એ વિજય બીજાં કારણો પર પણ અવલંબિત હતો. પોપની સત્તાની પડતી, રોમ ધર્મરાજ્યની અવનતિ, અને જે રાજ્યોમાં સાંસારિક લાભોની દૃષ્ટિએ ધર્માધિકારીઓની રીતિનીતિ નિર્માતી અને

નિશ્ચિત થતી તથા જેમાં આધુનિક રાજ્યનાં ઉત્પત્તિ અને વિકાસનું બીજ હતું તેવાં મજબુત રાજ્યોનો ઉદ્ભવઃ—એ બધા સમયના મુખ્ય રાજદ્વારી બનાવો હતા. આ સંજોગોને લીધે ધર્મસુધારણા (Reformation)ની પ્રવૃત્તિ ફત્તેહમંદ નિવડવાનો સંભવ પેદા થયો. જર્મનીના ઉત્તર પ્રદેશોમાં એ પ્રવૃત્તિને વિજય મળ્યો તેનું કારણ એ હતું કે ત્યાંના રાજાઓની દૃષ્ટિ સાંસારિક લાભો તરફ હતી અને ચર્ચના કબજાની જમીનો જપ્ત કરવામાં તેમને લાભ હતો. ઇંગ્લેંડમાં લોકોએ આ હિલચાલ ઉપાડી લીધી ન હતી, પણ રાજ તરફથી પોતાના લાભાર્થે ફેરફાર દાખલ કરવામાં આવ્યો હતો.

ધર્મસુધારણાની પ્રવૃત્તિ શરુ થવાનું મુખ્ય કારણ ચર્ચની ભ્રષ્ટતા અને તેની અતિઘોર દમનનીતિ એ હતું. ચર્ચનો વહીવટ સાંસારિક લાભોની દૃષ્ટિએ ચાલતો હોવાથી, ચર્ચની ધાર્મિક સત્તાને, સાંસારિક હિતો વધારવાના ઉપયોગમાં લઈ, લૌકિક ઐશ્વર્ય પ્રાપ્ત કરવું એજ ચિરકાળ સુધી રોમન આચાર્યોની ઉચ્ચતમ નેમ હતી. યુરોપનાં બધાં રાજ્યોએ પોતાનો નયવ્યવહાર આ જ માન્યતા પર યોજ્યો હતો. ચૌદમી સદીથી દરેક જણ ચર્ચમાં સુધારો કરવાની આવશ્યકતા કબુલતું હતું અને સુધારાનાં વચનો પણ અપાયાં હતાં, પરંતુ વસ્તુસ્થિતિ ઓર બગડી અને બળવો કરવો એજ એક માર્ગ રહ્યો. લૂથરના નેતૃત્વ નીચે જે બળવો જાગ્યો તે અયુક્તિક જડગ્રાહો (Dogmas) સામેની બુદ્ધિની લડતનું પરિણામ ન હતું, કિંતુ તે સમયના સૌથી મહાન્ અનર્થ તરીકે મનાતું મોક્ષપત્રિકાઓનું વેચાણ કરી ધર્મગુરુઓએ પૈસા કઢાવવાની જે રીતિઓ સ્વીકારી હતી અને તેમ કરી લોકોમાં પોતાના વિરુદ્ધ જે લાગણી પ્રકટાવી હતી તે પાદરીવિરોધી લાગણીનું પરિણામ હતું. પોપ, મનુષ્યને તેના પાપમાંથી ખરેખર મુક્ત કરી શકે કે કેમ એ—પોપની મોક્ષપત્રિકાઓમાં સમાયલા સિદ્ધાંતના—પ્રશ્નનો લૂથરે પુરો અભ્યાસ કર્યો હોવાથી, વિહિત સંપ્રદાયમાં તેને શ્રદ્ધા રહી નહિ અને તે અવિહિત, પાખંડી મતો ધરાવતો થયો.

**(લૂથરે ઉપાડેલી) ધર્મસુધારણાની પ્રવૃત્તિથી ધાર્મિક-સ્વાતંત્ર્ય તથા આત્મનિર્ણયનો હક્ક પ્રતિપાદિત થયાં એ માન્યતા મૂળમાંજ ભ્રમયુક્ત છે;** છતાં જેમણે ઇતિહાસ માત્ર ઉપર ઉપરથી જ વાંચ્યો છે એવા ઘણા મનુષ્યો એજ કથન ખરું માને છે. આ પ્રવૃત્તિથી સીધું ધાર્મિકસ્વાતંત્ર્ય મળ્યું જ નથી. એને પરિણામે માત્ર એવા નવા રાજદ્વારી અને સામાજીક સંજોગો ઉભા થયા કે એ સંજોગોમાં અંતે ધાર્મિક સ્વાતંત્ર્ય મેળવવાનું શકય બન્યું અને એ પ્રવૃત્તિની સ્વસિદ્ધાંતવિરુદ્ધતાને લીધે એનાં એવાં પરિણામો આવ્યા કે એ સુધારાની હિલચાલના નેતાઓ પણ એ પરિણામો જોઇને કકળી ઉઠયા હોત. પરંતુ આગેવાન સુધારકોના હૃદયમાંથી મતાતંરક્ષમા જેટલી દૂર હતી એટલી દૂર ભાગ્યે જ બીજી કોઈ વસ્તુ હશે. પોતાનાથી વિરુદ્ધ વિચારો એમનાથી લેશ માત્ર પણ ખમાતા ન હતા. તેમણે એક અધિકારને ઉથાપી તેને સ્થાને બીજો સ્થાપિત કર્યો. રોમન કેથલિક ધર્માધિકારીઓની સત્તાને ઠેકાણે તેમણે બાઇબલની સત્તા સ્થાપી, અને એ બાઇબિલમાંનાં લખાણોનો અર્થ લૂથર કે કૅલ્વિનના વિચારો અનુસાર નક્કી થતો; એટલે વસ્તુતઃ કેથલિક ધર્માધિકારીઓને બદલે લૂથર અને કૅલ્વિનનો અમલ શરુ થયો. અસહિષ્ણુતાની બાબતમાં તો જૂનાં અને નવાં ચર્ચો એક એકથી ગાંજ્યાં જાય એવાં ન હતાં,—એમાં કોણ જરા નરમ એ કહેવું કઠણ હતું. ધાર્મિક યુદ્ધો થયાં તે કાંઈ સ્વાતંત્ર્ય—સાચા, સર્વત્રિક સ્વા-તંત્ર્યની સ્થાપના માટે નહોતાં થયાં, પરંતુ અમુકજ સિદ્ધાંતો માટે ખેડાયાં હતાં, અને જો ફ્રાન્સમાં પ્રોટેસ્ટંટ લોકો ફત્તેહમંદ નિવડયા હોત તો કૅથોલિકોએ તેમને જે હકકો આપ્યા હતા તેથી વધારે હકકો પ્રોટેસ્ટંટ લોકો ન આપત—પ્રોટેસ્ટંટો પણ કૅથલિકો સંબંધમાં વધુ ઉદાર નીતિ અખત્યાર ન કરત—એ વાત નિઃસંદેહ છે.

વ્યક્તિના અંતઃકરણની સ્વતંત્રતા અને પૂજાસ્વાતંત્ર્યનો લૂથર પાકો વિરોધી હતો, કારણ શાસ્ત્રનો અર્થ એ જે રીતે સમજતો અને કરતો હતો તે મુજબ પૂજાસ્વાતંત્ર્ય અને અંતઃકરણની સ્વતં-

ત્રતાના સિદ્ધાંતો શાસ્ત્રથી અસંગત હતા. જ્યારે એ અને એના પક્ષના માણસો દમનનીતિના ભોગ થઇ પડવાનો ભય રહેતો ત્યારે દમનનીતિનો અને પાખંડીઓને બાળી મૂકવાની પ્રથાનો લૂથર તીવ્ર વિરોધ કરતો ખરો, પરંતુ જ્યારે તેની સ્થિતિ સહિસલામત થઈ અને તેની સત્તા જામી ત્યારે તેણે પોતાનો ખરો અભિપ્રાય નીચે પ્રમાણે જણાવ્યો હતો.

પાખંડમત તિરસ્કારપાત્ર છે માટે તેને નિર્મૂળ કરી, પ્રજા પાસે સાચો સિદ્ધાંત પળાવવાની રાષ્ટ્રની ફરજ છે; જેમ બીજી (લૌકિક) બાબતોમાં પ્રજા રાષ્ટ્રની આજ્ઞા પૂર્ણપણે પાળે છે તેમ ધાર્મિક બાબતોમાં પણ પ્રજાજનોએ બેહદ રાજભક્તિ દાખવવી જોઈએ. ધર્મની રક્ષા કરવી એ રાષ્ટ્રનું અંતિમ ધ્યેય છે. જળસંસ્કાર (બાપ્ટી-ઝમ)ની ક્રિયાનો વિરોધ કરનારાઓ ( Anabaptists ) પર તલવાર ચલાવવી જોઇએ.

અમારા જ સિદ્ધાંતોનાં પાલનથી મોક્ષ મળી શકે એવો જે નિરાસક મોક્ષનો સિદ્ધાંત પ્રોટેસ્ટંટ અને કૅથલિક લોકો લઇ બેઠા હતા તેનું પરિણામ બન્નેની બાબતમાં એક સરખું જ આવ્યું.

અસહિષ્ણુતાને લીધે કૅલ્વિનની કીર્તિ કાજળથીયે કાળી છે. તે, લૂથરની માફક, રાજકર્તાને નિરંકુશ સત્તા આપવાનો હિમાયતી ન હતો, કિંતુ ધર્મપાટસ્થ રાજસત્તા સ્થાપવાની તરફેણમાં હતો, અને એણે જીનીવામાં ધર્મપાટસ્થ રાજસત્તા સ્થાપી હતી. અહિં સ્વતંત્રતાને છેક કચડી નાખવામાં આવી હતી, ખોટા સિદ્ધાંતો ફેલાવનારને કેદ, દેશનિકાલ કે મોતની સજા કરીને તેણે એવા સિદ્ધાંતો દાબી દીધા હતા. સર્વેટસને એણે જે શિક્ષા કરી એ પાખંડમત વિરુદ્ધ કૅલ્વિને જે ઝુંબેશ ચલાવી તેમાંનું સૌથી વધારે યશસ્વી પરાક્રમ છે. આ સર્વેટસ સ્પેઈનનો વતની હતો અને એણે ત્રિમૂર્તિવાદ વિરુદ્ધ લેખ લખ્યો હતો તેથી (કંઈક અંશે કૅલ્વિનની ખટપટથી) એને (Lyons) લીઑન્સમાં કેદ કરવામાં આવ્યો હતો. ત્યાંથી ના'સીને તે ઠેઠ જીનીવા

પહોંચ્યો હતો. જોકે કાયદાની દૃષ્ટિએ જીનીવાને એના પર મુકર્દમો ચલાવવાનો કશો અધિકાર ન હતો તોપણ પાખંડી હોવાના તહોમત-સર ત્યાં એના પર મુકદમો ચલાવવામાં આવ્યો અને ૧૩૫૩ માં અગ્નિમાં તેની આહુતી આપવામાં આવી. ધાર્મિક જુલમના નિયમો જુલમની આખી પરિપાટી–યોજી કાઢનાર Melanchthon મેલેંક-થોને આ કાર્ય વધાવી લીધું અને એ ભાવિ પ્રજાએ ખાસ અનુસ-રવા જેવું છે એમ કહી, તેની સ્તુતિ કરી. પરંતુ ભવિષ્યની પ્રજાને તો એક દિવસ એ "અનુકરણીય કાર્ય"થી શરમાવું પડયું. જીની-વાના કૅલ્વિન પંથીઓને ૧૯૦૩માં પશ્ચાત્તાપમાં એક સ્મારક ઉભું કરવું પડયું. આ સ્મારક નીચે લખ્યું છે કે:—

'આપણા મહાન્ સુધારક' કૅલ્વિને 'એના સમયની બહુ સામાન્ય થઈ પડેલી ભૂલ કરવાનો ગુન્હો કર્યો.

(આમ સમય પર દોષ ઢોળી દઈ કૅલ્વિનનો બચાવ કરવાનો, તેને નિર્દોષ ઠરાવવાનો, પ્રયાસ કરવામાં આવ્યો છે, છતાં કૅલ્વિનિસ્ટોને જ એના કૃત્યથી કમકમાં આવતા એ વાત ઢંકાઇ જતી નથી—ઉલટી એ સ્મારકના લખાણમાંથી તે પરોક્ષ રીતે ઉપર તરી આવે છે.)

આમ (રોમન ધર્મસંસ્થા) ચર્ચથી છુટા પડનારા સુધારકો પણ ધર્મસ્વાતંત્ર્ય સ્થાપવાની જરા પણ પરવા કરતા ન હતા. તેઓ તો માત્ર 'સત્ય'–એમની દૃષ્ટિએ જે સત્ય લાગે તે–ની જ દરકાર કરતા હતા. રોમન ધર્માધિકારીઓનું ધ્યેય દુનિયામાંથી પાખંડીનું નામનિશાન ભૂંસી નાંખવાનું હતું, ત્યારે પ્રોટેસ્ટંટોનો હેતુ પ્રોટેસ્ટંટ મુલકોમાંથી વિપક્ષીઓને હાંકી કાઢવાનો હતો. બધી પ્રજા એક જ વાડામાં ગોંધાય, એક પંથમાં દાખલ થાય, અને રાજા કહે તે ધર્મનું પાલન કરે એવો આશય રાખવામાં આવતો હતો. આજ સિદ્ધાંત કૅથલિક શહેનશાહ અને જર્મનીના પ્રોટેસ્ટંટ રાજાઓ વચ્ચેની લડતનો અંત આણનારી સંધિમાં (૧૫૫૫) પ્રતિપાદિત કરવામાં આવ્યો હતો. કૅથેરાઇન ડિ મેડીસીએ ફ્રેન્ચ પ્રોટેસ્ટંટોનો સંહાર કરીને, અને 'ત્હારી ઇચ્છા હોય

તો તું પણ ઇંગ્લેંડના કેથલિકપક્ષ પ્રત્યે તેવી વર્ત્તણુક ચલાવ' એવું રાણી ઇલિઝાબેથને સૂચન કરીને, ઉપલો સિદ્ધાંત પોતાને માન્ય હતો એવું બતાવી આપ્યું હતું.

વળી પ્રોટેસ્ટંટ ધર્મમાં જ્ઞાન કે સંસ્કારને ઉદ્દીપ્ત કરે એવાં તત્ત્વ ન હતાં. ઇંગ્લેંડેતર દેશોમાં પ્રવર્તેલી ધર્મસુધારણાની પ્રવૃત્તિ જેટલી સ્વાતંત્ર્યને પ્રતિકૂળ હતી તેટલી જ પ્રબોધ થવામાં અંતરાયરૂપ હતી. બાઇબિલમાં દર્શાવેલા વિચારોથી વિરુદ્ધ વૈજ્ઞાનિક શોધ કરનાર જેમ પોપના ધાર્મિક જુલમમાંથી ઉગરવો મુશ્કેલ હતો તેમ લૂથરના હાથે પણ બચવો અશકય હતો. બાઇબિલનાં શાસ્ત્રીય કથનોનો રોમન ધર્માચાર્યો તેમજ પ્રોટેસ્ટંટ લોકો એવો અર્થ કાઢતા કે બાઇબલ ચૂડેલ ગણાતી સ્ત્રીઓને પ્રાણઘાતક નિવડયું. બાઇબિલનાં કથનોને આધારે એવી સ્ત્રીઓ પર પારાવાર જુલમ વર્ષાવવામાં આવ્યો. જર્મનીમાં પ્રોટેસ્ટંટ ધર્મનો પ્રચાર થવાથી વિદ્યાવિકાસની પ્રવૃત્તિ લાંબા કાળ સુધી પાછી હઠી હતી.

ધર્મસુધારણાની પ્રવૃત્તિથી સીધી રીતે વિચારસ્વાતંત્ર્ય સ્થપાયું નથી તેમ એ પ્રવૃત્તિથી પ્રજાજનોને જ્ઞાનસંસ્કાર પ્રાપ્ત થયા નથી; પણ સુધારકોની અનિચ્છા છતાં એ પ્રવૃત્તિથી સ્વાતંત્ર્યની લડતને પુષ્ટિ મળી હતી. એ પ્રવૃત્તિનું પરિણામ અગ્રગણ્ય સુધારકોએ ઇચ્છેલું તેથી ભિન્ન આવ્યું પણ તે આડકતરી રીતે અને ચિરકાળ વીત્યા પછી જ. પ્રથમ તો પશ્ચિમના ખ્રિસ્તી પ્રદેશોમાં જે મોટા પક્ષો ઉભા થયા હતા તથા એક સર્વોપરિ ધર્માધિકારીને સ્થાને અનેક ધર્માધિકારીઓ પોતપોતાની ધર્મસત્તા જમાવી બેઠા હતા—એક દેવને બદલે અનેક દેવોની પૂજા દાખલ કરી બેઠા હતા–તેથી સાધારણ રીતે ધર્મગુરુઓની સત્તા ઢીલી થઈ. ધાર્મિક સંપ્રદાય છિન્નભિન્ન થઈ ગયો. બીજું, પ્રોટેસ્ટંટ રાજ્યોમાં સર્વોપરિ ધાર્મિક સત્તા રાજાને સોંપવામાં આવી હતી; રાજાને ધર્મસંસ્થાનું હિત રક્ષવા ઉપરાંત અન્ય લાભો પણ સંભાળવાના હતા; અને રાજદ્વારી કારણોસર ધાર્મિક અસહિષ્ણુતાનો

સિદ્ધાંત તેને વહેલો મોડો સહેજ ઢીલો કરવો જ પડે એ ચોકખું હતું. રાજહિત રક્ષવાની બાબત ઉભી થાય ત્યારે તેનાથી, ધર્મગુરુઓ જેમ વિપક્ષીઓ પ્રત્યે અસહિષ્ણુતા દર્શાવતા હતા તેમ, બની શકે નહિ; કારણ તેમ કરે તો તેનાં રાજકારી પેંતરા માર્યા જાય. આજ પ્રમાણે કેથલિક રાજ્યોને પણ પાખંડીઓનું નિકંદન કરવાની તેમની ધર્મફરજને સહેજ જતી કરવી પડી હતી. ફ્રાન્સમાં જે ધાર્મિક વિગ્રહો થયા તેમને પરિણામે પ્રોટેસ્ટંટોને અમુક મર્યાદામાં ધાર્મિક સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું હતું. જર્મનીમાંની પ્રોટેસ્ટંટ લડતને ટેકો આપનાર રિશેલ્યુ નામના ધર્મગુરુએ જે નીતિ ( Policy ) સ્વીકારેલી હતી તે સાંસારિક લાભો ધર્મરક્ષાના કાર્યમાં કેવા પ્રતિબંધક હતા તેની દૃષ્ટાંતરૂપ છે.

વળી, ચર્ચ સામે પ્રોટેસ્ટંટોએ જગાડેલા બળવામાં આત્મનિર્ણયના હક્કનું અથવા ધાર્મિક સ્વાતંત્ર્યના સિદ્ધાંતનું પ્રતિપાદન થયું હોવાથી એ બળવાનું વાજબીપણું બુદ્ધિની દૃષ્ટિએ પુરવાર થતું હતું, પરંતુ સુધારકોએ ધર્મસ્વાતંત્ર્યના હક્કનું પ્રતિપાદન કેવળ પોતાને માટે જ કર્યું હતું અને પોતાના ધર્મકાનુનો ઘડી લીધા પછી તેમણે વસ્તુતઃ તેને તિલાંજલિ આપી હતી. પ્રોટેસ્ટંટ પક્ષની આ એક મહાન્ સ્વસિદ્ધાંતવિરુદ્ધતા હતી. એક વાર ફરીથી, પ્રોટેસ્ટંટ મતની સ્થિતિ ડામાડોળ થવા માંડી, ન્યાય કે તર્કદ્વારા એ મતનો બચાવ થઇ શકે એમ ન હતું. પ્રોટેસ્ટંટોના ટાંટીઆ પ્રોટેસ્ટંટોના જ ગલામાં પેસે એવી વસ્તુસ્થિતિ ઉત્પન્ન થઇ. જો આપણને બીજાના કહેવાથી અમુક સત્ય કે ધર્મ માનવાનો હોય તો રોમન ચર્ચના પૂજ્ય અધિકાર કરતાં ઓસ્બર્ગ આગળ લૂથરે કરેલી કબુલાત અથવા અંગ્રેજી ( પ્રોટેસ્ટંટ મતના ) ૩૯ સિદ્ધાંતોને શા માટે વધારે વજન આપવું જોઇએ ? આપણે રોમન ચર્ચ કે ત્યાંના ધર્માધિકારીઓ વિરુદ્ધ નિર્ણય કરીએ તો આપણે બુદ્ધિવિવેકથી જ તેમ કરવું જોઇએ. પણ જો આપણે ધર્મવિષયમાં એકવાર બુદ્ધિનો ઉપયોગ શરુ કરીએ તો તે પછી લૂથર,

કેલ્વિન કે એવા બીજા કોઈ બંડખોરે જ્યાં બુદ્ધિનો ઉપયોગ કરવાનું છોડી દીધું હોય ત્યાં આપણે શા માટે બુદ્ધિવિચાર બંધ કરવો જોઇએ? અલબત્ત, આપણે તે કોઇને દેવાંશી કલ્પતા હોઇએ તો તો જુદી વાત. જો આપણે એમણે ત્યજેલા સર્વ ધાર્મિક વ્હેમો ત્યજી દઇએ તો ખુદ તેમના પોતાના શબ્દપ્રમાણ સિવાય બીજો એવો કોઇ અધિકાર નથી જે આપણને લૂથર વગેરેએ માન્ય રાખેલા બધા કે થોડા ધાર્મિક વ્હેમો છોડી દેતાં અટકાવે. (પ્રજાજનોમાં ઉપર પ્રમાણેના વિચારોનું મંથન શરુ થયેલું અને પ્રોટેસ્ટંટ મતનું પ્રાબલ્ય સહેજ ઘટતું જતું હતું.) આ ઉપરાંત, પ્રોટેસ્ટંટોએ શરુ કરેલી બાઇબલપૂજાથી પણ તેમણે નહિ ધારેલાં પરિણામો નિવડયાં. સર્વમતોના આધારરૂપ એવું ઇશ્વરપ્રેરિત બાઇબલનું લખાણ હવે બધાજ વાંચી શકતા. જો કે ઓગણીસમી સદી સુધી ત્હેનું સાર્વત્રિક વાંચન શરુ થયું કહી શકાય નહિ તોપણ આ સમયે પ્રજાનું એ લખાણ તરફ અપૂર્વ ધ્યાન દોરાયું. એ ગ્રંથના અભ્યાસને પરિણામે તેના પર ટીકા થવા માંડી; બાઇબલ ગ્રંથ ઇશ્વરપ્રણિત છે એ સિદ્ધાંત પ્રતિપાદિત કરવામાં જે મુશ્કેલીઓ નડતી તેમની વાસ્તવિકતા હવે સમજાવા લાગી; અને બાઇબલનું એવું કઠોર અને સૂક્ષ્મ પરીક્ષણ શરુ થયું કે બુદ્ધિમાન શ્રદ્ધાળુ જનોની નજરમાં કંઇ નહિ તો બાઇબલના અધિકારના પ્રકારમાં ભેદ જણાવા લાગ્યો છે. બાઇબલ વિષે ચર્ચા કરવાની આ હિલચાલ પ્રોટેસ્ટંટ વાતાવરણમાં જ ચાલી અને ધર્મસુધારણાની પ્રવૃત્તિથી બાઇબલ જે નવી સ્થિતિમાં મૂકાયું હતું તે સ્થિતિને પણ કંઇક અંશે એ પ્રવૃત્તિ શરુ થવામાં કારણભૂત લેખવી જોઇએ, અથવા બીજા શબ્દોમાં કહીએ તો, બાઇબલની સ્વતંત્ર ચર્ચા કરવામાં ધર્મસુધારણાની પ્રવૃત્તિ અંશતઃ કારણભૂત છે. આવી રીતે પ્રોટેસ્ટંટ ધર્મે બુદ્ધિવાદની પ્રગતિ સરળ કરી આપી તથા સ્વાતંત્ર્યની લડતમાં પોતાની સેવા અર્પી.

પરંતુ આ સ્વાતંત્ર્યની લડતને તો ધર્મસુધારણાની વાત કરતી

વખતે ઘણા લોકો જેમનો વિચાર સરખોયે કરતા નથી અને જેને બીજાં બધાં સુધારકમંડળો દેવનિંદક લેખતા એવા સોસાઈનીઅન નામના સુધારકમંડળે પોતાનો સીધો અને દૃઢ ટેકો આપી બહુ જ આગળ ધપાવી હતી. એ સોસાઇનીઅન સુધારકોની બહોળી અસર વિષે આવતા પ્રકરણમાં ઉલ્લેખ કરવામાં આવશે.

ધર્મસુધારણાની હિલચાલના એક બીજા પરિણામ વિષે હજુ આપણે કંઈક લખવાનું છે. એ હિલચાલથી રોમન ચર્ચની હસ્તી જોખમમાં આવી પડી હતી. તેનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે તથા ધર્મસુધારણાની વિરોધી પ્રવૃત્તિને પહોંચી વળવા માટે ચર્ચનો કચરો સાફ કરી,–અર્થાત્ તેનો સડો દૂર કરી તેનું નવવિધાન કે તેની પુનર્ઘટના કરવાની ધર્માધિકારીઓને આવશ્યકતા જણાઈ. કેથલિક ધર્માચાર્યોએ ઉપાડેલી ચર્ચના નવવિધાનની આ પ્રવૃત્તિ એ ધર્મ-સુધારણાની હિલચાલનું પરોક્ષ પરિણામ હતું. પોપ પૉલ ત્રીજાથી માંડીને જે નવા પોપો આવ્યા તે ખરા મનથી ધર્મરક્ષા કરવા ઉત્સુક હતા. એમણે પોપની રોમન કેથલિક ધર્માચાર્યની ગાદી તથા તેની સાધન સંપત્તિની એક સૈકા સુધી રક્ષણાત્મક લડત ખેડી શકાય એવી રીતે પુનર્વ્યવસ્થા કરી. જેસ્યુઇટ પંથની સ્થાપના, તપાસ-સમિતિની સ્થાપના, ટ્રેન્ટની સભા, મુદ્રણનિયંતાની નિમણુંક:–આ બધાં રોમન ધર્માચાર્યોમાં જે નવચેતન પ્રકટયું હતું તેના આવિષ્કાર રૂપ જ હતાં, અને એ સર્વે ધર્મસુધારણાની પ્રોટેસ્ટંટ પ્રવૃત્તિથી ઉભી થયેલી નવી વસ્તુ સ્થિતિને પહોંચી વળવાનાં સાધનો જ હતાં. રોમન કેથલિક ધર્માચાર્યની (Papacy) ગાદીમાં જે કંઈ સુધારો કર-વામાં આવ્યો તે રોમની ધર્મસંસ્થામાં શ્રદ્ધા રાખનારનું સદ્‌ભાગ્ય જ ગણાય. પરંતુ આપણે આ બાબત સાથે કશો સંબંધ નથી. રોમન કેથલિક પોપોએ જે આત્મસુધારણાની હિલચાલ ઉપાડી લીધેલી તેનો મુખ્ય હેતુ તો (વિચાર) સ્વાતંત્ર્યને વધુ સફળતાથી દાબી દેવાનો હતો. આપણે આલેખવા માંડેલા વિષયની ચર્ચામાં આ વાત

આપણને કંઈક ખપની છે; એજ બાબત સાથે આપણો કંઇ પણ સંબંધ છે. સેવોનેરોલાએ ફ્લોરેન્સમાં પ્રમાણિક જીવન જીવવાનો ઉપદેશ કરેલો તે બદલ જાણીતા લંપટ છઠ્ઠા એલેકઝાન્ડર પોપના અમલ દરમ્યાન તેને ફાંસી દેવામાં આવી હતી. આ સેવોનેરોલા જો નવયુગમાં જીવતો હોત તો તેને કદાચ સંતની પંક્તિમાં બેસાડવામાં આવ્યો હોત, પરંતુ ગિઓર્ડેનો બ્રુનોને તો જીવતો બાળવામાં આવ્યો હતો.

બ્રુનોએ વિશ્વની અનંતતાનો એપીક્યુરસનો સિદ્ધાંત સ્વીકારી કંઈક અંશે એપીક્યુરસની ફિલસુફીના આધારે એક નવી ધાર્મિક ફિલસુફી યોજી હતી. પરંતુ ઇશ્વર દૃશ્ય જડ વસ્તુ માત્રનો આત્મા છે એ સિદ્ધાંત પ્રતિપાદિત કરીને બ્રુનોએ એપીક્યુરસના જડવાદને વિશ્વેશ્વરવાદને લગતા અગમ્યવાદમાં ફેરવી નાંખ્યો. પૃથ્વી સૂર્યની આજૂબાજૂ ગોળ ફરે છે એવી કેથલિક તેમજ પ્રોટેસ્ટંટ ધર્માનુયાયીઓએ ખોટી માની અવગણેલી કોપરનીકસની તેજ સમયે થયેલી શોધ તેણે ખરી માની અને વધારામાં, સ્થિર તારાઓ માત્ર પોત પોતાના ઉપગ્રહોયુક્ત જુદા જુદા સૂર્ય છે એ વાત માનવાનું એક પગલું આગળ ભર્યું. બાઇબિલ ગ્રંથ ગ્રામ્ય લોક માટે લખાયો છે અને તેથી એ ગ્રંથને એવા લોકના વિચારદોષોને અનુકૂળ થવું પડતું એમ બ્રુનો માનતો. એની ઉપરની બે માન્યતાઓ બાઇબલના લખાણનું ખંડન કરનારી હતી, છતાં બ્રુનોએ બાઇબિલ સાથે તેમનો મેળ બેસાડવાનો યત્ન કર્યો. પણ તેના પર પાખંડી હોવાનો શક બેઠો અને તેથી તે ઇટલિ છોડીને અનુક્રમે સ્વિટ્ઝર્લેંડ, ફ્રાન્સ, ઇંગ્લેંડ અને જર્મનીમાં જઈ રહ્યો. આખરે ૧૫૯૨ ની સાલમાં તેના એક વિશ્વાસઘાતી મિત્રે તેને વેનીસમાં પાછા ફરવા માટે લલચાવ્યો, જ્યાં તપાસ સમિતિની આજ્ઞાથી તેને પકડવામાં આવ્યો. તેને રોમમાં સજા ફરમાવવામાં આવી અને કેમ્પો ડિફીઓરીમાં ૧૬૦૦ સાલમાં તેને અગ્નિમાં હોમી મારી નાંખવામાં આવ્યો. એની

આ મરણભૂમિ પર જ થોડા વર્ષ પર એનું એક સ્મારક ઉભું કરવામાં આવ્યું છે, જે જોઈને રોમન કેથલિક ધર્માચાર્યો મનમાં બળતરાં કર્યાં કરે છે.

બ્રુનો જગતના પ્રસિદ્ધ પુરુષોમાંનો એક હોવાથી એનું મોત હતું તેના કરતાં વધુ દારુણ માનવામાં આવ્યું છે. એ યુગમાં ઇટલિએ જે પ્રસિદ્ધ બલિદાન આપ્યું તેવું બીજા કોઇ દેશે આપ્યું ન હતું. પરંતુ બીજા દેશોમાં યે પાખંડમતો ધરાવવા માટે બ્રુનો જેવી જ નિર્દોષ વ્યક્તિઓનું લોહી રેડવામાં આવ્યું હતું. ચોથા હેન્રીનાં, બીજાં રાજ્યોની સરખામણીમાં ( સાપેક્ષ દૃષ્ટિએ ), ક્ષમાવંત ગણાતાં રાજતંત્ર દરમ્યાન તથા રિશેલ્યૂ અને મેઝેરીનના રાજકારભારમાં ઠેઠ ૧૬૬૦ સુધી અન્ય સ્થળો કરતાં ફ્રાન્સમાં વિચાર સ્વાતંત્ર્યને વધુ પ્રમાણમાં અવકાશ હતો. પણ એ ફ્રાન્સના ટુલુઝ શહેરમાં ૧૬૧૯ ની સાલમાં લ્યુશીલીઓ વેનીની નામનો વિદ્વાન્ ઇટાલિઅન જે બ્રુનોની માફક આખા યુરોપમાં ભટકતો હતો તેને અનીશ્વરવાદી અને દેવનિંદક તરીકે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. તેની જીભ ખેંચી કાઢવામાં આવી હતી અને તેને સળગાવવામાં આવ્યો હતો. ઇલિઝાબેથ અને ૧ લા જેમ્સના સમયનું પ્રોટેસ્ટંટ ધર્મ પાળનારું ઈંગ્લેંડ પણ વિધર્મી પ્રત્યે જુલમ ગુજારવાની બાબતમાં રોમની તપાસ સમિતિની હોડમાં ઉતરે એવું હતું. પરંતુ એના જુલમની ભોગ બનેલી વ્યક્તિઓ વિશ્વવિખ્યાત ન હોવાથી ધર્મની બળે કળે, જોર જુલમે, રક્ષા કરવા માટેની ઇંગ્લેંડની તીવ્ર ઉત્કંઠા અયોગ્ય રીતે ભૂલી જવામાં આવી છે. આમ છતાં જો એક અકસ્માત ન થયો હોત તો ઈંગ્લેંડને શિરે પણ નિદાન બ્રુનો જેટલા જગપ્રસિદ્ધ પાખંડીને પુરો કરવાનું કલંક ચોંટત. કવિ માર્લો (Marlowe) પર અનીશ્વરવાદી હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો પણ સરકારી કામ ચાલવાનો પ્રસંગ એના માથા પર ઝઝૂમતો હતો એવામાં એક તુચ્છ તકરાર માટે પીઠામાં એનું ખુન

થયું. કિડ નામનો બીજો નાટયકાર જે એ ગુન્હામાં સામેલ ગણાતો તેને અતિ દુઃખ દેવામાં આવ્યું હતું. એજ સમયે સર વૉલ્ટર રૅલે પર પણ પ્રચલિત ધર્મમાં અશ્રદ્ધા રાખવાના દોષસર કામ ચલાવવામાં આવ્યું હતું. પરંતુ તેને ગુન્હેગાર ઠરાવી સજા ફરમાવવામાં આવી ન હતી. બીજાઓ આટલા ભાગ્યશાળી ન હતા. ઈલિઝાબેથના રાજ્યમાં નોર્વિચમાં ખ્રિસ્તીધર્મ વિરુદ્ધ સિદ્ધાંતો પાળવા માટે ત્રણ ચાર માણસોને અગ્નિમાં હોમવામાં આવ્યા હતા. આ પૈકી કોરપસ ક્રિસ્ટી, કેમ્બ્રીજનો સભાસદ ફ્રાન્સીસ કેટ્ટ પણ હતો, ધર્મને નામે વિપક્ષી પર જુલમ ગુજારવાની બાબતમાં જાતે રસ લેનારા પહેલા જેમ્સના રાજ્યમાં પોપના એલચી બાર્થોલોમ્યુ પર પ્રજાની નીતિને બગાડે એવા હાનિકારક વિચારો ફેલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. રાજાએ તેને પોતાની રુબરુમાં બોલાવ્યો હતો અને "તું ઇસુખ્રિસ્તની રોજ પ્રાર્થના કરે છે કે નહિ?" એવો તેને પ્રશ્ન કર્યો હતો. બાર્થોલોમ્યુએ જવાબ આપ્યો હતો કે "હું અજ્ઞાન હતો ત્યારે મેં તેની પ્રાર્થના કરેલી પરંતુ છેલ્લાં સાત વર્ષમાં મેં તેમ કર્યું નથી." એટલે જેમ્સે તેને એક લાત મારીને કહ્યું હતું કે 'ઓ દુષ્ટ, નરાધમ! દૂર થા! જેણે સામટા સાત વર્ષમાં એક પણ દિવસ અમારા તારણહારની પ્રાર્થના કરી નથી તેવો મનુષ્ય મ્હારા મહેલમાં રહે છે, રે! ક્ષણભર પણ થોભે છે, એવું કહેવાય એ હું સાંભળવામાં માગતો નથી.' બાર્થોલોમ્યુને થોડા સમય ન્યુગેટમાં કેદ કરવામાં આવ્યો હતો અને પછી તેને કોઇ દિવસ પણ ઠેકાણે ન આવે એવા નઠોર પાખંડી તરીકે જાહેર કરીને ૧૬૧૨ ની સાલમાં સ્મીથફિલ્ડમાં બાળી મૂકવામાં આવ્યો હતો. બરોબર એક મહિના પછી કોવેન્ટ્રિના ધર્માધ્યક્ષે ઉવ્હીટમેન (Wightman) નામના માણસને પાખંડમત ધારણ કરવા માટે બાળી મૂકાવ્યો હતો. અશ્રદ્ધાને કારણે ઇંગ્લેંડમાં આ ભોગો સૌથી છેલ્લા જ લેવામાં આવ્યા હતા. અલબત્ત, પરધર્માસહિષ્ણુ પ્યૂરિટન

('ચોખલીઆ') ધર્માધ્યક્ષોએ ૧૬૩૮ માં એક એવો કાયદો કાઢયો હતો કે જે કોઇ ત્રિમૂર્તિવાદ ઇસુની દિવ્યતા, બાઇબલનું જ્ઞાન ઇશ્વર પ્રેરિત છે એ મત અથવા મરણાન્તર દશાનો સિદ્ધાંત ઇન્કારશે તે મોતની શિક્ષાને પાત્ર થશે અને આવો ઇન્કાર કરવાના પાખંડ સિવાયના બીજાં પાખંડમતો ધરાવવાનો જેઓ ગુન્હો કરશે તેમને કારાવાસની શિક્ષા થશે. પરંતુ આ કાયદા અનુસાર કોઇને દેહાંત શિક્ષા ફરમાવવામાં આવી ન હતી.

રેનાસાંના યુગમાં અર્વાચીન વિજ્ઞાનના ઉદ્‌ભવનાં પ્રથમ ચિહ્નો દૃષ્ટિગોચર થયાં હતાં ખરાં, પરંતુ પ્રાકૃતિક શોધ વિરુદ્ધ મધ્યયુગમાં જે ભૂલભરેલા વ્હેમી વિચારો અસ્તિત્વ ધરાવતા હતા તે સત્તરમી સદી પૂર્વે નાબુદ થયા ન હતા અને ઇટલિમાં તો ત્યાર પછી પણ એ વિચારોનું પ્રભુત્વ કાયમ રહ્યું હતું. કોપરનિકસે ૧૫૪૩ માં પૃથ્વીની ગતિ સંબંધી સત્ય પ્રકટ કરનારો પોતાનો ગ્રંથ પ્રસિદ્ધ કર્યો તે સમયથી અર્વાચીન ખગોળવિદ્યાનો ઇતિહાસ શરુ થાય છે. વિચાર સ્વાતંત્ર્યના ઇતિહાસમાં આ ગ્રંથની પ્રસિદ્ધિ ઘણી અગત્યની છે કારણ કે એ ગ્રંથે (ધર્મ) શાસ્ત્ર અને વિજ્ઞાન (શાસ્ત્ર) વચ્ચે એક અતિસ્પષ્ટ વિવાદવિષય ઉભો કર્યો હતો. એ પુસ્તક પ્રસિદ્ધ કરવાથી જાહેરમાં ઘણો ઉહાપોહ થશે એવું લાગવાથી એને પ્રકટ કરતી વખતે ઓઝીએન્ડરે પ્રસ્તાવનામાં તદન જુદું જ લખ્યું કે પૃથ્વી ફરે છે એ હકીકત માત્ર અટકળ રૂપે મૂકવામાં આવી છે, નિર્ણયરૂપે નહિ. કેથલિકો અને સુધારકોએ એ સિદ્ધાંતને તરછોડી કાઢયો અને ઇશ્વિરવિદ્યાને લગતા ધાર્મિક વ્હેમોની જેમનામાં ગંધ સરખીયે ન હતી એવા બેકન જેવા મનુષ્યને પણ એ સિદ્ધાંતનું સત્ય ગળે ઉતર્યું નહિ. ઇટાલિઅન ખગોળવેત્તા ગેલીલીઓએ યંત્રદ્વારા આકાશી પદાર્થોનાં જે અવલોકન કર્યાં તે પરથી કોપનિકસના સિદ્ધાંતનું સત્ય નિર્વિવાદ ઠર્યું. એ ગેલીલીઓના દુર્બિનથી બૃહસ્પતિના ઉપ-ગ્રહોની શોધ થઇ. અને સૂર્યમાં એણે જે ધાબાં અવલોક્યાં તે

પરથી પૃથ્વી ગોળ ફરે છે એ કોપરનિકસના સિદ્ધાંતને પુષ્ટિ મળી. ગ્રૅન્ડ ડ્યૂકના રક્ષણ નીચે તે ફ્લોરેન્સમાં રહેતો હતો તે સમયે ત્યાંની વ્યાસપીઠો પરથી ગેલીલીઓની સંક્ષોભક શોધોનો તીવ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. પછી એ ડોમીનિકન સાધુઓએ તપાસ-સમિતિની ધર્મસભાને ગેલીલીઓ શિક્ષાપાત્ર છે એવી ખબર આપી. રોમમાં તેની શોધો ઉપર વિચાર ચલાવાતો હતો એવી તેને ખબર મળતાં 'ત્યાંના ધર્માધિકારીઓના મનમાં કોપરનિકસના સિદ્ધાંતની ખુલ્લી સત્યતા ઠસાવવાને હું સમર્થ નિવડીશ,' એવી શ્રદ્ધામાં ને શ્રદ્ધામાં તે ત્યાં ગયો. પણ ઇશ્વરવિદ્યાવિદો શું શું કરવાને સમર્થ હતા તેનો તેને ખ્યાલ આવ્યો ન હતો. ૧૬૧૬ના ફેબ્રુઆરી માસમાં ધર્મસભા એવા નિર્ણય પર આવી કે કોપરનિકસનો સિદ્ધાંત સ્વભાવતઃ અયુક્ત છે અને શાસ્ત્રની દૃષ્ટિએ વિચારતાં, પાખંડમત ફેલાવનારો છે. પોપના આદેશને અધિન થઇ બેલાર્મિન નામના ગુરુએ ગેલીલીઓને પોતાની સમક્ષ બોલાવી મંગાવ્યો અને અધિકારી તરીકે તેને સલાહ આપી કે તમારો અભિપ્રાય છોડી દો અને તેનો પ્રચાર કરવાનું બંધ કરો; નહિ તો તમારા વિરુદ્ધ કામ ચલાવાશે. ગેલીલીઓએ એ ફરમાન પાળવાનું વચન આપ્યું. કોપરનિકસના પુસ્તકને એક પ્રતિષિદ્ધ પુસ્તકોમાં ગણવામાં આવ્યું. આ સંબંધમાં એવી ટીકા કરવામાં આવી છે કે ગેલીલીઆના Solar spots 'સૂર્યમાં ધાબાં' એ પુસ્તકમાં શાસ્ત્રનું સ્હેજ પણ નામ લેવામાં આવ્યું નથી અને એ પુસ્તક સંબંધમાં (મનાઇ) હુકમ કાઢીને ધર્મસભાએ ધર્મપ્રશ્નનો નહિ પરંતુ વિજ્ઞાનને લગતા પ્રશ્નનો ચુકાદો આપ્યો છે. (તાત્પર્ય એ જ કે ધર્મસભાએ પોતાની મર્યાદા ઓળંગી છે અને પોતાના અધિકાર બહારની વાત કરી છે.)

અલ્પકાળ માટે ગેલીલીઓ ચૂપ રહ્યો પરંતુ એ સદાકાળ મૌન પકડે એ વાત અસંભવિત હતી. આઠમા અર્બન નામના નવા પોપની ધર્મસત્તા દરમ્યાન તેને વધુ સ્વાતંત્ર્ય મેળવવાની આશા બંધાઇ, કારણ પોપના મંડળમાં તેના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવનારાની સારી સંખ્યા

હતી. પ્રાચીન અને અર્વાચીન સિદ્ધાંતોની તરફેણની દલીલો પર કશો નિર્ણય આપવાનો ડોળ કર્યા સિવાય તેમને એક જ પુસ્તકમાં સાથે સાથે મૂકવાની યુક્તિ અજમાવી ધર્માધિકારીઓ સાથેના ઝઘડામાંથી બચી જવાની તેણે આશા બાંધી. એ આશામાં એણે ટોલેમિક અને કોપરનિકસ એ બન્નેની સરણી પર સંવાદરુપે એક પ્રબંધ લખ્યો અને તેની પ્રસ્તાવનામાં લખ્યું કે આ પ્રબંધનો હેતુ બન્નેના વિચારોની વિરુદ્ધની કે તરફેણની દલીલો સમજાવવાનો છે. આમ શબ્દોમાં ભલે તટસ્થવૃત્તિ જાળવવામાં આવી પરંતુ શબ્દના અંતરમાં રહેલા ભાવાર્થ પરથી સ્પષ્ટ જણાય છે કે લેખકનું વલણ કોપરનિકસની સરણી તરફ છે. એ પ્રબંધ પ્રકટ કરવા માટે તેને રિકાર્ડી નામના ગુરુની ચોક્કસ પરવાનગી મળી એમ તેણે માની લીધું અને એ પ્રબંધ ૧૬૩૨ માં પ્રસિદ્ધ થયો. પરંતુ પોપને એ ખુંચ્યો. નિયુક્ત અધિકારીઓ દ્વારા પુસ્તકનું પરીક્ષણ કરવામાં આવ્યું અને ગેલીલીઓને તપાસસમિતિ સમક્ષ બોલાવવામાં આવ્યો. ગેલીલીઓ વૃદ્ધ અને અસ્વસ્થ હતો અને તપાસસમિતિ સમક્ષ એને જે પારાવાર યાતના ભોગવવી પડી તેની કથા બહુ કરુણાજનક છે. જો તપાસ સમિતિની અદાલતમાં વિજ્ઞાનનું શિક્ષણ પામેલો (Macolano) મેકોલેનો નામનો એક ડોમીનિકન સભાસદ તરીકે ન હોત તો ગેલીલીઓ પર કદાચ વધારે સિતમ ગુજર્યો હોત. અદાલતમાં તપાસ દરમ્યાન ગેલીલીઓ નામુક્કર ગયો કે સંવાદોમાં મેં પૃથ્વી ફરે છે એ સિદ્ધાંતને પુષ્ટિ આપી જ નથી અને એણે કહ્યું કે પોતાનો સિદ્ધાંત ખરો ઠરાવવા માટે કોપરનિકસે જે કારણો અથવા તાર્કિક મુદ્દાઓ રજૂ કર્યા છે તે નિર્ણયાત્મક નથી એટલુંજ મ્હેં એ સંવાદોમાં પ્રતિપાદિત કર્યું છે. ગેલીલીઓનો આ બચાવ એના પ્રબંધની પ્રસ્તાવનામાં લખેલી હકીકતને મળતો હતો, પરંતુ એના ઉંડા ઉંડા અંતઃકરણની પ્રતીતિથી વિરુદ્ધ હતો. તપાસ સમિતિની આવી વિવેક વિચારશૂન્ય, ધર્માંધ અદાલત સાથે બાથ ભીડવાનો પ્રસંગ ઉભો થાય ત્યારે જે

મનુષ્ય વીર ન હોય તે ગેલીલીઓનો જ માર્ગ અનુસરે. અદાલતની બીજી બેઠક વખતે ગેલીલીઓએ અણછાજતી રીતે કબુલ કર્યું કે કોપરનિકસની તરફેણની કેટલીક દલીલો જરા વધારે ભારપૂર્વક રજૂ કરવામાં આવી હતી અને વળી કોપરનિકસના સિદ્ધાંતનું ખંડન કરવાની તત્પરતા દર્શાવી. એની છેલ્લી તપાસ વખતે એના પર અસહ્ય અત્યાચાર વર્ષાવવાની ધમકી આપવામાં આવી હતી. ત્યારે તેણે કહ્યું હતું કે ૧૬૧૬ નો હુકમ બહાર પડતાં પહેલાં હું કોપરનિકસની પદ્ધતિનું સત્ય પ્રમાણોથી પ્રતિપાદિત કરી શકાય એવું ધારતો, પરંતુ તે સમયથી તો મ્હને ટોલેમિની સરણી સાચી લાગી છે. બીજે દિવસે તેણે પોતેજ પ્રતિપાદિત કરેલું વૈજ્ઞાનિક સત્ય ગેલીલીઓએ જાહેરમાં તિરસ્કારી કાઢ્યું. આટલી બધી કબુલતોના બદલામાં તેને તેના વતનમાં જવાની પરવાનગી મળી, પણ તે એવી શરતે કે ત્યાં તેણે કોઇને મળવું નહિ. એની જીંદગીના છેલ્લા દિવસોમાં ગેલીલીઓએ તેના એક મિત્રને નીચે મુજબ લખ્યું હતું.

"કોપરનિકસના સિદ્ધાંતના જૂઠાપણાં વિષે ખાસ કરીને આપણે કેથલિક લોકો કશી શંકા ઉઠાવી શકીએ નહિ. શાસ્ત્રોના અખંડનીય અધિકાર અનુસાર તેનું ખંડન કરવામાં આવ્યું છે. કોપરનિકસ અને તેનાં શિષ્યોનાં અનુમાનો, એકજ સંગીન દલીલથી ઉડાવી દેવામાં આવ્યાં હતાં કે સર્વશક્તિમાન્ પ્રભુ અગણિત જુદી જુદી રીતે પોતાની કાર્યશક્તિ પ્રદર્શિત કરી શકે, આપણાં અવલોકનને પરિણામે કોઈ એક વસ્તુ આપણને અમુક રીતે બનતી માલુમ પડે તો તેથી કાંઇ ઈશ્વરની સત્તા પર આપણે કશો અંકુશ મૂકવો જોઇએ નહિ અને જેથી ભવિષ્યમાં આપણે છેતરાઇએ એવી એક પણ વસ્તુનું સમર્થન કરવું જોઇએ નહિ."

આ લખાણની ઉલટ વાણી સ્પષ્ટ છે.

અઢારમી સદીનો લગભગ મધ્ય ભાગ વીતી જતાં સુધી સૂર્યમંડળ સંબંધી સત્ય સિદ્ધાંતો શીખવવાની રોમમાં મના કરવામાં

આવી હતી. અને ૧૮૩૫ ની સાલ સુધી ગેલીલીઓનાં પુસ્તકોનો પ્રતિષેધ કરવામાં આવ્યો હતો. આ મનાઇ હુકમને લીધે ઇટલિમાં વિજ્ઞાનના અભ્યાસમાં ઘણી ખલેલ પહોંચી હતી.

રોમના ધર્માધ્યક્ષોએ બહિષ્કૃત પ્રકાશનોની જે યાદી કરી હતી તે વિચારસ્વાતંત્ર્યની લડતમાં મુદ્રણકળાની શોધ કેટલી અગત્યની હતી એ વાત આપણને યાદ કરાવે છે. એ શોધને લીધે નવા વિચારોનો બ્હોળો ફેલાવો કરવાનું કામ સહેલું થયું. અધિકાર અને બુદ્ધિ વચ્ચેની લડતમાં આ કળાની શોધ બુદ્ધિને અત્યંત મદદગાર નિવડે અને તેથી ચર્ચ–સંપ્રદાય ઘણું જોખમમાં આવી પડે એ વાત ધર્માધિકારીઓ કળી ગયા; એટલે એમણે એ નવી શોધ પર પોતાની સત્તાની રૂઇએ બનતાં અંકુશો મૂકવાનાં પગલાં લેવાં માંડયાં. વગર પરવાનગીએ પ્રસિદ્ધ કરેલાં લખાણો વિરુદ્ધ પોતાનું ધાર્મિક ફરમાન કાઢીને સને ૧૫૦૧ માં ૬ઠ્ઠા એલેકઝાન્ડર પોપે મુદ્રણનિયંતા નીમવાની શરુઆત કરી. ફ્રાન્સમાં બીજા હેન્રીએ અધિકારીની પરવાનગી વગર પુસ્તક પ્રકટ કરનારાને મોતની શિક્ષા કરવાનો હુકમ કાઢયો. જર્મનીમાં ૧૫૨૯ ની સાલમાં મુદ્રણનિયંતાની પદવી નિકળી. ઇંગ્લેંડમાં, ઇલિઝાબેથના સમયમાં, રાજ્યપરવાનગી વગર પુસ્તકો છાપી શકાતાં નહિ અને લંડન, ઓક્ષફર્ડ અને કેમ્બ્રીજ સિવાય બીજે કોઇ પણ સ્થળે છાપખાનાં કાઢવા દેવામાં આવ્યાં ન હતાં. છાપખાનાંને લગતાં કાયદાકાનુનો ઘડવા વગેરેનો બધો વહીવટ સ્ટાર ચેમ્બર નામની સભાને હાથ હતો. ઓગણીસમી સદી સુધી યુરોપમાં કોઇ પણ સ્થળે છાપખાનાંઓ ખરું સ્વાતંત્ર્ય ભોગવતાં નહતાં.

ધર્મસુધારણાની પ્રવૃત્તિ તેમજ રોમનચર્ચની પુનર્ઘટનાની પ્રવૃત્તિ જો કે પુનઃ પ્રબોધકાલને પ્રત્યાઘાત રૂપ હતી છતાં રેનાસાંને પરિણામે વ્યક્તિવાદ, વિશ્વ પ્રત્યે નવુંજ બૌદ્ધિક વલણ, અને લૌકિક જ્ઞાનની ખીલવણી જેવા જે અતિ અગત્યના ફેરફારો થયા તે સનાતન હતા અને કેથલિક અને પ્રોટેસ્ટંટ ધર્મીઓની પ્રતિસ્પર્ધી અસ-

હિષ્ણુતા છતાં સ્વાતંત્ર્ય અંતિમ લક્ષ્ય પર દોરવાને સરજાયા હતા. બુદ્ધિથી અને જ્ઞાનની વૃદ્ધિથી ઇશ્વરવિદ્યાવિદોની સત્તાનો પાયો કેવી રીતે ખોદાયો તે આપણે આગળ વર્ણવીશું. તત્ત્વવિચાર, ઐતિહાસિક વિવેચન તથા વિજ્ઞાન એ ત્રણેએ જેમાં પોતપોતાનો ભાગ ભજવ્યો છે એવી આ પ્રવૃત્તિમાં પદે પદે બુદ્ધિ અને શ્રદ્ધા (Faith) વચ્ચેનો વિરોધ તીવ્રતર થતો ગયો છે. સ્પષ્ટ, અસ્પષ્ટ શંકા વધતી ગઇ; અને Humanism સંસ્કારી સહૃદયતાના પ્રચારને લીધે ઉત્પન્ન થયેલા તથા ગુપ્ત વા પ્રકટ સંશયવાદયુક્ત ઐહિકવાદ (Secularism)ના ફેલાવાથી પારલૌકિક સુખોને બદલે ઐહિક સુખોની વૃદ્ધિ કરવામાં લોક રસ લેવા લાગ્યા. આ સ્થિર બુદ્ધિવિકાસની સાથે સાથે મતાંતર-ક્ષમા વધતી ગઇ અને વિચારસ્વાતંત્ર્યના હિમાયતીઓ સંખ્યામાં વધવા લાગ્યા. દરમ્યાન રાજકીય પરિસ્થિતિબળને અધીન થઇ રાજસત્તાઓને એકજ ધર્મમતની રક્ષા કરવાની પોતાની નીતિ નરમ કરવી પડતી તથા બીજા ખ્રિસ્તી પંથોનું દુઃખ નિવારણ કરનારા કાયદા ઘડવા પડતા. આમ ઐહિક અને રાજકીય હિત વધારવાના કારણસર વિધર્મનિષેધ અથવા નિરાસક મોક્ષનો સિદ્ધાંત ખંડન કરવામાં આવ્યો હતો. **ધાર્મિક સ્વાતંત્ર્ય એ સંપૂર્ણ વિચારસ્વાતંત્ર્યના માર્ગે ચઢવાનું અતિ ઉપયોગી પગથીયું હતું.**

# પ્રકરણ ૫ મું.

## ધાર્મિક સ્વાતંત્ર્ય.

ધાર્મિક સ્વાતંત્ર્યનાં જન્મ, પ્રતિપાદન અને પ્રચારનો ઇતિહાસ આલેખતાં આપણું ધ્યાન પ્રથમ ભારતવર્ષ તરફ વળે છે. ઈ.સ. પૂર્વે ત્રીજા સૈકામાં ધર્મપ્રિય અને ક્ષમાશીલ પ્રકૃતિનો અશોક રાજા રાજ્ય કરતો હતો. તે સમયે બૌદ્ધ અને બ્રાહ્મણ એ બે પરસ્પર વિરોધી ધર્મો વચ્ચે ધર્મ–કલહ પ્રવર્ત્તતો હતો. એક પણ ધર્મ–પંથને અન્યાય ન થાય એવી તીવ્ર ઇચ્છાથી ભૂષિત થયેલા ક્ષમાશીલ અશોકે તે બન્ને ધર્મોને પોતાના રાજ્યમાં સમાન અધિકાર અને સન્માન આપ્યાં તથા ધર્મસ્વાતંત્ર્ય આપનારાં અનુશાસનો કાઢયાં. ધાર્મિક સ્વાતંત્ર્યનાં જે જે ફરમાનો હાલમાં મળી આવે છે તે સર્વમાં અશોકનાં અનુશાસનો પ્રથમ હોવા તરીકે સુપ્રસિદ્ધ છે. યુરોપ તરફ દૃષ્ટિ માંડતા રોમન બાદશાહોનાં અનુશાસનો આપણી નજરે ચઢે છે. એ અનુશાસનો પરિણામે ખ્રિસ્તીઓના ધાર્મિક જુલમોનો અંત આવ્યો અને ધાર્મિક સ્વાતંત્ર્યના સિદ્ધાંતનું યોગ્ય પ્રતિપાદન થયું.

સોળમા શતકમાંના ધાર્મિક કલહને પરિણામે આ ધર્મસ્વાતંત્ર્યનો પ્રશ્ન તેના આધુનિક સ્વરૂપમાં ઉપસ્થિત થયો; અને સદીઓ સુધી એ પ્રશ્ન રાજનીતિજ્ઞોનો મુખ્ય વિચારવિષય તથા અનેક તકરારી પત્રિકાઓનો વિવાદવિષય થઈ પડેલો, **મતાંતરક્ષમા એટલે અપૂર્ણ ધાર્મિક સ્વાતંત્ર્ય.** આવા સ્વાતંત્ર્યના અનેક ક્રમ છે. આ ક્ષમા અમુક જ ખ્રિસ્તી ધર્મમતો અથવા તો બધા જ ખ્રિસ્તી પંથો પ્રત્યે દર્શાવાય, પરંતુ ખ્રિસ્તેતર ધર્મો પ્રત્યે નહિ; વળી બધા ધર્મો પ્રત્યે સહિષ્ણુતા દાખવવામાં આવે પણ નાસ્તિકમત સહન કરવામાં ન આવે; અથવા કેવળેશ્વરવાદી ક્ષમાપાત્ર ગણાય

કિંતુ અનીશ્વરવાદી નહિ જ. મતાંતરક્ષમાની દષ્ટિએ નાગરિકના અમુક હકકોની છૂટ આપવામાં આવે, પણ બધાની નહિ; અથવા તો શાસક સત્તા શાસિત વિધર્મી પ્રત્યે ક્ષમા દર્શાવે એટલે તેમનાં ધર્માનુષ્ઠાનમાં શાસક તરફથી કશી કનડગતો ઉભી કરવામાં ન આવે પરંતુ વિધર્મી હોવાને કારણે તેઓને જાહેર પદવી કે અમુક મુકરર ધંધાઓનો અધિકાર ન જ મળે. આમ મતાંતરક્ષમામાં સમાયલા ધાર્મિક સ્વાતંત્ર્યના અનેક ક્રમ છે અને એ સ્વાતંત્ર્ય અપૂર્ણ છે. પશ્ચિમના દેશોમાં હાલ જે ધાર્મિક સ્વાતંત્ર્ય ભોગવાય છે તે મતાંતરક્ષમાના અનેક ક્રમોદ્વારા પ્રાપ્ત થયું છે.

મતાંતરક્ષમાના આધુનિક સિદ્ધાંતના ઉદ્ભવ માટે આપણે ત્રિમૂર્તિવાદનું ખંડન કરી એકમૂર્ત્તિવાદને જન્મ આપનાર ઈટાલિઅન સુધારકમંડળના આભારી છીએ. ધર્મસુધારણા ( Reformation ) ની પ્રવૃત્તિનો પ્રચાર ઈટલિમાં થયો હતો, પરંતુ રોમ એ પ્રવૃત્તિને દાબી દેવામાં ફત્તેહમંદ નિવડયું હતું. રોમની દમનનીતિને લીધે ઘણા પાખંડમતધારીઓ સ્વીટ્ઝર્લૅન્ડ ન્હાસી છુટેલા. કૅલ્વિનની અસહિષ્ણુતામાંથી ઉગરી જવા માટે ત્રિમૂર્ત્તિવાદનું ખંડન કરનાર એકમૂર્ત્તિવાદી મંડળને ટ્રાન્સિલ્વેનીઆ અને પોલૅંડ ન્હાસી જવાની ફરજ પડેલી, જ્યાં જઈ તેમણે પોતાના સિદ્ધાંતોનો પ્રચાર કર્યો હતો. સૅાસીનસ તરીકે સુપ્રસિદ્ધ થયેલો ફૅાસ્ટો સોઝિનિ ઉપર્યુક્ત એકમૂર્ત્તિવાદનો પ્રયોજક હતો. એણે પોતાના પંથની પ્રશ્નોત્તરીમાં વિધર્મી પર જુલમ ગુજારવાની નીતિને વખોડી કાઢી છે. ધર્મના હિત માટે પશુબળનો ઉપયોગ જરુરી નથી એ માન્યતા સોસીનસના સિદ્ધાંતના પ્રચારનું જ પરિણામ છે. લૂથર અને કૅલ્વિને શાસ્ત્રાર્થ કરવામાં વ્યક્તિના સ્વતંત્ર વિચારને કશું સ્થાન આપ્યું ન હતું ત્યારે સોસાઇનીઅનોએ એ વિચારને એટલું બધું વિશાળ સ્થાન આપ્યું હતું કે બીજા પાસે સોસાઈનીઅન સિદ્ધાંત સ્વીકારાવવો એ તેમના સિદ્ધાંતથી વિરુદ્ધ ગણાત. બીજા શબ્દોમાં કહીએ તો ત્રિમૂર્ત્તિવાદનું સમ-

ર્થન કરનારા ધર્મમતોમાં બુદ્ધિવાદના તત્ત્વનો સદંતર અભાવ હતો તો આ એકમૂર્તિવાદી સોસાઇનીઅનોમાં એ તત્ત્વ મોટા પ્રમાણમાં હતું.

સેવાયના (રહીશ) Castellion કેસ્ટિલીઅને એક પત્રિકાદ્વારા સર્વેટસને બાળવાના કામને વખોડી કાઢીને મતાંતરક્ષમા માટે જાહેર પોકાર ઉઠાવ્યો અને તેમ કરી કૅલ્વિનનો તીવ્ર વિરોધ વ્હોરી લીધો. એ બધી સોસાઇનીઅન સિદ્ધાંતોની જ અસર હતી. સર્વેટસે ત્રિમૂર્તિવાદનો ઈન્કાર કરી ધર્મગુરુઓની નજરે જે ધાર્મિક પ્રમાદ કર્યો ગણાતો તે સંબંધમાં કૅસ્ટિલીઅને સર્વેટસને નિર્દોષ લેખ્યો. કારણ, ભ્રાંતિ એ દોષાસ્પદ નથી એવું તે કહેતો. પ્રારબ્ધવાદ તથા ત્રિમૂર્તિવાદ જેવા ગૂઢ પ્રશ્નોને ધર્મગુરુઓ જે અગત્ય આપતા તેને તે હસી કાઢતો. "યહુદી સ્મૃતિ અને ખ્રિસ્તીધર્મશાસ્ત્ર વચ્ચેનો અથવા તો વગર માગ્યે પાપોની માફી આપવાના કૃત્ય અને એકની પવિત્રતા બીજાને અર્પવાની ક્રિયા એ બે વચ્ચેનો તફાવત ચર્ચવો એ તો રાજા ઘોડેસ્વાર થઇને આવશે કે રથારૂઢ થઈ, અથવા તો શ્વેત વસ્ત્રો ધારણ કરીને આવશે કે લાલ,–એવા પ્રશ્નોની કોઈ ચર્ચા કરે એના જેવું છે. **જો જુલમ ગુજારવો એ ધર્મનું અનિવાર્ય અંગ ગણાતું હોય તો ધર્મ, ધર્મ નથી, પણ શાપરૂપ છે.**

ચિરકાળ સુધી માત્ર સોસાઇનીઅન લોકો અને પોલેંડમાંથી બહિષ્કૃત થતાં સોસાઇનીઅનોના જર્મની અને હોલેંડમાં વસ્યા બાદ તેમની અસર પામેલા લોકો જ મતાંતરક્ષમાની હિમાયત કરનારા હતા. એમની પાસેથી (Anabaptists) જળસંસ્કારવિરોધીઓએ એ સિદ્ધાંત ગ્રહણ કર્યો. આમ હોલેંડમાં મતાંતરક્ષમાની હિમાયત શરુ થઇ. પરંતુ એ શરૂઆત ઉપર્યુક્ત મતાંતરક્ષમાના સિદ્ધાંતનો સ્વીકાર કરવા પૂરતી જ ન હતી. હોલેંડમાં તો આ સિદ્ધાંત ઉપરાંત વ્યક્તિના અંતઃકરણના સ્વાતંત્ર્યનો સિદ્ધાંત પણ પ્રતિપાદિત થયો. 'આંતર વિગ્રહ' અને 'પ્રજાતંત્ર' (Commonwealth)

ના ઈતિહાસમાં મુખ્ય ભાગ ભજવનારા ઇગ્લેંડના (સંઘવાદીઓ) Congregationalists ના પંથના સ્થાપકે અંતઃકરણ–સ્વાતંત્ર્યનો સિદ્ધાંત હોલેંડમાં દાખલ કર્યો હતો.

સોસીનસનું માનવું એવું હતું કે આ સિદ્ધાંત ચર્ચ પરની રાજ્યની સત્તા દૂર કર્યા વગર–ચર્ચ અને રાજ્યનાં ક્ષેત્ર નોખાં પાડયા વગર–પણ સિદ્ધ કરી શકાય. રાજસત્તા અને ધર્મસત્તાનો જેમાં સુયોગ થાય અને રાજધર્મવિરોધી પંથો પ્રત્યે જેમાં પૂર્ણ સહિષ્ણુતા દર્શાવાય એવી યોજના ઘડી કાઢવાનો એનો વિચાર હતો. આ પ્રકારની યોજનાથી જ× યુરોપીય રાજ્યોમાં ધાર્મિક સ્વાતંત્ર્ય સિદ્ધ થયું છે. પરંતુ આ યોજના કરતાં એક બીજી વધારે સરળ યોજના છે;–રાજસત્તા અને ધર્મસત્તાનાં ક્ષેત્ર નોખાં કરવાની તથા પ્રત્યેક ધર્મને સમાન સ્થિતિમાં મૂકવાની. જળસંસ્કારવિરોધીઓને કદાચ આજ યોજના વધારે પસંદ પડી હોત. તેમને રાજ્ય પ્રત્યે તિરસ્કાર હતો અને ધાર્મિક સ્વાતંત્ર્યનો સિદ્ધાંત તેમની નજરે બહુ કિંમતી ગણાતો નહતો. જળસંસ્કારવિરોધી ધર્મપાટસ્થ સત્તા (anabaptist) Theocracy) ની સ્થાપના એ જ એમની આદર્શ રચના ગણાઈ હોત. પરંતુ એને અભાવે રાજસત્તા અને ધર્મસત્તાનાં ક્ષેત્રો નોખાં કરવાની યોજના એમને સાપેક્ષ દૃષ્ટિએ શ્રેષ્ઠ લાગતી.

યુરોપમાં રાષ્ટ્ર અને ચર્ચનાં કાર્યક્ષેત્રો ભિન્ન કરવા તરફ લોકમત જોઇએ તેટલો કેળવાયલો ન હતો; કારણ કે મોટાં મોટાં ધર્મમંડળો એકસરખી રીતે એમ માનતાં કે વિધર્મી પ્રત્યે ક્ષમા દર્શાવવી એ ધર્મની દૃષ્ટિએ ઘોર પાપ છે. પરંતુ આ યોજના સત્તરમા શતકમાં અમેરિકાના એક ન્હાના ખુણામાં અમલમાં મૂકાઈ. જે પ્યૂરિટન ( ચોખલીઆ ) લોકો ઇગ્લેંડના ચર્ચ અને રાષ્ટ્રની અસહિ-

× **નોંધ**—આ યોજનાને ' જ્યુરિસ્ડિક્ષનલ ' પદ્ધતિ કહે છે. આ પદ્ધતિમાં રાષ્ટ્રને માન્ય એક ચર્ચ ઉપર રાષ્ટ્રની પુરી હકુમત હોય છે અને બીજાં ચર્ચોને પૂર્ણ સ્વાતંત્ર્ય હોય છે.

ષ્ણુતાથી ત્રાસીને **ન્યુ ઇંગ્લેંડમાં** જઇ વસેલા તેઓ જાતે **એંગ્લીકન** અને **કેથલિક** તેમજ **બેપ્ટિસ્ટ** અને **કવેકર** પંથો પ્રત્યે અસહિષ્ણુતા દર્શાવવામાં ઇંગ્લેંડના ચર્ચ અને રાજ્ય કરતાં કોઈ રીતે ઉતરતા ન હતા. એમણે પરદેશમાં ધર્મપાટસ્થ સત્તા સ્થાપન કરી હતી અને તેમાંથી વિધર્મીઓને બાતલ કર્યા હતા. એક રોજર વિલિઅમ્સ નામના માણસે હોલેંડના આર્મિનિયન પક્ષના માણસોનો રાજ્યસત્તાથી ધર્મસત્તા નોખી કરવાનો સિદ્ધાંત ગ્રહણ કર્યો હતો. પ્યૂરિટન લોકોને રોજર વિલિઅમ્સના આ નવા વિચારો રુચ્યા નહિ. પાખંડમત ફેલાવવાના તોહોમતસર તેને મેસેચ્યુસેટ્સમાંથી બહિષ્કૃત કરવામાં આવ્યો એટલે રોજર વિલિઅમ્સે પ્યૂરિટન (ચોખલીઆ) સંસ્થાનવાસીઓના જુલમના ભોગ થયેલા માણસોના આશ્રય માટે **પ્રોવિડન્સ** સંસ્થાનની સ્થાપના કરી. આ સંસ્થાનમાં તેણે બહુશાસન રાજપદ્ધતિ ( Democratic constitution ) દાખલ કરી. અને આ પદ્ધતિ અનુસાર માજીસ્ટ્રેટોનો અધિકાર કેવળ રાજકીય અને સાંસરિક બાબતોનો નિકાલ કરવા પૂરતો રહ્યો, ધાર્મિક બાબતોમાં તેઓ માથું મારી શકતા નહિ. રોં'ડ (Rhode)ના ટાપુમાં પ્રોવિડન્સ ઉપરાંત બીજાં શહેરો સત્વર સ્થપાયાં; રાજા બીજા ચાર્લ્સે એક (Charter) શાસન તંત્રનો પટો આપી રોજરના રાજ્ય બંધારણને મ્હાલી આપી અને આ રાજપદ્ધતિમાં ગમે તે ખ્રિસ્તી પંથમાં માનનારા શહેરીઓને બધા રાજદ્વારી હક્કો બક્ષવામાં આવ્યા. અહિં ખ્રિસ્તીધર્મેતર પ્રજાને કશી કનડગત કરવામાં આવતી ન હતી, પરંતુ ખ્રિસ્તીઓની માફક તેમને નાગરિકના બધા હકકો આપવામાં આવ્યા ન હતા. આટલે અંશે, આ નવા રાજ્યમાં પૂર્ણ સ્વાતંત્ર્યની ખામી હતી, છતાં યહુદિઓને તુરતજ નાગરિકના પૂર્ણ હકકો બક્ષવામાં આવ્યા હતા એ હકીકત રોં'ડના ટાપુમાંનું વાતાવરણ કેવું સ્વતંત્ર હતું તેની સાક્ષી પૂરે છે. વિધર્મી પ્રત્યે ક્ષમાશીલ અને ધર્મતંત્રમાં રાજ્યની સત્તા દૂર કરવાના સિદ્ધાંતનું અક્ષરશઃ પાલન કરનારું પ્રથમ આધુનિક રાજ્ય સ્થાપન કરવાનું માન આમ રોજર વિલિઅમ્સને ઘટે છે.

રોમન કેથલિકોના મેરિલેંડ સંસ્થાનમાં પણ મતસ્વાતંત્ર્યનો સિદ્ધાંત પ્રતિપાદિત થયો હતો, પરંતુ ઉપરના કરતાં જુદીજ રીતે. લોર્ડ બાલ્ટિમોરની લાગવગને લીધે ૧૬૪૯માં ધાર્મિક સ્વાતંત્ર્યના પ્રથમ ફરમાન તરીકે સુપ્રસિદ્ધ થયેલો અને ધારાસભાના સભ્યોની સંમતિથી પસાર થયેલો તથા બધા ખ્રિસ્તીઓને પૂર્ણ સ્વાતંત્ર્ય આપનારો 'મતાંતર ક્ષમાનો કાયદો' નિકળ્યો. જો કોઈ માણસ ઈસુ ખ્રિસ્તને માને તેને તેના ધર્મપાલનમાં કોઈ પણ રીતે હેરાન કરવામાં આવતો ન હતો. પરંતુ ખ્રિસ્તીઓના વાડા બ્હારના પંથોના સંબંધમાં એ કાયદો ઘણો કડક હતો. જો કોઇ દેવનિંદા કરે કે ત્રિમૂર્તિવાદને અસત્ય ઠરાવવા પ્રયાસ કરે અથવા તો ત્રણમાંથી ગમે તે એકને નિંદે તેને મોતની સજા કરવાની એ કાયદામાં ધમકી હતી. મેરિલેંડમાંના આ મતાંતરક્ષમાના કાયદાથી વર્જીનીઆમાં વસેલા પ્રોટેસ્ટંટ સંસ્થાનવાસીઓ એટલા બધા આકર્ષાયા કે ટૂંક સમયમાં મેરિલેંડમાં પ્રોટેસ્ટંટ લોકોની મોટી વસ્તી થઈ; અને રાજદ્વારી બાબતોમાં તેમને પ્રાધાન્ય મળ્યું કે તુરત તેમણે પેપિસ્ટ (પોપપંથી) અને પ્રેલેટિસ્ટ લોકોનું મતસ્વાતંત્ર્ય ઝુંટવનારો કાયદો દાખલ કર્યો. (૧૬૫૪) વળી પાછી ૧૬૬૦ની સાલમાં બાલ્ટિમોરના અનુયાયીઓના હાથમાં સત્તા આવી, પરંતુ ૩ જો વિલિઅમ ગાદી પર આવ્યો કે તુરત ફરી પ્રોટેસ્ટંટોની સત્તા જામી, અને મેરિલેંડમાં કેથલિકોએ જે મતસ્વાતંત્ર્ય સ્થાપિત કર્યું હતું તેનો અંત આવ્યો.

પણ રો'ડના ટાપુમાં તેમજ મેરિલેંડમાં જે સ્વાતંત્ર્ય સ્થપાયું તે પૂર્ણ ન હતું. પરંતુ સોસીનસના સિદ્ધાંતના આધારે પ્રતિપાદિત કરવામાં આવેલું રો'ડ ટાપુમાંનું સ્વાતંત્ર્ય મેરિલેંડમાંના સ્વાતંત્ર્ય કરતાં વધુ વ્યાપક અને વધુ અગત્યનું હતું. ઈંગ્લેંડના પારતંત્ર્યમાંથી સદંતર મુક્ત થયા પછી સંસ્થાનોએ જે સંયુક્તરાજ્યબંધારણ Federal Constitution ઘડ્યું તે કેવળ સાંસારિક બાબતોને લગતું હતું. છતાં ઉપર્યુક્ત સંયુક્ત રાજ્યબંધારણ સાથે જોડાયલાં ભિન્ન

ભિન્ન સંસ્થાનો રાજ્ય અને ધર્મનાં ક્ષેત્ર નોખાં રાખવાં કે નહિ એ વિષેનો નિર્ણય કરવામાં સ્વતંત્ર હતાં. અમેરિકન રાજ્યોમાં બન્ને ક્ષેત્રો પરસ્પર અસંબદ્ધ રાખવાનો લગભગ નિયમજ થઈ પડયો એનું ખાસ કારણ કદાચ એ છે કે એ સિવાય કોઈ અન્ય પરિપાટિમાં પંથ પંથ વચ્ચે પરસ્પર સહિષ્ણુતા સ્થાપવી મુશ્કેલ થઇ પડત. અમેરિકન રાજ્યોમાં જો કે મોટે ભાગે મતસ્વાતંત્ર્ય અને ધાર્મિક સ્વાતંત્ર્ય સ્થપાયાં છે, ગમે તે પંથ પોતાના અંતરના અવાજને પ્રમાણ ગણી યથેચ્છ ન્યાટય વ્યવહાર ચલાવી શકે છે, છતાં સર્વ પંથને રાજદ્વારી હક્કો કે નાગરિક તરીકેના હક્કો સરખા મળ્યા નથી. મેરિલેંડ અને કેટલાંક દક્ષિણનાં રાજ્યોમાં અનીશ્વરવાદીઓને હજુ પણ રાજ્યની પદવીઓ માટે લાયક ગણવામાં આવ્યા નથી.

હવે ઈંગ્લેંડ તરફ વળીએ. ઇંગ્લેંડમાં પણ જો ઇન્ડિપેન્ડન્ટ પક્ષનું ધાર્યું થયું હોત તો પ્રજાતંત્ર ( Commonwealth ) ના સમયમાં (ત્યાં પણ) રાજ્ય અને ધર્મનાં ક્ષેત્રો નોખાં કરવાનો અખતરો અજમાવાયો હોત. પરંતુ ક્રોમવેલે પોતાના અધિકારના બળે એ પદ્ધતિ અમલમાં આવવા દીધી નહિં. નવા પ્રજાકીય ચર્ચમાં પ્રેસ્બીટેરિઅન ઇન્ડિપેન્ડન્ટ અને Bapists ( જળસંસ્કારવાદીઓ ) સર્વને સ્થાન હતું પરંતુ રોમન કેથલિક અને એંગ્લિકન સિવાયના ખ્રિસ્તી પંથોને પૂજાસ્વાતંત્ર્ય આપવામાં આવ્યું હતું. પાર્લામેન્ટ ( પ્રતિનિધિ સભા ) ને અધિકાર હોત તો આ અપૂર્ણ સ્વાતંત્ર્યને પણ તેણે માત્ર નામનુંજ કરી નાંખ્યું હોત, પ્રેસ્બિટેરિઅન લોકો મતાંતરક્ષમાને શેતાનનું કાર્ય લેખતા અને શકય હોત તો તેમણે ઇન્ડિપેન્ડન્ટ પક્ષને રંજાડવામાં બાકી રાખ્યું ન હોત. પરંતુ ક્રોમવેલના આપખુદ રાજતંત્રમાં એંગ્લિકન પક્ષના માણસો પણ શાંતિથી રહેતા અને યહુદી પ્રત્યે પણ સહિષ્ણુતા દાખવવામાં આવતી. પ્રસ્તુત સમયમાં દશે દિશામાંથી સામાન્ય કારણોસર મતાંતર ક્ષમા અને ધર્મ સ્વાતંત્ર્ય પ્રતિપાદિત કરવાની હિમાયત કરનારા પોકારો ઉઠતા હતા.

એ પોકારોમાં કવિ મિલ્ટન જે ધર્મ અને રાજ્યનાં ક્ષેત્રો ભિન્ન કરવાની તરફેણમાં હતો તેનો પોકાર ઘણો પ્રબળ હતો. મતાંતર ક્ષમાના ચુસ્ત હિમાયતી તરીકે મિલ્ટન સુપ્રસિદ્ધ છે.

રાજાજ્ઞા વગર પ્રકટ થનારા લેખો પર કોઈ પણ પ્રકારનાં બંધન ન રાખવાની માગણી કરનારા Areopagitika એરિઓપેગાઇટિકા નામના પોતાના ગ્રંથમાં મિલ્ટને છાપખાનાના સ્વાતંત્ર્ય માટે તીવ્ર ઝુંબેશ ઉઠાવી છે. છાપખાનાંને છૂટ આપવા માટે એણે વાક્ચાતુર્યયુક્ત જે જે દલીલો રજુ કરી છે તે સામાન્યતઃ હરેક પ્રકારના વિચારસ્વાતંત્ર્ય માટેની મજબુત દલીલો છે. એ ગ્રંથમાં એણે બતાવી આપ્યું છે કે છાપખાનાં પર મુદ્રણનિયંતા નીમવાથી મનુષ્ય પોતાને સુવિજ્ઞાત જ્ઞાનના પ્રદેશોમાં પોતાની બુદ્ધિ વાપરતો અટકશે એટલુંજ નહિ. (તેની બુદ્ધિ એ સખ્તીને પરિણામે સ્થૂલ થતી જશે એટલુંજ નહિ) પરંતુ ધાર્મિક અને વ્યવહારિક ક્ષેત્રમાં જ્ઞાનની પ્રગતિ અટકી જશે, બન્ને ક્ષેત્રોમાંનાં સત્યોના અન્વેષણમાં બુદ્ધિની ગતિ કુંઠિત થશે, સર્વ પ્રકારની વિદ્યાને અદ્ય પર્યંત મળતું ઉત્તેજન બંધ થશે અને સત્યની શોધ સદંતર અટકી જશે. આમ અનર્થની પરંપરા ઉભી થશે. નવા નવા અભિપ્રાયો પ્રકટ કરવાથીજ સત્યની પ્રગતિ થઈ શકે છે; સ્વતંત્ર ચર્ચાથીજ સત્યાન્વેષણ થઇ શકે છે; એ સત્યો આપણે અવગણવાં ન જોઇએ. સત્યની સરિતાનાં સલિલ પ્રગતિના સાગર પ્રત્યે સતત ઉછાળાં મારતાં નહિ વહે તો તે સૂકાઇ સંકુચિત થઇને રૂઢિ અને અંધશ્રદ્ધાના કાદવવાળા બંધ ખાબોચિયાં રૂપ થઇ જશે. પુસ્તકપ્રસિદ્ધિના કાર્ય પર જો આચાર દષ્ટાનો કડક ડોળો ફરતોજ રહે તો કોઇ પણ ક્ષેત્રમાં પ્રગતિ કરવાની આશા આકાશકુસુમવત્ છે. બેકન પણ કહે છે કે મુદ્રણનિયંતાની પસંદગીથી પ્રકટ થતાં પુસ્તકો માત્ર પ્રચલિત સમયના વિચારોના વાહક હોય છે, એમનાં દ્વારા પ્રગતિનો માર્ગ સરળ થતો નથી. જે જે દેશોમાં મુદ્રણનિયંતા નીમવાની પદ્ધતિનું કડક પાળન કરવામાં આવ્યું છે તે તે દેશોના

દાખલા પરથી આપણે જોઈ શકીએ છીએ કે એ પદ્ધતિ પ્રજાની નીતિમાં વૃદ્ધિ કરવામાં ઉપયોગી નિવડી નથી. "ઇટલિ અને સ્પેઇન તરફ દૃષ્ટિ કરો અને જુઓ કે જ્યારથી પુસ્તકો પર તપાસની સખ્તી શરુ થઇ છે ત્યારથી એ એમાંથી કોઇ રતિ માત્ર પણ વધારે સારું, વધારે પ્રામાણિક, વધારે જ્ઞાનયુક્ત કે વધારે પવિત્ર થયું છે? (જરા યે નહિ) હા, સ્પેઇન કદાચ એમ કહી શકે કે અહિંની પ્રજા વધારે રૂઢિચૂસ્ત થઈ છે. પણ તેથી શું? નીતિ વિષયમાં એની જરા પણ પ્રગતિ થઇ જ નથી. મુદ્રણનિયંતા નીમવાની પ્રથા કલ્પવામાં આવતા તે ફાયદા કરતી નથીજ, બલ્કે હાનિ કરે છે. મિલ્ટન તો રાષ્ટ્રિય સ્વાતંત્ર્ય કરતાં પણ વિચાર સ્વાતંત્ર્યને વધારે ઉંચું સ્થાન આપે છે. "બીજાં બધાં સ્વાતંત્ર્યો કરતાં મ્હને મ્હારા અંતઃકરણના અવાજ અનુસાર જ્ઞાન મેળવવાની, બોલવાની અને સ્વતંત્ર ચર્ચા કરવાની છૂટ આપો." એજ મ્હને સર્વથી પ્રિય છે.

પ્રજાતંત્ર (Commonwealth) ના અંત પછી રાજાશાસન (Monarchy) પુનર્જીવન પામ્યું અને એંગ્લિકન ચર્ચ (Church) ફરીથી સત્તારૂઢ થયું. આ સમયમાં (Dissenters) ડિસેન્ટર્સ વિરુદ્ધ દમનનીતિ શરુ થયું, કાયદાઓ ઘડાયા અને ધાર્મિક સ્વાતંત્ર્યનું નામનિશાન ભૂસાઇ ગયું. પછી બળવો જાગ્યો અને એ બળવાને પરિણામે ૧૬૮૯ ની સાલમાં મતાંતરક્ષમાનો કાયદો પસાર થયો. આજની ઘડીએ ઈંગ્લેંડ જે ધાર્મિક સ્વાતંત્ર્ય ભોગવે છે તે એ કાયદાનું મિષ્ટ ફળ છે. આ કાયદાની રુઇએ પ્રેસ્બિટેરિઅન, (Congregationalists) સંઘવાદીઓ, જળસંસ્કારવાદીઓ અને કવેકરને પૂજા-સ્વાતંત્ર્યનો અધિકાર મળ્યો. પરંતુ કેથલિકો અને એકમૂર્ત્તિવાદીઓ (Unitarians) ને ઇરાદાપૂર્વક બાતલ રાખવામાં આવ્યા હતા. બીજા ચાર્લ્સના સ્વાતંત્ર્યને કચડી નાંખનારા કાયદાઓ એ બે પંથો વિરુદ્ધ કાયમ જ રહ્યા. આ 'મતાંતર ક્ષમાનો કાયદો' અંગ્રેજી મુત્સદ્દીગીરીનું લાક્ષણિક ઉદાહરણ છે. ન્યાય દૃષ્ટિથી જોતાં એ કાયદો અયુક્તિક,

અસંગત અને અયોગ્ય હતો. ક્ષમા અક્ષમાનું તેમાં મિશ્રણ હતું, છતાં તે સમયના લોકોના મત અનુસાર અને સંજોગોને તદ્દન અનુરૂપ હતો.

એજ ૧૬૮૯ ના વર્ષમાં જ્હોન લૉકનો પહેલો સુપ્રસિદ્ધ 'મતાંતરક્ષમાને લગતો પત્ર' પ્રકટ થયો. ત્યાર પછી બીજા ત્રણ પત્રો પ્રસિદ્ધ થયા, જેમાં તેના સિદ્ધાંતને પૂર્ણ વિસ્તારથી સમજાવવામાં આવ્યો છે. આ નિબંધની મુખ્ય દલીલ એવા સિદ્ધાંત પર યોજાયલી છે કે પૌરસરકારનું કાર્યક્ષેત્ર ધર્મનાં કાર્યક્ષેત્રથી તદ્દન ભિન્ન છે, રાજને ધર્મવિષયમાં માથું મારવાનો વાજબી અધિકાર નથી; રાજ્ય એ તો પોતાના સભ્યોનાં જીંદગી, માલમિલ્કત, આરોગ્ય અને સ્વાતંત્ર્ય રક્ષનારો એક સમાજ જ છે. **સામાજીક ઉન્નતિ કરવી એ રાજધર્મની પરાકાષ્ઠા છે.** બીજા માણસોની જેમ રાજ્યના ન્યાયાધીશોને પણ વ્યક્તિની નૈતિક કે આધ્યાત્મિક ઉન્નતિ સાધવાનું કામ સોંપાયલું નથી. એ કર્ત્તવ્ય ધર્મગુરુઓનું છે. ફોજદારી ન્યાયાધીશ તો માત્ર બહારની સત્તા, સ્થૂલ સત્તા વાપરી શકે, પરંતુ સદ્ધર્મનું લક્ષણ એ છે કે તેની અંતરાત્માને પ્રતીતિ થવી જોઇએ. **અંતરિન્દ્રિયને જેમાં વિશ્વાસ ઉત્પન્ન થાય તે જ સાચો ધર્મ. ઉપરચોટિયા કબુલાત અને અંતરમાં ઉંડી ઉંડી શંકા એ પાખંડ ધર્મ–સગવડીઓ ધર્મ–કાયરનો ધર્મ, સાચો ધર્મ નહિજ.** ધર્મનાં સત્ય મનમાં ઠસવાં જોઇએ. પણ મન પ્રભુએ એવું ઘડયું છે કે બળાત્કાર, જુલમ કે દબાણથી તે વશ થઇ શકે નહિ. ફોજદારી ન્યાયાધીશોની સખ્તી આમ નિષ્ફળ નિવડે છે. વળી અમુક ધર્મ સર્વ પાસે કબુલાવવા માટે રાષ્ટ્ર કાયદાઓ ઘડે એ પણ અયોગ્ય છે, મૂર્ખાંમી ભરેલું છે. કારણ શિક્ષા વિના કાયદા નકામા અને શિક્ષા પ્રતીતિજનક ન હોવાથી શિક્ષા ફરમાવવી એ અયોગ્ય અને અસભ્ય પગલું ગણાય.

વળી, શિક્ષાથી મનુષ્યની માન્યતાઓ ફેરવી શકાતી હોય તો

પણ એ માર્ગે મોક્ષ સાધવો અસંભવિત છે. જો બધા જ અંધશ્રદ્ધાથી રાજ્યકર્તાઓની ઇચ્છાને વશ થાય અને રાજધર્મ સ્વીકારે તો શું ? નરકયાતના અને ઐહિક દુઃખોમાંથી વધુ માણસો ઉગરી શકે એવી ચોક્કસ આશા બાંધી શકાય ? કદી નહિ. કારણ આ દુનિયાના રાજકર્તાઓના ધર્મ જુદા જુદા છે; આથી સાચો ધર્મ તો કેવળ એક જ રાજ્યમાં પ્રચલિત હોય. પરિણામે બીજા રાજ્યની પ્રજાઓ **'अन्धेनैव नीयमाना अन्धाः'** એ ન્યાયે અસત્ય ધર્મમાં માનનારા રાજાને અનુસરીને પાયમાલ થઈ જાય. અહો ! આ પ્રથાથી મહાન્ વિનિષ્ટ ઉપજે. અંધશ્રદ્ધાથી રાજધર્મને અનુસરવામાં આ એક જ હાનિ નથી. એ પદ્ધતિ પ્રચારમાં આવવામાં મનુષ્યના સુખ દુઃખનો આધાર તેમનાં ઇષ્ટ દેવ દેવીઓ પર ન રહેતાં તેમની જન્મ ભૂમિ પર રહેશે. આ તેમની દેવભાવના કેટલી અણજુગતી લાગે છે ! બળાત્કારે પ્રજા પાસે રાજધર્મ સ્વીકારાવવામાં મનુષ્યનો આત્મોદ્ધાર અશક્ય છે. લૉક પોતાના નિબંધમાં આવી જ મતલબની દલીલ પર ભાર મૂકે છે. જો પ્રજાજનો પાસે રાજધર્મ બળાત્કારે સ્વીકારાવવામાં રાજ્યને વાજબી લેખીશું તો પરિણામ એ આવશે કે જે એક બે રાજ્યમાં સાચો ધર્મ પ્રવર્તતો હશે તે સિવાયનાં બધાં જ રાજ્યોની પ્રજાને અસત્ય ધર્મ ગ્રહણ કરવાની ફરજ પડશે, રાજકર્મના વાજબીપણાની દલીલના બળે જો ઈંગ્લેંડમાં પ્રોટેસ્ટંટ ધર્મને ઉત્તેજન આપવામાં આવે તો એ નિયમાનુસાર ફ્રાન્સમાં કેથલિક ધર્મનો પ્રચાર કરવામાં આવશે. જે ઇંગ્લેંડમાં યોગ્ય, સાચું અને કલ્યાણકારક લેખાય તે રોમ, ચીન અને જીનીવામાં પણ સાચું લેખાશે. આમ અનેક અસત્ય પાખંડમતો રાજ્યસત્તાને પરિણામે પ્રચારમાં આવશે. અસહિષ્ણુતાથી આવી વસ્તુસ્થિતિ ઉપસ્થિત થાય છે; અને આથી વધુ બુરી દશા શી હોઈ શકે ? માટે મતાંતરક્ષમા અવશ્ય સ્વીકાર્ય છે; કારણ એના વાતાવરણમાં જ સત્યધર્મને સુપ્રચલિત થવાની ઉત્તમ તક પ્રાપ્ત થાય છે.

લૉક મૂર્ત્તિપૂજકોને–ઉત્તર અમેરિકાના ઈન્ડીઅનો–પૂર્ણ સ્વાતંત્ર્ય આપવાના મતનો છે, અને જે ધર્મગુરુઓએ ધર્મઝનુનથી ઉશ્કેરાઇ એ નિર્દોષ મૂર્ત્તિપૂજકોને તેમનો પ્રાચીનધર્મ ત્યજવાનો બળાત્કાર કર્યો હતો તેમની તે સખ્ત ઝાટકણી કાઢે છે. પણ ખ્રિસ્તી ધર્મના વાડા બ્હારના પંથોને પણ સ્વાતંત્ર્ય આપવાની લૉક હિમાયત કરે છે. છતાં એ જે સ્વાતંત્ર્ય પ્રતિપાદિત કરવા માગે છે તે પૂર્ણ નથી. પ્રથમ તો એ રોમન કેથલિકોને ધર્મસ્વાતંત્ર્ય આપવાની વિરુદ્ધ છે. લૉક એમને બાતલ રાખવાની હિમાયત કરે છે એનું કારણ કાંઇ રોમન કેથલિકોના ધર્મસિદ્ધાંતો નથી. લૉક કહે છે કે રોમન કેથલિકો—

(૧) પાખંડમતધારીઓ (એમનાથી જુદા ધર્મમતના માણસો) વિશ્વાસ રાખવા લાયક નથી; માટે એમનો નાશ કરવો જોઇએ.

(૨) રાજાને ધર્મપંથમાં બહિષ્કૃત કરી શકાય અને પંથભ્રષ્ટ કરવામાં આવેલા રાજાનો અધિકાર એની રાજગાદી પરથી કાઢી નાંખી, એનાં રાજ્ય અને ગાદી જપ્ત કરવાં જોઈએઃ–

એવું ઉપદેશે છે; તથા ત્રીજું, તેઓ પરદેશી રાજા–પોપ–નો આશ્રય શોધે છે અને તેની સેવા ઉઠાવે છે,–માટે એમને ધાર્મિક સ્વાતંત્ર્યથી વંચિત રાખવા જોઈએ. આવાં ત્રણ કારણોસર લોક રોમન કેથલિકોને ધાર્મિક સ્વાતંત્ર્યમાંથી બાતલ રાખવાની હિમાયત કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો લૉક કેથલિકોને રાજ્યને નુકસાનકર્તા લેખે છે અને તેથી તેમને સ્વાતંત્ર્ય આપવા તૈયાર નથી. બીજે નંબરે, તે અનીશ્વરવાદીને સ્વાતંત્ર્ય આપવાની વિરુદ્ધ છે. એનું કહેવું એવું છે કે જે કોઈ ઇશ્વરનું અસ્તિત્વ જ સ્વીકારતો ન હોય તેના આચારવિચારો તરફ ક્ષમાદષ્ટિ રાખવી યોગ્ય નથી. અનીશ્વરવાદીઓને તો દમ્યે જ છુટકો. એમને તો સંખાય જ કેમ ? વચન, કરાર કે સોગંદનામાં જેવાં સામાજીક બંધનો અનીશ્વરવાદીને કોઈ રીતે બંધનકારક થાય જ નહિ, જે ઈશ્વરને ઘોળી પીએ તે વચનો,

કરાર કે સોગંદનામાને શું માન્ય રાખશે? વળી, જેઓ પોતાના અનીશ્વરવાદથી ધર્મમાર્ગને ઉન્મૂળ કરે તેમને ધર્મને બ્હાને મત સ્વાતંત્ર્યના હક્કનો દાવો કરવાનો અધિકાર નથી. અનીશ્વરવાદની રક્ષા થવી જોઇએ એવી કદાચ માગણી થાય તો પણ રાજ્યે તે તરફ આંખ આડા કાન કરવા જોઇએ. અનીશ્વરવાદ એ ધર્મ નથી પણ ધર્મનો અભાવ છે; અને એવા ધર્મશૂન્ય મતની રક્ષા કરવા રાજ્ય બંધાયલું નથી. લૉકના સ્વાતંત્ર્યના વિચાર આટલે અંશે મર્યાદિત હતા.

ધર્મસ્વાતંત્ર્યના અધિકારીઓમાં કેથલિક અને અનીશ્વરવાદીને લૉકે અપવાદરૂપ ગણ્યા એ પરથી પ્રતીત થાય છે કે લૉક તેના સમયના પૂર્વગ્રહોની અયોગ્ય અસરમાંથી મુક્ત ન હતો. લૉકની દૃઢ માન્યતા હતી કે જે વસ્તુઓ મનુષ્યની શક્તિથી પર હોય તે વિષે કાયદાનાં બંધનો ઉભા કરી સખ્તી ગુજારવી એ કેવળ મૂર્ખામી છે. એક કે અન્ય વસ્તુને સત્ય માનવી એ આપણી ઇચ્છા બ્હારની વાત છે. તેની આ માન્યતામાં રહેલું તત્ત્વ જેમ રોમન કૅથોલિક પંથને તેમ પ્રોટેસ્ટંટ પંથને અને જેમ અનીશ્વરવાદીઓએ તેમજ કેવળેશ્વરવાદીઓને સરખી રીતે લાગુ પડે છે. આમાંના ગમે તે મતને સત્ય **માનવા મનાવવામાં** મનુષ્યેચ્છા કે કાયદાનાં બંધનો નકામાં છે. કોઇ ઉચ્ચ, અગમ્ય સત્તા, અંતઃકરણના કોઈ ગૂઢ પ્રેરિત ભાવો, એક અથવા બીજા ધર્મના સત્ય તરફ મનુષ્યોને પ્રેરે છે. રોમન કેથલિકો અને અનીશ્વરવાદીઓને અપવાદરૂપ ગણવામાં લૉકે પોતાના દૃઢ મતને પ્રતિકૂળ વલણ સ્વીકાર્યું હતું, પણ કદાચ લૉક એમ માનતો હતો કે અનીશ્વરવાદીઓના તત્ત્વવિચાર વાદીઓની ઇચ્છાનુસાર ઘડાયા હતા; અને તેની આવી માન્યતા હોવાથી તેણે અનીશ્વરવાદીઓને અપવાદરુપ ગણવાની હિંમત કરી હોય. એનો સમકાલીન સ્પાઇનોઝા વસ્તુતઃ અનીશ્વરવાદી ન હતો છતાં સાકાર ઇશ્વરમાં તેને શ્રદ્ધા ન હોવાથી તે (સ્પાઇનોઝા) અનીશ્વરવાદી લેખાતો. એટલા માટે લૉક તેને પોતાના રાજ્યમાં પેસવા જ ન દેત.

ગમે તેમ હો; લૉકના સ્વાતંત્ર્ય વિચાર મર્યાદિત છે, છતાં એનું 'મતાંતરક્ષમા'નું પુસ્તક અતિ ઉપયોગી અને અમૂલ્ય છે અને એ ગ્રંથમાંની દલીલોને આધારે ખુદ ગ્રંથના કર્તા ધારતા હતા તેથી વધારે આગળ આપણે મતાંતરક્ષમા અને બુદ્ધિવાદના ક્ષેત્રમાં પ્રગતિ કરી શકયા છીએ. વિરાગને બદલે રાગવૃત્તિને એ ગ્રંથમાં પ્રાધાન્ય આપવામાં આવ્યું છે અને ધર્મસંસ્થામાં ઉથલપાથલ કરવાની તેમાં ભલામણ છે. ચર્ચ—ધમસંપ્રદાય એ તો માત્ર સ્વતંત્ર અને યાદચ્છિક સમાજ છે. એ સમાજને કોઈ પણ બ્હાને વિધર્મીઓ પર બળાત્કાર કરવાનો અધિકાર નથી. લૉકના વિચારો સ્પષ્ટ સમજવા માટે આપણે એણે કરેલો એક ઉલ્લેખ લક્ષમાં લઇએ. ' જો નાસ્તિકોને બળજોરીથી વટલાવવાના હોય તો કોઇ પણ ચર્ચ—ધર્મસંપ્રદાયનો કોઇ પણ ધર્મગુરૂ પોતાનાં અપાર સત્તા અને સૈનિકદળને બળે તે કામ કરી શકે તેના કરતાં પોતાના સ્વર્ગીય સૈનિકોની સહાયથી તે કામ સહેલાઇથી કરવાને ઇશ્વર વધારે સમર્થ છે.' શહેનશાહ ટીબેરિયસે ઉચ્ચારેલા—'દેવોનું અપમાન થતું હોય તો ભલે દેવો વેર વાળવાનો વિચાર કરી લે '—એ વાકય અને લૉકના કથનમાં ખાસ ફેર નથી. ફેર માત્ર પ્રમાણનો છે. લૉકનું કથન ટીબેરિઅસના કથન કરતાં સહેજ નમ્ર છે. બન્નેનું તાત્પર્ય એકજ છેઃ—અસત્ય અને પાખંડીમતોના સ્થાપન કે પ્રચારથી ઇશ્વર નારાજ થતા હોય તો તે મતોને દાબી દેવાનું કામ ઇશ્વરનું છે, કોઈ ધર્મસંસ્થાનું નથી.

ઉદ્દામ Anglicans એંગ્લિકનોને Nonconformists નોન્કન્ફર્મિસ્ટ પ્રત્યે સહિષ્ણુતા દર્શાવાય એ સમૂળગું રુચતું ન હતું. આથી ૧૮ મી સદીના આરંભમાં એંગ્લિકન પક્ષ ભારે લાગવગ ધરાવતો થયો ત્યારે નોન્કન્ફર્મિસ્ટની સ્વતંત્રતા જોખમમાં આવી પડી. આવી ભયકારક વસ્તુસ્થિતિથી ઉશ્કેરાઇ ડિફો નામના એક ચુસ્ત નોન્કન્ફર્મિસ્ટે મતાંતરક્ષમાના સિદ્ધાંત પર વક્રોક્તિયુક્ત હુમલો કરનારું (The shortest way with the Dissenters ધ શોર્ટેસ્ટ

વે ઉવીથ ધ ડિસેન્ટર્સ નામનું લઘુ પુસ્તક લખ્યું. ડિસેન્ટર્સ ધર્મ વિષયમાં અતિ રીઢા બંડખોર છે, તેમના પ્રત્યે નમ્ર નીતિથી વર્તવું નિરર્થક છે, એમની ખાનગી સભાઓના એકેએક ઉપદેશક વક્તાને ફાંસીને લાકડે લટકાવવો જોઇએ તથા એવી ધર્મદ્રોહી સભાઓમાં હાજરી આપનારાને પણ દેશનિકાલ કરવા જોઇએ, એવી એવી ડિસેન્ટર્સ વિરુદ્ધ માર્મિક, કરડાકીભરી સૂચનાઓ એ ગ્રંથમાં કરવામાં આવી છે. આ માર્મિક શબ્દોમાં ડિફોને એંગ્લિકન પક્ષના અસહિષ્ણુ વિચારોની જે ઉંડી સૂગ હતી તે સ્પષ્ટ થાય છે. પ્રથમ તો એંગ્લિકન પક્ષના વિચારોના આ અતિરમુજી પરંતુ ગંભીર સત્યમય તાદશ ઠઠ્ઠાચિત્રથી ડિસેન્ટર્સ બીચારા ભયગ્રસ્ત થયેલા, કિંતુ એંગ્લિકન ચર્ચના ધર્મગુરુઓ ડિફોના પુસ્તકની વક્રોક્તિ બરોબર કળી ગયા, અને ક્રોધાવેશમાં આવી જઈ તેમણે ડિફોને દંડ કર્યો, તેને ત્રણવાર જાહેરમાં અપમાનિત કર્યો અને ન્યુગૅટના કારાગૃહમાં મોકલ્યો.

પરંતુ ઇંગ્લેંડના ટોરિ-સંરક્ષણવાદી પક્ષે મતાંતરક્ષમાનો જે વિરોધ કર્યો તેની અસર અલ્પસ્થાયી નિવડી. અઢારમા શતકમાં ખ્રિસ્તી ધર્મપંથોના અનુયાયીઓનાં હૃદયો મતાંતરક્ષમાની ઉચ્ચ ભાવનાથી અલ્પાધિક રંગાવા લાગ્યાં હતાં અને નવા પંથોની સ્થાપના પણ થવા માંડી હતી. અધિકારારૂઢ ધર્માધિકારીઓ ઓછા ધર્માંધ થયા હતા અને ચર્ચના ઘણા આગેવાન ધર્મગુરુઓ પર બુદ્ધિવાદની અસર પહોંચી હતી. વસ્તુસ્થિતિ એટલી બધી પલટાઈ હતી કે જો ત્રીજા જ્યોર્જ રાજા આડા ન આવ્યા હોત તો ૧૮ મી સદીના અંત પહેલાં કૅથલિકોની બધી અપાત્રતા દૂર થઇ ગઈ હોત. એ લોકોને ઉચ્ચાધિકાર માટે નાલાયક ઠરાવનારાં કારણો દૂર કરવાનો કાયદો પસાર કરવા માટે **બર્કે** ઉત્તમ વાક્ચાતુર્ય વાપર્યું હતું, અને **પિટ** પણ એ સુધારો જોવા અતિ ઉત્સુક હતો, છતાં ૧૮૨૯ ની સાલ સુધી એ કાયદો પસાર થયો નહિ અને થયો તે પણ આયર્લેંડમાં બળવો

જાગવાની ભીતિ ઉત્પન્ન થઇ ત્યારે જ. દરમ્યાન ૧૮૧૩ની સાલમાં એકમૂર્ત્તિવાદીઓને કાયદાનું રક્ષણ આપવામાં આવ્યું હતું, છતાં તેમની પૂરેપૂરી અપાત્રતા તો ૧૮૪૦–૫૦ વચ્ચેના વર્ષોમાંજ દૂર થઈ હતી. યહુદિઓને તો ઠેઠ ૧૮૫૮ સુધી નાગરિકના પૂર્ણ હક્કો મળ્યા ન હતા.

૧૯મા શતકમાં ઈંગ્લેંડ જે ધાર્મિક સ્વાતંત્ર્ય ભોગવતું થયું એ મુખ્યતઃ ઉદારમતવાદીઓના સતત પ્રયાસનુંજ પરિણામ હતું. ઉદારમતવાદીઓ (Liberals) નું અંતિમ ધ્યેય ધર્મસત્તાનો રાજ્ય અને પ્રજાના કલ્યાણાર્થે ઉપયોગ કરવાનો તથા રાજસત્તા અને ધર્મસત્તાનાં ક્ષેત્રો નોખાં કરવાનું હતું. આ વિચારો લૉકના પૌરતંત્રને લગતા સિદ્ધાંતના પરિપાક રૂપ હતા. ૧૮૬૯ની સાલમાં આયર્લેંડમાંના ચર્ચનું સમૂળું પરિવર્તન કરીને ઉદારમતવાદીઓએ પોતાનું ધ્યેય અંશતઃ સિદ્ધ કર્યું હતું અને પછી ૪૦ વર્ષ બાદ એજ નીતિ વેલ્સમાં લાગુ પાડવાને તેમણે યત્ન આદરેલો. આમ પ્રચલિત વસ્તુસ્થિતિમાં કટકે કટકે પરિવર્તન કરવાની પ્રથા અંગ્રેજોની રાજનીતિ અને એમની મનોદશાનું વિશિષ્ટ લક્ષણ સૂચવે છે. બ્રિટિશ સામ્રાજ્યના બીજા દેશોમાં (ધર્મસત્તા અને રાજસત્તાની) અલગ રાખવાની પદ્ધતિ 'System of separation.' પ્રચલિત છે; ત્યાં રાજ્ય અને કોઇ પણ સંપ્રદાયને કશો સંબંધ નથી અને ચર્ચ માત્ર યાદચ્છિક સમાજ જ છે. ચર્ચનો અધિકાર માત્ર તેના સભ્યો પર જ છે અને ધર્મગુરુઓ બીજી કોઇ પણ બાબતમાં માથું મારી શકતા નથી. પરંતુ રાજ્ય અને ચર્ચનો જ્યાં સંબંધ છે ત્યાં (ઐહિકવાદ) લોક કલ્યાણાર્થે ધર્મસત્તાનો ઉપયોગ કરવાની પ્રથા ઉત્તેજન પામતી નથી એવું માનવાને કારણ નથી. રાજ્ય તરફથી ચર્ચનો વહીવટ કરવાની પદ્ધતિથી પણ વૈરાગ્યને બદલે રાગવૃત્તિ ખીલી છે અને ઐહિકવાદ પ્રગતિ પામ્યો છે. આના સમર્થનમાં ૧૮૭૦માં પસાર થયેલા કેળવણીના કાયદાનો તથા ૧૮૭૧માં શારદાપીઠોમાં ધાર્મિક પરીક્ષાઓ લેવાની પ્રથા બંધ

થઇ હતી એ વાતનો ઉલ્લેખ કરી સંતોષ પામીશું. બીજા પ્રકરણમાં બુદ્ધિવાદની પ્રગતિનો ઇતિહાસ આલેખતી વખતે ઉપર કહ્યા સિવાયની બીજી જે જે છૂટો મળી તે તે દર્શાવીશું.

## ફ્રાંસ.

ફ્રાંસ દેશમાંની સત્તરમા અને અઢારમા શતકમાંની ધર્મ સંબંધી વસ્તુસ્થિતિ સરખાવતાં માલુમ પડે છે કે એ શતકોમાં ઇંગ્લેંડમાં જે વિકાસ થયેલો તેના કરતાં ફ્રાન્સની સ્થિતિ છેક વિપરીત હતી. ઇંગ્લેંડમાં ધાર્મિક સ્વાતંત્ર્યની દિન પ્રતિદિન પ્રગતિ થતી જતી હતી ત્યારે ફ્રાન્સમાં તો હતું એટલું સ્વાતંત્ર્ય પણ અધિકાધિક ઘટતું જતું હતું. ૧૬૭૬ની સાલ સુધી તો કેથલિકધર્મપ્રધાન ફ્રાન્સ દેશમાં પ્રોટેસ્ટંટ હ્યુજેનોટ્સ ( Hugenots ) સુખ શાંતિથી રહી શકતા. એમના ભિન્ન ધર્મ મતને સહન કરવામાં આવતો. પરંતુ ત્યાર પછીના સો વર્ષો સુધી તેમને રાજરક્ષણમાંથી બહિષ્કૃત કરવામાં આવ્યા હતા. ૧૫૯૮માં નીકળેલા (Nantes) નેન્ટ્સના અનુશાસનથી તેમને સ્વાતંત્ર્ય મળેલું ખરું પણ તે અપૂર્ણ અને અમર્યાદિત હતું. ઉદાહરણ તરીકે, લશ્કરી અમલદારી નોકરી માટેના અધિકારમાંથી તેમને બાતલ કરવામાં આવેલા અને પેરિસ તેમજ બીજાં શહેરો અને જીલ્લામાં વસવાની તેમને મના હતી. વળી જે કાંઇ સ્વાતંત્ર્ય મળેલું તે આ હ્યુજેનોટ્સ ( Huguenots ) ને જ મળેલું, બીજા પંથોને એનાથી વંચિત રાખવામાં આવ્યા હતા. પરંતુ ફ્રાન્સના પ્રોટેસ્ટંટ લોકો પર પણ ભાગ્યદેવીનાં હાસ્ય પુષ્પો ચિરકાળ સુધી વેરાયાં ન હતાં. ૧૩મા અને ૧૪મા લુઇના સમયમાં ફ્રાન્સના રાજતંત્રના સુકાની ધર્મોપદેશકો રિશૅલ્યુ અને મેઝેરિને તો ૧૫૯૮ના નેન્ટ્સ Nantesના અનુશાસનનું અક્ષરશઃ પાલન કરી ફ્રેંચ પ્રોટેસ્ટંટને મત સ્વાતંત્ર્ય ભોગવવા દીધું. પરંતુ ૧૬૬૧માં ૧૪મા લુઇએ રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી કે તુરત પ્રોટેસ્ટંટ વિરુદ્ધ કાયદાઓની પરંપરા શરુ થઇ; તે એટલી ચાલી કે પરિણામે ૧૬૭૬ની સાલમાં ૧૫૯૮ની

રાજાજ્ઞા રદ કરવામાં આવી અને પ્રોટેસ્ટંટો પર જુલમ વર્ષાવવાની નીતિનો પાયો ચણાવા લાગ્યો.

પ્રોટેસ્ટંટ પર જુલમ વર્ષાવવાની નીતિને ફ્રાંસના ધર્મગુરુઓ "તેમને અંદર આવવાની ફરજ પાડો" અર્થાત્ (ભિન્ન મતવાળાઓને ત્હમારા પંથમાં ભળવા માટે બળાત્કાર કરો). એ મશહુર શ્રુતિને આધારે તથા સંત ઓગસ્ટાઇનના અભિપ્રાયના આધારથી વાજબી ઠરાવવા લાગ્યા. રોમન કેથોલિક ધર્મગુરુઓની કઢંગી દલીલોથી હોલેંડમાં જઇ છુપાયલો બેઇલ નામનો એક ફ્રેન્ચ પ્રોટેસ્ટંટ છેડાયો અને તેણે ૧૬૮૬માં "તેમને અંદર આવવાની ફરજ પાડો." એ શ્રુતિપર તાત્ત્વિક વિવેચન" એ નામનો ગ્રંથ પ્રકટ કર્યો. આ ગ્રંથ તે જ સમયે રચાયલા લૉકના ગ્રંથ જેટલો જ ઉપયોગી છે. બન્ને લેખકોની ઘણી દલીલો એક સરખી છે. એક જ સરખાં કારણોસર બન્ને રોમન કેથલિકોને ધર્મસ્વાતંત્ર્યથી વંચિત રાખવાની હિમાયત કરે છે. Bayle બેઇલના પુસ્તકનું વિશિષ્ટ લક્ષણ નીચે મુજબ છે. એ એવી સંશયાત્મક દલીલ કરે છે કે ધર્મભ્રાંતિ (કરનારા)ને બળાત્કારે ઠેકાણે લાવવાનો સિદ્ધાંત યોગ્ય પ્રમાણીએ તોપણ ધર્મનું કોઇ પણ સત્ય ભાગ્યે જ એટલું બધું સંદેહરહિત હશે કે આપણે ભ્રાંતિને બળાત્કારે અટકાવવાનો સિદ્ધાંત ન્યાયપુરઃસર અમલમાં મૂકી શકીએ. બુદ્ધિવાદની પ્રગતિમાં આ વિદ્વાન્ ગ્રંથકર્તાનો ફાળો આપણે બીજા પ્રકરણમાં નોંધીશું.

લુઇએ બળાત્કાર અને જુલમ વર્ષાવવામાં કશી મણા ન રાખી, અને પ્રોટેસ્ટંટો ફ્રાન્સમાંથી ન્હાસી નિકળ્યાં, છતાં રાજ્યમાંથી પાખંડમતને નિર્મૂળ કરવાની લુઇની યોજના નિષ્ફળ નિવડી. ૧૮મા શતકમાં ૧૫મા લુઇના રાજ્યમાં પ્રોટેસ્ટંટોને રાજ્ય રક્ષણમાંથી બાતલ કરવામાં આવ્યા હતા છતાં તેમનાં દર્શનથી તેને ઝેર વ્યાપતું ન હતું. તે પ્રોટેસ્ટંટોને પોતાના રાજ્યમાં રહેવા દેતો. અલબત્ત, પ્રોટેસ્ટંટોની લગ્નક્રિયાઓ કાયદાની દૃષ્ટિએ યોગ્ય મનાતી ન હતી અને

ગમે તે ઘડીએ તેમના પર જુલમના શસ્ત્રોની ઝડી વર્ષવાનો સંભવ હતો. શતકના મધ્યમાં એ દલિત ધર્મપંથના ઉદ્ધારણાર્થે મુખ્યતઃ બુદ્ધિવાદીઓએ લેખો અને પત્રિકાઓ દ્વારા હિલચાલ ઉપાડી, પરંતુ આખરે સુશિક્ષિત કેથલિકોએ પણ એ હિલચાલને ટેકો આપ્યો. આ પ્રવૃત્તિને પરિણામે ૧૭૮૭ની સાલમાં ' મતાંતર ક્ષમાનો કાયદો ' નિકળ્યો અને કેટલાંક જીવનક્ષેત્રો એ પ્રોટેસ્ટંટ માટે બંધ જ રહ્યા છતાં તેમનાં ઘણાં દુઃખો હલવાં થયાં;–તેમની સ્થિતિ કંઇક સુધરી.

અસહિષ્ણુતા સામેની ઝુંબેશમાં વૉલ્તેર સૌથી પ્રચંડ અને ઉત્સાહી યોદ્ધો હતો; અને ધર્મને નામે ગુજરતા અન્યાયી જુલમોના ચોકખા દાખલા ઉઘાડા પાડીને તેણે સામાન્ય દલીલોથી વળી શકયું તેના કરતાં વધારે અંશે અસહિષ્ણુતા નાબુદ કરી, મતસ્વાતંત્ર્ય સ્થાપિત કરવાનું કામ પાર ઉતાર્યું. આવા અન્યાયી દાખલાઓમાં સૌથી વિશેષ અન્યાયી મુકદ્દમો ટુલૂઝના પ્રોટેસ્ટંટ વ્યાપારી પરનો હતો. એનું નામ જીન કેલે (Jeean Calais) હતું. એના પુત્રે આપઘાત કર્યો હતો. કેલેના આ પુત્રના મૃત્યુ સંબંધે એવી અફવા ઉડાવવામાં આવી હતી કે એ યુવક કેથલિક ધર્મ અંગીકાર કરવા ચાહતો હતો પરંતુ એના પ્રોટેસ્ટંટ ધર્મી માબાપ અને ભાઇએ ધર્મઝનૂનથી પ્રેરાઈ એક મિત્રની સહાયથી એનો ઘાટ ઘડયો. આવા આરોપસર, કોઇ પણ વાજબી પુરાવા વગર, ધર્માંધપણાથી તેમણે એવું કામ કર્યું હોવું જોઇએ એવી માત્ર અટકળથી જ એ ત્રણેને ઝાંઝર પહેરાવવામાં આવ્યા, તેમના પર મુકદ્દમો ચાલ્યો અને આખરે તેમને શિક્ષા થઇ. જીન કેલેના શરીરના ચક્ર પર ચુરેચુરા કરવામાં આવ્યા, એના પુત્ર પુત્રીને ધર્મમઠમાં મૂકવામાં આવ્યા અને એની પત્નીને નિરાધાર દશામાં ભૂખે મારવામાં આવી. આ સમયે વૉલ્તેર જીનીવામાં રહેતો હતો. તેણે પ્રયાસ કરી કેલેની વિધવાને પેરિસ જવા સમજાવી, જ્યાં એ સ્ત્રીનો સારો સત્કાર કરવામાં આવ્યો અને મોટા પ્રખ્યાત વકી-લોની એને મદદ મળી. કેલેના ગુન્હાની ન્યાયપુરઃસર તપાસ કરવામાં

આવી. પરિણામે ટુલૂઝની સજા રદ કરવામાં આવી; અને રાજાએ જુલમની ભોગ થઈ પડેલી વ્યક્તિઓને પેન્શન બાંધી આપ્યા. આ બનાવ વિષે વૉલ્તેર લખે છે કે આવા જુલમો પ્રાંતોમાંજ સંભવિત હતા. મુખ્ય રાજધાની પેરિસમાં ધર્માંધપણું ગમે તેટલું સબળ હતું છતાં વિવેકબુદ્ધિને પ્રધાનસ્થાન હતું. વગર વિવેકે માત્ર આંધળી ધર્મ-ભક્તિથી જુલમો ગુજારવા પેરિસમાં અશકય હતા.

સિર્વેન સામેના મુકર્દમાનું પરિણામ ઉપર જેટલું કરુણ ન હતું છતાં એનો અને કેલેનો મુકદમો એકજ પ્રકારનો હતો. સિર્વેનના મુકર્દમામાં પણ અન્યાયી સખ્તી વાપરવા માટે ટુલૂઝની સરકાર જવાબદાર હતી. તેના પર તેની પુત્રીને કેથલિક થઇ જતી અટકાવવા માટે ડૂબાડી દેવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો અને તેને તથા તેની પત્નીને મોતની સજા ફરમાવવામાં આવી હતી. સદ્દભાગ્યે સિર્વેન સહકુટુંબ સ્વીટ્ઝર્લૅંડ ન્હાસી છૂટયો અને ત્યાં જઇ વોલ્તેરના હૃદયમાં પોતાની નિર્દોષતા ઠસાવી શકયો. વૉલ્તેરને એ સજા રદ કરાવતાં નવ વર્ષ લાગ્યાં અને આ સમયે ટુલૂઝમાં જ સજા રદ થઈ. વૉલ્તેર ૧૭૭૮માં પેરિસ ગયો ત્યારે લોકોના ટોળાંઓએ તેનો 'કેલે અને સિર્વેનના પ્રાણદાતા' તરીકે જય જયકાર કર્યો અને હર્ષના પોકારોથી તેને વધાવી લીધો. વૉલ્તેરે કેલેના હિસ્સાના સંબંધમાં 'મતાંતરક્ષમા' નામનો પ્રબંધ લખ્યો છે; પરંતુ તેના કરતાં ધાર્મિક જુલમ વિરુદ્ધ તેણે જે નિઃસ્વાર્થી અને વ્યવહારુ પ્રવૃત્તિ ઉપાડી તે વધુ ઉપયોગી હતી. લૉક અને (Bayle) બેઇલના ગ્રંથોને મુકાબલે વૉલ્તેરનો ગ્રંથ નકામો છે. એ ગ્રંથમાં વોલ્તેર જે સ્વાતંત્ર્યની હિમાયત કરે છે તે મર્યાદિત પ્રકારનું છે અને જાહેર અધિકારની નોકરીઓ અને ઉચ્ચ પદવીઓ state religion રાજધર્મ પાળનારાઓનેજ અપાવી જોઇએ એવો એનો (વૉલ્તેરનું) મત હતો.

આપણે ઉપર જોયું તે મુજબ વૉલ્તરે મત સ્વાતંત્ર્ય સંબંધી પોતાના પુસ્તકમાં જે વ્યવસ્થા બતાવી હતી તે મર્યાદિત હતી. આમ

છતાં એના સમકાલીન રૂસો નામના લેખકે જે ધર્મપ્રણાલિકાની હિમાયત કરી હતી તેની સરખામણીમાં વૉલ્તેરની પરિપાટી વધારે વિશાળ હતી. રૂસો જન્મથી સ્વિસ હોવા છતાં, ઇતિહાસ અને સાહિત્યની દૃષ્ટિએ ફ્રાન્સનો હતો. તેની આદર્શ સંસ્થા ધર્મપાટસ્થ સરકારના કરતાં ભાગ્યે જ કંઇક વધારે સારી નિવડી હોત. એનો હેતુ સાંસારિક ધર્મ સ્થાપિત કરવાનો હતો—અર્થાત્ જેમાં ખ્રિસ્તીધર્મના બધાં સિદ્ધાંતો અંધશ્રદ્ધાથી પળાતા ' ન હોય એવી ધર્મ-પ્રણાલિકા પ્રચલિત કરવાનો હતો. આમ છતાં એની ધર્મ સંસ્થામાં ખ્રિસ્તીધર્મના એની નજરમાં સમાજને પ્રાણરૂપ ગણાતા કેટલાક સિદ્ધાંતો—જેવા કે ઇશ્વિર છે, સત્પુરુષોને પ્રાણાંતે સુખપ્રાપ્તિ અને દુર્જનને દુઃખપ્રાપ્તિ થાય છે, ધર્મના મુખ્ય મુખ્ય નિયમો સ્વીકાર-નારા મનુષ્યો પ્રત્યે સહિષ્ણુતા દાખવવી એ આપણી ફરજ છે વગેરે સિદ્ધાંતો વગર ચૂકે પળાવા જોઇએ; અને એવા અનિવાર્ય સિદ્ધાંતોને અવગણનારને દેશનિકાલની સજા કરવી જ જોઇએ એવો તેનો (રૂસોનો) આગ્રહ હતો. રૂસોએ યોજેલી ધર્મ પ્રણાલિની તર-ફેણમાં એમ કહી શકાય ખરું કે એ પ્રણાલિ સ્વીકારનાર રાજ્યમાં બધા- ખ્રિસ્તીપંથો અને કેવળેશ્વરવાદીઓને પણ સ્થાન મળી શકત. છતાં એ પરિપાટીથી મતસ્વાતંત્ર્ય પૂર્ણપણે સ્થાપિત થઈ શકત નહિ. રૂસો (એની નજરે જણાતા) કેટલાક અનિવાર્ય સિદ્ધાંતોનું અચૂક પાલન થવું જોઇએ એવો આગ્રહ દર્શાવીને મતાંતરક્ષમાનો અસ્વીકાર કરે છે. ધર્મપ્રણાલિકાની આ ગંભીર ખામી છે. અમુક સિદ્ધાંતો સમાજ પર બળાત્કારે લાદી તે પરોક્ષ રીતે મનુષ્યનું ધર્મ-સ્વાતંત્ર્ય ઝુંટવી લે છે. પરંતુ ફ્રાન્સના વિપ્લવ સમયે ધર્મનીતિના જે અનેક અખતરા થયા તેમાંનો એક રૂસોની ધર્મપ્રણાલિકાના આધારે અજમાવવામાં આવ્યો હતો એટલી રૂસોના મતની અસર આપણે કબુલવી જોઇએ.

ફ્રાન્સના પ્રચંડ વિપ્લવને પરિણામે ત્યાં ધાર્મિક સ્વાતંત્ર્ય

સ્થાપિત થયું. ફ્રાન્સનો બળવો જગાડનારામાંના ઘણા નેતાઓ અ-રૂઢ એટલે નવીન વિચારો ધરાવતા હતા. ૧૮ મી સદીમાં પ્રચલિત થયેલા બુદ્ધિવાદના વિચારોની સ્પષ્ટ અસર એ નેતાઓના હૃદયપટ પર પડેલી હતી. એમનો બુદ્ધિવાદ ૧૮ મી સદીમાંના બુદ્ધિવાદને મળતો હતો. આ રીતે ફ્રાન્સનો વિપ્લવ બુદ્ધિવાદનો ઉત્પાદક અથવા સહાયક થઇ પડ્યો, સને ૧૭૮૯ માં જાહેર કરવામાં આવેલા (Declaration of Rights) હક્ક પત્રિકાની પ્રસ્તાવનામાં 'પરમાત્માના સાન્નિધ્યમાં અને એમની છાયા નીચે' એ શબ્દોમાં કેવળેશ્વરવાદ પ્રતિપાદિત કરવામાં આવ્યો હતો. એ ઢંઢેરામાં એક એવી કલમ હતી કે જ્યાં સુધી કોઇ પણ મનુષ્ય જાહેર પ્રજાનાં સુખ શાંતિમાં ખલેલ ન પહોંચાડે ત્યાં સુધી તેના ગમે તેવા ધર્મમત ખાતર તેને રંજાડી શકાય નહિ. સર્વમત પ્રત્યે સહિષ્ણુતા દર્શાવવી જોઇએ. વળી એ ઢંઢેરા અનુસાર કેથલિક ધર્મને રાજ્યના મુખ્યધર્મ તરીકે કાયમ રાખવામાં આવ્યો હતો અને પ્રોટેસ્ટંટો (યહુદિ નહિ,) ને જાહેર અધિકારની પદવીઓ આપવામાં આવી હતી. એ કાલના એક સર્વશ્રેષ્ઠ રાજનીતિજ્ઞ પુરુષ મીરાબો (Mirabeau) એ પૂર્વોક્ત ઢંઢેરામાંના "સહિષ્ણુતા" અને "મુખ્ય" એ બે શબ્દોનો સખ્ત વિરોધ કર્યો. મીરાબોએ તે સમયે કહેલું કે;—

સંપૂર્ણ નિરંકુશ ધર્મસ્વાતંત્ર્ય એ મનુષ્ય માત્રનો એવો પવિત્ર હક્ક છે કે એ સ્વાતંત્ર્યને 'મતાંતરક્ષમા' એવા શબ્દથી પ્રદર્શિત કરવું એ મને એક પ્રકારનો જુલમ જ ભાસે છે; કારણ કે જે સત્તા રાજધર્મ વિરુદ્ધ મત ધરાવનારાઓ પ્રત્યે સહિષ્ણુતા દર્શાવે તે જ અસહિષ્ણુતા પણ દર્શાવી શકે. મીરાબોએ 'મતાંતરક્ષમા' દર્શાવી સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપવાનો દાવો કરનારાની દલીલોની પોકળતા ઉઘાડી પાડનારા ઉપરના અસરકારક શબ્દો ઉચ્ચાર્યા ત્યાર પછી બે વર્ષે ટોમસ પેઇન નામના લેખકે 'મનુષ્યના હકકો' (રાઇટ્સ ઓવ-મેન) એ નામના પોતાના પુસ્તકમાં ઢંઢેરામાંના 'સહિષ્ણુતા' અને

'મુખ્ય' શબ્દો સામે મીરાબોના જેવો જ વિરોધ ઉઠાવ્યો. આપણે પેઈનના શબ્દો ટાંકીએ.

"**મતાંતરક્ષમા એ અક્ષમાનો અભાવ** (અક્ષમાનો વિરોધી શબ્દ) નથી પણ વ્યાજક્ષમા છે. બન્ને જુલમો જ છે. અક્ષમાશીલ સરકાર ભિન્ન મતવાળાઓને ધર્મસ્વાતંત્ર્યથી વંચિત રાખવાનો અધિકાર સમજે છે, ક્ષમાશીલ સરકાર વિધર્મીને ધર્મસ્વાતંત્ર્ય બક્ષવાનો પોતાનો અધિકાર પ્રમાણે છે." પેઈન ચુસ્ત કેવળેશ્વરવાદી હતો. એણે ઉપરનાં વાક્યોમાં નીચેના શબ્દો ઉમેર્યાં છે, "ધારો કે કોઇ સભ્ય પાર્લામેન્ટ (પ્રતિનિધિસભા) માં એવો ઠરાવ રજુ કરે કે 'આ ઠરાવથી સર્વ શક્તિમાન્ પ્રભુને યહુદિ કે તુર્કની પૂજા સ્વીકારવાની સ્વતંત્રતા આપવામાં આવે છે અથવા તો સર્વ શક્તિમાન્ પ્રભુને તેમ કરવાની મના કરવામાં આવે છે,' તો બધા લોકો ખળભળી ઉઠશે અને એ ઠરાવ રજુ કરનાર પર દેવનિંદા કર્યાનો આરોપ મૂકશે. આથી સભામાં ભારે હોહા થશે અને એ દ્વારા ધાર્મિક વિષયોમાં 'મતાંતરક્ષમા' દર્શાવવાના વિચારની પોકળતા એ સમયે દીવા જેટલી સ્પષ્ટ થઈ જશે."

ફ્રાન્સના વિપ્લવની શરુઆત તો સુંદર થઈ, પરંતુ મીરોબાના વિચારોની અસર ઠેઠ બળવાના અંત સુધી પ્રબળ ન રહી. ૧૭૮૯ થી ૧૮૦૧ સુધીના વર્ષોમાં ધર્મનીતિમાં ગંભીર ઉથલપાથલ થયા કરી. એ ઉથલપાથલના પરિણામે થયેલા ફેરફારો આપણને પ્રસ્તુત ચર્ચામાં અતિ ઉપયોગના છે; કારણ, એ ફેરફારો પરથી સ્પષ્ટ સમજાય છે કે જે લોકો અક્ષમાશીલ સરકારને ઉથલાવી નાંખી અસહિષ્ણુતાનો નાશ કર્યાનો દાવો કરતા હતા તે લોકો પર જ અંતઃકરણ સ્વાતંત્ર્યનો સિદ્ધાંત ઉંડી અસર કરી શકયો ન હતો. ૧૭૯૦ ની સાલમાં પાદરીઓએ સરકારી ચર્ચ State Church ની પુનર્વ્યવસ્થા કરી. એ ફેરફારની રુએ ફ્રાન્સના શહેરીઓને પોપની સત્તા માન્ય કરવાની મના થઈ અને ધર્માધ્યક્ષોની નિમણુક કરવાની સત્તા (ધર્મની

ભિન્ન ભિન્ન) શાખાના નિયોજક ગણને સોંપવામાં આવી. આમ ખરો અધિકાર રાજ્યના હાથમાંથી પ્રજાના હાથમાં ગયો. પરંતુ આ ૧૭૯૦ ના બંધારણથી ધર્મસ્વાતંત્ર્ય અને પૂજાવિધિમાં કશો ફેરફાર કરવામાં આવ્યો ન હતો. પછી ૧૭૯૨–૯૫ સુધીમાં એક રાજશાસનપદ્ધતિ નાબુદ થઈ અને લોકરાજ સ્થપાયું ત્યારે પણ ૧૭૯૦ નું બંધારણ તો કાયમ જ રહ્યું. પરંતુ ફ્રાન્સમાંથી ખ્રિસ્તીધર્મને જડમૂળથી ઉખાડી કાઢવાની પ્રવૃત્તિ મંડાઈ અને પેરિસના Commune (સંઘે) બધા ધર્મના ચર્ચોને બંધ કરવાનો હુકમ કાઢયો. કેથલિક ધર્મની પૂજનવિધિ અનુસાર બુદ્ધિની પૂજા પેરિસ અને પ્રાંતોમાં શરુ થઈ. સરકાર કેથલિક મતની સખ્ત વિરોધી હતી પણ પ્રચલિત ધર્મને કચરી નાખવા માટે પશુબળ વાપરવાની તેણે દરકાર કરી નહિ. સીધો જુલમ ગુજારવાથી રાષ્ટ્ર રક્ષણની શક્તિ કમ થઇ જાત અને યૂરપને એબ લાગત. પાખંડમત ક્રમે ક્રમે નાબુદ થશે એમ સરકાર ભોળપણથી માનતી હતી. ફ્રાન્સ દેશમાંથી ખ્રિસ્તીધર્મનું મૂળ ઉખેડવાની નીતિનો રોબસ્પીઅરે વિરોધ કર્યો અને ૧૭૯૫ ના એપ્રિલમાં એ સત્તારૂઢ થયો ત્યારે એણે પરમાત્માની પૂજા રાજધર્મ તરીકે સ્થાપિત કરી. ફ્રેન્ચ લોકોએ આત્માના અમરત્વના અને પરમાત્માના અસ્તિત્વના સિદ્ધાંતો સ્વીકાર્યા. ખ્રિસ્તીધર્મના સિદ્ધાંતનો સ્વીકાર કરાવી રોબસ્પીઅરે એ ધર્મને ફ્રાન્સમાંથી નિર્મૂળ ન થવા દીધો. રોબસ્પીઅર સત્તારૂઢ હતો ત્યારે ખ્રિસ્તીધર્મના બધા સિદ્ધાંતોનું પાલન અંધશ્રદ્ધાથી થતું ન હતું, કિંતુ આવશ્યક સિદ્ધાંતોનો તેણે સર્વ પાસે સ્વીકાર કરાવેલો. રાજધર્મથી વિરુદ્ધ ધર્મપંથના અનુયાયીઓનું સ્વાતંત્ર્ય ઝુંટવી લેવામાં આવ્યું ન હતું. આમ, કેટલાક મહિના સુધી રુસોના વિચાર થોડા ઘણા અમલમાં મૂકાયા હતા. વસ્તુતઃ અસહિષ્ણુતા જ પ્રવર્તતી. અનીશ્વરવાદ એ દુર્ગુણ લેખાતો અને રોબસ્પીઅરથી જુદા વિચાર ધરાવનારા અનીશ્વારી લેખાતા— એટલે, રોબસ્પીઅરથી જુદા જુદા વિચાર ધરાવનારા દુર્ગુણનો પ્રચાર કરનારા હોઇ, હોઈ કુદરતી રીતે અસહિષ્ણુતાના ભોગ બનતા.

૧૭૯૫ થી ૧૭૯૯ સુધીમાં સમસ્ત પ્રજાસત્તાક રાજ્યને સ્થાને મધ્યમવર્ગનું પ્રજાશાસન શરુ થયું. આ સરકારની નીતિ કોઇ પણ ધર્મપંથની સત્તા અસાધારણ થતી અટકાવી, સર્વ ધર્મપંથોને સમાન ભૂમિકા પર આણવાની હતી. છતાં રાજના બલિષ્ઠ કેથલિક ધર્મપંથ–જે બીજા ધર્મોને ડૂબાડી દે તથા મધ્યમલોકસત્તાક સરકારના પાયા પણ હચમાવી મૂકે એવો ભયરૂપ લાગતો તે–વિરુદ્ધ મધ્યમવર્ગના પ્રજાસત્તાક રાજ્યનાં શસ્ત્રો ખાસ મંડાયાં હતાં. કેથલિક પંથને મુકાબલે અન્યપંથો તરફ સરકાર કંઇક પક્ષપાત બતાવતી. બુદ્ધિવાદમાં માનનારા જે નવા પંથો ઉભા થતા હતા તેને ઉત્તેજન આપવાનો તથા સાંસારિક શિક્ષણપરિપાટી શરુ કરી, ઇશ્વિરોક્ત ધર્મનો પાયો ખોદી નાંખવાની યોજના હતી. તદનુસાર, ૧૭૯૫ ના બંધારણની રુએ રાજ્ય અને ધર્મનાં ક્ષેત્ર નોખાં કરવામાં આવ્યાં, સર્વ ધર્મપંથોનું ધર્મસ્વાતંત્ર્ય પ્રતિપાદિત કરવામાં આવ્યું અને આજસુધી રાજની ત્રિજોરીમાંથી કેથલિક ધર્મગુરુઓને જે પગારો મળતા તે બંધ કરવામાં આવ્યા. પ્રાથમિક શાળાઓનો અધિકાર મધ્યમવર્ગના લોકોને સોંપવામાં આવ્યો. શિક્ષણ વિષયમાં, આમ, ધર્મગુરુઓને સ્થાને મધ્યમવર્ગના લોકોનું તંત્ર શરુ થયું. શાળાઓમાં (હક્ક પત્રિકા) The Declaration of Rights, ૧૭૯૫ ના રાજબંધારણના કાનુનો અને (Republican Morality) પ્રજાસત્તાકનો પાયો દઢ થાય એવા નીતિ નિયમોનું શિક્ષણ અપાવા માંડયું. શિક્ષણનીતિમાંની આ ઉથલપાલ જોઇને એક ઉત્સાહી પુરુષે એવા ઉદ્દગાર કાઢેલા કે અલ્પકાળમાં સોક્રેટિસ, માર્ક્સ ઓરિલિઅસ અને સિસેરોનો ધર્મ એ સમસ્ત વિશ્વનો ધર્મ ગણાશે.

વળી, Theophilanthropy થિઓફિલેનથ્રોપિ નામનો એક નવો બુદ્ધિવાદી ધર્મ દાખલ કરવામાં આવ્યો હતો. એ ધર્મ તે ૧૮ મી સદીના કવિઓ અને તત્ત્વજ્ઞાનીઓનો, વૉલ્તેર અને ઇંગ્લેંડના કેવળેશ્વરવાદીઓનો 'નૈસર્ગિક ધર્મ' હતો–નહિ કે રુસોનો વિશુદ્ધ

ખ્રિસ્તી ધર્મ; અને તે ખ્રિસ્તી ધર્મથી પૂર્વનો અને ચઢતો ધર્મ હતો. ટૂંકાણમાં એ નવા ધર્મના સિદ્ધાંતો આ મુજબ હતા. ઇશ્વરનું અસ્તિત્વ, આત્માનું અમરત્વ, ભ્રાતૃભાવ, માનવદયા, વિધર્મી પર હુમલો કરવાનો પ્રતિબંધ, સર્વ ધર્મમતો પ્રત્યે માન અને આદર નીતિના આચરણ માટે ઉત્તેજન આપવાના હેતુથી ઘર કે દેવળમાં સભાઓ ભરવી વગેરે. સરકાર આ નવા ધર્મની કોઇ વાર ઉઘાડી તો કોઈ વાર ગુપ્ત રક્ષા કરતી અને એ શિષ્ટ બુદ્ધિશાળી લોકવર્ગમાં સહેજ ફત્તેહમંદ નિવડયો હતો.

આ રાજ્યમાં Lay state ઐહિકતા–પ્રધાન રાષ્ટ્ર સ્થાપવાનો વિચાર જનતામાં અતિપ્રિય થઇ પડયો હતો અને ૧૮ મી સદીના અંત સમયે ફ્રાન્સ દેશમાં ખરું જોતાં ધાર્મિક શાંતિ સ્થપાઇ હતી. ૧૭૯૯ના વર્ષથી consulate 'કાન્સીલગીરી'ના અમલમાં એજ પદ્ધતિ કાયમ રાખવામાં આવી હતી. પરંતુ નેપોલિઅને થિઓફિલેનથ્રોપિને આશ્રય આપ્યો નહિ. ચાલુ રાજવ્યવસ્થાથી લોકમાં સહેજ પણ અસંતોષ ન હતો છતાં ૧૮૦માં નેપોલિઅને ચાલુ રાજ્યપદ્ધતિ ઉથલાવી નાંખી, વળી પાછો પોપને સત્તા પર આણવાનો નિર્ણય કર્યો. એના અમલ દરમ્યાન કેથલિક ધર્મ ફરી પાછો પ્રજાની મોટી વસ્તીએ સ્વીકાર્યો. એ ધર્મને રાજ્યનું રક્ષણ મળ્યું. પ્રજાના પૈસામાંથી ખ્રિસ્તી ધર્મગુરુઓને ફરી પગાર અપાવા માંડયા અને મુકરર મર્યાદામાં વળી પાછો ધર્મમંદિરો પર પોપનો અધિકાર મનાવા લાગ્યો. અન્ય ધર્મ પ્રત્યે સહિષ્ણુતા કાયમ રાખવામાં આવી. આ બધું ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્ય અને પોપ વચ્ચે ધર્મસંબંધી જે કરારો થયા તેનું પરિણામ હતું. એક અતિ વજનદાર વ્યક્તિનું કહેવું છે કે જો આ ફેરફારો કરતાં પહેલાં પ્રજાની સંમતિ લેવામાં આવી હોત તો પ્રજા ફેરફાર કરવા વિરુદ્ધ અભિપ્રાય દર્શાવત. આ વજનદાર વ્યક્તિનું અનુમાન સાચું હશે કે કેમ એવી કોઇ શંકા કરીયે શકે. છતાં અમને એટલું તો લાગે છે કે નેપોલિઅને ધર્મવિષયમાં ઉપર પ્રમા-

ણેના ફેરફારો કરાવી, પોપને પુનઃ સત્તા અપાવવાના પ્રયાસ કર્યા; એમાં એનો હેતુ પોપને પોતાનું શસ્ત્ર બનાવી, પરોક્ષ રીતે લોક પર પોતાની ધર્મસત્તા જમાવી, સામ્રાજ્ય સ્થાપવાનું પોતાનું ધ્યેય સહેલાઇથી સિદ્ધ કરવાનો હોવો જોઇએ.

ફ્રાન્સના બળવાના કાળમાં ધર્મગુરુઓને લગતી જે ધર્મનીતિ પ્રચારમાં આવી અને બુદ્ધિવાદી વિચારકોના સિદ્ધાંતોના આધારે નવા ધર્મપંથો સ્થાપવાના જે અખતરાઓ અજમાવવામાં આવ્યા તે સર્વને અવગણીએ તોપણ ખુદ ફ્રાન્સનો બળવોજ આપણી પ્રસ્તુત ચર્ચામાં અતિ ઉપયોગનો છે; કારણ કે એ બળવો બુદ્ધિને નામે ભિન્ન મતવાળાં પ્રત્યે અક્ષમા દર્શાવનારા સ્વાતંત્ર્ય, ભ્રાતૃભાવ અને સમાનતાના સિદ્ધાંતવાદી ફ્રેન્ચ બળવાખોરોએ જે બુદ્ધિનિગ્રહ અને સખ્તી ચલાવ્યાં તેનાં ઉદાહરણરૂપ છે.

(બળવાના) આગેવાનો એમ માનતા હતા કે ફ્રાન્સમાં અમુક સિદ્ધાંતો લાગુ પાડી તેઓ ફ્રાન્સનો પુનરુદ્ધાર કરી શકે તથા માનવ-જાતિનું શાશ્વત કલ્યાણ પ્રાપ્ત કરવાનો માર્ગ દુનિયાને દર્શાવી શકે. એમણે પોતાની પ્રવૃત્તિ બુદ્ધિને નામે ચલાવી, પરંતુ એમના સિદ્ધાંતો વાસ્તવિક રીતે ધર્મસિદ્ધાંતો જેવા જ હતા. કોઇ પણ અલૌકિક, ઇશ્વરપ્રેરિત ધર્મમતના સિદ્ધાંતોની માફક એમનાં સૂત્રો પણ એટલાં જ અવિવેકથી અને એટલીજ અંધ શ્રદ્ધાથી સ્વીકારવામાં આવ્યાં હતાં. એમના આવા સિદ્ધાંતોમાંનો એક તો રુસોનો પેલો ખોટો સિદ્ધાંત કે મનુષ્ય સ્વભાવથી જ સદ્વર્તન અને ન્યાય તથા વ્યવ-સ્થાને ચાહનારું પ્રાણી છે એ હતો. કુદરતથી બધાં મનુષ્યો સમાન છે એવો ભ્રાંતિમય તેમનો બીજો સિદ્ધાંત હતો. એ લોકોમાં એક એવી છોકરબુદ્ધિવાળી માન્યતા ઘુસી ગયેલી કે ધારાધોરણો યોજી કાઢવાથી ભૂતકાળની બધી અસર નાબુદ કરી શકાય તથા સમાજનું સ્વરૂપ મૂળથી પલટાવી શકાય. આદિપ્રચારકના મંતવ્ય ( The Creed of the Apostles ) ની માફક ‘ સ્વતંત્રતા, સમાનતા

અને ભ્રાતૃભાવ ' એ બળવાખોરોનો ધર્મ, અનુલ્લંઘનીય ધર્મ જ હતો. જેમ આદિ પ્રચારકોના મંતવ્યથી લોકો મંત્રમુગ્ધ થતા તેમ આ બળવાખોરોએ પોતાના ત્રિગુણાત્મક સિદ્ધાંતની જનસમાજ પર ભુરકી નાંખી હતી; અને એ સિદ્ધાંતના પ્રચાર કાર્યમાં, જેમ ખ્રિસ્તી ધર્મ અને પ્રોટેસ્ટંટ ધર્મના પ્રચારમાં થયું હતું તેમ, બુદ્ધિ કે વિવેકને ભાગ્યે જ સ્થાન હતું. પોતાના સિદ્ધાંતનો પ્રચાર કરવા માટે બુદ્ધિના એ ધર્મઝનુની અને મનુષ્યસ્વભાવથી અજ્ઞાત પ્રચારકોએ જે નીતિ અંગીકાર કરી હતી એ તેમના ત્રિગુણાત્મક સિદ્ધાંતને અનનુરૂપ હતી અને ખાસ કરીને 'સ્વતંત્રતા'નો તેમાં અભાવ હતો. ધર્મ પ્રચાર માટેના સર્વ કાળના સામાન્ય શસ્ત્ર–ત્રાસ અથવા બળાત્કાર—નો ફ્રાન્સના બળવા સમયે જેટલો ઉપયોગ થયો એટલો કોઈ કાળ થયો નથી. બળવાખોરોના સિદ્ધાંતોના સત્યની કોઈ શંકા કરે તો તે પાખંડ મતવાદી લેખાતો અને એની દશા પણ પાખંડમતવાદી જેવી જ થતી. દરેક ધર્મપ્રવૃત્તિમાં બને છે તેમ આ ' સ્વતંત્રતા, સમાનતા અને ભ્રાતૃભાવ ' નો ધર્મ ફેલાવનારી બળવાખોર પ્રવૃત્તિમાં શાંત અને ઓછા અવિવેકી પુરુષો ધર્માન્ધ પ્રચારકોને વશ થયા. બુદ્ધિને નામે પોતાના સિદ્ધાંતોનો પ્રચાર કરનારા અને પોતે બુદ્ધિનું રાજ્ય સ્થાપે છે એવું માનનારા આ બળવાખોર આગેવાનોને હાથે બુદ્ધિનું પવિત્ર નામ જેટલું કલંકિત કરવામાં આવ્યું હતું તેટલું કોઇ કાળ કોઇને હાથે થયું ન હતું.

છતાં આ બળવામાંથી બીજાં ઘણાં શુભ પરિણામોની સાથે સાથે ધાર્મિક સ્વાતંત્ર્ય પણ જન્મ પામ્યું. ધર્મ અને રાષ્ટ્રનાં કાર્યક્ષેત્ર નોખાં કરવાની પદ્ધતિમાં ધાર્મિક સ્વાતંત્ર્યનાં પ્રથમ દર્શન થયાં. અને પછીથી ફ્રાન્સના પ્રજાસત્તાક રાજ્ય અને કેથલિક ધર્મગુરુ પોપ વચ્ચે જે કરાર થયા તેથી ધર્મસ્વાતંત્ર્ય સ્થાપિત થયું હતું. એક શતકસુધી એકશાસન તેમજ બહુશાસન રાજ્યપદ્ધતિ દરમ્યાન એ કરાર પળાયા. પરંતુ ૧૯૦૫ના ડિસેમ્બર માસમાં વળી પાછી રાજ્ય અને ધર્મનાં ક્ષેત્રો નોખાં કરવાની પદ્ધતિ દાખલ થતાં કરાર રદ થયા.

હવે આપણે **જર્મની** તરફ વળીએ. જર્મન સંસ્થાનોમાં સ્થપાયેલા ધાર્મિક સ્વાતંત્ર્યના ઇતિહાસને ફ્રાન્સમાંના ધાર્મિક સ્વાતંત્ર્ય સાથે અનેકવિધ વિરોધ છે, છતાં ફ્રાન્સના સ્વાતંત્ર્ય વિકાસ સાથે જર્મન સંસ્થાનોમાંના ધર્મસ્વાતંત્ર્યના ઇતિહાસનું એટલું સામ્ય છે કે શરુઆતમાં જર્મન સંસ્થાનોમાં પણ યુદ્ધ દ્વારાજ મર્યાદિત સ્વાતંત્ર્ય સ્થપાયું હતું. સત્તરમા શતકના પ્રથમાર્ધમાં જર્મન સંસ્થાનોમાં 'ત્રીશ વર્ષની લઢાઇ'થી પક્ષાપક્ષી ઉભી થઇ હતી અને ઇંગ્લેંડના આંતરવિગ્રહની માફક આ લઢાઈ પણ રાજદ્વારી અને ધાર્મિક કારણોસર ઉપસ્થિત થઈ હતી. છેવટે ૧૬૪૮ની વૅસ્ટફેલિઆની સન્ધિથી એ વિગ્રહનો અંત આવ્યો. ૧૬૪૮ના આ કાયદાની રુએ (The Holy Roman Empire) પવિત્ર રોમન સામ્રાજ્યે કેથલિક મત, લૂથર મત તથા પુનર્ઘટિત મતને કાયદેસર પ્રમાણ્યાં અને ત્રણેને સમાન ભૂમિકા પર મૂક્યાં. ઈતર સર્વ ધર્મને બાતલ કરવામાં આવ્યા હતા. છતાં સામ્રાજ્યનાં જર્મન સંસ્થાનો અન્ય ધર્મ પ્રત્યે ક્ષમા, અક્ષમા દર્શાવવાના વિષયમાં સ્વતંત્ર હતાં:—એટલે કે ગમે તે સંસ્થાનનો રાજકર્તા પોતાની પ્રજા પાસે ઉપર્યુક્ત ત્રણ ધર્મો પૈકી ગમે તે એક પળાવે અને બીજા ધર્મોને પોતાના પ્રાંતમાં રક્ષણ આપવાની કે સહન કરવાની ના પાડી શકે; અથવા તેની ઇચ્છા હોય તો બાકીના બેમાંથી એક યા બન્નેનું તે પોતાના રાજ્યમાં નિરંકુશ પાલન થવા દે અને આ ધર્મમત ત્રિપુટિથી ઇતરમતવાદીઓને પણ પોતાના રાજ્યમાં આશ્રય આપે, તેમજ તેમની વિશિષ્ટ ક્રિયાઓનું તેમના ઘરોમાં ખાનગી રીતે વગર દંડે આચરણ કરવાની છૂટ પણ આપે. આમ પ્રત્યેક સંસ્થાનની નીતિ અનુસાર ધર્મસ્વાતંત્ર્યમાં ભેદ હતો; કોઇમાં વધતું તો કોઇમાં ઓછું, કોઇમાં એ ત્રણમાંથી ગમે તે એક, બે કે ત્રણેને તો વળી કોઈ સંસ્થાનમાં એ ત્રણથી ભિન્ન ધર્મમતોને પણ સરક્ષણ આશ્રય મળતો.

અન્ય સ્થળોની માફક જર્મનીમાં પણ—અને ખાસ કરીને પ્રશિ-

આમાં–રાજકીય લાભો પ્રાપ્ત કરવાના વિચારોથી મતાંતરક્ષમાનો પ્રચાર વૃદ્ધિંગત થતો ગયો અને બીજાં બધાં સ્થળોની માફક અહિં પણ Theoretical advocates પ્રયોગ શૂન્ય સિદ્ધાંતની હિમાયત કરનારાઓની પ્રજાજનો પર મોટી અસર થઈ પણ પ્રસ્તુત વિષયમાં જર્મનીની નીતિ ફ્રાન્સ અને ઇંગ્લેંડની નીતિથી છેક વિલક્ષણ હતી. ઇંગ્લેંડે અને ફ્રાન્સે નૈતિક અને બૌદ્ધિક કારણો સર મતસ્વાતંત્ર્ય માટે પોકાર ઉઠાવેલો ત્યારે જર્મનીએ કાયદાની દૃષ્ટિએ મતસ્વાતંત્ર્યની હિમાયત કરેલી. જર્મનીના મતસ્વાતંત્ર્યવાદીઓ ધર્મસ્વાતંત્ર્યના પ્રશ્નને કાયદાનો પ્રશ્ન લેખતા અને તેથી તેઓ એ પ્રશ્નની ચર્ચા રાજ્ય અને ધર્મસંસ્થા વચ્ચેના કાયદાને લગતા સંબંધની દૃષ્ટિએ જ કરતા. ચિરકાળ પૂર્વે ૧૩ મા સૈકામાં મશહુર થયેલા–પેડુઆના માર્સિલિઅસ નામના અપૂર્વ ઇટાલિઅન વિચારકે આ પ્રશ્નને આવીજ દૃષ્ટિએ વિચારેલો. ચર્ચને પશુબળ વાપરવાનો કશો જ અધિકાર નથી એવું એ પ્રતિપાદન કરતો અને કહેતો કે અધિકારીઓ પાખંડીઓને કોઈ ધર્મસિદ્ધાંત અથવા દૈવી ફરમાનના ઇન્કાર ખાતર નહિ, પરંતુ જે રાજ્ય પોતાના પ્રદેશોમાંથી પાખંડીઓને દૂર કરતું તે રાજ્યના કાયદાનો ભંગ કરવાના ગુન્હાને લીધેજ શિક્ષા કરતા હતા.

Thomasius ટોમેસિઅસને ધાર્મિક સ્વાતંત્ર્યનું મૂળ કાયદાની યથાર્થ સમજમાં રહેલું છે એ સિદ્ધાંતના અગ્રગણ્ય પ્રતિપાદક તરીકે ગણી શકાય. ૧૬૯૩ થી' ૯૭ સુધી નિયમિત રીતે અનેક પત્રિકાઓ દ્વારા તેણે જાહેર કર્યું કે રાજકર્તા જેને એકલાનેજ નિગ્રહ કરવાની સત્તા છે તેને આધ્યાત્મિક બાબતોમાં માથું મારવાનો હક નથી; તેમ જો ધર્મગુરુઓ પણ સાંસારિક વિગતોમાં માથું મારે અથવા તો ઉપદેશ કે શિક્ષણ સિવાયના કોઇ પણ માર્ગે પોતાના ધર્મની રક્ષા કરવા પ્રેરાય તો તેઓ પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે એમ સમજવું. પાખંડીઓને દમન કરવામાં રાજ્યાધિકારી પોતાની

ધર્મમર્યાદા ઓળંગે છે; કારણ ટોમેસિયસ કહે છે કે પાખંડમત જ્યાં સુધી કાયદેસર ગુન્હો ન લેખાય ત્યાં સુધી પાખંડીઓને કનડવાનો રાજ્યાધિકારીને Legal right કાયદેસર અધિકાર નથી, અને પાખંડ-મતનું પાલન એ કાંઇ કાયદેસર ગુન્હો નથી, પરંતુ માત્ર ભ્રાંતિ છે, કારણ એવા મતનું પાલન કરવાની વાત મનુષ્યની ઇચ્છા બહારની છે. ખરી વસ્તુસ્થિતિ આમ હોવાથી રાજ્યાધિકારીને ઇતરધર્મો સામે દમન ચલાવવાનો લેશ માત્ર અધિકાર નથી. **વળી ટોમેસિયસ એવો અભિપ્રાય દર્શાવે છે કે મતૈકતા અને પ્રજા કલ્યાણને કાર્યકારણ જેવો કશો સંબંધ નથી; રાજ્યમાં એક જ સરખો ધર્મ પળાતો હોય તો જ પ્રજાકલ્યાણ સાધી શકાય એવો કાંઇ અનિવાર્ય નિયમ નથી. રાજ્યની કોઇ વ્યક્તિ જ્યાં સુધી રાજ્યને વફાદાર હોય ત્યાં સુધી તે ગમે તે ધર્મમત પાળતી હોય છતાં રાજ્યની સ્થિતિને તે કશી અસર કરતી નથી.** આવા ઉદ્દામ વિચારો દર્શાવી ટોમેસિઅસ મતાંતરક્ષમાની સુંદર હિમાયત કરે છે. છતાં એણે સૂચવેલું મતસ્વા-તંત્ર્ય પણ પૂર્ણ નથી. એના સમકાલીન લેખક લૉકના ગ્રંથોની એના પર ઘણી અસર થયેલી અને તેથી જ લૉકે નાયાલક ગણાવેલા પંથોને ટોમેસિઅસ પણ મતસ્વાતંત્ર્યની લ્હાણીમાં બાતલ રાખવાની સૂચના કરે છે.

ધર્મ સ્વાતંત્ર્યના પ્રચારમાં ( કાયદા શાસ્ત્રીઓની ) (Jurists) જે અસર થઇ તે આપણે અવલોકી; પરંતુ વિશેષમાં આપણે ભગત-પંથ (જર્મનીમાં ઉભો થયેલો પ્રોટેસ્ટંટ પંથનો એક ઉપપંથ અથવા ફાંટા ) ની હિલચાલની નોંધ લેવી ઘટે છે. આ હિલચાલ ધર્મોત્સાહથી રંગાયલી હતી, જે ધર્મોત્સાહ લૂથરપંથી ધર્મગુરુઓની બાહ્યાચારવાળી ઇશ્વરવિદ્યાને પ્રત્યાઘાત રૂપ હતો; અને ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં ઘણા સાહિત્યકારોએ ખાસ કરીને લેસિંગે-ભગતપંથીઓની લડતને ઉત્તેજન આપ્યું હતું.

જર્મનીમાં ધર્મસ્વાતંત્ર્ય સ્થાપિત કરવામાં Jurists કાયદાશાસ્ત્રીઓ તેમજ ભગતપંથીઓનો ફાળો ખરેખર પ્રશંસનીય હતો. પરંતુ જર્મનીમાં સત્વર ધર્મસ્વાતંત્ર્ય સ્થાપિત થવાનું સર્વોત્કૃષ્ટ કારણ તો કદાચ પ્રશિઆના સિંહાસન પર મહાન્ ફ્રેડરિક જેવો બુદ્ધિવાદી વિરાજ્યો એ હતું. ૧૭૪૦માં ફ્રેડરિક સિંહાસનસ્થ થયો ત્યાર પછી થોડે મહિને રાજ્યના એક કાગળમાં ( State paper ) તેણે ધર્મનીતિના પ્રશ્નની ચર્ચા જોઇને કાગળના હાંસિઆમાં એવી ટીકા લખી કે દરેક માણસને તેને પોતાને યોગ્ય લાગે તે માર્ગે સ્વર્ગપ્રાપ્તિનાં સાધનો યોજવાની છૂટ હોવી જોઇએ. **નીતિ ધર્મપર અવલંબતી નથી અને તેથી દરેક ધર્મમતમાં નીતિનું અસ્તિત્વ સંભવે છે. જો પંથમાં નીતિમત્તા હોય તો અનુયાયી સારો નાગરિક થઇ શકે છે. અને પ્રજાજનો યોગ્ય નાગરિકો નિવડે એથી વધુ અપેક્ષા રાજ્ય રાખી શકે નહિ. પ્રજાજનો કયો ધર્મ પાળે છે એ રાજ્યનો વિચાર વિષય નથી.** ફ્રેડરિકના આવા વિચારનું સયુક્તિક પરિણામ એ આવ્યું કે જર્મન સંસ્થાનમાં પૂર્ણ ધર્મસ્વાતંત્ર્ય સ્થપાયું. કેથલિક પંથીઓને ચઢાવીને પ્રોટેસ્ટંટોની સમાન કરવામાં આવ્યા અને વેસ્ટફાલિઆની સન્ધિનો ભંગ કરી પ્રત્યેક પ્રતિષિદ્ધ ધર્મપંથ પ્રત્યે પૂર્ણ સહિષ્ણુતા દર્શાવવામાં આવી. ફ્રેડરિકે તો મુસલમાન સંસ્થાનવાસીઓને પણ પોતાના રાજ્યના કેટલાક ભાગોમાં Mahomedan settlers મુસલમાન રહીશોને આશ્રય આપવાનો વિચાર ઘડેલો. કયાં ત્રીજા જ્યોર્જના સમયનું ઇંગ્લેંડ, ૧૫મા લુઇ વખતનું ફ્રાન્સ તથા પોપોની છાયામાં ઉછરતું ઇટલિ અને કયાં પ્રશિઆના સિંહાસનસ્થ મહાન્ ફ્રેડરિકના સમયનું જર્મની ? આધુનિક યુરોપના કોઇ પણ દેશમાં પૂર્ણ ધાર્મિક સ્વાતંત્ર્ય તો દેવનિંદક' વૉલ્તેરના મિત્ર, અને નાસ્તિક, બુદ્ધિવાદી રાજા ફ્રેડરિકના રાજતંત્ર દરમ્યાનજ સ્થાપિત થયું હતું એ બીના જોઇએ એટલા ભારપૂર્વક પ્રદર્શિત કરવામાં આવી નથી, કિંતુ ધર્મસ્વાતંત્ર્યના ઇતિહાસમાં એ બીના અતિ ઉપયોગી છે.

૧૭૯૪માં તૈયાર કરવામાં આવેલા Prussian Territorial Code પ્રશિઆના રાષ્ટ્રીય કાયદાસંગ્રહમાં ફ્રેડરિકની નીતિ અને એના સિદ્ધાંતો કાયદા રૂપે મૂકવામાં આવ્યા હતા. આ કાયદાની રુએ સર્વને અનિયંત્રિત અંતઃકરણસ્વાતંત્ર્ય બક્ષવામાં આવ્યું હતું તથા કેથલિક, લૂથર અને પુનર્ઘટિત એ ત્રણે ધર્મપંથોને સમાન ભૂમિકાપર મૂકવામાં આવ્યા હતા. ત્રણે પંથના અનુયાયીઓ એકજ સરખા હક્કો ભોગવતા. પ્રશિઆની આ નવી પરિપાટી jurisdictinal 'જ્યુરિસ્ડિક્ષનલ' હતી. ફેર માત્ર એટલો કે ઇંગ્લેંડમાં માત્ર એંગ્લિકન ધર્મગુરુઓ જે અધિકાર ભોગવે છે તે અહિં ત્રણ પંથના અધિકારીઓ ભોગવે છે. પણ જર્મનીમાં બીજાં સંસ્થાનો પ્રશિઆએ દર્શાવેલી દિશામાં ઘણા કાળ સુધી પળ્યાં નહિં. છેવટે જ્યારે (Holy Roman Empire) પવિત્ર રોમન રાજ્યના છેલ્લાં કાનુનોમાંના એકથી ૧૮૦૩માં વેસ્ટફાલિઆની સન્ધિમાં સુધારા વધારા થયા ત્યારેજ એ સંસ્થાનોએ પ્રશિઆએ પાડેલા ચીલે ચાલવા માંડયું. ૧૮૭૦માં **સામ્રાજ્ય**ની સ્થાપના થઇ ત્યાર પહેલાં આખા જર્મનીમાં ધાર્મિક સ્વાતંત્ર્ય સ્થપાયું હતું.

ઓસ્ટ્રિયામાં, જોસેફ બીજાએ ૧૭૮૧માં મતાંતરક્ષમાનું ફરમાન કાઢ્યું, તે સમયના કેથલિક રાજ્યનું આ કર્ત્તવ્ય ખરેખર ઉદાર (Broad) લેખાય. જોસેફ ચુસ્ત કેથલિકપંથી હતો પરંતુ પોતાના સમયના સંસ્કારી, જ્ઞાનોદ્દીપક વિચારોથી પોતે છેક અલિપ્ત રહે એવા સંકુચિત સ્વભાવનો તે ન હતો. તે ફ્રેડરિકનો પ્રશંસક હતો અને ૧૬૮૯માં ઇંગ્લેંડમાં પસાર થયેલા મતાંતરક્ષમાના કાયદાની માફક જોસેફના અનુશાસનમાં ક્ષમાના તત્ત્વનો અભાવ ન હતો. એનું અનુશાસન પ્રત્યેક ધર્મપંથ પ્રત્યેની સાચી સહિષ્ણુતાથી પ્રેરાયું હતું. આ અનુશાસન અનુસાર કેવળ લૂથરપંથી, પુનર્ઘટિત ચર્ચના અનુયાયીઓ તથા રોમની ધર્મસંસ્થા સાથે જોડાયલા ગ્રીક ધર્મપંથોને ધર્મ સ્વાતંત્ર્ય મળેલું. આટલે અંશે આ અનુશાસન અપૂર્ણ હતું. એનાથી પ્રતિ-

પાદિત કરવામાં આવેલું સ્વાતંત્ર્ય મર્યાદિત હતું. ૧૮૬૭ની સાલ સુધી પૂર્ણ ધાર્મિક સ્વાતંત્ર્ય સ્થાપિત થયું ન હતું.

જોસેફનું અનુશાસન ઇટલિમાંનાં ઓસ્ટ્રિઅન સંસ્થાનોને લાગુ પાડવામાં આવ્યું હતું, અને પરિણામે ઇટલિમાં પણ ધાર્મિક સ્વાતંત્ર્યનો વિચાર ઉત્પન્ન થયો. પરંતુ ઇટલિમાં ૧૮મા શતકમાં મતાંતર ક્ષમાની હિમાયત કરનારો પુરુષ બુદ્ધિવાદી કે તત્ત્વજ્ઞાની ન હતો, કિંતુ 'On Ecclesiastical and Civil toleration' 'ઓન ઇકલેસિએસ્ટિકલ એન્ડ સિવિલ ટોલરેશન' નામના ગ્રંથનો લેખક અને ટેમ્બુરિનિ નામનો કેથલિક પંથનો એક ધર્મગુરુ હતો એ હકીકત નોંધવા લાયક છે. એના ગ્રંથમાં રાજ્ય અને ધર્મસંસ્થાનાં ક્ષેત્રોનાં કાર્યોની ભિન્નતાનો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો છે. તપાસકારિણિ સભાનાં કાર્યોને તથા જુલમને નિંદી કાઢવામાં આવ્યાં છે. બળાત્કારે કોઇની પાસે તેના અંતઃકરણ વિરુદ્ધ કર્ત્તવ્ય કરાવવાની નીતિને સાચા ખ્રિસ્તીને ન છાજે એવું કર્ત્તવ્ય ગણાવ્યું છે; અને રાજાને જ્યારે જ્યારે લોકકલ્યાણને હાનિ પહોંચવાની ભીતિ લાગે ત્યારે ત્યારેજ સખ્તી કરવાની છૂટ આપવામાં આવી છે. લોકની માફક, લેખક ટેમ્બુરિનિ માને છે કે અનીશ્વરવાદી ખરેખર જુલમને પાત્ર છે.

નેપોલિઅને ઇટલિમાં જે નવાં રાષ્ટ્રો ઉભાં કર્યાં હતાં તેમનામાં જુદાં જુદાં પ્રમાણમાં મતાંતરક્ષમા દૃષ્ટિગોચર થતી હતી. પરંતુ ખરું સ્વાતંત્ર્ય તો સૌથી પહેલાં ૧૮૪૮ ની સાલમાં (Cavour) કેવુરે (Piedmont) પીડમોન્ટમાં દાખલ કર્યું હતું. આ પગલાને પરિણામે ૧૮૭૦ માં સ્થપાયેલા ઈટલિનાં રાજ્યોમાં પ્રથમ ફળરુપ પૂર્ણ સ્વાતંત્ર્યની સ્થાપના સરળ થઈ. આ ઇટલિના રાષ્ટ્રની સ્થાપના એ આધુનિક રાષ્ટ્ર વિષેના વિચારોનો (રોમન) ખ્રિસ્તીચર્ચના સામ્પ્રદાયિક વિચારો પર જે વિજય થયો તે વિજયનું સુંદર અને અદ્ભુત કાર્ય હતું. ખ્રિસ્તીચર્ચના સામ્પ્રદાયિક વિચારોને ચુસ્ત

પણે વળગી રહેનારા રોમન ધર્મગુરુઓએ ૧૯ મી સદીમાં યુરોપના ખુણે ખુણામાં ફેલાયલો ઉદારમતવાદી વિચારો સામે દઢ અને વીરતાભર્યો વિરોધ દર્શાવ્યો છે. ચિરકાલ પૂર્વે સ્થાપિત થયેલું, અપરિવર્તનશીલ અને કદી કાલાતીત ન થાય એવું મનાતું રોમન ચર્ચ ઉદારમતના પ્રચારથી કેટલું જોખમમાં આવી પડે એ વાત ચર્ચના સુકાનીઓ સારી પેઠે પામી ગયા. ફ્રાન્સમાંના કેટલાક કેથલિકમતના જુવાનીઆઓ પ્રચલિત ઉદારમતને આધારે ચર્ચમાં પરિવર્તન કરવાની મીઠી કલ્પનાઓ કરતા હતા તેમને ઠપકો આપવાના હેતુથી ૧૬ મા ગ્રેગરીએ ૧૮૩૨ માં એક જગદ્બોધક પ્રકાશપત્ર (Encyclical Letter) પ્રસિદ્ધ કર્યો અને તેમાં તેણે પ્રચલિત ઉદારમત સામે વિરોધ દર્શાવી, સ્વાતંત્ર્ય સામે અધિકારનું સમર્થન કર્યું અને આધુનિક આદર્શ સામે મધ્યકાલીન આદર્શનો બચાવ કર્યો એ કહે છે કેઃ–" એકે એક માણસને અંત•કરણસ્વાતંત્ર્ય અપાવું જોઇએ એવો વિચિત્ર અને ભ્રાંતિકારક સિદ્ધાંત–અથવા ગાંડપણ–તિરસ્કરણીય છે. આ અંતઃકરણસ્વાતંત્ર્ય અથવા આત્મનિર્ણયનો અનિષ્ટકારી સિદ્ધાંત પેલા ચર્ચના અને રાષ્ટ્રના દુર્ભાગ્યે અતિ પ્રચારમાં આવેલા અને જેને કેટલાક લોકો બેહદ ઉદ્ધતાઇપૂર્વક ધર્મવિષયમાં બહુ હિતકારી માને છે એવા, અનિયંત્રિત વિચારસ્વાતંત્ર્યના સિદ્ધાંતને લીધે જ ઉભો થયો છે; અને આવા આવા અનિષ્ટકારી વિચારો ફેલાવાથી યુવકવર્ગમાં ભ્રષ્ટાચાર શરુ થયો છે, ધર્મ અને પૂજનીય ધારાઓ પ્રત્યે કંટાળો ઉત્પન્ન થયો છે, સૃષ્ટિના માનસમાં પરિવર્તન થયું છે,–ટૂંકામાં કહીએ તો–સમાજને સખ્ત સાટકો લાગ્યો છે. કારણ, ઇતિહાસના અનુભવ પરથી જણાય છે કે જે જે રાષ્ટ્રો ધન, સત્તા અને કીર્તિથી પ્રકાશતાં હતાં તે જ રાષ્ટ્રો માત્ર આ જ અનિષ્ટ–અમિત વિચારસ્વાતંત્ર્ય, ફાવે તેવો અમર્યાદિત વાર્તાલાપ અને નવીનતાનો પ્રેમ–ને લીધે નાશ પામ્યાં છે. આ અનિષ્ટ સાથે વળી એક બીજું અનિષ્ટ અર્થાત્ ગમે તે પ્રકારનું ગમે તેવું લખાણ પ્રકટ કર-

વાની છૂટ,—એ સંયોજાયલું છે. આ પુસ્તક પ્રકટનના કાર્યની સ્વતંત્રતા કેટલાક લોકો ઘણા ઉત્સાહ અને ઘોંઘાટથી વખાણે છે, છતાં એ સ્વતંત્રતા એવી વિનાશક અને દુષ્ટ છે કે એનો આપણને જેટલો કંટાળો છૂટે તેટલો ઓછો." ૧૯ મી સદીમાં પ્રસરેલા ઉદારમત પ્રત્યેના લોકોના વલણ વિરુદ્ધ કેવળ ૧૬ મા ગ્રેગરીએ જ વિરોધ-વચનો ઉચ્ચારેલાં એવું નથી. એના પછી માત્ર એક પેઢી જેટલાં અંતરે ૯ મા પિઅસે એવા જ પ્રકારનું જાહેરનામું—ચાલુ જમાનાના ભ્રાંતિમય વિચારોનું ટિપ્પણ–૧૮૬૪ માં પ્રકટ કરી, જગતને જરા ભડકાવ્યું હતું. આમ ૧૯ મી સદીમાં પ્રસરેલા ઉદારમત સામે રોમન ધર્માચાર્યોનો તીવ્ર વિરોધ હતો. એ ઉદારમતના પ્રચારને લીધે રોમન-ચર્ચ જોખમમાં આવી પડયું હતું. પણ, આધુનિક સંસ્કૃતિના આગળ પડતા વિચારો તથા ચર્ચના સિદ્ધાંતો વચ્ચે મૌલિક તફાવત હતો છતાં પોપની ગાદી Papacy હજુ માનપૂર્વક અને સબળ રીતે ટકી રહી છે,—અને તે પણ જે સ્થળોએ પોપોએ તિરસ્કારેલા વિચારોનું ઘણું પ્રાબલ્ય છે અને જ્યાં એ વિચારો જીવન વ્યવહાર માટે આવસ્યક લેખાયા છે તે સ્થળોએ જ—એ ખાસ નોંધવા જેવી બીના છે.

૧૫ મી સદીમાં પ્રવર્તતી મતૈક્તાની પરિપાટિથી ૧૯ મા શતકમાં નિયમરુપ બનેલી (મત) સ્વાતંત્ર્યની પરિપાટિ સુધી પશ્ચિમની પ્રજાઓએ જે પ્રગતિ કરી તે ઘણી મંદ, દર્દભરી, અયુક્તિક અને અસ્થિર હતી. આ પ્રગતિ થવામાં રાજદ્વારી જરુરીઆતો કારણભુત છે. મતૈક્તા કરતાં મતસ્વાતંત્ર્યની શ્રેષ્ઠતાની ઉંડી પ્રતીતિ થવાને કારણે ભાગ્યે જ એ પ્રગતિ થઇ હશે. ક઼ાયદાની દષ્ટિએ જોતાં 'જ્યુરિસ્ડિક્ષન' પદ્ધતિ અને (રાષ્ટ્ર અને ચર્ચને નોખાં કરવાની) પૃથક્કરણ પદ્ધતિ એ બે દ્વારા ધર્મસ્વાતંત્ર્ય પ્રાપ્ત થયું છે એ આપણે જોયું. પણ કાયદાની દષ્ટિએ જે કૃત્ય ગુન્હો ગણાતું ન હોય તેને વ્યવહારની રીતે સમાજ ગુન્હો લેખે, અને કાયદાની છૂટ હોય છતાં સમાજ અમુક વ્યક્તિને તેના અમુક કાર્ય માટે કનડગતો કરે તે

સામે કાયદાનું કશું ચાલે નહિ.[1] દાખલા તરીકે, જો કોઇ મનુષ્ય અસ્વીકૃત (Unorthodox) વિચારો પ્રદર્શિત કરે તો મુલ્કી અધિકારની નોકરી તેને ન મળે એમ બને, અને કદાચ એની પ્રગતિ થતી પણ અટકે. કાયદો તો કાર્યનું કે વિચારનું પૂર્ણ સ્વાતંત્ર્ય બક્ષતો હોય પણ સમાજ એ સ્વાતંત્ર્યમાં કાપકૂપ કરે એમ બને. હવે, ક્ષમાયુક્ત સામાજીક વાતાવરણ ઉત્પન્ન કરવા માટે 'જ્યુરિસ્ડિક્ષનલ' પદ્ધતિ કે પૃથક્કરણપદ્ધતિ વધારે અનુકૂળ છે એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે. રુફિનિ (જેના 'ધર્મસ્વાતંત્ર્ય' નામના ઉત્તમ ગ્રંથને આધારે મ્હેં આ પ્રકરણનો મોટો ભાગ રચ્યો છે તે) 'જ્યુરિસ્ડિક્ષન' પદ્ધતિ વધારે પસંદ કરે છે. એ કહે છે કે 'જ્યુરિસ્ડિક્ષન' પદ્ધતિની યોજના વિચારસ્વાતંત્ર્યના સાચા હિમાયતી સોસીનસે ઘડી અમલમાં મૂકવાનો નિશ્ચય કર્યો હતો, ત્યારે પૃથક્કરણ પદ્ધતિનો આશ્રય અસહિષ્ણુ પ્રકૃતિના જળસંસ્કાર વિરોધીઓએ લીધો હતો. આ ઉપરથી 'જ્યુરિસ્ડિક્ષન' પદ્ધતિ વધારે પસંદ કરવા યોગ્ય છે એ પુરવાર થશે. 'જ્યુરિસ્ડિક્ષન' પદ્ધતિની તરફેણમાં બીજી દલીલ એ છે કે ઇંગ્લેંડ, જર્મનિ અને ઇટલિ જેવા દેશો જ્યાં બલિષ્ઠ ચર્ચો રાષ્ટ્રની હકુમત નીચે ચાલે છે ત્યાં પૃથક્કરણ પદ્ધતિના પ્રચારવાળાં અમેરિકાનાં સંસ્થાનો કરતાં વધુ સ્વાતંત્ર્ય અને વધુ મતાંતરક્ષમા પ્રવર્તે છે. અમેરિકાના સ્વાતંત્ર્યના સંગ્રામમાં અમેરિકાની ઉત્તમ સેવા બજાવનાર ટોમસ પેઇન પ્રત્યે અભિપ્રાયો દર્શાવનારું પુસ્તક પ્રકટ કરવા માટે અમેરિકાના લોકોએ કમકમાં ઉપજાવે એવી નીચ કૃતઘ્નતા દર્શાવી હતી. હજુ પણ ઘણાંખરાં વિશ્વવિદ્યાલયોમાં સ્વતંત્ર વિચાર ધરાવનાર અમેરિકનને ઘણું ખમવું પડે છે અને એના બધા

---

૧. ઉ. ત. ૧. પુનર્વિવાહ ૨. આંતરલગ્ન અને ૩. પરધર્મસ્વીકાર ની કાયદેસર છૂટ હોય છે પણ સમાજ છૂટ આપતો નથી. આ ત્રણેમાંનું કોઈપણ કૃત્ય કરનારાને સમાજ કનડે છે.

(ઉ. ત. ખ્રિસ્તી–મણિશંકર રત્નજી ભટ્ટ.

માર્ગો બંધ થઇ જાય છે. આ બધા પરથી પુરવાર થાય છે કે પૃથક્કરણપદ્ધતિ સહિષ્ણુતાનું અને ક્ષમાનું વાતાવરણ ઉત્પન્ન કરનારું અમોઘ સાધન નથી. એ પદ્ધતિ અમેરિકન સંસ્થાનોમાં હોવાથી ત્યાંની પ્રજાના વિચારો સહિષ્ણુતાના વાતાવરણને પ્રતિકૂળ છે એવું નિગમન રુફિનિના ઉપરના વિચારોમાંથી નિકળે છે. પરંતુ પ્રજાસત્તાક રાષ્ટ્રસંઘે (Federal Republic) જ્યુરિસ્ડિક્ષન પદ્ધતિનો સ્વીકાર કર્યો હોત તો પણ અમેરિકાની પ્રજાના વિચારો પલટાત એવી કલ્પના કરવા માટે કશું કારણ જણાતું નથી, કશો આધાર મળતો નથી. એમાંથી ગમે તે પદ્ધતિ ભલે પ્રચારમાં હો, અને કાયદાની દૃષ્ટિએ ભલે લોકોને સ્વાતંત્ર્ય બક્ષવામાં આવે પરંતુ મારે કહેવું જોઈએ કે મતાંતરક્ષમાનું વાતાવરણ સમાજની દશા ઉપર તથા કેળવણી પામેલા વર્ગના સુસંસ્કાર ઉપર આધાર રાખે છે.

આ ટૂંકા લેખ પરથી સ્પષ્ટ થશે કે ધાર્મિક પુનર્ઘટનાની પ્રવૃત્તિ દ્વારા ચર્ચમાં કુસંપ પેસવાથી જે રાજદ્વારી સંજોગો અને જરુરિઆતો ઉભાં થયાં તેમને લીધે જ સ્વાતંત્ર્ય જન્મ પામ્યું. પણ આનો અર્થ એટલોજ થઈ શકે કે જે સંસ્થાનોમાં મતસ્વાતંત્ર્ય અપાતું ત્યાં (governing class) શાસક વર્ગના મોટા સમૂહનું મન એ પરિવર્તન ઝીલવા પરિપક્વ થયું હતું. આવું નવું માનસિક વલણ શાથી ઉત્પન્ન થયું એ વિચારીશું તો ખાતરી થશે કે રેનાસાંની પ્રવૃત્તિથી સુપ્રચલિત થયેલા, અને પ્રાચીનમતોને ચૂસ્તપણે વળગી રહેનારા ઘણા માણસોના મન પર જાણ્યે અજાણ્યે સચોટ અસર કરનારા, સંશયવાદ અને બુદ્ધિવાદ એ બેને લીધે જ લોકનું વલણ પલટાતું હતું. સૂચનાનું બળ આટલું બધું અસરકારક છે. હવે પછીનાં બે પ્રકરણોમાં શ્રદ્ધા (faith) ને ભોગે બુદ્ધિની ૧૭, ૧૮ અને ૧૯ મી સદીમાં જે પ્રગતિ થઈ તેનો ઇતિહાસ આલેખવામાં આવશે.

# પ્રકરણ ૬ ટ્ઠું.

## The growth of Rationalism બુદ્ધિવાદનો વિકાસ.

(૧૭, ૧૮ અને ૧૯) ગત ત્રણ શતકોથી બુદ્ધિ મંદ પરંતુ અવિરત ગતિએ ખ્રિસ્તી ધર્મની પૌરાણિક કથાઓ, (ખ્રિસ્તીઓનાં દેવદેવીઓનાં આખ્યાનો )ની અવાસ્તવિકતા પ્રકટ કરી, તથા ખ્રિસ્તી ધર્મનો ઇશ્વરોક્ત ધર્મ હોવાનો દંભ ખુલ્લો પાડી, એ ધર્મની ખોટી મહત્તા ભૂંસી નાંખવાનું કામ આદરી રહી છે. બુદ્ધિવાદની પ્રગતિનો ઇતિહાસ બે કાળમાં વહેંચાઈ ગયો છે. (૧) ૧૭–૧૮ મા શતકનો કાળ અને (૨) ૧૯મા શતકનો. ખ્રિસ્તી ધર્મ સાચો અને ઇશ્વર પ્રેરિત હોવાનું જે કાંઇ પ્રમાણ છે તેમાં ૧૭–૧૮ શતકના વિચારકોને અનેક અસંગત ઉક્તિઓ, અત્યંત વચન વિરોધ અને વિચિત્ર, મૂર્ખાંમી ભરેલી વાતો જણાઈ તેથી, તથા ખ્રિસ્તી પંથના પાલનમાં તેમને કેટલીક નૈતિક મુશ્કેલીઓ ભાસી તેથી, તે વિચારકોની ખ્રિસ્તી ધર્મ પરની આસ્થા ઉડી ગઇ; અને તેઓ ખ્રિસ્તી ધર્મશાસ્ત્ર તથા તેના આધારભૂત ગ્રંથને સ્વીકારતા અટકયા. આ ઉપરાંત, તે શતકોમાં પ્રતિપાદિત થયેલાં અને સર્વેની જાણમાં આવેલાં વૈજ્ઞાનિક સત્યો પણ ખ્રિસ્તી ધર્મશ્રુતિની યથાર્થતા વિશે શંકા ઉપજાવવામાં સહાયભૂત થયાં. આ પ્રમાણે ૧૭–૧૮ શતકમાં ખ્રિસ્તી ધર્મમાં પ્રમાણરૂપ મનાતી પૌરાણિક કથાની સત્તા વિચારકોને અસ્વીકાર્ય થવા માંડી હતી, અને બુદ્ધિવાદ ધીર, સ્થિર ક્રમથી પ્રગતિ કરતો જતો હતો. ૧૯મા શતકમાં અનેક ક્ષેત્રોમાં વૈજ્ઞાનિક શોધો થઇ; પરિણામે અસંસ્કારી અને અજ્ઞાનના યુગમાં અતિ શ્રદ્ધાળુ જનતાએ ઉભી કરેલી ખ્રિસ્તી ધર્મની કાચી ઇમારત પર વૈજ્ઞાનિક શોધો રૂપી ગોળીઓનો મારો ચાલ્યો, તથા અત્યાર સુધી જે પવિત્ર લેખો (Sacred documents)

ની સખ્ત છતાં માત્ર અવ્યવસ્થિત ટીકા થતી હતી તે લેખોનું ઐતિહાસિક વિવેચન કરવામાં આવ્યું અને વ્યવસ્થિત ઐતિહાસિક વિવેચનથી એ પ્રમાણભૂત લેખોની મહત્તા તોડી પાડવામાં આવી.

સત્યોનો કેવળ નિઃસ્વાર્થ પ્રેમ—એ સત્યોનો પોતાની આશાઓ, શંકાઓ, કે પોતાના ભાવિ સાથે ગમે તેવો સંબંધ હોય છતાં તેનો સંબંધ લક્ષમાં લીધા વગર સત્યોનો સત્યો માટેજ તદ્દન તટસ્થ પ્રેમ, એ દરેક યુગનો વિરલ સદ્‌ગુણ છે—અને સાચેજ ઠેઠ પ્રાચીન રોમ અને ગ્રીસના સમયથી એવો તટસ્થ પ્રેમ પ્રત્યેક યુગનો વિરલ ગુણજ રહ્યો છે. આનેજ વૈજ્ઞાનિક આદર્શ કહી શકાય. એ વિરલ ગુણનું અસ્તિત્વ આપણે ૧૭મા શતકમાં જોઈ શકીએ છીએ. પ્રાકૃતિક શાસ્ત્રનો આધુનિક (પદ્ધતિએ) અભ્યાસ વાસ્તવિક રીતે એ શતકથી શરૂ થયો કહી શકાય. એ અગાઉ પણ કેટલાંક પૂર્વ ચિન્હો પ્રાકૃતિક શાસ્ત્રના અભ્યાસની શરૂઆતની આગાહી કરી રહ્યા હતા. આપણે તેમની અવગણના કરતા નથી, પરંતુ સાચો અભ્યાસ તો ૧૭ મા શતકથીજ શરૂ થયો કહેવાય, એ યુગમાં સત્યના કેવળ નિઃસ્વાર્થ પ્રેમથી પ્રેરાયેલા અનેક સુવિખ્યાત ચિંતકો હતા. અતિ કુશાગ્ર બુદ્ધિવાળા આ ચિંતકોમાંના કેટલાક લોકો ખ્રિસ્તી ધર્મની વિશ્વ સંબંધી યોજના અયુક્તિક છે એ અનુમાન પર આવ્યા અને પોતપોતાના સ્વભાવ પ્રમાણે એ યોજનાનો ઇન્કાર કરવા લાગ્યા, ત્યારે બીજા કેટલાકે મહાન્ ફ્રેન્ચ નર પાસ્કલની માફક બુદ્ધિ કરતાં શ્રદ્ધાને મોટી ગણી. આપણે થોડાં ઉદાહરણ લઇએ. બેકન પોતાને પ્રાચીનમતાવલંબી તરીકે ઓળખાવતો પરંતુ અંતરથી તે ખરેખરો કેવળશ્વરવાદી હતો; ગમે તેમ હો, પરંતુ એના લેખોમાં ઉંડી નજર નાંખતાં માલુમ પડે છે કે સત્યના વૈજ્ઞાનિક અન્વેષણને તે ઘણું ઉત્તેજન આપતો અને તેમાંથી અધિકારને દૂર કરવા તે ચાહતો. આધુનિક અધ્યાત્મશાસ્ત્રના પ્રણેતા તરીકે સુવિખ્યાત થએલો ડેકાર્ટ (Descartes) સ્વભાવનો ભીરૂ હોવાથી, ભલે એના લેખો દ્વારા અધિકારારૂઢ ધર્મગુરૂઓને

પ્રસન્ન કરવાનો પ્રયાસ કરતો હોય પરંતુ એની તાત્ત્વિક પદ્ધતિ બુદ્ધિવાદના વિચારને અત્યંત ઉત્તેજન આપનારી હતી. આ યુગનાં ઉચ્ચ બુદ્ધિવાળાં બધાંજ માણસોની સામાન્ય વૃત્તિ અધિકાર અને શ્રદ્ધાને ભોગે બુદ્ધિની મહત્તા વધારવા તરફ હતી, અને ઇંગ્લેંડમાં લૉકે અધિકાર કરતાં બુદ્ધિની મહત્તા એવી દૃઢ રીતે સ્થાપિત કરી હતી કે આખા અઢારમા સૈકામાં ચાલેલા શાસ્ત્રાર્થમાં ઇંગ્લેંડમાંના બંને પક્ષો બુદ્ધિનોજ આશ્રય લેતા અને કોઈ પણ વજનદાર ઈશ્વર-વિદ્યાવાદી શ્રદ્ધાને બુદ્ધિથી ઉચ્ચ શક્તિ તરીકે સ્વીકારતો નહિ.

ધર્મક્ષેત્રમાં શ્રદ્ધાના રાજ્ય પર બુદ્ધિ–શાંત અને ચોક્કસ આક્રમણ કરી જતી હતી. ડાકણવિદ્યા (Witchcraft) સંબંધી જાહેર પ્રજાના વિચારોમાં સત્તર, અઢારનાં શતકોમાં જે ભારે પરિવર્તન થયું હતું તે ઉપરની વાતનું સમર્થન કરે છે. પહેલા જેમ્સે "તું એક પણ ડાકણને રહેવા દઈશ નહિ" એવી બાઇબિલની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરવાના જે પ્રયત્નો કરેલા તે સુવિખ્યાત છે. એના પછી પ્રજાતંત્રના સમયમાં પ્યૂરિટન લોકો શયતાન સાથે વ્યવહાર રાખનારી, દુષ્ટ અને કામણ વિદ્યામાં કુશળ મનાતી વૃદ્ધ સ્ત્રીઓને ત્રાસ આપવામાં જેમ્સને પણ ટપી ગયા હતા, પરંતુ પુનઃ સ્થાપના (Restoration) પછી શિક્ષિત વર્ગની કામણવિદ્યા વિષેની માન્તા ઘટતી જતી હતી અને ભાગ્યેજ એ વિદ્યાના દુરૂપયોગ કર્યાના આરોપસર કોઈ પર ફોજદારી ચલાવવામાં આવતી. ૧૭૧૨ માં Hertfordshire–હર્ટફોર્ડશાયરના એક પાદરીએ Jane Whenham) જેન વીન્હામ નામની સ્ત્રીને જાદુકામણના આરોપસર દરબારમાં ઘસડી. એ મુકદ્દમો ડાકણ પરનો છેલ્લો મુકદ્દમો હતો. પંચે તે સ્ત્રીને ગુન્હેગાર ઠેરવી પરંતુ ચુકાદો કરનાર ન્યાયાધીશે તેની તરફેણનું લખાણ કરી તેના પરની શિક્ષા રદ કરાવી. ૧૭૩૫ની સાલમાં કામણવિદ્યા સામેના કાયદાઓ રદ થયા. આમ દિનપ્રતિદિન લોકોની કામણવિદ્યાના અસ્તિત્વ વિષેની માન્યતા કમી થતી જતી હતી.

કામણવિદ્યાના અસ્તિત્વને માનવું એ બાઇબલ પુસ્તકને ન માન્યા બરોબર છે એવા ઉદ્‌ગારો (John Wesley Hobbes) એ જોન વેસ્લિએ પૂર્ણ સત્યથી ઉચ્ચાર્યા હતા; કારણ, એ વિદ્યાના અસ્તિત્વનો પુરાવો બાઇબલ પુસ્તક સિવાય અન્ય સ્થળે—વ્યવહારમાં—મળી શકતો ન હતો. ફ્રાન્સ અને હોલેંડમાં શયતાનની આ મેલી પ્રવૃત્તિમાં લોક એકીવખતે રસ લેતા અને અશ્રદ્ધા દાખવતા થયા—સ્કોટલેંડમાં ઇશ્વર વિદ્યાનું પૂર જોર હોવાથી ૧૭૨૨ માં એક સ્ત્રીને શકપર બાળવામાં આવી હતી. આમ છતાં સર્વત્ર એ મેલી વિદ્યાના અસ્તિત્વ વિષે ઉંડી શંકા ઉત્પન્ન થઇ હતી. આધુનિક વિજ્ઞાન અને આધુનિક ફિલસુફીના જન્મકાળમાં જ ડાકણો સંબંધીનો વ્હેમ સામાન્યતઃ ઘટતો ગયો એ કંઇ આકસ્મિક યોગ ન હતો. પરંતુ અનેક બુદ્ધિયુક્ત વિચારોના પ્રચારનું એ ક્રમિક પરિણામ હતું.

(૧) ૧૭ મા શતકનો કદાચ સર્વશ્રેષ્ઠ અંગ્રેજ વિચારક હોબ્સ નાસ્તિક (Free thinker) અને જડવાદી હતો. જડવાદને તેના એપીક્યુરીઅન રૂપમાં પુનર્જીવિત કરનારા એના મિત્ર ફ્રેન્ચ તત્ત્વવેત્તા (Gassendi) ગેસેન્ડીની હોબ્સ પર અસર થઇ હતી, છતાં તે અંતઃકરણ સ્વાતંત્ર્યનો અગ્રગણ્ય હિમાયતી ન હતો. નિરંકુશ, છેલ્લા પાટલાની નિગ્રહ નીતિની તે હિમાયત કરતો. પોતાના (Levithan) લેવિધન પુસ્તકમાં એણે જે રાજનીતિ પ્રતિપાદન કરી છે તેમાં એણે અન્યક્ષેત્રોની જેમ ધર્મક્ષેત્રમાં પણ રાજકર્તાને આપ ખુદ સત્તા આપી છે અને સરકારી ધર્મ પાળવાની પ્રજાની અનિવાર્ય ફરજ છે એવો અભિપ્રાય દર્શાવ્યો છે. આવી રીતે એ પુસ્તકમાં ધાર્મિક જુલમની નીતિનો બચાવ કરવામાં આવ્યો છે. પરંતુ ચર્ચને સ્વતંત્ર સત્તા આપવામાં આવી નથી. Hobbes હોબ્સનો સિદ્ધાંત આમ નિગ્રહનીતિની હિમાયત કરે છે છતાં જે નિયમો પર હોબ્સે પોતાનો સિદ્ધાંત ઘડયો તે નિયમો બુદ્ધિવાદના હતા. એણે ધર્મ અને નીતિને નોખાં કર્યાં તથા સાચી નૈતિક ફિલસુફી અને 'કુદરતના કાનુનોનો

સત્ય સિદ્ધાંત' એક જ ગણાવ્યાં. આપણને હોબ્સના ધર્મ સંબંધી વિચારો એની નીચેની ટીકા પરથી સમજાય છે.' **અજ્ઞાનને લીધે અદૃશ્ય વસ્તુની મનુષ્યને જે કાલ્પનિક ભીતિ ઉત્પન્ન થાય છે તેમાંથી પરિણમતી લાગણી એજ ધર્મ. પોતાના હૃદયમાંની એ ઉર્મિને મનુષ્ય ધર્મ કહે છે અને પોતાનાથી તદ્દન ભિન્ન રીતે અદૃશ્ય તત્ત્વને પૂજનાર પુરુષની તેવીજ ઉર્મિને મનુષ્ય વ્હેમ કહે છે.** બીજા ચાર્લ્સના રાજ્યમાં હોબ્સને ભાષણ કરવાની મનાઈ કરવામાં આવી હતી તથા એનાં પુસ્તકોને બાળી દેવામાં આવ્યાં હતાં.

(૨) હોલેંડનો યહુદિ તત્ત્વવેત્તા સ્પાઇનોઝા ડેકાર્ટનો અને રાજનીતિ સંબંધી વિચારોમાં હોબ્સનો અત્યંત ઋણી છે, પરંતુ એના એ બંને ગુરુ કરતાં સ્પાઇનોઝાની ફિલસુફી ખ્રિસ્તી મતની વધારે વિરુદ્ધ છે. એ પરતત્ત્વ–પરમાત્માને નિર્વિશેષ, પૂર્ણ, નિરાકાર લેખતો અને સત્ અને ચિત્ એ એના સ્વાભાવિક ગુણો માનતો. સર્વ સુખના સારરૂપ પ્રભુપ્રેમ એટલે નિશ્ચિત અને અવિચલ સિદ્ધાંતોને વશ વર્તનારી માનવસ્વભાવ તથા કુદરતની વ્યવસ્થાનાં જ્ઞાન અને ધ્યાન એવી સ્પાઇનોઝાની પ્રભુપ્રેમની વ્યાખ્યા હતી. કાર્યકારણ સંબંધ દ્વારા પ્રવર્તતી કુદરત સહેતુક પ્રવર્ત્તે છે એ ધાર્મિક માન્યતાને એ વ્હેમ ગણતો અને માણસને સ્વતંત્ર ક્રિયાશક્તિ છે એ પણ એ ન્હોતો સ્વીકારતો. એની ફિલસુફીને આપણે કોઇ નામથી ઓળખાવવા માગતા હોઈએ તો આપણે એને સર્વેશ્વરવાદનું નામ આપી શકીએ. એની ફિલસુફીને ઘણીવાર અનીશ્વરવાદ તરીકે વર્ણવવામાં આવી છે. અનીશ્વરવાદ એટલે સાકાર પ્રભુનો અસ્વીકાર એવો સામાન્ય વ્યવહારમાં એનો જે અર્થ કરવામાં આવે છે તે હોય તો સ્પાઇનોઝા ખરેખર અનીશ્વરવાદી હતો. આ સંબંધમાં એટલું ધ્યાનમાં લેવાની જરુર છે કે સત્તરમા અને અઢારમા શતકમાં કોઈ પણ શાસ્ત્ર ઇશ્વરોક્ત નથી એવું માનનારા નવીન વિચારકોની અતિ

અસભ્ય રીતે નિંદા કરવા માટે 'અનીશ્વરવાદી' અથવા 'નાસ્તિક' શબ્દનો પ્રયોગ કરવામાં આવતો હતો, પરંતુ બહુ કાળજી વગર લખનારા લેખકોનાં અનીશ્વરવાદી વિષેનાં લખાણો વાંચીએ છીએ ત્યારે આપણે સાધારણ રીતે એમ માનીએ છીએ કે અનીશ્વરવાદી તરીકે લેખાતા લોકો વસ્તુતઃ કેવળેશ્વરવાદી હતા. અર્થાત તેઓ સાકાર પ્રભુમાં માનતા પરંતુ ખ્રિસ્તી શ્રુતિમાં આસ્થાહીન હતા.

સ્પાઇનોઝાની ધૃષ્ટતાભરી ફિલસુફી તેના સમયના વિચાર વહેણને મળતી ન હોવાથી ઘણા લાંબા કાળ સુધી પ્રજાના વિચાર પર તેની ઉંડી અસર થઈ શકી નહિ, પરંતુ જોન લોક નામના વિચારકના લેખો અસરકારક અને સમયાનુકૂળ હોવાથી તેની તે સમયના લોકો પર સારી અસર પહોંચી. એ લૉક થોડેઘણે અંશે પોતે એંગ્લિકન મતાનુસારી હોવાનો જાહેર ડોળ કરતો. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં એનો ફાળો અધિકારના અયોગ્ય આક્રમણ સામે બુદ્ધિના પ્રબળ બચાવ સમાન છે. ૧૬૯૦ એણે પ્રકટ કરેલા હ્યુમન અન્ડર-સ્ટેન્ડિગ ( Human Understanding ) પરના નિબંધનો હેતુ જ્ઞાન માત્ર અનુભવ પ્રાપ્ત છે એ બતાવવાનો છે. એ શ્રદ્ધાને બુદ્ધિથી છેક હલકી ગણે છે. બુદ્ધિની દાસીરૂપ ગણે છે. લૉક ખ્રિસ્તી ધર્મની શ્રુતિ માન્ય રાખતો પરંતુ તે કહેતો કે જો એ શ્રુતિ બુદ્ધિની વધુ ઉંચી અદાલતનો વિરોધ કરે તો શ્રુતિ ત્યાજ્ય પ્રમાણવી; બુદ્ધિથી આપણને જેટલું ચોક્કસ જ્ઞાન પ્રાપ્ત થાય છે તેટલું ચોક્કસ જ્ઞાન શ્રુતિ આપણને આપી શકે નહિ. આપણે લૉકના જ શબ્દો ટાંકીએ; "જે કોઈ શ્રુતિનો સ્વીકાર કરાવવા માટે બુદ્ધિનું બલિદાન આપે છે તે મનુષ્ય શ્રુતિ તેમજ બુદ્ધિનો પ્રકાશ બુઝાવી નાખે છે. તથા અન્ય પુરુષને દૂરદર્શક યંત્રની સહાયથી અદૃશ્ય તારાનો દૂરનો પ્રકાશ મેળવવવા માટે આંખો ફોડી નાખવાની સલાહ આપનાર પુરુષના જેવું જ કામ કરે છે." ખ્રિસ્તી શ્રુતિ બુદ્ધિ વિરુદ્ધ નથી એ પુરવાર કરવા માટે એણે એક પુસ્તક

લખ્યું હતું અને એ ગ્રંથના 'ધ રિઝનેબલનેસ ઓવ ક્રિશ્ચિઆનિટિ' એવા નામમાં પછીના સો વર્ષમાં ધર્મ સંબંધી જે વિતંડાવાદ ચાલ્યો તેનો ધ્વનિ ઉઠે છે. શ્રુતિવાદી તેમજ શ્રુતિ વિરોધી બંને પક્ષો કહેતા હતા કે ઇશ્વર પ્રેરિત ધર્મના મોટા મોટા દાવાઓ ત્યારે જ ખરા ઠરે જ્યારે તેઓ બુદ્ધિની કસોટીમાંથી પસાર થાય. બુદ્ધિગ્રાહ્યતા એ પૌરુષેય ધર્મની ખરી કસોટી છે. લૉકના લખાણોની ટોલૅંડ નામના કેથલિક ધર્મમાંથી વટલાયલા એક આયરીશ પુરુષ પર સીધી અસર પહોંચી હતી અને ટોલેંડે એ અસર પામીને 'ક્રિશ્ચિઆનિટિ નૉટ મિસ્ટિરિઅસ' એ નામનું સંક્ષોભકારક પુસ્તક ૧૬૯૬ માં પ્રસિદ્ધ કર્યું હતું. એ ધર્મ સાચો છે એવું તે માની લે છે અને એ ધર્મમાં કશી ગુપ્ત ક્રિયાઓ નથી એવું પ્રતિપાદન તે એ ગ્રંથમાં કરે છે. એ કહે છે કે ગુપ્ત ક્રિયાઓ કે વિષયો અગમ્ય અયુક્તિક જડગ્રાહો વા અંધ મંતવ્યો; બુદ્ધિદ્વારા તેમને સ્વીકારી શકાય નહિ. જો શ્રુતિ (revelation) ન્યાયી, દેવોક્ત હોય તો તેનો હેતુ જ્ઞાન પર પ્રકાશ પાડવાનો હોવો જોઇએ, નહિ કે મનુષ્યની બુદ્ધિને ગુંચવવાનો. ખ્રિસ્તી ધર્મ સાચો છે એવી જે માન્યતા ટોલેંડે એના ગ્રંથમાં દર્શાવી છે એ તો માત્ર બહાનું હતું, એવું બુદ્ધિશાળી વાચકને સ્પષ્ટ ભાન થયા વિના રહેશે નહિ. એ લૉકની ફિલસુફીનું તર્કસિદ્ધ નિગમન હોવાથી એ ઉપયોગી હતું, બેલગ્રેડમાં લૅડી મેરી વૉર્ટલી મોન્ટેગ્યુને તુર્કસ્તાનનો એક એલચી મળેલો. તેણે તે સ્ત્રીને મી. ટોલેંડના સમાચાર પૂછ્યા હતા. આ પરથી ટોલેંડની ખ્યાતિનો ખ્યાલ આવી શકે છે.

બુદ્ધિ અને અધિકાર વચ્ચેની ૧૭–૧૮ મા શતકમાં ચાલેલી લડતનું મુખ્ય લક્ષણ એ છે કે ૧૮ મી સદીના અગ્રગણ્ય ફ્રેન્ચ વિચારકો સિવાયના જે જે બુદ્ધિવાદીઓ ઇશ્વિરવિદ્યાના ખરાપણાં પર પ્રહાર કરતા હતા તે સર્વે સામાન્ય રીતે પોતે જે વિચારોનું ખંડન કરતા તેમનું સત્ય કબુલ રાખવાનો ડોળ કરતા. પોતાના

વિચારોને ધર્મ સાથે કશી જ લેવા દેવા નથી એવો મિથ્યા દાવો કરી તેઓ બુદ્ધિ અને શ્રદ્ધાનાં ક્ષેત્ર નોખાં પાડી શકતા. શ્રુતિના સત્ય વિષે શંકા કર્યા વગર તેને નિરર્થક ઠેરવી શકતા. તેઓ પ્રાચીન મત—અથવા ધર્મવિદ્યા પ્રમાણેના સત્તાવાર મતનો આદર કરી શકતા અને સાથે સાથે એ જોડે જેમનો કદી મેળ ન ખાય એવા વિચારો પણ દર્શાવી શકતા એ ખરે એમની ખૂબી જ હતી. બુદ્ધિક્ષેત્રમાં તેઓ જે ભૂલોને ઉઘાડી પાડતા તેજ ભૂલોને ધર્મના ક્ષેત્રમાં તેઓ વક્રતાથી સત્ય તરીકે સ્વીકારતા. આમ આ સમયના વિચારકો ધર્માંધ પ્રાચીનમતાનુસારીઓના જુલમમાંથી ઉગરવા માટે મધ્યયુગમાં અજમાવાયલો દ્વૈત સત્યનો સિદ્ધાંત તેમજ અન્ય યુક્તિઓનો (આત્મ રક્ષણાર્થે) આશ્રય લેતા. અલબત્ત એ યુક્તિઓ સફળ થતી ન હતી. આ યુગનું બુદ્ધિવાદને લગતું ઘણું સાહિત્ય વાંચતાં આપણે અતિ કાળજીપૂર્વક લખેલા શબ્દોનો ખરો ભાવાર્થ સમજવો પડે છે. બેઇલિના ગ્રંથો આ બાબતના ઉદાહરણ રુપ છે.

લૉકે પોતાની ફીલસુફી દ્વારા અધિકારનું યોગ્ય સ્થાન નિર્ણિત કરીને તથા સર્વજ્ઞાન અનુભવજન્ય છે એવું પ્રતિપાદિત કરીને બુદ્ધિવાદની પ્રવૃત્તિને પ્રબળ ઝોક આપ્યો. ત્યારે લૉકના સમકાલીન વિચારક બેઇલે ઐતિહાસિક અન્વેષણ દ્વારા બુદ્ધિવાદને આગળ ધપાવ્યો. ફ્રાન્સમાંથી બહિષ્કૃત થયા બાદ બેઇલિ એમસ્ટર્ડામ જઈ વસેલો અને ત્યાં એણે "દાર્શનિક કોષ" નામક ગ્રંથ પ્રકટ કરેલો. વસ્તુતઃ બેઇલિ સ્વતંત્ર વિચારક—કોઈ પણ શાસ્ત્ર ઇશ્વિરોકત નથી એવું માનનાર—હતો, પરંતુ પોતે પ્રાચીનમતાવલંબી હોવાનો ડોળ એણે કદી છોડેલો નહિ. આ કારણથી એના લખાણમાં ખાસ લાક્ષણિક ઝમઝમાટ આવ્યો છે. મુખ્ય મુખ્ય ખ્રિસ્તી સિદ્ધાંતો સામે ખ્રિસ્તેતર લોકોએ (Heretics) જે જે વાંધા ઉઠાવ્યા હતા તે સર્વને અતિ ઉત્સાહપૂર્વક બેઇલે પોતાના ગ્રંથમાં રીત-

સર ગોઠવ્યા છે. ડેવીડનાં ગુન્હા અને પશુસમાન કૃત્યો એણે કડક રીતે ઉઘાડાં પાડયાં છે અને એ "સર્વ શક્તિમાન્ પ્રભુના પ્રિય જન" સાથે મનુષ્ય હાથ મેળવતાં-(હસ્તધૂનન કરતા)-અચકાય એવો એ અધમ નર પિશાચ હતો એમ એણે બતાવી આપ્યું છે. આવી અશ્લીલ, અશ્રદ્ધા અને અજ્ઞાન વધારે એવી બેઇલની નફ્ટાઈથી જનતામાં ઘણો ખળભળાટ થયો હતો. બધા વિરોધીઓને જવાબ આપતી વેળા બેઇલે, મોન્ટેન અને પાસ્કલની વૃત્તિનો સ્વીકાર કરીને શ્રદ્ધાને બુદ્ધિ સાથે અથડાવી મારી હતી.

તે કહેતો હતો કે શ્રુતિનાં સત્યોને કેવળ ઈશ્વરના પ્રમાણથી સ્વીકારવાં-ઇશ્વરોક્ત માની ખરાં પ્રમાણવાં-એ શ્રદ્ધાનો ધર્મદૃષ્ટિએ અતિ ઉચ્ચ ગુણ છે. જો તમે આત્માના અમરત્વનો સિદ્ધાંત તાત્ત્વિક કારણસર માન્ય કરો તો તમે પ્રાચીનમત-પૂજક ગણાઓ ખરા, પરંતુ ત્હમારામાં ઉચ્ચ શ્રદ્ધા છે એમ કહેવાય નહિ; કારણ કે ત્હમે એ સિદ્ધાંત ઈશ્વરોકત હોવાથી સાચો છે એમ શ્રદ્ધાપૂર્વક સ્વીકારતા નથી, પરંતુ તત્ત્વવિચારથી તેનું સત્ય માન્ય રાખો છો. શ્રુતિનું સત્ય જેમ જેમ મનની સર્વ શક્તિયોને વધુ વધુ અગમ્ય થતું જાય તેમ તેમ શ્રદ્ધાની કિંમત વધતી જાય છે. એવું અગમ્ય સત્ય સ્વીકારનારની શ્રદ્ધા સાચે જ અપ્રતિમ લેખાય. સત્ય જેમ બુદ્ધિમાં ન ઠસે એવું હોય, તેમ તેને માનવામાં આપણે વધારે ભોગ આપ્યો ગણાય, અને ઈશ્વર પ્રત્યેની આપણી આજ્ઞાંકિતતા વધુ સહૃદયી ગણાય. વસ્તુસ્થિતિ આમ હોવાથી ખ્રિસ્તીધર્મના સિદ્ધાંતો સામે બુદ્ધિવાદીઓના જે જે વાંધાઓ છે તે સર્વની પૂર્ણ અને વિસ્તૃત નોંધ લેવાથી આખરે શ્રદ્ધાનીજ કિંમત અને મહત્તા વધે છે. આમ શ્રદ્ધાની મહત્તાની સુરીઆ દલી-લથી બેઈલ વિરોધીઓને શાંત પાડતો.

આ ઉપરાંત, ઈશ્વરના અસ્તિત્વનો ઇન્કાર કરનારની નૈતિક શ્રેષ્ઠતાની બેઈલે પોતાના ગ્રંથમાં ન્યાયપુરઃસર પ્રશંસા કરી તે માટે

પણ એના 'કોષ' વિરુદ્ધ ટીકા થઈ હતી. પોતાના લખાણ વિરુદ્ધનો ખડખડાટ સાંભળી બેઈલે જવાબ વાળેલો કે કોઇ પણ અનીશ્વરવાદી ચિંતકે દુષ્ટ અધમ જીવન ગાળ્યાનો પુરાવો મ્હને મળ્યો હોત તો જરૂર એમના દુર્ગુણોનું દિગ્દર્શન કરવાના કાર્યમાં હું રસપૂર્વક મંડી પડત, પરંતુ એવો એકે દુરાચારી અનીશ્વરવાદી મ્હેં જાણ્યો કે સાંભળ્યો નથી. ( ઉલટું ) પોતાનાં અધમ, ઘોર, તિરસ્કરણીય કૃત્યોથી કમકમાં ઉપજાવનારા જે જે ગુન્હેગારો વિષે આપણે ઇતિહાસમાં વાંચીએ છીએ તે સર્વની અપવિત્રતા, ધર્મભ્રષ્ટતા અને દેવનિન્દા પરથી પુરવાર થાય છે કે તેઓ **ઇશ્વરને** માનનારા હતા. આવાં ઘોર કૃત્યો શાનું પરિણામ છે? શયતાન–કોઇ કાળે પણ અનીશ્વરવાદી થવાને અસમર્થ એવો શયતાન–મનુષ્યને પાપમાર્ગે પ્રેરનાર છે, એ સિદ્ધાંતનાં ઓઠાં નીચે મનુષ્યો ઘોર કૃત્યો કરવા પ્રેરાય છે. એમની દુષ્ટતા એથી શયતાનની દુષ્ટતા જેવીજ હોય. અને શયતાન અનીશ્વર વાદી ન હોવાથી શયતાનની પ્રેરણાથી અધમ કાર્યમાં પ્રેરાતા મનુષ્યો પણ ઈશ્વરના અસ્તિત્ત્વમાં આસ્થા ધરાવનારાજ હોવા જોઇએ. ઈશ્વરના અસ્તિત્વમાં શ્રદ્ધા રાખનારા મનુષ્યોજ ઘોર પાપીઓ થાય એવો સંભવ છે. હવે હું પૂછું છું કે અધમમાં અધમ ગુન્હેગારો અનીશ્વરવાદી નથી તથા અનીશ્વરવાદી તરીકે છપાયલા લોકમાંનો મોટો વર્ગ પ્રમાણિક છે, એ શું પ્રભુના અપાર ડહાપણનો પુરાવો નથી? આવી યોજના કરીને દયાળુ પ્રભુ મનુષ્યની અનીતિને મર્યાદિત કરે છે– અનીતિનો આંક બાંધે છે. કારણ જો અનીશ્વરવાદ અને નૈતિક સડો એ એકજ વ્યક્તિમાં સાથે સાથે વસતા હોત તો વિશ્વની સમાજો પાપના પ્રાણ–વિનાશક ઓઘના ભોગ બનત.

આને આજ શૈલીમાં બેઇલે બીજું ઘણું લખ્યું છે. અને એ લખાણનું તાત્પર્ય ધર્મશ્રદ્ધાની મહત્તા વધારવાના મિથ્યા ડોળ દ્વારા ખ્રિસ્તિ ધર્મના સિદ્ધાંતો મુખ્યત્વે બુદ્ધિને અગમ્ય છે એ બતાવવાનું છે.

બેઇલનો ગ્રંથ અસાધારણ પાંડિત્ય અને વિદ્વત્તાથી અંકિત

હોવાથી એનાં લખાણોની ઇંગ્લેંડ અને ફ્રાંસમાં ભારે અસર થયેલી. બન્ને દેશોમાંના ખ્રિસ્તી ધર્મપર હલ્લો કરનારાને બેઇલનાં લખાણો-માંથી સારી શસ્ત્ર સામગ્રી પ્રાપ્ત થઇ. ખ્રિસ્તી ધર્મપર પ્રથમ તો અંગ્રેજ કેવળેશ્વરવાદીઓએ અતિ ઉત્સાહ અને શક્તિથી હુમલો કર્યો. એમના લેખો જોકે હાલમાં ભાગ્યેજ કોઇ વાંચે છે છતાં તેમણે ઇશ્વરોક્ત ધર્મના અધિકાર સામે તકરાર ( કલમ યુદ્ધ ) ઉઠાવીને ચિરસ્મરણીય કામ સાધ્યું.

બુદ્ધિ દ્વારા જેમનું અસ્તિત્વ પ્રતિપાદ્ય મનાતું એવા નિસર્ગ ધર્મના દેવતા અને ખ્રિસ્તી ધર્મના પ્રણેતા પ્રભુ તે એકજ છે કે કેમ એ પ્રશ્ન પર એ બે પક્ષો વચ્ચે તકરાર ચાલ્યા કરી. કેવળેશ્વરવાદીને એ બેની એકતા અસંભવિત લાગી. બુદ્ધિગમ્ય ઇશ્વરસ્વરુપ અને શ્રુતિપ્રોક્ત ખ્રિસ્તી ધર્મમાં વર્ણવેલા ઇશ્વરના સ્વરૂપ વચ્ચે આસમાન જમીનનું અંતર લાગ્યું, પરંતુ આ બે વિરોધી પક્ષો બે બાબતોને સમાન રીતે સત્કારતા અને અનિવાર્ય લેખતા. શ્રુતિનો બચાવ કર-નારા સમર્થ પુરૂષો પણ કેવળેશ્વરવાદીની માફક બુદ્ધિનેજ પ્રાધાન્ય આપતા અને બુદ્ધિનો આશ્રય લેવાથી એમનામાંના કેટલાક તો પાખંડમતધારી બન્યા હતા. આ વાતના સમર્થનમાં આપણે માત્ર સૌથી વધારે સમર્થ શ્રુતિરક્ષક કલાર્કનું ઉદાહરણ આપી સંતોષ પામીશું. ત્રિમૂર્તિવાદના સિદ્ધાંત પરનું એનું લખાણ સયુક્તિક નથી, વળી બંને પક્ષો નીતિની વૃદ્ધિને પોતાનું મુખ્ય ધ્યેય માનતા એ વાત લક્ષમાં લેવી ઘટે છે. શ્રુતિરક્ષકો માનતા કે સત્કર્મ કે દુષ્કર્મનો ભવિષ્યમાં યોગ્ય બદલો કે દંડ મળશે એવો શ્રુતિનો સિદ્ધાંત નીતિ-પ્રચાર માટે આવશ્યક છે. કેવળેશ્વરવાદીઓ માનતા કે નીતિનો આધાર કેવળ બુદ્ધિ છે અને ખ્રિસ્તી ધર્મમાં નીતિની દૃષ્ટિએ ઘણું વાંધા લેવા જેવું છે. બન્ને પક્ષો નીતિની પ્રીતિ પ્રકાશતા હતા. આખી અઢારમી સદીમાં એંગ્લીકન દેવળના ધર્મગુરૂઓ churchmen નીતિને માર્ગદર્શક લેખતા. ધર્મોત્સાહી જનોના આત્માને ચર્ચમાં

સંતોષ મળ્યો નહિ. તેઓ ચર્ચની બ્હાર નીકળી પડયા અને પરિણામે વેસ્લી અને ઉવ્હાઇટફીલ્ડના નેતૃત્વ નીચે મેથોડીઝમનો એક નવો ફાંટો ફુટયો.

ધર્મશાસ્ત્રનાં સૂત્રોપર પણ અન્ય કોઇ પણ પુસ્તકની માફક ટીકા થવી જોઇએ એ સિદ્ધાંતને કેવળેશ્વરવાદીઓ અતિ મહત્ત્વનો ગણતા. એ સિદ્ધાંત સ્પાઇનોઝાએ ૧૬૭૦માં પ્રતિપાદિત કર્યો હતો. ધર્માંધ પુરૂષોના સિતમમાંથી ઉગરી જવા માટે કેવળેશ્વરવાદીઓ પોતાનાં ખરાં અનુમાનોને શ્રુતિમાન્યતાના આછા કૃતિમ પડદા નીચે ઢાંકી દેતા. ૧૬૭૦ની સાલ સુધી છાપખાનાંને લગતો કાયદો અમલમાં હોવાથી પાખંડમત ફેલાવનારા પુસ્તકોની પ્રસિદ્ધિ સફળતાથી અટકાવવામાં આવી હતી. આથી બુદ્ધિવાદના પ્રચારનું પ્રત્યક્ષ પ્રમાણ મળી શકતું ન હતું; પરંતુ નાસ્તિક મતને વખોડી કાઢનારાં પ્રાચીન મતાવલંબી પુરૂષોનાં પુસ્તકો પરથી બુદ્ધિવાદ કેવી રીતે પ્રચાર પામ્યો હતો તેનું અનુમાન કાઢી શકાય છે. ૧૬૯૫માં છાપખાનાને લગતો કાયદો બંધ કરવામાં આવ્યો અને એકાએક કેળવેશ્વરવાદીઓનાં લખાણોનો રાફડો ફાટયો, પરંતુ દેવનિંદાને લગતા કાયદાની રૂએ મુકર્દમા ચાલવાની કેવળેશ્વર વાદીઓને ભીતિ રહેતી. ખ્રિસ્તી ધર્મપર હલ્લો કરનાર સામે ત્રણ કાયદેસર શસ્ત્રો મંડાયલાજ હતા. (૧) **ધર્મગુરુઓનાં ન્યાયમંદિરો.** અનીશ્વરવાદ, દેવનિંદા, પાખંડમત પ્રચાર અને ધિક્કારવા લાયક અભિપ્રાયો ફેલાવનારને વધુમાં વધુ છ મહિનાની કેદની શિક્ષા ફરમાવવાનો આ મંદિરોને અધિકાર હતો. (૨) **રાજ્યનો સામાન્ય કાયદો,** અને ખાસ કરીને લૉર્ડ હેલ Hale નામના મુખ્ય ન્યાયાધીશે એ કાયદાનો જેવો અર્થ કર્યો હતો હતો એ અર્થમાં એ કાયદો ભયરૂપ હતો. કોઇ એક Taylor ટેલર નામના ગૃહસ્થ પર ધર્મને પ્રપંચ કહેવાનો અને ઇસુખ્રિસ્તની નિંદા કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો, ન્યાયાધીશે આરોપીનો દંડ કર્યો તથા તેને હાથને ડોકું હેડમાં પૂરીને સજા કરી. (pilloried)

એ મુકર્દમાને ઉદ્દેશી ન્યાયાધીશે લખેલું કે "આ મુકદમો ચલાવવાને The Court of King's Bench :વરિષ્ટ કોર્ટ (અથવા રાજ્ય ન્યાયમંદિર) ને કાયદેસર અધિકાર છે, કારણકે ટેલરે જે નિન્દાત્મક શબ્દો વાપર્યાં છે તે શબ્દોમાં કાયદાનો ભંગ છે તથા રાજદ્રોહ છે. ખ્રિસ્તીધર્મ વિરુદ્ધ શબ્દ ઉચ્ચારવો એ કાયદાના ઉલ્લંઘન સમાન છે, કેમકે **ખ્રિસ્તીધર્મ એ ઈંગ્લેંડના કાયદાનું એક અંગજ છે.**" કાયદાનો આવો દૂરાકૃષ્ટ અમલ એ ખરેખર ખ્રિસ્તી ધર્મનો વિરોધ કરનારાના શિરપર ઝઝૂમતું જાલીમ શસ્ત્ર હતું. (૩) **૧૬૯૯નો ઠરાવ.** આ કાયદાની શરતો એવી હતી કે જો ખ્રિસ્તી તરીકે કેળવાયલો કોઇ પણ મનુષ્ય લખી, છાપી, ઉપદેશી અથવા ચઢામણીથી પવિત્ર ત્રિમૂર્તિમાંના કોઇ પણ પુરૂષનો દેવ તરીકે અસ્વીકાર કરશે કે એકથી વધુ દેવો (Gods) છે એવું પ્રતિપાદન કે સમર્થન કરશે, કે ખ્રિસ્તી ધર્મને સાચો નહિ માને કે જૂના અને નવા કરારો (Testament) નાં પવિત્ર પુસ્તકોને ઇશ્વરોક્ત નહિ માને અને પરિણામે ગુન્હેગાર ઠરશે તો પહેલી વખતના ગુન્હા બદ્દલ જાહેર અધિકારની પદવીઓ કે નોકરીઓ મેળવવાને તે કાયદાની દૃષ્ટિએ નાલાયક ગણાશે અને બીજી વખતના ગુન્હા બદ્દલ નાગરિક તરીકેના તેના બધા હકકો ઝુંટવી લેવામાં આવશે તથા તેને ત્રણ વર્ષની કેદ કરવામાં આવશે." એ કાયદો ચોખ્ખી રીતે એજ સૂચન કરે છે કે અલ્પકાળથી ઘણા માણસોએ ખ્રિસ્તી ધર્મના સિદ્ધાંતો અને નિયમો વિરુદ્ધ દેવનિંદાત્મક અને અપવિત્ર અભિપ્રાયો બાંધવા અને ફેલાવવા માંડયા છે.

(આમ આવા પ્રતિબંધક કાનુનો દ્વારા બુદ્ધિ-સ્વાતંત્ર્યવાદની પ્રગતિનું પરોક્ષ પ્રમાણ આપણને પ્રાપ્ત થાય છે.)

ગયા બે સૈકામાં દેવનિંદાના આરોપસર જેટલી તપાસો થયેલી તે સર્વમાં આરોપીઓ ઉપર્યુક્ત ત્રણ શસ્ત્રમાંના બીજાના ભોગ બનેલા. આમ અમલમાં, રાજનો સામાન્ય કાયદો વધારે ભયરૂપ નીવડેલો; પરંતુ ૧૬૯૮નો કાયદો ભારે દહેશત ઉપજાવે એવો હતો,

અને એથીજ પાખંડમત પ્રચારકો વાંચકોને ભૂલાવામાં નાંખે એવા સંદિગ્ધાર્થ લેખો દ્વારા પોતાના સાચા વિચારોપર આછો પડદો નાંખતા. પોતાના અભિપ્રાયો છુપાવવાના હેતુથી પાખંડીઓએ જે અનેક યુક્તિઓ અજમાવેલી તેમાં એક ખ્રિસ્તી ધર્મશાસ્ત્રનો અર્થ રૂપક દ્વારા કરવાની હતી. જો શાસ્ત્રનો અક્ષરશઃ અર્થ કરવા બેસીએ તો ઇશ્વરનાં જ્ઞાન અને ન્યાય સાથે મેળ ન બેસે એવી ઘણી વિચિત્રતા અને અસંગત ઉક્તિઓ તરી આવે એમ છે; પણ ઇશ્વરનાં ડહાપણ અને ન્યાય વિષે શંકા ઉઠાવવી ન ઘટે માટે શાસ્ત્રાર્થ રૂપક દ્વારાજ કરવો જોઇએ, એવું તેઓ ઢોંગી અનુમાન કાઢતા; પરંતુ ઇશ્વરનાં ડહાપણ અને ન્યાયના બચાવમાં કાઢેલું એમનું ડોળઘાલું અનુમાન તરછોડીને વાચક ખ્રિસ્તી શ્રુતિની મહત્તાને તોડી પાડનારૂં અનુમાન તેમનાં લખાણમાંથી ઝીણી નજરે ખેંચી કાઢે એમજ તેમનો અંતરાશય હતો.

ખ્રિસ્તી શ્રુતિ ઇશ્વરોક્ત અને યથાર્થ છે એવું પુરવાર કરવા માટે જે જે દલીલો રજુ કરવામાં આવતી તેમાં ખાસ આગળ પડતી બે દલીલો હતી. (૧) ભવિષ્ય કથનોની સફળતા. (૨) નવા કરારમાંના ચમત્કારો. લૉકના એક ગ્રામવાસી શિષ્ય એન્થોની કોલીન્સે ૧૭૩૩માં 'ડિસ્કૉર્સ ઓન ધ ગ્રાઉન્ડસ એન્ડ રિઝન્સ ઓવ્ ધ ક્રિશ્ચિઅન રિલિજન' નામનું પુસ્તક પ્રકટ કરીને, દૂરાકૃષ્ટ અને અસ્વાભાવિક આલંકારિક અર્થો પર આધાર રાખતાં ભવિષ્ય કથનોની સફળતા વિષેનો પુરાવો કેવો પાંગળો હતો તે ખુલ્લી રીતે દર્શાવી આપ્યું. ૨૦ વર્ષ પહેલાં એણે A Discourse of Free Thinking "એ ડિસ્કોર્સ્ ઑવ્ ફ્રિ થિન્કિંગ" નામના પ્રબંધદ્વારા સ્વતંત્ર ચર્ચા અને ધર્મના પ્રશ્નોનો બુદ્ધિદ્વારા નિશ્ચય કરવાની હિમાયત કરેલી. એના સમયમાં જે અસહિષ્ણુતા પ્રવર્તતી તે સામે એણે પોકાર ઉઠાવેલો. પણ અસહિષ્ણુતાના અસ્તિત્ત્વનો પુરાવો આપનારી હકીકતો થકી અશ્રદ્ધાનો પણ પ્રચાર થતો હતો, એવું પુરવાર થાય છે.

કોલીન્સ તો મુકાબલે શિક્ષામાંથી ઉગરી ગયો હતો પરંતુ કેંબ્રીજની સીડની સસેક્ષ કોલેજના ટોમસ વુલ્સ્ટન નામના એક "ફેલો"એ "**આપણા તારણહારના ચમત્કારો સંબંધી**" છ **આક્રમણશીલ "પ્રબંધો"** લખીને પોતાની ઉદ્ધતાઇનું ફળ ચાખ્યું. એની ફેલોની પદવી ઝુંટવી લેવામાં આવી તથા બદનક્ષી કર્યાના આરોપસર તેને સો પાઉન્ડનો દંડ અને એક વર્ષની સજા કરવામાં આવ્યાં. દંડ આપવાની તેનામાં શક્તિ ન હોવાથી તે કારાગૃહમાં પંચત્વ પામ્યો. ચમત્કારો અશ્રદ્ધેય અને અશક્ય છે એવું પ્રતિપાદિત કરવાની વાદપદ્ધતિનો એ આશ્રય લેતો નથી. એ તો બાઇબલમાં વર્ણવેલા મુખ્ય ચમત્કારોની વાસ્તવિકતા તપાસે છે અને અપૂર્વ શક્તિ તથા વિચક્ષણ-ઝીણી સામાન્ય અક્કલથી તે દર્શાવી આપે છે કે એ ચમત્કારો અયુક્ત અને કર્તાને ન છાજે એવા છે. વળી, તેણે એ પણ દર્શાવી આપ્યું છે કે ભુંડ ડુક્કરના ટોળામાં ચમત્કારથી રાક્ષસોને ઘુસાડવાનું કૃત્ય ગેરવાજબી હતું અને એ દ્વારા અન્યની માલમિલકતને અક્ષમ્ય ધોકો પહોંચ્યો હતો. ઇશ્વરી ચમત્કારથી કરમાઈ જતા (Blasting) અંજીરના ઝાડ વિષેની વાર્તા સંબંધે એ લખે છે કે "ધારો કે જો કેન્ટનો કોઇ જમીનદાર ખેડુત ઇસ્ટરના તહેવારોમાં (એમ મનાય છે કે આ સમયેજ ઇસુ ખ્રિસ્ત અંજીરની શોધમાં ફરતો હતો) પીપીન્સ નામનાં વિલાયતી ફળો થયાં છે કે નહિ તે જોવાને પોતાની વાડીમાં જાય અને ઇસુના ચમત્કારથી શુષ્ક થયેલા ઝાડને જોઇને નિરાશામાં ઝાડનો ઉચ્છેદ કરે તો શું પરિણામ આવે? એના પાડોશીઓ એને કેવો લેખશે? બધાજ તેને હાસ્યાસ્પદ લેખી બનાવશે અને ભોગજોગે એ બીના જાહેરપત્રોમાં ઘુસી જાય તો એ બીચારો માણસ માત્રની મશ્કરીને પાત્ર થાય."

એની દલીલ પદ્ધતિ યથાર્થ સમજવા માટે. બેથેસ્ડાના ખાબોચીયાનો ચમત્કાર પરની એની ટીકા વાંચીએ. ત્યાં એક દેવદૂત

હંમેશ પાણીને ડહોળતો. એક દિવસ એવો ચમત્કાર થયો કે જે મનુષ્યે એ ખાબોચીયામાં સૌથી વહેલો પગ મૂકયો તેનો વ્યાધિ મટી ગયો. આ ચમત્કાર પરના વુલ્સ્ટનના શબ્દો નીચે પ્રમાણે છે; "દૈવી કૃપા વર્ષાવવાનો આ કેવો વિચિત્ર અને હાસ્યકારક માર્ગ છે! કોઈ એમ પણ ધારે કે માનવજાતિનું કલ્યાણ સાધવા કરતાં પોતાના આનંદવિલાસ ખાતર દેવદૂતો આ પ્રમાણે કરતા હતા, કદાચ જેમ કેટલાક લોકો કુતરાને લડાવી મારવાની મઝા મેળવવા માટે તેમના ટોળામાં હાડકું ફેંકે છે, અથવા બીજાઓ બાળકો કેવી લૂંટાલૂંટ અને ખેંચતાણ કરે છે એ જોવા માટે માત્ર ગમ્મત દાખલ એમની ટોળી વચ્ચે નાણાંનો એકાદ સિક્કો ફેંકે છે, તેમ કેવળ પોતાનાજ આનંદ અર્થે, લેશ પણ પરોપકારવૃત્તિ વગર, દેવદૂતો બેથેસ્ડાના ખાબોચીયામાં ખેલ ખેલતા હતા. રક્તસ્રાવથી પીડાતી એક સ્ત્રીને સૂઝ આવી ગયાની ચમત્કારી વાત વિષે એ લખે છે કે "ધારો કે જો કોઇ પોપે કોઇ સ્ત્રીને રક્તસ્રાવની પીડામાંથી મુક્ત કર્યાનું આપણને કહેવામાં આવે તો પ્રોટેસ્ટંટ પંથીઓ એ સંબંધમાં શું કહેશે? વળી કહે શું? તેઓ કહેશે કે એક મૂર્ખ, અંધશ્રદ્ધાળુ અને વ્હેમી સ્ત્રીએ પોતાની સહજ માંદગી મટી જવાથી માની લીધું કે એ માંદગી પોપના ચમત્કારથી દૂર થઈ; અને લુચ્ચા પોપે અને તેના અનુયાયીઓએ લોકપ્રશંસા પ્રાપ્ત કરવાની આકાંક્ષાથી માની લીધેલા આકસ્મિક વ્યાધિનાશને મોટું રૂપ આપીને ચમત્કાર લેખાવ્યો." પોપના ચમત્કારની આ કલ્પિત કથા ઇસુના ચમત્કાર સંબંધમાં લાગુ પાડવી સહેલી છે. પોપ વિષેના આપણા અભિપ્રાય કરતાં ઈસુ વિષે જેમને વધુ ઉંચો અભિપ્રાય નથી એવા ખ્રિસ્તી શાસ્ત્રને ઇશ્વરોક્ત ન માનનારા નાસ્તિકો (Infidels) યહુદીઓ તથા મહમદ પંથીઓ પોપના ચમત્કારની કલ્પિત કથાનો ઇસુના ચમત્કારની ટીકામાં ઉપયોગ કરે અને એ વાર્તામાં પ્રોટેસ્ટંટ જેમ પોપને હસી કાઢે છે તેમ તેઓ તિરસ્કારે તો તેમાં આપણો કશો ઉપાય નથી."

આમ કલ્પિત કથાનકો અને માર્મિક ટીકાશબ્દોથી વુલ્સ્ટન ચમત્કારની વાતોને યથાર્થ ઠેરવે છે.

બાઇબલ (ખ્રિસ્તી) Scripture ધર્મશાસ્ત્ર ઇશ્વર પ્રેરિત નથી એવું વુલ્સ્ટન જાહેરમાં કદીએ કહેતો ન હતો. શ્રદ્ધાળુ હોવાનો ડોળ એણે ત્યજ્યો ન હતો. એ કહેતો કે બધા ચમત્કારોનાં વર્ણનનો વાચ્યાર્થ જોતાં એ સાચા હોય એમ સંભવી શકતું નથી. પરંતુ એ વર્ણનો મનુષ્યના આત્મામાં ચાલતી ઈસુની ગૂઢ અકળ ક્રિયાઓનાં રૂપક છે, એવો સિદ્ધાંત પ્રચાર પામેલો, અને વુલ્સ્ટન એ સિદ્ધાંત માનવાનો ઢોંગ કરતો. (Origen) ઓરિગન નામના એક સાધારણ ધર્મશ્રદ્ધાળુ ખ્રિસ્તી ધર્મગુરુએ એ ચમત્કારનાં વર્ણનોને રૂપક દ્વારા સમજાવ્યાં હતાં. વુલ્સ્ટન પોતાના અભિપ્રાયોનું સમર્થન કરવા માટે ઓરિગનના લેખો ટાંકે છે. વુલ્સ્ટનની આકરી ટીકાઓ બધીજ એકસરખી અગત્યની નથી. પરંતુ ઘણે ઠેકાણે એની ટીકાઓના પ્રહાર સચોટ થાય છે. હાલના કેટલાક ટીકાકારો વુલ્સ્ટનના લેખોને નીચ અને નફટ લેખી તેમની ઉપેક્ષા કરે છે એ સદંતર ગેરવાજબી છે. વુલ્સ્ટનની લેખપત્રિકાઓનો સારો ઉપાડ થએલો અને વુલ્સ્ટન સારી રીતે જગબત્રીશીએ ચઢેલો. નીચેની રમુજી કથા એની પ્રસિદ્ધિનો પુરાવો આપે છે. એક સમય એક વિલાસી યુવતી વેશ્યા ફરતાં ફરતાં એને રસ્તામાં મળી હતી. તે એકદમ વુલ્સ્ટનને કહેવા લાગી કે "ઓ પાકા શઠ, હજી તું ફાંસીને લાકડે ચઢયો નથી?" વુલ્સ્ટને જવાબ વાળ્યો. "ભલી બાઇ, હું આપને ઓળખતો નથી, પણ જરા કહેવાની કૃપા કરશો કે મેં આપનો શો અપરાધ કર્યો છે?" એટલે બાઇએ પ્રત્યુત્તર આપ્યો કે "શઠ, ત્હેં મારા તારણહાર વિરુદ્ધ લેખો ચીતર્યા છે. મારા એ પ્રિય તારણહાર ન હોય તો મારા પાપી આત્માની શી વલે થાય?"

લગભગ એજ સમયે મેથ્યુ ટિન્ડેલ નામના લેખકે વધુ સામાન્ય દૃષ્ટિબિન્દુથી ખ્રિસ્તી શ્રુતિપર હુમલો કર્યો. પોતાના "સૃજન જૂનો ખ્રિસ્તી

ધર્મ" નામના ગ્રંથમાં બાઇબલ ઇશ્વરોક્ત શ્રુતિગ્રંથ તરીકે નિરર્થક–છે એ બતાવી આપવાનો એણે પ્રયાસ આદર્યો. બાઇબલની નિરર્થકતાના પુરાવામાં એ લખેછે કે પરમાત્માએ સૃષ્ટિકાળથી કેવળ બુદ્ધિના તેજથી જે નિસર્ગધર્મ જગજ્જન સમક્ષ પ્રકાશિત કર્યો તે નિસર્ગધર્મમાં કશો વધારો કરે એવું એક પણ તત્ત્વ બાઇબિલ ગ્રંથમાં નથી. શ્રુતિપ્રોક્ત ધર્મ અને નિસર્ગધર્મ એકસરખા છે એવી દલીલથી જેઓ શ્રુતિનો બચાવ કરે છે અને એમ કરીને ધર્મમાં બુદ્ધિ અને સત્તાનું દ્વિમુખ શાસન પ્રતિપાદિત કરે છે તેઓ એ દ્વિમુખ શાસનમાં ગોથાં ખાય છે. **"અતો ભ્રષ્ટ સ્તતો ભ્રષ્ટ."** જેવી દશા ભોગવે છે. પુસ્તકનું ખરાપણું તેમાંના સૂત્રોને આધારે પ્રતિપાદિત કરવું અને એ સૂત્રોનું સત્ય તે પુસ્તકને આધારે સમર્થન કરવું એ ઘણો વિચિત્ર ગોટાળો છે. આટલું કહ્યા પછી ટિન્ડેલ બાઇબિલની વિગતવાર ટીકામાં ઉતરી કહે છે કે જ્યાં જ્યાં તર્કશાસ્ત્ર વિરુદ્ધ લખાણો તમારી નજરે ચઢે છે ત્યાં તમે લખાણોનો અક્ષરાર્થ ઉંચો મૂકી યથામતિ અર્થ કરવા મંડી પડો છો, કારણ ત્હમારે બુદ્ધિને આઘાત પહોંચવા દેવો નથી અને સાથે સાથે બાઇબલનું અચૂકપણું (Infallibility) પણ જાળવવું છે. ખરી યુક્તિ! હું ત્હમને પૂછું છું કે જે ઇસ્લામી હર એક પ્રસંગે કોરાનના ફરમાનોના અક્ષરાર્થને જતો કરે તેને ત્હમે કોરાન અનુસાર વર્તનાર ઇસ્લામી તરીકે પ્રમાણશો? શું ત્હમે તેને એમ નહિ કહો કે "ભાઇ જો આમ જ છે તો તો ત્હારા ઈશ્વરપ્રેરિત ધર્મગ્રંથ કરતાં સીસેરોનાં ઈશ્વરીપ્રેરણા વિનાનાં લખાણો હજાર દરજ્જે સારાં, કારણ કે ત્યાં લખાણોના અક્ષરાર્થને મારી મચડી બદલવાનો પ્રસંગ જ ઉપસ્થિત થતો નથી."

ખ્રિસ્તી ધર્મશાસ્ત્રોના અચૂકપણાનું ખંડન કરનારી ઐતિહાસિક અને પ્રાકૃતિક ખામીઓ ઉઘાડી પાડનારી દલીલોનો એક પાદરીએ પૂરતી યોગ્યતાથી નીચે પ્રમાણે જવાબ આપ્યો. 'બાઇબલ ઇશ્વર-

પ્રેરિત છે એમાં તો સંદેહ નહિ પરંતુ મનુષ્યને પોતાની ભાવના પ્રમાણે તેમાંથી અર્થ સૂઝે છે. વાંચનારના ખોટા અભિપ્રાયો સુધારવાનું કામ શ્રુતિનું નથી.'

પાદરીની એ દલીલોનો ટિન્ડેલે નીચે પ્રમાણે જવાબ વાળ્યો: ઐતિહાસિક અને પ્રાકૃતિક વિષયોમાં મનુષ્યના અભિપ્રાયો ઇશ્વર સુધારે નહિ. તેમાં અને સુધારવા યોગ્ય વિચારો તે જાતે ધરાવે તેમાં; અથવા તો મનુષ્યનાં તર્ક અને વક્તૃત્વકળા જ્યાં જ્યાં ખામી ભર્યા હોય ત્યાં ત્યાં પ્રભુ તેમાં સુધારો ન કરે તેમાં, અને એવા જ ભૂલ ભર્યા તર્ક ઇશ્વિર જાતે ચલાવે તેમાં; અથવા તો સામાન્ય વિચારોનો ઇશ્વર વિરોધ ન કરે તેમાં અને તે વિચારો અનુસાર વાણી ઉચ્ચારી તેમને પુષ્ટિ આપે તેમાં શું કશો ફરક નથી ?

આવાં અધમ કાર્યોનો આશ્રય લીધા વિના શું પ્રભુને લોકપ્રીતિ સંપાદન કરવાની કે ટકાવી રાખવાની બાબતમાં હતાશ થવું પડે એમ છે ?

ટિન્ડેલની તીવ્ર ટકોર આટલેથી અટકતી નથી. "નિરાસક મોક્ષ" ના સિદ્ધાંતની ક્રૂરતા તે સારી સફળતાથી ઉઘાડી પાડે છે. "હું પૂછું છું કે જે પુરૂષના અવતાર પહેલાં બુદ્ધિની પ્રેરણાઓનો પ્રમાણિકપણે અમલ કરનારા લોકોને માટે સ્વર્ગનાં દ્વાર ખુલ્લાં હતાં, તે પુરુષ તેવાઓ માટે સ્વર્ગનાં દ્વાર બંધ કરવા અવતરે તો તેને પ્રભુએ મનુષ્યના તારણહાર તરીકે મોકલ્યો છે એમ કહી શકાશે ?" આગળ ટીકા કરતાં ટિન્ડેલ જણાવે છે કે (પ્રકૃતિદ્વારા આપણા જાણવામાં આવેલા) પ્રકૃતિગમ્ય પ્રભુના નિષ્પક્ષપાત અને સાર્વત્રિક સત્સ્વભાવ સાથે જેહોવાહ અને તેના પયગમ્બરોનાં કૃત્યોનો મેળ બેસાડવો અશક્ય છે. ઉદાહરણ તરીકે ઇલીજાએ સાડા ત્રણ વર્ષ સુધી વરસાદને વર્ષતાં અટકાવ્યો તે કૃત્ય લઇએ. આ કૃત્યથી કુદરતી ક્રમનો ભંગ થયો હતો અને તે પણ નિર્દોષ મનુષ્યને દંડવા માટે.

હવે જો ગુન્હેગારોને બદલે નિર્દોષને શિક્ષા કરવા કાજે ઇશ્વર પોતાની પ્રજાના પાલનના સામાન્ય નિયમોનો ભંગ કરે અને આપણા વર્તમાન જીવનમાં આપણી પ્રત્યે એવીજ અયોગ્ય વર્તણુક ચલાવે તો ભાવિજીવનમાં આપણી પ્રત્યે એવી વર્તણુક ચલાવવામાં નહિ આવે તેની ખાત્રી શી? જો ન્યાયના સનાતન સિદ્ધાંતોનો એકવાર ભંગ થયો તો એ ભંગ થતો કયારે ખટકશે એ આપણે કેવી રીતે કળી શકીએ? પરંતુ જૂના કરારમાંના ન્યાય અને શુદ્ધિ (Holiness) ના આદર્શો વિચિત્રજ છે. જે મનુષ્યોને વધારે પવિત્ર ચિતર્યા છે તે વધારે નિર્દય અને શાપ દેવામાં વધારે મશગુલ જણાય છે. ઇશુને Bald Pate 'તારા માથા પર તાલ છે' એવું કહેવા માટે પાક પયગમ્બર ઇલીશા નાના બાળકોને શાપ આપે છે એ કેવું આશ્ચર્યજનક લાગે છે! અને એથી વધારે આશ્ચર્યજનક તો એ છે કે તુરતજ બે ભુંડાણો ૪૨ ન્હાનાં બાળકોને ઝુબેહ કરી જાય છે.

આગળ કહેવામાં આવ્યું છે કે આ યુગના બ્રહ્મવાદીઓ પ્રાયઃ ખ્રિસ્તીધર્મને શ્રદ્ધામૂલક માનતા ન હતા. પરંતુ બુદ્ધિમૂલક માનતા હતા. સને ૧૭૪૧ માં ન્હાના હેન્રી ડૉડવેલ નામના લેખકે "ક્રિશ્ચિઆનિટિ નૉટ્ ફાઉન્ડેડ ઑન્ આર્ગ્યુમેન્ટ" એ નામનું રસિક પુસ્તક પ્રકટ કર્યું. આ પુસ્તક ઓક્સ્ફર્ડમાં રહેતા એક યુવાન ગૃહસ્થને ઉદ્દેશીને લખાયલા પત્ર રૂપ હતું, અને બુદ્ધિમાં વિશ્વાસ રાખવાનાં હાનિકારક પરિણામોનો તેમાં નિર્દેશ કરવામાં આવ્યો હતો. આ પુસ્તકમાં બાઇબલના સિદ્ધાંતનું કટાક્ષયુકત વિવેચન છે અને ખ્રિસ્તીધર્મ સ્વભાવથી જ અયુકિતક છે તથા તેમાં શ્રદ્ધા રાખવા ઇચ્છનારે બુદ્ધિનો આશ્રય લેવો એ વિનાશકારી છે એવી વાત ઘટાવવામાં આવી છે. બુદ્ધિની ખીલવણી અને શ્રદ્ધાના વિકાસનાં પરિણામ જુદાં જુદાં આવે છે; દાર્શનિકને તેનું ઇન્દ્રિયજન્ય જ્ઞાન જ દૈવી અસર મેળવવા માટે નાલાયક બનાવે છે; પોતાના પાઠ શીખવા ઉપરાંત જેને બીજી એક પણ વૃત્તિ હોતી નથી એવા

બાળકની—બાબા વાક્યં પ્રમાણમ્—ખુશામતીઆ તાબેદારીથી આપણે ખ્રિસ્તીશાસ્ત્ર માન્ય કરવું જોઇએ. ઈશુએ કયારે એના સિદ્ધાંતોની વાસ્તવિકતા તત્ત્વદષ્ટિએ ચર્ચાય એવી ઇચ્છા દર્શાવી છે ? નથી એણે એના શિષ્યો સમક્ષ પોતાના પેગામની યોગ્યતાયોગ્યતા દર્શાવનારી દલીલો રજુ કરી; નથી એણે એ સિદ્ધાંતોની સબળતા સંબંધી શાંતિપૂર્વક વિચાર કરવા પૂરતો શિષ્યોને સમય આપ્યો, કે નથી એણે એ શિષ્યોને તેમની બુદ્ધિનાં ફરમાનોને વશ વર્તી નિર્ણય કરવાની છૂટ આપી. એ શિષ્યો તેમના કાળના મનુષ્યોમાં છેક અજ્ઞાન અને ભોળાભાળા હોવાથી ઈશુના પેગામ સંબંધી તત્ત્વનિર્ણય કરવાની તેમનામાં લાયકાત પણ ન હતી. ડોડવેલ નીચેના શબ્દમાં પ્રોટેસ્ટંટ પક્ષની વિચિત્રતા પ્રકટ કરે છે. "મનુષ્ય માત્રને આત્મનિર્ણયની છૂટ આપવી અને સાથે સાથે એવી આશા રાખવી કે તે બધાં ઉપદેશકોનાં મત માન્ય રાખે એ એકતા માટેની એક એવી યોજના છે કે કોઇ પણ મનુષ્ય તત્ત્વવિચારમાં એવી યોજના ઘડવા પૂરતી નબળાઈ બતાવે એવું ભાગ્યે જ કોઈ કલ્પી શકે, તો પછી કોઈ મનુષ્ય એ યોજના સ્વીકારવાની અને અમલમાં મૂકવાની ધૃષ્ટતા કરે એ તો માનવામાં આવે જ કેમ ?" રોમના લોકો "બધા વિચારશીલ પુરુષો સમક્ષ આ જમાના વિરુદ્ધ ફરીઆદ રજુ કરી તેને ધિક્કારી કાઢશે, કારણ તેઓની તો માત્ર એક જ મૂર્ખાંમી હતી. તેઓ પોતાની જાતને સાચા અધિકારી ગણાવતા. 'અમારું કહેવું અચૂક અને નિઃસંદેહ છે એવું તેઓ કહેતા હતા. પરંતુ પ્રોટેસ્ટંટ પક્ષની વિચિત્રતા તો એથી વિશેષ છે. કારણ વાતો આત્મનિર્ણયની અને ઇચ્છા જુદીજ.

હજુ મ્હારે શેફ્ટ્સબેરીના ત્રીજા અમીર સંબંધી બે શબ્દો લખવાના છે. એની લેખનશૈલીને લીધે એનાં લખાણો અંધારામાં પડી રહેતાં બચ્યાં. આવી આકર્ષક શૈલીવાળા શેફ્ટ્સબેરીને નીતિના વિષયમાં બહુ રસ પડતો. આપણે જોઈ ગયા કે ઘણાખરા પાખંડી

લેખકોએ પોતાના ગ્રંથોમાં અતિમાનુષી ધર્મની ખંડનાત્મક ટીકા કરી એ એમનું અમુલ્ય કર્તવ્ય હતું, આપણે એમ પણ જોયું કે તેઓ નિસર્ગ ધર્મને વળગી રહેતા—અર્થાત્ સૃષ્ટિના સૃજનકર્તા, કુદરતી કાનુનોથી તેનું શાસન કરનાર અને આપણું સુખ ઇચ્છનાર માયાળુ અને ડહાપણવાળા સાકાર પ્રભુને માનતા હતા. આવા સાકાર પ્રભુના અસ્તિત્વનો સિદ્ધાંત પ્રાચીન તત્ત્વેત્તાઓને આભારી છે અને ચેરબેરી (cherbury) ના લૉર્ડ હર્બર્ટે સત્ય વિષે (On Truth) ના પોતાના નિબંધમાં એ સિદ્ધાંતને પુનર્જીવિત કર્યો હતો. આ માન્યતા જ નીતિની સ્થાપના માટે પૂરતી છે અને ખ્રિસ્તીધર્મમાં સદાચાર માટે જે પ્રલોભનો છે તે બીલકુલ નિરર્થક છે એવું કેવળેશ્વરવાદીઓ કહેતા. શેફ્ટ્સ્સબેરીએ પોતાના Inquiry Concerning Virtue (સદ્‌ગુણ સંબંધી તપાસ) નામના પુસ્તકમાં નીતિનો પાયો શો ? એ પ્રશ્નની ચર્ચા કરતી વખતે એમ જણાવ્યું છે કે સ્વર્ગ, નરકની સંસ્થા વિષેની યોજના અને તેને પરિણામે માનવ હૃદયમાં સ્ફુરતી સ્વાર્થી આશાઓ અને શંકાઓ એ સર્વ નીતિમાં બગાડ કરે છે. ખુદ સદ્‌ગુણનું સૌન્દર્ય એજ સદ્‌વર્ત્તણુકની પ્રેરણા કરનારો સ્તુત્ય હેતુ છે. એ તો કેવળેશ્વરવાદને પણ નીતિશાસ્ત્રનું આવશ્યક અંગ માનતો નથી અને કહે છે કે અનીશ્વરવાદથી નીતિના પાયા ખોદાઈ જતા નથી. કેવળેશ્વરવાદ ત્યાં જ નીતિ અને અનીશ્વરવાદ ત્યાં અનીતિ જ, એવી વ્યાપ્તિ તેને માન્ય નથી. પરંતુ આ વિશ્વનો કોઇ સન્નિયંતા છે એવી માન્યતા સદ્‌ગુણી આચરણને વેગ આપે છે એમ એ માને છે. એ પાકો આશાવાદી છે અને જેમાં એક પ્રાણીને બીજાના ભક્ષ્ય થવાની કુદરતી ફરજ લેખાય છે એવા સાધ્ય સાધનના સ્તુત્ય સંયોજનમાં એને પૂર્ણ સંતોષ છે. પરંતુ કુદરતના સમર્થ કર્તાની દયાવૃત્તિ સાથે કુદરતનાં ક્રૂર, કારમા કૃત્યોનો કેવી રીતે મેળ બેસાડી શકાય એ બાબતનો ખુલાસો આપવાનો શેફ્ટ્સ્બેરીએ પ્રયાસ કર્યો નથી. એકંદરે સૃષ્ટિમાં

સર્વ પદાર્થો પરસ્પર અનુકૂળ અને સુવ્યવસ્થિત હોય છે, એમ એનું કહેવું હતું. શેફ્ટ્સબેરીની ફિલસુફીમાં સંબંધમાં અનીશ્વરવાદીએ કદાચ એમ કહ્યું હોત કે એની (શેફ્) વ્યવસ્થા અનુસાર જો કોઈ આપ ખુદ પુરુષે માખીઓને કરોળીઓના ભક્ષ્ય થવા સર્જી હોય તો તેવાના તંત્ર તળે રહેવા કરતાં અદષ્ટની કૃપા પર જીવવું હું વધારે પસંદ કરું. પરંતુ ૧૮ મી સદીના વિચારકોને વિશ્વ (રહસ્ય) ની આ બાજૂ ખાસ સંક્ષોભક લાગ્યું ન હતું. આમ સ્વાભાવિક રીતે શેફ્ટ્સબેરીથી ઉપર્યુકત વિગતમાં દુર્લક્ષ થઈ જાય છે. પરંતુ બીજી બાજૂએ જૂના કરારમાં આપેલા ઈશ્વર પરિચયથી શેફ્ટ્સબેરીનો ક્રોધ જાગૃત થયો હતો. (Scripture) શાસ્ત્ર પર સીધો હુમલો કરવાનું પડતું મૂકી શેફ્ટ્સબેરી વક્રોકિત અને (allusion) ઉદાહરણ દ્વારા તેજ કાર્ય સાધે છે. 'જો ઇશ્વર હોય જ તો જેવોવાહના રૂપમાં તેને સ્વીકારનારના કરતાં અનીશ્વરવાદી ઉપર મ્હને ઓછી અપ્રીતિ થાય.' આ શબ્દો સાથે પ્લુટાર્કના સ્વસંબંધમાં ઉચ્ચારાયલા શબ્દો સરખાવવા જેવા છે. "પ્લુટાર્કના નામનો કોઇ એક અસ્થિર, વિકારી, ચીઢિયો અને ઝેરીલો આદમી હતો એવું કહેવાય તેના કરતાં તો પ્લુટાર્ક હતો જ નહિ એમ કહેવાય એ હું પસંદ કરૂં." શેફ્ટ્સબેરીએ ઐહિક હેતુઓ ઉપર આધાર રાખતી નીતિસ્થાપના રચી એ એની અગત્ય દર્શાવે છે અને એમાં ઉંડું તત્ત્વદર્શન ન હોવા છતાં ૧૮ મી સદીના ફ્રેન્ચ અને જર્મન ચિંતકો પર શેફ્ટ્સબેરીની અસર અસાધારણ હતી.

ધર્મગુરુ મિડલટન કેટલીક બાબતોમાં કદાચ સર્વથી સમર્થ અને પંડિત કેવળેશ્વરવાદી હતો. એ ચર્ચનો સભ્ય હતો અને ખ્રિસ્તીધર્મની ઉપયોગિતાના કારણસર તે તેને ટેકો આપતો. તે કહેતો કે ધર્મ કેવળ પાખંડ હોય તોપણ તેનો નાશ કરવો અયોગ્ય ગણાશે; કારણ તે સ્મૃતિસંમત અને પરંપરાગત છે. કોઈ પણ પ્રકારનો પરંપરાગત ધર્મ આવશ્યક છે અને બુદ્ધિદ્વારા ખ્રિસ્તીધર્મને ઉંધો વાળ-

વાનો પ્રયાસ નિષ્ફળ નિવડશે. આમ છતાં ખ્રિસ્તીશ્રુતિને ઉન્મૂલ કરે એવી અસરકારક દલીલો એનાં લખાણોમાં ગુંથાયેલી છે. એનું ખ્રિસ્તીધર્મના ચમત્કારો સંબંધી 'સ્વતંત્ર તપાસ' નામનું ૧૭૪૮ માં પ્રકટ થયેલું પુસ્તક ઘણું ઉપયોગી હતું. ચર્ચે ચમત્કારો કરવાની શક્તિ ક્યારે ગુમાવી ?—એ પ્રશ્નને એના પુસ્તકમાં નવીન અને ભયંકર રૂપમાં રજુ કરવામાં આવ્યો છે. ગીબને મિડલટનની પદ્ધતિ કેવી રીતે કામે લગાડી એ આપણે હમણાંજ જોઈશું.

કેવળેશ્વરવાદીઓના અગ્રગણ્ય વિરોધીઓ પણ તેમની માફક બુદ્ધિની મદદ લેતા અને એમ કરવામાં અધિકારનો પાયો ખોદવામાં ઘણે અંશે સાધનભૂત થતા. Faith (શ્રદ્ધા)ના સર્વથી સમર્થ બચાવ રૂપે ગણાતા પાદરી બીશપ બટલરના 'સાદૃશ્ય' (Analogy) એનેલોજી નામક ગ્રંથથી મનુષ્યની શંકાઓ શાંત થઈ તેના કરતાં વધારે નવી ઉત્પન્ન થઇ એમ કહેવાય છે. ન્હાના વિલિઅમ પીટનો એવો અનુભવ હતો અને એ ગ્રંથના વાચનથી ઉપયોગિતાવાદી મિલ પણ નાસ્તિક થયો હતો. ખ્રિસ્તીશ્રુતિમાં વર્ણવેલા અન્યાયી અને ક્રૂર ઇશ્વર, અને કુદરત દ્વારા સિદ્ધ થયેલા પ્રભુ,—બન્ને એકજ ન હોઇ શકે એવું કેવળેશ્વરવાદીઓ કહેતા. તેના જવાબમાં બટલર કુદરતમાં પણ અન્યાય અને ક્રૂરતા છે એવું જણાવતો. બટલરની આ દલીલ શેફ્ટસ્બેરીના આશાવાદને ઉડાવી દેવા માટે ખરેખર સમર્થ હતી, પરંતુ બલટર પુરવાર કરવા માગતો એથી તદ્દન ઉલટુંજ અનુમાન—અર્થાત્ ન્યાયી અને પરોપકારી ઇશ્વિર છે જ નહિ એ—એની દલીલમાંથી ફલિત થતું. આપણે તદ્દન અજ્ઞાન છીએ; બધું શક્ય છે,-શાશ્વત નરક-અગ્નિ સુદ્ધાં અને આથી ખ્રિસ્તી સિદ્ધાંત સ્વીકારવો એ જ સહિસલામત અને ડહાપણભર્યો માર્ગ છે. આવા સંશયાત્મકવાદ તરફ પાછા વળવાની બટલરને જરુર પડેલી. બટલરની આ દલીલની ટીકામાં કરી શકાય કે થોડા ઘણા ફેરફાર સાથે એ તર્કબાજી મક્કા કે ટિમ્બકટૂમાં પ્રચાર પામેલા બીજા ધર્મોની તરફેણમાં પણ ચલાવી

શકાય. ખરું જોતાં, બટલરે પાસ્કલની નીચે પ્રમાણેની દલીલને પોતાના ગ્રંથમાં ફરી ઉભી કરી છે. (પાસ્કલ કહેતો કે) "ખ્રિસ્તી ધર્મ સાચો છે એવો અનેકમાં એકાદ સંભવ હોય તો ખ્રિસ્તી થવામાં મનુષ્યનું કલ્યાણ છે; કારણ તે જુઠો ઠરે તો એમાં માનવા ખાતર મનુષ્યને કશી હાનિ પહોંચશે નહિ અને તે સાચો ઠરશે તો તેને બેસુમાર લાભ થશે." ખ્રિસ્તીધર્મ સાચો પુરવાર થવાનો ભારે સંભવ છે એવું દર્શાવવાનો બલટર પ્રયાસ કરે છે. પરંતુ બુદ્ધિની અને નીતિની દષ્ટિએ એની દલીલની અગત્ય પાસ્કલના જેટલી જ છે. બટલરની દલીલો વાચકને સરલ ન્યાયમાર્ગે એંગ્લિકન ચર્ચમાંથી રોમન ચર્ચ તરફ વાળે છે એમ દર્શાવવામાં આવ્યું છે. એ વાત નીચેના તર્ક પરથી સ્પષ્ટ થશે. કેથલિક કદાચ બચી જાય એવું કેથલિક અને પ્રોટેસ્ટંટ બન્ને કબુલે છે અને કેથલિકોનું કહેવું છે કે પ્રોટેસ્ટંટોનો નિરંતર નરકવાસ થશે; માટે, કેથલિક ધર્મ સ્વીકારવો એ સહિસલામત માર્ગ છે. (ફ્રાન્સના ચોથા હેન્રીએ આ પ્રમાણે દલીલ કરી હતી.)

ઈંગ્લેંડના કેવળેશ્વરવાદીઓ સંબંધે મ્હેં અતિ વિસ્તારથી લખ્યું છે, કારણકે એક બાજૂએ ઈંગ્લેંડમાં બુદ્ધિસ્વાતંત્ર્યવાદના ઇતિહાસમાં તેઓ અગત્યનું સ્થાન ભોગવે છે અને બીજી બાજૂએ બેઈલની સાથે સાથે તેમણે પણ ઈંગ્લીશ ચેનલની બીજી બાજૂના દેશમાંના સમર્થ લેખકોની વાણીના વિસ્તાર રૂપ બનેલો વિચાર પૂરો પાડયો છે. આ લેખકોની લેખન ચમત્કૃતિને પ્રતાપે ફ્રાન્સનો શિષ્ટસમાજ બેઇલ અને ઇંગ્લેંડના કેવળેશ્વરવાદીઓએ પૂરા પાડેલા વિચાર પર મુગ્ધ થયો હતો. હવે આપણે વોલ્તેરના યુગમાં વિચરીએ છીએ. એ પુરેપુરો કેવળેશ્વરવાદી હતો. વિશ્વની ઘટના જોતાં તેનો કોઇ સચેતન કર્તા છે અને લોકવ્યવહારની સુવ્યવસ્થા અથવા પ્રપંચના કલ્યાણ માટે ઇશ્વરની જરુર છે એમ એ માનતો અને અનીશ્વરવાદનો તીવ્ર વિરોધ કરતો. ધાર્મિક સહિષ્ણુતા સ્વીકરાવવા માટે એણે જે સફળ શ્રમ ઉઠાવ્યો તથા ધાર્મિક મૂઢ ગ્રાહો (Superstitious) સામે એણે જે

વ્યવસ્થિત યુદ્ધ ચલાવ્યું તે વોલ્તેરની મહાન્ સિદ્ધિઓ હતી. અંગ્રેજી ચિંતકોની અને ખાસ કરીને લૉકની અને બોલિંગબ્રોકની એના પર ભારે અસર થઈ હતી. એના જીવનકાવ્યમાં ખ્રિસ્તીધર્મ પ્રત્યેની પોતાની નાસ્તિકતા અંગત મિત્રો સિવાય બધાથી એણે ગુપ્ત રાખી હતી; બહિષ્કૃત દશામાં એ ફ્રાન્સમાં ચિરકાળ પર્યંત રહ્યો હતો અને એના બુદ્ધિવાદીય નિબંધો એના મરણ પછી ૧૭૫૪ માં પ્રકટ થયા હતા. અંગ્રેજ વિચારકોના કાર્યને વિશ્વબળમાં ફેરવી નાખનાર આ પ્રતિભાશાલી લેખક વોલ્તેરે ૧૮મી સદીના મધ્યકાળ સુધી ખ્રિસ્તીધર્મ સામે શસ્ત્રસંપાત પ્રવૃત્ત કર્યો ન હતો; પરંતુ ત્યારબાદ જ્યારે મિથ્યા ધાર્મિક આચારો અને ધાર્મિક જુલમો એના દેશમાં કલંકરૂપ થવા લાગ્યા ત્યારે તેણે યુદ્ધનું મંડાણ કર્યું. એકેએક ક્ષેત્રમાં કેથલિક ચર્ચ પર તેણે ઉપહાસ અને વક્રોક્તિનો મારો ચલાવ્યો. 'ટૂમ્બ ઓવ્ ફૅનેટિસિઝમ્' (ધર્માંધતાની કબર) (રચ્યા સાલ ૧૭૩૬–પ્રકટન સાલ ૧૭૬૭) નામના પોતાના એક નાના પુસ્તકમાં શરુઆતમાં તે એવી ટીકા કરે છે કે (સામાન્ય રીતે જેમ ઘણા માણસો કરે છે તેમ) જે કોઇ પોતાના ધર્મનાં સત્યાસત્ય તપાસ્યાં વગર તેને સ્વીકારે છે તે સ્વેચ્છાથી ગળા પર ઝૂંસરી પડવા દેનાર બળદ જેવો છે; અને આગળ ચાલતાં બાઇબલ ગ્રંથમાંની મુશ્કેલીઓ, ખ્રિસ્તીધર્મની ઉત્પત્તિ અને ચર્ચના ક્રમિક ઇતિહાસનું અવલોકન કરી તે એવું અનુમાન કાઢે છે કે બુદ્ધિમાન્ પુરુષે ખ્રિસ્તીમતને ઘોર લેખવો જોઇએ. કોઇ એક સાદા અને સાર્વત્રિક ધર્મ કરતાં જે ધર્મમત અતિ વિચિત્ર છે અને જે રક્તથી દૂષિત થયેલો છે, ફાંસી અને અગ્નિદાહ જેનાં ભૂષણરૂપ (લક્ષણો) છે અને ધર્મને નામે ધન અને સત્તા મેળવનારાજ જેની પ્રત્યે ધર્મમતને અભિરુચિ દર્શાવે છે તે ધર્મમત મનુષ્યો પસંદ કરે છે એ હકીકત એવા મનુષ્યોનો અંધાપો જ સૂચવે છે. 'સર્મન ઓવ્ ધ ફિફ્ટિ ઍન્ડ કવેશ્ચન્સ ઓવ્ ઝપાટા' નામના લખાણ પરથી બેઇલ અને અંગ્રેજ ટીકાકારોનો વોલ્તેર કેટલો ઋણી હતો તે આપણે જોઈ

શકીએ છીએ, પરંતુ એ બધા કરતાં એનું લખાણ જરા ઓછું કડવાશવાળું છે અને એની વક્રોક્તિ વધારે અસરકારક છે. જૂના કરારમાંની ભૌગોળિક ભૂલોના સંબંધમાં એની ટીકા નીચે પ્રમાણે છેઃ— "ઇશ્વિર ખરેખર ભૂગોળના વિષયમાં એક્કા ન હતા." લૉટની પત્નીએ પાછા ફરીને જોવાનો 'ઘોર અપરાધ' કર્યો હતો અને જેને લીધે તે મીઠાના સ્તમ્ભમાં ફેરવાઇ ગઇ હતી તે વાત તરફ એ આપણું લક્ષ દોરે છે અને કટાક્ષ કરે છે કે શાસ્ત્રોની વાતોથી ભલે આપણા જ્ઞાન પર વધુ પ્રકાશ ન પડતો હોય પરંતુ તેમનાથી આપણે વધારે નીતિમય થઇએ તો સારું. ખ્રિસ્તીધર્મના સિદ્ધાંતો પર વિવેચન કરવાની એની ઘણી પ્રિય રીતોમાં એક એ હતી કે વિવેચન કરતી વખતે જાણે એણે પોતાની જીંદગીમાં માત્ર પહેલીજ વાર ખ્રિસ્તીઓ અને યહુદીના અસ્તિત્વની વાત સાંભળી ન હોય એવી વૃત્તિ એ ધારણ કરતો.

૧૭૬૩ માં પ્રસિદ્ધ થયેલું એનું સોલ નામનું નાટક જેને પોલીસ ખાતાએ દાબી દેવાનો પ્રયાસ કર્યો હતો તે આખી ખ્રિસ્તી આલમે મહાત્મા લેખે સ્વીકારેલા સંત ડેવીડના જીવનની બધી નિષ્ઠુરતા બરોબર ઉઘાડી પાડે છે. જે દૃશ્યમાં એગેગ (agag)ની કત્લ ન કરવા માટે સેમ્યુએલ સોલને ઠપકો આપે છે તે પરથી નાટકના અંતરાશયની સ્હેજ કલ્પના આવશે.

સેમ્યુએલઃ—(સોલ પ્રત્યે) ત્હને રાજા નીમીને ઇશ્વરને પશ્ચાત્તાપ થાય છે એ વાત ત્હને વિદિત કરવાની ઇશ્વિર મ્હને આજ્ઞા કરે છે.

સો૦—પ્રભુ પશ્ચાત્તાપ કરે છે! માત્ર અપરાધીઓ જ તેમ કરે છે. પ્રભુ અનંત ડહાપણવાળા હોવાથી અદાના બની શકે નહિ. પ્રભુ અપરાધ કરી શકે જ નહિ.

સે૦—અપરાધ કરનારાઓને ગાદી પર મૂકવાના કૃત્ય માટે તે પશ્ચાત્તાપ કરી શકે.

સો૦—ઠીક; કોણ પ્રમાદ નથી કરતું? મ્હને કહો કે મ્હારો શો ગુન્હો છે?

સે૦—ત્હેં એક રાજાને માફી આપી છે.

એગેગઃ—(વચમાં) શું ! સર્વસુંદર સદ્‌ગુણ (ક્ષમા)ને જ્યુડામાં અપરાધ લેખવામાં આવે છે ?

સે૦—(એગેગ પ્રત્યે) ચૂપ ! ઇશ્વરનિંદા ન કર

(સોલ પ્રત્યે) સોલ ! યહુદીઓના ભૂતપૂર્વ રાજા ! સ્ત્રીઓ, કુમારિકાઓ અને કેડમાંનાં બાળકોને પણ છોડયા વગર બધાજ Amaliekites આપેલેકાઇટ્સને પૂરા કરવાની આજ્ઞા પ્રભુએ મ્હારે મુખે ત્હને ન્હોતી ફરમાવી ?

એગેગઃ—ત્હમારા પ્રભુએ—આવી આજ્ઞા ફરમાવી ! ત્હમારી ભૂલ થાય છે, ત્હમારા પિશાચે, શયતાને ફરમાવી એમ ત્હમે કહેવા માગતા હશો.

સે૦—સોલ, ત્હેં પ્રભુની આજ્ઞા માની છે ?

સો૦—હું ન્હોતો ધારતો કે આ આજ્ઞા માનવી જ પડશે. પરમાત્માનું મુખ્ય લક્ષણ ભલાઇ હશે અને દયાળુ અંતઃકરણવાળા માણસથી તે કદી નારાજ નહિ થતો હોય એમ હું માનતો હતો.

સે૦—નાસ્તિક, તું ભૂલે છે. ઇશ્વર ત્હારા પર કફા છે અને ત્હને શાપ આપે છે. ત્હારી રાજસત્તા બીજાના હાથમાં સંક્રાંત થશે.

ખ્રિસ્તી આલમમાં વોલ્તેર જેટલો અણગમો કદાચ કોઈ પણ લેખકે જાગૃત કર્યો નથી. એને એક પ્રકારના ઇશુવિરોધી તરીકે લેખવામાં આવ્યો હતો. એ સ્વાભાવિક હતું, કારણ કે ખ્રિસ્તીધર્મ પર એણે જે હુમલા કર્યા તે એના સમયમાં બહુ અસરકારક નિવડયા હતા. પરંતુ એણે માત્ર ખંડન જ કર્યું અને જ્યાં જ્યાં એણે ઇમારતો નીચે ખેંચી પાડી ત્યાં ત્યાં નવી બાંધવાનો એણે પ્રયાસ કર્યો નથી એવા આરોપસર તેને નિંદવામાં આવ્યો છે. આ ફરિઆદમાં વજૂદ નથી. આ આરોપના જવાબમાં એમ કહી શકાય કે જો ભરાયેલી ગટરોથી શહેરમાં મરકી ફેલાતી હોય તો ગટરની નવી

યોજના ઘડાય ત્યાં સુધી આપણે મોરીઓ સાફ કરવાના કામમાં ઢીલ કરી શકીએ નહિ. અને વોલ્તેરના સમયમાં ફ્રાન્સમાં પળાતો ધર્મ રોગ ઉત્પન્ન કરનારી ગટર જેવો જ હતો એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી. ફરિયાદનો આ એક જવાબ છે; પરંતુ ખરો જવાબ તો એ છે કે જ્ઞાન, અને તેથી જ સંસ્કૃતિ, જેટલાં મંડન અને સાક્ષાત્ શોધથી પ્રગતિ પામે છે તેટલાં જ ખંડન અને વિવેચનથી પણ પામે છે. જો અસત્ય, ધાર્મિક વ્હેમો અને પાખંડને સખત ફટકો મારવાની કોઈ માણસમાં બુદ્ધિ હોય તો તેનો ઉપયોગ કરવાની એની ફરજ છે; હા, કોઇ પણ સામાજીક ફરજો હોય તો તે એક ફરજ છે.

મંડનાત્મક વિચારણા માટે આપણે ફ્રેન્ચ વિચારકોમાંના એક બીજા મહાન નેતા રુસો તરફ વળવું જોઇએ. એણે વોલ્તેરથી જુદીજ રીતે વિચાર સ્વાતંત્ર્યના ઈતિહાસમાં પોતાનો ફાળો આપ્યો. એ કેવળેશ્વરવાદી હતો, પરંતુ એનો કેવળેશ્વરવાદ વોલ્તેરથી જુદા પ્રકારનો, ધાર્મિક અને ઉર્મિપ્રધાન હતો. ખ્રિસ્તીધર્મ પ્રત્યે એ માન અને શંકાની મિશ્ર લાગણી ધરાવતો પરંતુ એનો વિચાર વ્યુત્ક્રાંતિકારક અને પ્રાચીનમત (orthodoxy) ને હાનિકર્તા હતો. દરેક ક્ષેત્રમાં એ વિચાર અધિકાર વિરુદ્ધ હતો અને એ ઘણો અસરકારક નિવડેલો. વોલ્તેરનાં ઉપહાસ અને ખંડનાત્મક દલીલો કરતાં રુસોના સિદ્ધાંતોથી પાદરીવર્ગ (clergy) કદાચ વધારે ભડકતો હતો. કેટલાક વર્ષ સુધી વિશાળ વસુધાના એક ભાગથી બીજા ભાગમાં તેને ભાગાભાગ કરવી પડી હતી. ૧૭૬૨ની સાલમાં પ્રસિદ્ધ થયેલા 'એમિલ' નામના શિક્ષણશાસ્ત્ર પરના એના ઉત્તમ ગ્રંથમાં ધર્મવિષે ઘણું સુંદર લખાણ હતું. એમાં લેખકના કેવળેશ્વરવાદનું દઢ પ્રતિપાદન અને ખ્રિસ્તીધર્મના ઇશ્વરપ્રેરિત હોવાના દાવાનું તથા બ્રહ્મવિદ્યાનું ખંડન છે. પેરિસમાં એમિલ (પુસ્તક)ને જાહેરમાં સળગાવવામાં આવ્યું હતું અને રુસોને પકડવાનો હુકમ નિકળ્યો હતો. એના મિત્રોએ એને ન્હાસી જવાની

ફરજ પાડી અને જીનીવાની સરકારે પેરિસને પગલે ચાલી રુસોને જીનીવા પાછા ફરવાની બંધી કરી. બીચારો રુસો બર્નના પરગણામાં જઈ ભરાયો, પણ ત્યાંથી જતા રહેવાને તેને હુકમ કરવામાં આવ્યો. પછી તે પૃશિયાના Neufchasel (ન્યૂફ્શેટલ) નામના પ્રદેશમાં ન્હાસી ગયો ત્યાં તેને મહાન્ ફ્રેડરિકે રક્ષણ આપ્યું. આ ફ્રેડરિક રુસોના યુગનો એક ખરેખરો સહિષ્ણુ રાજકર્તા હતો. પરંતુ રુસોને ત્યાંના ધર્મગુરુઓએ હેરાન હેરાન કર્યો અને તેની ફજેતી કરવા માંડી. જો ફ્રેડરિક વચ્ચે આડો ન હોત, તો એ ગુરુઓએ રુસોને હાંકી કાઢયો હોત. આખરે કનડગતોથી વાજ આવી, રુસો ૧૭૬૬માં ઈંગ્લેંડ ગયો અને ત્યાં થોડા માસ પસાર કરી તે છેવટે ફ્રન્સમાં પાછો ફર્યો, જ્યાં તેને મરતાં સુધી સુખશાંતિમાં રહેવા દેવામાં આવ્યો. રુસોના ધર્મવિચારો એના નવીન બંડખોર વિચારોની સરખામણીમાં બહુ થોડા અગત્યના છે, રુસોએ દુનિયા ખળભળાવી નાખી હતી તે એના સામાજીક અને રાજપ્રકરણી વિચારોને પ્રભાવે, ધાર્મિકને લીધે નહિ. જે ગ્રંથના એના સામાજીક અને રાજપ્રકરણી વિચારો સંગ્રહવામાં આવ્યા હતા તે ગ્રંથને જીનિવામાં બાળી મૂકવામાં આવ્યો હતો. રુસોનાં સિદ્ધાંતોનું સૂક્ષ્મ પરીક્ષણ કરવામાં આવે તો કદાચ તેઓ એક ક્ષણ પણ ટકી શકે નહિ. એના સિદ્ધાંતોમાં મનુષ્યને ધર્મઝનુની કરવાની અસાધારણ શકિત હોવાથી ખરાબી થતી એ ખરું, પરંતુ વિશેષાધિકારને વખોડી કાઢવામાં અને રાજ્યનો હેતુ એકેએક પ્રજાજનનું કલ્યાણ સાધવાનો છે એ વિચાર સ્થાપન કરવામાં સાધનભૂત થઈ, રુસોના સિદ્ધાંતે વિચારસ્વાતંત્ર્યની ગતિ વધારી.

રુસોનો અર્ધખ્રિસ્તી અને વોલ્તરેનો ઈસુવિરોધી કેવળેશ્વરવાદ રેતીમાં રચેલા બંગલા જેવો હતો; અને એનો પાયો ખોદી કાઢનારા વિચારકો ફ્રાન્સ, ઈંગ્લેંડ અને જર્મનીમાં ઉભા થયા. ૧૭૭૦માં હોલબેચનું 'સિસ્ટમ્ ઑવ નેચર' નામનું પુસ્તક પ્રકટ થયું. એમાં ઇશ્વરના અસ્તિત્વ અને આત્માના અમરત્વનો ઇન્કાર કરવામાં આવ્યો.

હતો, અને આ વિશ્વ પોતે અનાદિ, સ્વયંભૂ અને સ્વયંગતિમાન્ છે એવું જણાવવામાં આવ્યું હતું. આ પ્રગલ્ભ પ્રતિપાદનથી ફ્રેંચ વાચકો ઘણા ચમકી ઉઠયા હતા.

હોલએચ ડિડેરોનો મિત્ર હતો. આ ડિડેરોને પણ એક સચ્ચિદ્વાદ (અથવા કેવળેશ્વરવાદ)માં શ્રદ્ધા ન હતી. ઘણા અગ્રગણ્ય વિચારકોની સહાયથી તૈયાર કરવામાં આવેલા એના જ્ઞાનકોષ (Encyclopœdia) માં ચર્ચવિરુદ્ધની લડતના મુખ્ય મુખ્ય વિચારોનો સમાવેશ હતો. એ 'કોષ' કેવળ નિર્દેશગ્રંથ ન હતો પણ વિવેકશૂન્ય શ્રદ્ધાના વિરોધીઓએ ઉપાડેલી સમસ્ત પ્રવૃત્તિના પ્રતિનિધિરુપ ગ્રંથ હતો. એનો ઉદ્દેશ ખ્રિસ્તીધર્મ અને તેની અસલી પાપ વિષેની માન્યતામાંથી મનુષ્યનું ચિત્ત ઉઠાડી, આ વિશ્વ સુખરુપ થઇ શકે એમ છે અને તેમાંના સાક્ષાત્ અનિષ્ટો મનુષ્ય સ્વભાવના કુદરતી અપરાધોનાં પરિણામો નથી પરંતુ અવળી સંસ્થાઓ અને પ્રતિકૂળ શિક્ષણનાં ફળરુપ છે એવી વિશ્વ સંબંધી નવીન કલ્પના માનવહૃદયમાં જાગૃત કરવાનો હતો. મનુષ્યોને ધર્મના અયુક્તિક જડ ગ્રાહોમાં (Dogmas) રસ લેતાં અટકાવી તેમની વૃત્તિ સમાજ સુધારણાના કાર્યમાં વાળવી અને મનુષ્યનું શાશ્વત કલ્યાણ શ્રુતિ પર અવલંબતુ નથી, કિન્તુ સામાજીક પરિવર્તન પર આધાર રાખે છે, એવી જગજજનોને ખાતરી કરાવવી એજ ધ્યેયો સિદ્ધ કરવા માટે રૂસો અને ડિડેરોએ જુદી જુદી રીતે સખત પ્રયાસો કર્યા હતા, અને તેમના એવા સહૃદય અને સતત શ્રમસાધ્ય કાર્યની પ્રાચીન મતાવલંબીઓ પર ભારી અસર થઈ હતી, રે! ખુદ ચર્ચની ભાવનામાં પણ તેથી કંઇક ફેરફાર થયો હતો. ૧૮મી સદીમાંનું ફ્રાન્સમાંનું કેથેલીક ચર્ચ કયાં અને ૧૯મી સદીમાંનું કયાં? એ બેમાં આસમાન જમીનનો ફેર હતો. વોલ્તેર રૂસો, ડિડેરો અને તેમના રણાનુયાયીઓના કાર્ય વગર શું ચર્ચમાં સુધારો થયો હોત? હું મોર્લીના શબ્દો નીચે ટાંકું છું. " બધાં ખ્રિસ્તિ ચર્ચો પોતપોતાના સિદ્ધાંતોની મર્યાદામાં રહીને બનતી ઝડપે

નવીન પ્રકાશ, વધુ ઉદાર નીતિભાવનાઓ અને સર્વધર્મની બહાર રહેલા તથા મનુષ્યના આત્માના શત્રુ ગણાઇ સદા નિંદાપાત્ર બનેલા ગુરૂઓની ઉચ્ચતર આધ્યાત્મિકતા પોતાના જીવનમાં અપનાવી રહ્યા છે."

ઈંગ્લેંડમાં કેવળેશ્વરવાદનો જે પ્રચાર થયેલો તેને લીધે ફ્રાન્સમાંના કેવળેશ્વરવાદથી જેવાં બૌદ્ધિક પરિણામો આવ્યાં તેવાં ત્યાં આવ્યાં નહિં. આમ છતાં ૧૮ મી સદીના સર્વ શ્રેષ્ઠ અંગ્રેજ તત્ત્વચિંતક હ્યુમે દર્શાવી આપ્યું કે વિશિષ્ટ વ્યક્તિત્વવાળા ઇશ્વરના અસ્તિત્વ સંબંધે સામાન્ય રીતે જે જે દલીલો રજુ કરવામાં આવે છે તે ટકી શકે તેવી નથી. પ્રથમ હું ચમત્કાર વિષેની તેની ચર્ચાનો અત્રે ઇસારો કરૂં. ૧૭૪૮ ની સાલ પહેલાં ઇશ્વરવિદ્યાવિદોની માન્યતાઓનો આધાર લીધા વગર ચમત્કારોના પ્રામાણ્ય સંબંધી સામાન્ય સત્યાન્વેષણ થતું ન હતું. દરેક ચમત્કારી બનાવ વિરૂદ્ધ મનુષ્યોનો એક સરખો અનુભવ હોવો જોઇએ, નહિ તો પછી તેને ચમત્કાર એવું નામ કયાંથી ઘટે ? તથા સર્વના અનુભવમાં આવતી વસ્તુના સમર્થન કરતાં એવી ચમત્કારી વસ્તુના સમર્થનમાં વધારે સબળ પ્રમાણની અપેક્ષા રહેશે એવું જણાવીને હ્યુમ નીચે મુજબનું સામાન્ય સૂત્ર સ્થાપિત કરે છે; "અમુક ચમત્કારની વાસ્તવિકતા સાબિત કરવા માટે જે પુરાવો રજુ કરવામાં આવે તે પુરાવો પોતે ખોટો પડે તો મૂળ સાબિત કરવા ધારેલા ચમત્કાર કરતાં પણ વિશેષ ચમત્કારી બાબત ગણાય એવું ન બને ત્યાં સુધી કોઈ પણ પુરાવો સંતોષકારક ગણાય નહિ. પરંતુ વાસ્તવિક રીતે એવું કોઇ પણ પ્રમાણ નથી કે જે ખોટું પડે તો જરા અદ્દભુત જેવું લાગે. જેના સમર્થનમાં નિઃશેષ ભ્રમમુક્ત, અશંકનીય સદ્દભાવ સંપન્ન, કેળવાયલા અને વિદ્યાવંત; અન્યને છેતરવાની કપટભાવનાના અસ્તિત્વની જેમના સંબંધમાં શંકા પણ ન લાવી શકાય એવી અશંકનીય પ્રમાણિકતાવાળા, કોઈ પણ પ્રકારના જુઠાણાંની જેમનામાં ગંધ સરખીયે જણાય તો જેઓ ઘણા જોખમમાં આવી પડે

એવી મોટી લોકપ્રતિષ્ઠાવાળા અને સત્યાસત્ય પકડી પાડતાં વાર ન લાગે એવી જાહેર રીતે અમલમાં આવેલા ભૂતાર્થીનો પુરાવો આપનારા,–(મનુષ્યોના નિષ્પક્ષપાત અને શ્રદ્ધાપાત્ર પ્રમાણની ખાતરી કરાવી આપનારી ઉપલી બધી શરતો જેમના જીવનમાં પૂર્ણપણે પળાઇ હોય એવા) સંખ્યાબંધ પુરૂષોનું પ્રમાણ હોય એવો એક પણ ચમત્કાર આપણને ઇતિહાસમાંથી જડવો અશક્ય છે.

૧૭૭૬ ની સાલ સુધી અપ્રસિદ્ધ રહેલા અને એના મરણ પછી પ્રકટ થયેલા "ડાયલોગ્સ ઓન નેચરલ રિલિજન" નામના એના ગ્રંથમાં ઇશ્વરના અસ્તિત્વના સમર્થનમાં ખ્રિસ્તીઓ તેમજ કેવળેશ્વરવાદીઓએ વિશ્વરચના પરથી વિશ્વનો કર્તા સિદ્ધ થાય છે એવી જે દલીલ કરેલી તેને હ્યુમે ખોટી ઠરાવવાનો પ્રયાસ કર્યો. આ દલીલ એવી છે કે વિશ્વમાં રચનાના સ્પષ્ટ ચિહ્નો છે, સાધ્ય સાધનનું યોગ્ય સંયોજન માલુમ પડે છે. માટે આ દુનિયા કોઇ પ્રખર બુદ્ધિશાળી વ્યક્તિની હેતુપૂર્વક ઘડાયેલી યોજના રૂપ હોવી જોઇએ. આ અનુમાનના વિરોધમાં હ્યુમ કહે છે કે માત્ર બુદ્ધિશાળી વ્યક્તિજ આ વિશ્વરૂપ કાર્યનું પુરતું કારણ હોઇ શકે નહિ, કારણ આ સ્થૂલ વિશ્વના બંધારણના કારણ તરીકે સૂક્ષ્મ યોજના હોવી જોઇએ અને જેમ સ્થૂલ વિશ્વના કારણની અપેક્ષા રહે છે તેમ સૂક્ષ્મ-સૃષ્ટિના કારણની પણ રહે. આમ અનવસ્થાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે, કારણ જો સૂક્ષ્મસૃષ્ટિ, સ્થૂળના કારણરૂપ હોય તો સૂક્ષ્મનું કારણ શું? અને તે કારણનું કારણ શું? અને તેનું શું એમ પ્રશ્ન પરંપરા જારી જ રહેશે. આમ છતાં વિશ્વરચના પરથી તેનો કોઇ કર્તા છે જ એ દલીલ કદાચ ટકી શકે તો પણ એ દલીલ દ્વારા કોઈ એવા જ પ્રભુનું અસ્તિત્વ પુરવાર થવાનું કે જેની શક્તિઓ માનવ શક્તિઓ કરતાં ઉચ્ચ હોવા છતાં ઘણી મર્યાદિત હશે, અને જેનું સૃજનકૌશલ્ય ઘણું અપૂર્ણ હશે. કારણ ઉચ્ચતર ધોરણની સૃષ્ટિએ આ વિશ્વ કદાચ ખામીભર્યુંએ જણાય અને એ કદાચ

પોતાની ખામીવાળી કૃતિથી શરમાઇ પાછળથી તેનો ત્યાગ કરનાર કોઇએક દેવનો પહેલો જંગલી અખતરો હોય, અથવા તો એ કૃતિ જોઇને ચઢિઆતા દેવો હશે એવા કોઈ ઉતરતા દેવનું કાર્ય હોય; અથવા તો કોઇ કલાતીત દેવની એ કૃતિ હોય—જે કૃતિ તેના કર્તાના જીવનકાળમાં તેની પ્રેરણાથી અતિવેગ પામી તેના મરણ પછી જોખમભરી સ્થિતિમાં આવી પડી હોય. જે દલીલ આવા દેવોને પ્રચારમાં આણે છે તે કેવળેશ્વરવાદ કે ધર્મ માટે તદ્દન નિરર્થક છે!

૧૮ મી સદીમાં ઇંગ્લેંડમાં ઘણા વિચાર સ્વાતંત્ર્ય દર્શાવનારાં પુસ્તકો પ્રકટ થયાં. પરંતુ એ સર્વમાં ગીબનનું પુસ્તક આજની ઘડિયે પણ શિષ્ટ પુસ્તક તરીકે વંચાય છે, એ ગ્રંથના ૧૫–૧૬ માં પ્રકરણોને ડૉ. જોન્સનના એક સ્ત્રી મિત્રે 'એ લાગણી દુઃખાયે એવાં પ્રકરણો' કહ્યાં હતાં અને તેમાં પહેલીજ વાર ખ્રિસ્તીધર્મની ઉત્પત્તિ અને વિજયનાં કારણોને કેવળ સાદા ઐતિહાસક બનાવ તરીકે વિવેચક દૃષ્ટિથી તપાસવામાં આવ્યાં હતાં. ધાર્મિક જુલમમાંથી પોતાની જાતને અને પોતાના ગ્રંથને અક્ષત રાખવા માટે ગીબન એના સમકાલીન નાસ્તિકોનું અનુકરણ કરતો અને પ્રાચીનમત પ્રત્યે મ્હોંની વફાદારી દર્શાવતો, પણ કદાચ ધર્મગુરુઓનો ભય નહોત તો પણ પ્રાચીનમતની નિર્દય કત્લ કરવા માટે એની વક્રોક્તિથી વધુ તીક્ષ્ણશાસ્ત્ર એને ભાગ્યેજ બીજું કોઇ મળ્યું હોત. કટાક્ષમય લખાણ એને મન હાથ લાકડીની રમત જેવું હતું. ખ્રિસ્તી ધર્મ સિદ્ધાંતનું પ્રતીતિકારક પ્રમાણ અને તેના પ્રચારકની વ્યવસ્થા સંબંધી દીર્ઘદૃષ્ટિ એ બે ખ્રિસ્તીધર્મના વિજયનો સ્પષ્ટ અને સંતોષકારક મુખ્ય કારણો છે એમ પ્રથમ દર્શાવી, ગીબન ઘટતી નમ્રતાથી એ વિજય થવાનાં ગૌણ કારણો તપાસવા લાગે છે, એ ધર્મના જન્મકાળથી તે ઠેઠ કોન્સ્ટાઇનના કાલ સુધીનો ધાર્મિક ઇતિહાસ ગીબન એવી યુક્તિથી આલેખે છે કે તેનું ભાવિ ઘડવામાં ઈશ્વરી

હાથ હોવાની માન્યતા નિરર્થક છે; અને જાણે તે કેવળ માનુષી ઘટના છે એવાં સ્પષ્ટ સૂચનો એના લખાણમાંથી ઉઠે છે. ખ્રિસ્તીધર્મના કહેવાતા અતિમાનુષી નિયંત્રણ સામે જે જે રદીઆઓ છે તે સર્વને ગીબન પોતાના ગ્રંથમાં વ્યાજબી વિરોધ સાથે વ્યૂહબદ્ધ ગોઠવે છે. મુશા અને પયગમ્બરોની ગીબન જાતે ટીકા કરતો નથી પરંતુ તેમના પ્રામાણ્ય વિરૂદ્ધ નૉસ્ટિક પંથીઓના પતરાજી શાસ્ત્રીઓએ જે જે વાંધા ઉઠાવેલા તે તે પોતાના ગ્રંથમાં ઉતારે છે. એ કહે છે કે યહુદિ સ્મૃતિમાં આત્માના અમરત્વનો સિદ્ધાંત છોડી દેવામાં આવ્યો છે એ વાત સાચી, પરંતુ એ તો દીર્ઘદૃષ્ટિવાળા દયાળુ પ્રભુની અકળ કળાનો વિનિયોગ હતો. ખ્રિસ્તીધર્મના સૌથી પહેલા ચેલાઓ પર અજ્ઞાન અને દુર્બોધતાનો અતિઉદ્ધતાઇથી જે આરોપ મૂકવામાં આવે છે તે આપણે તદ્દન દૂર તો ન કરી શકીએ પરંતુ આપણે એ નિંદાના પ્રસંગમાંથી બને તેટલો બોધ તારવવો જોઇએ, અને યાદ રાખવું જોઇએ કે આ અસલી ખ્રિસ્તીઓ સંસ્કૃતિની નીચી ભૂમિકા પર હતા એટલું આપણે સ્વીકારીએ તો તેમના ગુણ અને વિજયની કદર કરવાનું આપણને વધારે કારણ મળશે.

ગીબને શુદ્ધ ઐતિહાસિક દૃષ્ટિબિન્દુથી ચમત્કારો સંબંધમાં જે ચર્ચા કરી હતી તે ખાસ ખળભળાટ ફેલાવે એવી હતી. ખ્રિસ્તીધર્મ સ્થપાયો તેની શરૂઆતના વર્ષોમાં ચર્ચના લાભાર્થે કુદરતના કાનુનોને પરમાત્મા વારંવાર ઉંચે મૂકતા હતા, પરંતુ ગ્રીસ અને રોમના ઋષિઓ આ ભયંકર ઘટવાનું દુર્લક્ષ કરતા હતા અને જીવનના સામાન્ય વ્યાપારો તથા અભ્યાસમાં રચ્યાપચ્યા હોવાથી વિશ્વના નૈતિક અને ભૌતિક તંત્રમાં થતા ફેરફારોથી તેઓ અજ્ઞાત દેખાતા હતા. ટાઇબેરીઅસના રાજ્યમાં આખી પૃથ્વી પર અથવા કંઇ નહિ તોયે રોમન રાજ્યના એક પ્રખ્યાત પ્રાંત પર ત્રણ કલાક સુધી અલૌકિક અંધકાર છવાઈ રહ્યો હતો. માનવજાતિના આશ્ચર્ય, કૌતુક અને ભક્તિને જાગૃત કરે એવો આ ચમત્કારી બનાવ વણ

નોંધ્યો પસાર થઇ ગયો. આ ઘટના સેનેકા અને મોટા પ્લીનીનાં જીવનકાળમાં બની; અને તેમણે એ ચમત્કારનાં તાત્કાલિક પરિણામો અનુભવ્યાં હોવાં જોઇએ અથવા એના તાજા સમાચાર એમણે મેળવ્યા હોવા જોઇએ. આ બન્ને તત્વજ્ઞોએ પોતાના અશ્રાંત ઉત્સાહ અને કુતૂહળ બુદ્ધિવડે ધરતીકંપ, ખરતા તારા, ધૂમકેતુઓ અને ગ્રહણો જેવા બધા કુદરતી બનાવોની ઘણા શ્રમથી તૈયાર કરેલા એક પુસ્તકમાં પુરી નોંધ લીધી છે. ન્હાની ન્હાની બાબતોની પણ અતિ ઝીણવટથી નોંધ લેનારા એ બન્ને લેખકોએ સૃષ્ટિના સૃજનકાળથી માંડીને અદ્યાપિ પર્યંત અપૂર્વ એવા આ અતિમહાન બનાવની નોંધ સરખી લીધી નથી. તેમની બુદ્ધિને નહિ પરંતુ તેમની ઇન્દ્રિયોને સર્વશક્તિમાન પ્રભુએ પ્રત્યક્ષ દેખાડેલા બનાવો પ્રત્યેના (મૂર્ત્તિપૂજક) અને તત્ત્વજ્ઞાનપ્રેમી લોકોના (સેનેકા અને પ્લીનીના કાળના) આ ગાફેલ દુર્લક્ષ માટે આપણે તેમને કેવી રીતે ક્ષમા આપી શકીએ ?

વળી, જો દરેક શ્રદ્ધાળુ માણસને ચમત્કારના સાચાપણાની ખાતરી થઈ હોય તો દરેક ન્યાયી પુરૂષને ચમત્કારો બંધ પડયા છે તેની ખાતરી પણ થઇ છે. આમ છતાં દરેક યુગમાં ચમત્કારો (ના અસ્તિત્વ) વિષેનો પુરાવો હોય છે અને દરેક યુગનો પુરાવો એની અગાઉના યુગના પુરાવાથી કોઇ રીતે ઓછો આદરપાત્ર નથી. (ત્યારે) ચમત્કારો બંધ પડયા ? જે યુગના લોકો છેલ્લા સાચા ચમત્કારો જોઈ શકયા તે લોકોએ પછી જે પાખંડી ( ચમત્કારો લેખાતા ) બનાવો થાય તે અને પેલા ચમત્કારો વચ્ચેનો ભેદ કેમ સમજી ન શકયા ? શું મનુષ્યો દૈવી શિલ્પીની શૈલીને એમ એકદમ ભૂલી ગયા હતા ? આ બધા પ્રશ્નો પરથી એજ અનુમાન નીકળી શકે છે કે સાચા અને ખોટા ચત્કારી બનાવોને છૂટા પાડવા અશકય છે. એ બે અવિભાજ્ય દશામાં છે. પરંતુ અસલના શ્રદ્ધાળુ જનોનાં અતિવિશ્વાસ ( Credulity ) અને 'સ્વભાવની

કોમળતા, એ બે સત્ય અને ધર્મને હિતકર હતાં. આજના જમાનામાં બહુ ભોળા શ્રદ્ધાળુ હૃદયોમાં પણ અવ્યક્ત રીતે અને એમની ઇચ્છા વિરૂદ્ધ સંશયવાદે સ્થાન મેળવ્યું છે. તેઓ પ્રકૃતિબાહ્ય સત્યોને માન્ય રાખે છે તે પણ ઉત્સાહી સંમતિથી નથી રાખતા પરંતુ નિરુત્સાહી અને મંદ અનુમતિથી માન્ય રાખે છે. આપણી બુદ્ધિને અથવા કંઇ નહિ તો આપણી કલ્પનાશક્તિને કુદરતના અવિચળ ક્રમને અવલોકવાની અને સન્માનવાની ચિરકાળથી ટેવ પડી ગઇ હોવાથી તે દેવતાના visible action પ્રત્યક્ષ કાર્ય અથવા સાક્ષાત્ કૃત્યનું સમર્થન કરવા જોઇએ તેટલી તૈયાર નથી.

જ્ઞાન પ્રાપ્તિનાં જે જે મૂળો ગીબને શોધી કાઢયાં હતાં તેપર એની પછીના જમાનામાં શ્રદ્ધાપૂર્વક સૂક્ષ્મ વિવેચન કરવામાં આવ્યાં હતાં. અલબત્ત એવાં સૂક્ષ્મ વિવેચનોનો લાભ ગીબનના ભાગ્યમાં નહતો, કિંતુ અસલી ચર્ચના સાંકેતિક ઇતિહાસનું જે સાચું સ્વરૂપ એણે ચતુરાઇપૂર્વક ઉઘાડું પાડયું છે તે આજદિન સુધી ઘણી બાબતોમાં સંપૂર્ણ રીતે વાસ્તવિક ગણાયું છે. મને એમ લાગે છે કે કદાચ વોલ્તેરની ધનુર્વિદ્યા કરતાં ગીબનનાં અગ્ન્યાસ્ત્રોની અસર પછીના જમાનાના બુદ્ધિશાળી લોકો પર વિશેષ થઇ, કારણ મધ્યયુગના ઇતિહાસ તરીકે એનું પુસ્તક અનિવાર્ય થઇ પડયું; ઉદ્દામ પ્રાચીનમતાવલંબીઓને પણ એની મદદ બહુ આવશ્યક લાગતી અને એમ હોવાથી ખરેખર એ પુસ્તકની ઝેરી અસર વાચકના મનપર થઈજ હશે.

આપણે જોયું કે ૧૮ મી સદીના પૂર્વાર્ધમાં ઈશ્વરોક્ત ધર્મ નિસર્ગધર્મને સંવાદી અને અનુરૂપ છે કે કેમ એજ પ્રશ્ન પર શાસ્ત્રાર્થ ચાલ્યા કરતો. આ શાસ્ત્રયુદ્ધમાં કેવળેશ્વરવાદીઓનો મારો એ સદીના મધ્યભાગમાં લગભગ સમાપ્ત થઈ ગયો હતો અને પ્રાચીનમતાવલંબીઓ માનતા કે તેમની દલીલોનો સંતોષકારક જવાબ અપાઇ ચૂક્યો છે. પરંતુ ઇશ્વરોક્ત ધર્મ બુદ્ધિગમ્ય છે એટલું પુરવાર કર્યે પતે એમ નહતું, એ ધર્મ સાચો છે અને ઇતિહાસના સંગીન પાયા પર રચા-

યેલો છે એ બતાવી આપવું જરૂરી હતું. હ્યુમે અને મીડલટને ચમત્કારો વિષે જે ચર્ચા ઉભી કરી હતી તેમાં આજ પ્રશ્નને તીવ્ર રૂપ આપવામાં આવ્યું હતું.ખ્રિસ્તીધર્મની ઐતિહાસિક વાસ્તવિક્તાની શંકા કરનારને ૧૭૯૪માં ખ્રિસ્તી " એવિડેન્સીસ ઓવ્ ક્રિશ્ચિઆનિટિ " ધર્મનાં પ્રમાણો નામના પુસ્તકમાં (Paley) પાલેએ સમર્થ જવાબ આપ્યો. ખ્રિસ્તીધર્મના બચાવ માટે ૧૮ મી સદીમાં પ્રકટ થયેલાં પુસ્તકોમાં આ જ એક એવું પુસ્તક છે જે હાલ ખાસ ઉપયોગી ન હોવા છતાં લોકમાં આદરપૂર્વક વંચાય છે. પાલેનો ઈશ્વરવિદ્યાવાદ theology પ્રાચીન મતવાદીઓના અભિપ્રાયો પર અજ્ઞાતપણે યુગનો પાસ કેવી રીતે બેસે છે તેના ઉદાહરણ રૂપ છે. એના ' નેચરલ થિઓલોજી ' પ્રાકૃતિક ધર્મવાદ નામના પુસ્તકમાં વિશ્વરચના દ્વારા ઇશ્વરનું અસ્તિત્વ પુરવાર કરાયું છે. જેમ ઘડિઆળ પરથી તેના રચનારનું અનુમાન થઇ શકે છે તેમ કુદરતમાંની યોજનાઓ પરથી દૈવી કારીગરનું અનુમાન ખેંચી શકાય છે. આવી યોજનાના દાખલા **પાલે** મોટે ભાગે માનવ શરીરનાં બંધારણ અને ઇન્દ્રિયોમાંથી લે છે. ઈશ્વર જરા હઠીલા જડ પદાર્થપર પોતાની કળા અજમાવી રહેલો એક કુશળ કારીગર છે, એવી **પાલેની** ઈશ્વર સંબંધી ભાવના છે. મી. લેસ્લી સ્ટીવન કહે છે કે **પાલે**નો ઈશ્વર મનુષ્યની માફક સુધરેલો છે, તે વૈજ્ઞાનિક અને ચતુર થયો છે. યાંત્રિક અને રાસાયણિક સાધનો (Contrivances) યોજવામાં તે (પાલેનો ઇશ્વર) વૉટ અને પ્રિસ્ટલી કરતાં ચઢીઆતો છે અને તેથી વૉટ અને પ્રિસ્ટલી જે યુગના પ્રખ્યાત–માર્ગદર્શક–પુરૂષો હતા તે યુગની ભાવના અનુસાર પાલેનો ઈશ્વર કલ્પવામાં આવ્યો છે. આ પ્રકારના ઈશ્વરનું અસ્તિત્વ પ્રતિપાદિત થાય તો પછી ચમત્કારો વિષે કશી મુશ્કેલીઓ રહેતી નથી. પાલે ચમત્કારોને ખ્રિસ્તી ધર્મના બચાવના પાયા તરીકે લેખાવે છે–બીજી બધી દલીલોને તે ગૌણ લેખે છે. નવા કરારમાંના ચમત્કારોના પુરાવામાં પાલે જણાવે છે કે એ ચમત્કારોને પોતાની

આંખોથી જોનારા પયગમ્બરો એમાં પૂર્ણ માનતા હતા, નહિ તો એમના નૂતન ધર્મને કાજે તેઓ કંઈ કરત કે દુઃખ ભોગવત નહિ. પાલેએ જે બચાવ કર્યો છે તે ઇશ્વરને કાયદાની બાબતમાં સલાહ આપનાર એક સમર્થ ધારાશાસ્ત્રીના કાર્ય જેવો છે.

૧૮ મી સદીના ઇંગ્લૅંડના કેવળેશ્વરવાદી લેખકોની યાદી એક જ લેખકનું નામ ઉમેરતાં સંપૂર્ણ થશે. આ છેલ્લો લેખક તે ટોમસ પેઈન. એની પહેલાંના સર્વ લેખકો કરતાં પેઈન વિશેષ વિખ્યાત હતો. એ મૂળ નૉરફોકનો વતની હતો; પરંતુ અમેરિકા જઈ વસેલો અને એણે (ફ્રાન્સના) **બળવામાં** આગળ પડતો ભાગ લીધો હતો, પછી તે ઇંગ્લૅંડ પાછો ફર્યો હતો અને ૧૭૯૧ માં એણે એનું "રાઇટ્સ ઓવ્ મેન" મનુષ્યોના હક્કો નામનું પુસ્તક બે ભાગમાં પ્રસિદ્ધ કર્યું હતું. હું કેવળ ચર્ચના ક્ષેત્રમાંના વિચારસ્વાતંત્ર્યનો ઇતિહાસ અવલોકી રહ્યો છું, એ ક્ષેત્રમાં જ વિચાર કેવી રીતે સ્વતંત્ર થયો તેની ચર્ચા કરી રહ્યો છું, કારણકે એને સામાન્ય રીતે સર્વ ક્ષેત્રોમાંના વિચારસ્વાતંત્ર્યના (ઉષ્મા) માપક યંત્ર રૂપે ગણી શકાય. ૧૮ મી સદીના આ અંતકાળમાં રાજકારણ કે ઈશ્વરવિદ્યાના ક્ષેત્રમાં વ્યુત્ક્રાંતિકારક વિચારો પ્રકટ કરવા એ ઘણું જોખમભરેલું હતું. પેઈન અમેરીકન રાજ્યબંધારણનો ઉદ્દામ, અતિ ઉત્સાહી પ્રશંસક હતો તેમ જ ફ્રેન્ચ વિપ્લવ (જેમાં એને ભાગ ભજવવાનો હતો તે) ને પણ એ ટેકો આપતો હતો. એનું "મનુષ્યોના હકકો" નામનું પુસ્તક રાજાશાસન (પદ્ધતિ) ને દૂષિત ઠરાવી, પ્રતિનિધિત્વવાળા પ્રજાશાસનની હિમાયત કરે છે. આ પુસ્તકની ખરીદી માટે પડાપડી થઇ હતી, પછીથી સસ્તી આવૃત્તિ બહાર પાડવામાં આવી હતી અને ગરીબ વર્ગ પણ એનો સહેલાઇથી લાભ લઇ શકતો હતો એ જોઈ સરકારે લેખક પર ફોજદારી કામ ચલાવવાનો નિર્ણય કર્યો. પેઈન ફ્રાન્સ ન્હાસી ગયો, એને કેલેના બંદર પર ભારે સન્માન મળ્યું અને ત્યાંના લોકોએ એને પ્રજાકીય મંડળમાં પ્રતિનિધિ તરીકે ચૂંટી મોકલ્યો.

રાજદ્રોહના ગુન્હાસર ૧૭૯૨ ના અંતમાં એની તપાસ ચાલી. એના ગ્રંથમાંના જે ફકરાઓને લીધે એના પર રાજદ્રોહનો આરોપ ઘડવામાં આવ્યો હતો તે ફકરાઓ નીચે મુજબ છેઃ—

" પરાપૂર્વથી ચાલી આવેલી બધી સરકારો સ્વભાવથી જાલિમ છે. કરોડો રૂપીઆનો ધુમાડો કરીને હોલેંડ, હેનોવર, ઝેલ અને બ્રન્સ્વીકથી ઇંગ્લેંડનાં કાયદા, ભાષા અને લોકકલ્યાણથી અજ્ઞાત તથા (Parish) ગ્રામના કોન્સ્ટેબલની પદવી માટેની પણ લાયકાત વિનાની વ્યક્તિઓને તેડાવી મંગાવવાના કૃત્ય માટે ઈંગ્લૅંડને એક સમે પોતાના પર હસવું આવશે. અને આ સમય બહુ દૂર નથી. જો આવાને હાથે રાજ્યની લગામ સોંપી શકાય તો પછી રાજતંત્ર ચલાવવામાં કશી ધાડ મારવાની નથી અને એને લગતા એકેએક કાર્ય માટે ઈંગ્લૅંડના દરેક ગામ અને શહેરમાંથી જોઇએ તેવી સાધનસામગ્રી મળી શકે. "

અર્સ્કીન પેઇનનો બચાવ કરનાર હતો. એણે વિચારસ્વાતંત્ર્યના બચાવમાં નીચે મુજબનું સુંદર, છટાદાર ભાષણ કર્યું હતુંઃ—

( " જુલમ વિરોધનો સ્વાભાવિક ઉત્પાદક છે. ) જુલમ કર્યો કે સામો માણસ સ્વાભાવિક રીતે માથું ઉંચકવાનો જ; અને જુલમ કરનારમાં બુદ્ધિ–વિવેકનું શૂન્ય હોય છે એ વાત જુલમ થતાં જ સબળ રીતે સાબીત થઈ જવાની. ગૃહસ્થો ! લ્યુશીઅનની લખેલી રમુજી વાત ત્હમારે બધાએ યાદ રાખવી ઘટે છે. એક સમય જ્યુપીટર (બૃહસ્પતિ) અને એક ગામડીઓ પૂરી છુટછાટથી અને ગાઢ પરિચય હોય તેવી રીતે સ્વર્ગ અને મૃત્યુલોક વિષે વાતો કરતા હતા. ગામડીઓ જ્યુપીટરનાં વાક્યોને ધ્યાનપૂર્વક હુંકારા અને અનુમતિથી સાંભળ્યો જતો હતો અને જ્યુપીટર પોતાના વિચારોની ગામડીઆને ખાતરી કરાવવાનો પ્રયાસ કરતો હતો, પણ એકાદ સ્થળે ગામડીઆએ શંકા કર્યા જેવું લાગ્યું એટલે જ્યુપીટરે એકદમ ફરીને પેલા ગામડીઆને પોતાના વજ્રની બીક બતાવી. પેલો ગામડીઓ સાશ્ચર્ય બોલી ઉઠયો—" હં, હં, જ્યુપીટર હવે હું સમજ્યો કે ત્હમારૂં કહેવું

ખોટું છે. જ્યારે ત્હમે ત્હમારા વજ્રની બીક બતાવો છો (સરલ દલીલોથી શંકાનું સમાધાન કરવાની અશક્તિ હોવાથી) ત્યારે ત્યારે ત્હમે ખોટાજ હો છો." મ્હારી પણ આ જ સ્થિતિ છે. હું ઇંગ્લંડના લોક સાથે ન્યાયી, તાર્કિક દલીલમાં ઉતરી શકું, પરંતુ અધિકારીઓના વજ્ર–ભારી ધમકીઓ–સામે હું ઝૂઝી શકું નહિ. (સત્તાના મદમાં ધાર્યું કરવા મથનારા સામે હું બુદ્ધિથી કશું ઉકાળી શકું નહિ. મદોન્મત્ત સત્તા આગળ મારૂં શાણપણ કશું ન ચાલે.)

તપાસમાં પેઇન ગુન્હેગાર ઠર્યો, અને રાજ્યમાંથી બહિષ્કૃત થયો. ૧૭૯૪–૯૬ માં એણે "ધી એજ ઓવ્ રિઝન" એ નામનું ખ્રિસ્તી ધર્મવિરોધી પુસ્તક પ્રકટ કરી નવો અપરાધ કર્યો. રોબસ્પીઅરની આજ્ઞાથી જ્યારે એને પેરીસના કેદખાનામાં રહેવાનો યોગ પ્રાપ્ત થયો ત્યારે ત્યાં રહ્યા રહ્યા એણે આ ગ્રંથ લખવો શરૂ કર્યો હતો. એમાં છેક સરળ ભાષામાં, સ્હેજ પણ શબ્દસંકોચ કે કૃત્રિમ ઢાંકપીછોડા વગર, ખ્રિસ્તીધર્મની મોક્ષ વિષેની યોજનાની અને બાઈબલની સખત ઝાટકણી કરવામાં આવી છે અને આવી જાતનું એ પ્રથમ ઉપયોગી પુસ્તક હોવાથી એ ઘણી ખ્યાતિ પામ્યું છે. એ સારી પ્રસિદ્ધિ પામ્યું એનું બીજું કારણ એ હતું કે પુસ્તક સામાન્ય જનતામાં પણ સારો પ્રચાર પામે એવી અનુકૂલ શૈલીમાં લખાયેલું હતું, અને બાઇબલ પર ટીકા કરવામાં પેઇનનું વલણ જો કે એના પુરોગામી કેવળેશ્વરવાદીઓના વલણને મળતું હતું તોપણ ખગોળશાસ્ત્રની દૃષ્ટિએ પ્રતીત થયેલી વિશ્વ સંબંધી કલ્પના સાથે ખ્રિસ્તી ધર્મની યોજનાને કશી જ અનુરૂપતા નથી એ વાત સચોટ રીતે સાબીત કરવાનું પ્રથમ માન તો પેઇનને જ ઘટે છે. આવા અપૂર્વ અને બળવત્તર પ્રતિપાદનને લીધે પણ એના પુસ્તકની સારી પ્રશંસા થઈ છે.

આપણે પેઇનના શબ્દો તરફ વળીએ એટલે ખ્રિસ્તી પ્રણાલિકાના અને ખગોળશાસ્ત્રના અનુમાન વચ્ચેનો વિરોધ સ્પષ્ટ થશે.

"આપણે જે દુનીઆમાં વસીએ છીએ તે જ આખું વસવાયોગ્ય

ભૂમંડળ છે—આપણી દુનીઆથી અતિરિક્ત બીજી કોઈ દુનીઆ જ નથી—એવું ખ્રિસ્તી પ્રણાલિકામાં સ્પષ્ટ કથન તો નથી, છતાં યહુદિઓની સૃષ્ટિની ઉત્પત્તિનો વૃત્તાંત, ઇવ અને સફરજનની કથા અને પ્રભુ-પુત્રના મૃત્યુવાળો એ વાર્તાનો ઉત્તર ભાગ—એ સર્વ જોતાં એ પ્રણા-લિકાની ઘટના એવી છે કે એથી ઉલટું જે અર્થાત્ દુનીઆ અનેક છે અથવા તો જેટલા તારાઓ છે એટલી તો છે જ એવું—માનવાથી ખ્રિસ્તીઓની ધર્મપ્રણાલિકા એકદમ નજીવી અને હાસ્યાસ્પદ થઇ જાય છે. એક જ મનુષ્ય એકી વખતે આ બે ખ્રિસ્તીશાસ્ત્ર અને ખગોળ-શાસ્ત્રમાંની પરસ્પર વિરુદ્ધ માન્યતાઓ પોતાના હૃદયમાં ધરાવી શકે નહિ અને જે કોઈ એ બન્નેને માનવાનો ડોળ કરે તેને વિષે એટલું જ કહી શકાય કે એને એ બેમાંથી એકે વિષે ભાગ્યે જ કંઈ વિચાર હશે."

કુદરત પ્રભુના આવિષ્કારરૂપ છે એટલું એક ઉત્સાહી કેવળેશ્વર-વાદી તરીકે પોતે માનતો હોવાથી પેઈન એ વાતનું અતિ સબળ રીતે સમર્થન કરી શક્યો છે. જૂના કરારમાંની કેટલીક વાર્તાઓને ઉદ્દેશીને તે લખે છે:—

"આ અગમ્ય, ઈંદ્રિયાતીત સમસ્ત વિશ્વ જેનો ઘણું કરે તો માત્ર એક ભાગ મનુષ્યને દૃષ્ટિગોચર થઇ શકે તેના પ્રેરક અને નિયા-મકની (Immensity) અમાપ શક્તિનો આપણે ખ્યાલ કરીએ તો આવી તુચ્છ વાતોને ઇશ્વરોક્ત કહેતાં આપણે શરમાવું જોઈએ."

પેઈનના પુસ્તકનો ધર્માધ્યક્ષ વૉટસને જવાબ વાળ્યો. વૉટસન ૧૮ મી સદીમાંના સારા, પ્રશંસાપાત્ર ધર્મગુરુઓમાંનો એક હતો અને એ મનુષ્યોને સ્વાત્મનિર્ણયનો હક્ક છે એ વાત કબુલતો તથા દલીલ સામે દલીલથી લડવું જોઇએ, દબાણ કરવું ન જોઇએ, એવો અભિ-પ્રાય ધરાવતો. એણે પેઈનને જે લેખદ્વારા જવાબ વાળ્યો, તે લેખનું નામ 'એન એપોલોજી ફોર ધ બાઇબલ' અર્થસૂચક હતું. વૉટસનના આ જવાબને ઉદ્દેશીને ૩ જા જ્યોર્જે કહ્યું હતું કે બાઇબલ જેવા ગ્રંથના બચાવની કશી જરૂર પડે એવું મારા જાણ્યામાં નથી. બચાવ

ઘણો લુલો અને ઢીલો છે; આમ છતાં પેઈને શાસ્ત્ર (Scripture બાઇબલ) પર જે કેટલીક ટીકાઓ કરી છે અને જેમને લીધે બાઈબલના અચૂકપણાનો સિદ્ધાંત જોખમમાં આવી પડે એમ માનવું હતું, તે ટીકાઓને વોટસનના લેખમાં સ્વીકાર કરવામાં આવ્યો છે એથી એ લેખ ધ્યાન ખેંચે એવો છે.

પેઈનના પુસ્તકનો જબરો ફેલાવો થયો. તેથી દુર્ગુણદમન મંડળે ( Society for the Suppression of Vice ) એના પ્રકાશક પર ફોજદારી કરવાનો નિશ્ચય કર્યો. ઉચ્ચ વર્ગોમાં તો અશ્રદ્ધા સાધારણ થઇ પડી હતી, પરંતુ સાધારણ જનતાને માટે ધર્મ આવશ્યક છે અને નીચલી કોમોમાં અશ્રદ્ધા ફેલાવવાના કોઈ પણ પ્રયાસને મૂળમાં જ દાબી દેવો જોઇએ એવો સર્વેનો દૃઢ અભિપ્રાય હતો. ગરીબ વર્ગને વ્યવસ્થામાં રાખવા માટે ધર્મ અતિ ઉપયોગી સાધન છે એવી સામાન્ય માન્યતા હતી. પણ વૂલ્સ્ટનની વાત બાજુ પર મૂકીએ તો શરુઆતના બુદ્ધિવાદીઓમાંથી શિક્ષાપાત્ર થવામાં તો પિટર એનેટ નામનો એક શિક્ષક જ હતો. એણે (free thought) નાસ્તિકમત લોકપ્રિય કરવાનો પ્રયાસ કર્યો હતો અને એવા અતિ નિંદ્ય, ઘોર વિચારો જનતામાં ફેલાવવાના ગુન્હાસર તેને જાહેરમાં બદનામ કરવામાં આવ્યો હતો તથા સખત મજુરીની શિક્ષા ફરમાવવામાં આવી હતી. પેઈનનું માનવું હતું કે સમગ્ર જનસમાજને નવા વિચારોના સંસર્ગમાં આવવાનો અધિકાર હતો અને એણે ભણેલા અભણ સર્વ કોઇના હાથમાં જાય એવી રીતે પોતાનો ગ્રંથ રચેલો. આથી એના પુસ્તક પર અંકુશ મૂકાય એ વાત સ્વાભાવિક હતી. ૧૭૯૭ માં તપાસ ચાલી તે સમયે ન્યાયાધીશે પ્રકાશકના બચાવમાં બને તેટલાં વિઘ્નો નાંખ્યાં અને તેને એક વર્ષની કેદની શિક્ષા ફરમાવી.

પેઈનના ગ્રંથને અંગે ચાલેલી તપાસોનો આટલેથી અંત ન આવ્યો. ૧૮૧૧ માં 'એજ ઓવ્ રિઝન' નો ત્રીજો ભાગ પ્રસિદ્ધ

થયો અને એના પ્રકાશક ઇટનને ૧૮ માસની કેદ ઉપરાંત એક મહિના સુધી (Pilloried) તેના હાથ અને ડોકું હેડમાં પૂરવામાં આવ્યાં હતાં. તપાસ ચલાવનાર ન્યાયાધીશ લૉર્ડ એલનબરોએ પ્રકાશકના ગુન્હા સંબંધમાં કહ્યું કેઃ—આપણા ધર્મના પાયારૂપ પુસ્તકનાં સત્યોનો ઈન્કાર કરવાની કોઇ કાળે છૂટ નથી. કવિ શેલિએ લૉર્ડ એલનબરોને નીચે પ્રમાણેનો કડક પત્ર લખ્યો હતોઃ—

"શું આપ ઇટનનું જીવન ખારું કરીને તેને આપના ધર્મમતનો કરવા ધારો છો? રાક્ષસી દેહદમન કરીને આપ આપના ધર્મસિદ્ધાંતો કદાચ એને મુખે કબુલાવી શકો, પરંતુ જ્યાં સુધી આપ આપના ધર્મના સિદ્ધાંતો ગળે ઉતરે એવા ન કરો ત્યાં સુધી એ આપના સિદ્ધાંતો માની શકે નહિ, પણ સિદ્ધાંતોમાં શ્રદ્ધા ઉપજાવવી એ કદાચ આપની શક્તિ બહારની વાત છે. આપના ધર્મોત્સાહના આવા પ્રદર્શનથી આપ આપના પૂજ્ય દેવને ખુશ કરવા માગો છો કે શું? જો એમ જ હોય તો મ્હારે કહેવું પડશે કે પિશાચ જેને કેટલીક પ્રજાઓ મનુષ્યનાં શબનાં બલિદાન આપે છે તે પણ સુધરેલી સમાજના ઇષ્ટદેવ કરતાં ઓછો જંગલી છે." ૧૮૧૯ માં રિચર્ડ કાર્લાઇલે પેઇનનું પુસ્તક પ્રકટ કર્યું. એથી એની પણ સૌના જેવી દશા થઈ. તેના પર ફોજદારી કામ ચાલ્યું અને તેને ભારે દંડ ભરવાની તથા ૩ વર્ષની કેદની સજા થઈ. એ દંડ આપવા અસમર્થ હોવાથી એને ત્રણ વર્ષ પર્યંત કેદમાં રાખવામાં આવ્યો હતો, એની પત્નીએ તથા બ્હેને પ્રકાશકનો ધંધો ચાલુ રાખ્યો, તેમ પુસ્તક વેચવાનું પણ જારી રાખ્યું, એટલે તેમને પણ દંડ કરવામાં આવ્યો હતો અને પાછળથી જેલમાં ગોંધવામાં આવ્યા હતા. દુકાનના કામમાં મદદ કરનારા બધા કામદારોની પણ એ જ વલે થઈ હતી.

પેઇનના પુસ્તકના પ્રકાશકો ઈંગ્લેંડમાં જુલમના ભોગ બન્યાં તો પેઇનને પોતાને અમેરિકામાં ખમવું પડયું. ત્યાંની ધર્માંધ પ્રજાની કનડગતોને લીધે પેઇનની જીંદગીના છેલ્લાં વર્ષો દુઃખમય થયાં હતાં.

૧૮ મી સદીના મધ્યયુગમાં જર્મનીમાં જ્ઞાનયુગના સૂર્યનો ઉદય થયો. ઈંગ્લેંડ કરતાં જર્મનીનાં ઘણાં રાષ્ટ્રોમાં વિચારસ્વાતંત્ર્ય બહુ ઓછું હતું. મહાન્ ફ્રેડરિકના પિતાના સમયમાં વુલ્ફ નામના તત્ત્વજ્ઞને પૃશિયામાંથી દેશનિકાલ કરવામાં આવ્યો હતો; કારણકે, એણે (લોકમાન્યતા મુજબ) માત્ર ખ્રિસ્તી ધર્મના જેવાં વખાણ થઇ શકે તેવાં વખાણ ચીનના સંત કોન્ફ્યુસીયસના નીતિશિક્ષણ સંબંધમાં કર્યાં હતાં. ફ્રેડરિક ગાદીએ આવ્યો ત્યારે વુલ્ફ પાછો પૃશિયામાં આવ્યો. ફ્રેડરિકના રાજ્યમાં મતાંતરક્ષમા ઠીક પ્રવર્તતી અને પૃશિયા એની આજૂબાજૂનાં રાજ્યોમાં સ્વતંત્ર વિચારો ફેલાવવા ખાતર રાજ્યના જુલમનો ભોગ બનનારા લેખકોનું આશ્રયસ્થાન હતું. અલબત્ત, એના સમયના ઘણા અંગ્રેજ બુદ્ધિવાદીઓની માફક ફ્રેડરિક પણ એમ માનતો કે નવીન વિચાર (free thought) અથવા નાસ્તિક મત જનસમુદાય માટે ઇષ્ટ નથી, કારણ, લોકો ફિલસુફી સમજવાને અસમર્થ હોય છે. હાલ પણ આવા વિચાર ધરાવનારા ઘણા લોકો છે. જર્મનીમાં અંગ્રેજ કેવળેશ્વરવાદીઓની ફ્રાન્સના સ્વતંત્ર વિચારકોની અને સ્પાઈનોઝાની અસર થઈ હતી; પરંતુ ૧૮ મી સદીમાં જર્મનીમાં બુદ્ધિવાદનું જે પ્રચારકામ ચાલ્યું તેમાં અપૂર્વ, રસિક કે પ્રજામાં જાગૃતિ પેદા કરે એવું કશું જ હતું નહિ. બુદ્ધિવાદના બે પ્રચારકો તરીકે આપણે (Edlemann) ઇદિલમાન અને (Bahrdt) બાહ્ર્દ નાં નામો ગણાવીએ. ઇદિલમાનનાં પુસ્તકોમાં બાઇબલ ઇશ્વરપ્રેરિત ગ્રંથ છે એ વાતનો વિરોધ કરવામાં આવ્યો હોવાથી જુદાં જુદાં શહેરોમાં એના ગ્રંથો સળગાવવામાં આવ્યા હતા અને એને બર્લિન ન્હાસી જઇ ફ્રેડરિકનો આશ્રય લેવાની જરૂર પડી હતી. બાહર્દ એના સમયના બધા લેખકો કરતાં વધારે આક્રમણશીલ હતો. પ્રથમ એ ધર્મોપદેશક હતો, પરંતુ પછી ધીમે ધીમે એ પ્રાચીન મતથી વિરુદ્ધ થતો ગયો. નવા કરારનું એણે ભાષાંતર કર્યું એ કાળથી પાદરી તરીકેની એની જીંદગીનો અંત આવ્યો. એની જીંદગીનો અંતિમ ભાગ

એણે મુસાફરખાનાંના માલિક તરીકે ગુજાર્યો. એનાં લખાણો–ઉ. ત. 'બાઇબલ પરના પત્રો' (Letters on the Bible)–ની ઘણી અસર થઈ હોવી જોઇએ; નહિ તો ઇશ્વિર વિદ્યાવિદોમાં બાહર્દ પ્રત્યે સખત તિરસ્કાર જાગૃત થાત નહિ.

આમ છતાં, આ સૈકામાંનો જર્મનીમાંનો બુદ્ધિવિકાસ (Enlightenment) બુદ્ધિવાદના પ્રચારકાર્યમાં સીધો આવિષ્કાર ન પામતાં, સાહિત્ય અને તત્ત્વજ્ઞાનમાં પ્રાદુર્ભાવ પામ્યો. ગેટે (Goethe)–સ્પાઈનોઝાનાં લખાણોની જેના પર ઘણી પ્રૌઢ અસર થઇ હતી તે–તથા શિલર જેવા સુવિખ્યાત લેખકો ચર્ચમાં જોડાયા ન હતા, અને તેમનાં લખાણો તથા તત્કાલીન સાહિત્ય પ્રવૃત્તિની અસરથી મનુષ્યના અનુભવની ખૂબ છૂટથી ચર્ચા થવા માંડી અને વિચારસ્વાતંત્ર્ય પરના અંકુશો અલોપ થવા માંડયાં.

એક જર્મન વિચારકે આખી દુનિયાને ખળભળાવી એ જર્મન તે કેન્ટ નામનો ફિલસુફ હતો. એણે એના 'ક્રિટિક ઓવ્ પ્યૂર રિઝન' નામના પુસ્તકમાં દર્શાવી આપ્યું કે બુદ્ધિની મદદથી ઇશ્વિરના અસ્તિત્વ અને આત્માના અમરત્વના સિદ્ધાંત પુરવાર કરવાનો આપણે પ્રયાસ કરીએ છીએ ત્યારે આપણે ન છુટકે પરસ્પર વિરુદ્ધ વચનો ઉચ્ચારવાં પડે છે, વિશ્વરચના પરથી તેના કર્તાના અસ્તિત્વ વિષેનાં અનુમાનપર તથા બધી ઇશ્વરવિદ્યા પર કેન્ટે જે ખંડનાત્મક વિવેચન કર્યું છે તે હ્યુમની ચર્ચા કરતાં વધારે પૂર્ણ છે અને કેન્ટની તથા લૉકની પદ્ધતિઓ જુદી હતી છતાં કેન્ટની ફિલસુફીનું વ્યવહારું પરિણામ લૉકની ફિલસુફીના જેવું જ આવ્યું છે. **જ્ઞાન માત્ર અનુભવગમ્ય છે.** એ સૂત્ર કેન્ટની ફિલસુફીમાંથી પણ નિકળતું, નીતિશાસ્ત્ર (Ethics) ના લાભમાં કેન્ટે જે દેવને આગળ બારણેથી હાંકી કાઢયા હતા તે દેવને જ તેણે પાછલે બારણેથી છાનાછૂપા ઘુસાડવાનો પાછળથી પ્રયાસ કર્યો હતો એ વાત સાચી છે, પરંતુ એનો પ્રયાસ નિષ્ફળ

નિવડયો હતો.[1] એની ફિલસુફીને આધારે નવી નવી વિચારપદ્ધતિઓ ઉદ્ભવી હતી અને તેમાં કેવળેશ્વરવાદીઓ 'ઈશ્વર' શબ્દ જે અર્થમાં વાપરે છે તેથી છેક જુદો અર્થ સૂચવવા માટે ઈશ્વર નામનો પ્રયોગ કરવામાં આવ્યો હતો, આમ અનેક નવીન વિચારપદ્ધતિઓને જન્મ આપનારી કેન્ટની ફિલસુફી બુદ્ધિને અધિકારની ઝુંસરીમાંથી મુક્ત કરવાના માર્ગમાં બહુ મદદગાર નિવડી હતી.

---

૧ આના વધુ ખુલાસા માટે કેન્ટનું 'નીતિશાસ્ત્રનું' ઉપરનું પુસ્તક જોવું.

# પ્રકરણ ૭

## બુદ્ધિવાદની પ્રગતિ.

સત્તરમું શતક આધુનિક વિજ્ઞાનના જન્મનું શતક હતું. કોપરનિકસના સંશોધનોએ એના જન્મની આગાહી કરાવી અને એના સિદ્ધાંતની સત્યસિદ્ધિ, ગુરુત્વાકર્ષણ અને રક્તપરિભ્રમણના સિદ્ધાંતોની શોધ તથા આધુનિક રસાયણશાસ્ત્ર અને પ્રકૃતિશાસ્ત્રની સ્થાપના—આ બધાં સત્તરમા શતકમાં થયાં હોવાથી એમણે એ શતકની મહત્તા વધારી. ધૂમકેતુઓનું સાચું સ્વરુપ નિશ્ચિત કરવામાં આવ્યું એટલે તે દૈવી કોપનાં ચિહ્નો તરીકે લેખાતા અટક્યા હતા પણ પ્રોટેસ્ટંટ મુલકોમાં વિજ્ઞાનશાસ્ત્રી ઇશ્વિરવિદ્યાના શત્રુઓનો અચાનક સરદાર થઈ પડે ત્યાર પહેલાં કેટલીક પેઢીઓ વીતવી બાકી હતી. ૧૯મી સદી સુધી તો પૃથ્વીની ગતિના પ્રશ્ન જેવી નજીવી બાબતોમાં જ સિદ્ધ વૈજ્ઞાનિક સત્યો અને બાઇબલ શાસ્ત્ર વચ્ચે વિરોધ ભાસતો અને ધર્મસૂત્રોનો નવો અર્થ કરીને આવા નજીવા વિરોધોને ઉડાવી દેવાનું કામ ઘણું સહેલું હતું, આમ છતાં વિજ્ઞાનશાસ્ત્રે નહિ સ્પર્શેલ એવા ઘણા મશહુર બનાવો દિનપ્રતિદિન વધતા જતા હોવાથી બાઈબિલમાંનાં ઐતિહાસિક કથનોમાંથી લોકની શ્રદ્ધા ઉડી જવાની ભીતિ રહેતી હતી અને નોહાની નૌકા અને જળપ્રલયની વાતો સાચી હોય તો પછી તરવાને અને ઉડવાને અસમર્થ એવા પશુઓ અમેરિકામાં તથા એશિયાના ટાપુઓમાં વસ્યાં ક્યાંથી? વળી પ્રાચીન દુનિયામાં હતી જ નહિ એવી નવી જાતિઓ નિરંતર નવી દુનિયામાં દૃષ્ટિએ ચઢતી હતી તેનું શું કારણ? આસ્ટ્રેલીઆના કંગારુઓ શું અદ્ધરથી પડ્યા? આવા આવા પ્રશ્નોદ્વારા બાઇબલનાં ઐતિહાસિક કથનો અશ્રદ્ધેય જણાતાં ગયાં, આ પ્રશ્નોનો ઉત્તર પ્રચલિત ઇશ્વરવિદ્યાનો વિરોધ ન થાય એવી અનુકૂળ રીતે માત્ર એક અટકળથી અપાય એમ ભાસતું અને તે એ કે જળપ્રલય પછી પણ સૃજનનાં નવાં અગણિત કાર્યો

થતાં હતાં. જો કોઇપણ ક્ષેત્રમાં ૧૮ મી સદીના વિજ્ઞાનવેત્તાઓને સત્તાધારીઓનો સૌથી વધુ જુલમ ખમવો પડયો હોય તો તે પ્રાકૃતિક ઇતિહાસના ક્ષેત્રમાં જ હતો, એ જ ક્ષેત્રને લગતા પ્રશ્ન સંબંધે લિનીઅસને સ્વીડનમાં સહન કરવું પડયું હતું અને બફ્રને ફ્રાન્સમાં જુલમ જીરવવો પડેલો; બફ્રને ૧૭૪૯ માં પ્રસિદ્ધ થયેલા પોતાના "નેચરલ હિસ્ટરી" 'પ્રાકૃતિક ઈતિહાસ' નામના ગ્રંથમાં પૃથ્વીની ઘટના વિષે જે અનુમાનો કરેલાં તે પાછાં ખેંચી લેવાની તથા બાઇબલમાં વર્ણવેલા વિશ્વોત્પત્તિની કથા પોતે પૂર્ણપણે માને છે એવું જાહેરમાં જણાવવાની તેને ફરજ પાડવામાં આવી હતી.

૧૯ મા શતકની શરુઆતમાં લેપ્લેસે સમસ્ત વિશ્વ અભ્રયય હતું 'Nebulous' એ અનુમાન પર તેની ઉત્પત્તિ ઘટાવી. એનાં અનુમાનોથી ઇશ્વર આ સૃષ્ટિનો કર્તા છે એ તર્ક ઉડી જતો હતો અને તેથી તેમનો યોગ્ય વિરોધ કરવામાં આવ્યો હતો. લેપ્લેશનો સિદ્ધાંત એવો હતો કે પૃથ્વી અને સૂર્યમંડળ ઘડાયાં ત્યાર પહેલાં લાંબા કાળથી ભૌતિક પ્રક્રિયાઓ ચાલુ જ હતી. આવા સિદ્ધાંતથી બાઇબલની ઇતિહાસ મહત્તા તૂટી પડે એમ લાગતું ખરું, પરંતુ સ્હેજ બુદ્ધિચાતુર્યથી લેપ્લેસે તોડવા ધારેલી જેનેસીસ (બાઇબલનાં પુસ્તકોમાંનું પહેલું) (જૂનો કરાર–ઉત્પત્તિ વિજ્ઞાન) ના પહેલા પ્રકરણની મહત્તા રક્ષી શકાય એમ હોવાથી લેપ્લેસનો સિદ્ધાંત ઘણો ભયંકર ન હતો. બાઇબલમાં વર્ણવેલી ઉત્પત્તિ અને જળપ્રલયની કથાને નાપાયાદાર ઠેરવવા માટે તો ભૂસ્તરવિદ્યા નિર્માઈ હતી. લેપ્લેસના સિદ્ધાંત કરતાં ધર્મશાસ્ત્રીઓને ભડકાવે એવો શત્રુ એ ભૂસ્તરવિદ્યા હતી. એક ફ્રેન્ચ પ્રકૃતિશાસ્ત્રી ( Naturalist ) કુવીએ (Cuvier) એવું અનુમાન કાઢયું હતું કે પૃથ્વીમાં વારંવાર વજ્રપાતો થયા હતા અને દરેક વજ્રપાતને પ્રસંગે નવી ઉત્પત્તિની જરૂર પડી હતી. આ અનુમાનથી સૃષ્ટિના સૃજનના કાર્યમાં ઇશ્વરનો હાથ છે એ માન્યતા રાખવાની જરૂર ક્ષણભર જતી રહી હતી. ૧૮૦૩ માં

લયાલે (Lyell) "પ્રિન્સિપલ્સ ઓવ જીઓલોજી" "ભૂસ્તર વિદ્યાના તત્ત્વો" નામનું પુસ્તક પ્રસિદ્ધ કર્યું. તેમાં એણે તો ફ્રેન્ચ પ્રકૃતિ-શાસ્ત્રી કુવિએ (Cuvier) ની માન્યતા–પૃથ્વીમાં નિરંતર વજ્રપાતો (catastrophy) થયા કરે છે તેનું ખંડન કર્યું અને પૃથ્વીનો ઇતિહાસ આજે પણ નજરે આવતી સામાન્ય પ્રક્રિયાઓ દ્વારા સમજાવી શકાય એમ છે એવું પુરવાર કર્યું. આમ છતાં એણે પણ નવી નવી ઉત્પત્તિઓ ક્રમવાર થયા જ કરતી એ વિચારને પુષ્ટિ આપી. ૧૮૬૩ માં પ્રકટ થએલા એના "એન્ટિકિવટિ ઓવ મેન" 'મનુષ્યની પ્રાચીનતા' નામના ગ્રંથમાં સબળ પ્રમાણ રજૂ કરીને એણે પુરવાર કરી આપ્યું કે બાઇબલમાં જણાવેલા કાળથી હજારો વર્ષો પૂર્વે માનવજાતિ વિશ્વમાં વસ્તી હતી. યહુદી શાસ્ત્રમાંની ઉત્પત્તિની કથામાં આવતા 'દિવસ' શબ્દનો અર્થ 'લાંબો કાળ' જેવો "બ્રહ્માના દિવસ" કરીએ તો કેવળ પૃથ્વી સંબંધમાં જ નહિ, પરંતુ છોડો, ઉતરતા પ્રાણીવર્ગોના સંબંધમાં પણ બાઇબિલના લેખનો વિજ્ઞાનનાં અનુમાનો સાથે મેળ બેસાડી શકાય ખરો. કિંતુ માનવોત્પત્તિના વિષયમાં આવી કશી છટકબારી નથી, કારણ કે એ વિષે બાઇબિલનો કાલનિર્ણય તદ્દન ચોક્કસ છે. સત્તરમી સદીના એક અંગ્રેજ ધર્મગુરુએ ઘણી ચતુરાઇથી ગણતરી કરી હતી કે ઇસ્વી॰ પૂર્વે ૪૦૦૪ ની સાલના ઓકટોબરની ૨૩ મી તારીખે સંવારના નવ વાગે ખ્રિસ્તીત્રિપુટિએ મનુષ્યને ઉત્પન્ન કર્યો હતો, અને બાઇબલની કોઇ પણ ગણતરીથી મનુષ્ય આથી વહેલો ઉત્પન્ન થયો હતો એમ સાબીત થઇ શકે એમ નથી. ભૂસ્તર વિદ્યાનાં અનુમાનોને બીજાં પ્રમાણોની પણ પુષ્ટિ મળી; પરંતુ ભૂસ્તરવિદ્યા એકલી જ યહુદિશાસ્ત્રમાંની ઉત્પત્તિ વિજ્ઞાનનું ઐતિહાસિક સત્ય સદા માટે ખંડન કરવા સમર્થ હતી. મનુષ્યને છેતરવાના સ્પષ્ટ હેતુથી ઇશ્વરે બાઇબિલમાં ભ્રામક વિચારો ઘુસાડયાં એવું અનુમાન કરીએ તો જ યહુદિકથાની મહત્તા રક્ષી શકાય એમ હતું.

ભૂસ્તરવિદ્યાએ બાઇબલનું અચૂકપણું ખોટું પાડયું, પરંતુ બાવા આદમ અને ઇવની ઉત્પત્તિની પ્રાગૈતિહાસિક (Prehistoric) વાર્તા તેણે સ્પર્શી નહિ. આથી આ વાર્તા અસંભવિત ન લાગી, પરંતુ ભૂસ્તરવિદ્યાએ નહિ સ્પર્શેલી બાબત જુદી ઠેરવવાનું કામ પ્રાણીવિદ્યાએ ઉપાડી લીધું અને તેણે માનવોત્પત્તિ સંબંધી પોતાનો અભિપ્રાય દર્શાવ્યો. મનુષ્ય સમેત સર્વ ઉચ્ચ વર્ગનાં પ્રાણીઓ મૂળ ઉતરતી યોનિના પ્રાણીઓમાંથી જ વિકાસ પામ્યા હતાં એવી જૂની માન્યતા હતી અને દૃશ્યમાન્ જગત્ અતિમાનુષી ડખલગીરી વગર નિરંતર ચાલતી પ્રક્રિયાઓનું પરિણામ છે તથા એકરૂપ કુદરતી કાનુનોથી તેનું સ્વરૂપ નિશ્ચિત કરી શકાય એવું છે એ માન્યતા તરફ મહાન્ ચિંતકો વળવા માંડયા હતા. પરંતુ નિર્જીવ પદાર્થોના સંબંધમાં કુદરતી કાનુનોનું શાસન સ્થાપિત થવાનો ભાસ થતો હતો—એ પદાર્થોના નિયમનમાં કોઇ દૈવી શક્તિનો હાથ ન હતો કિંતુ તેઓ કુદરતી કાનુનોને વશ વર્તતા હતા એમ માની શકાતું—તો પણ જ્યાં સુધી વિજ્ઞાનશાસ્ત્રી પ્રાણીઓ અને છોડોની ભિન્ન ભિન્ન જાતિઓની ઉત્પત્તિ વિષે સંતોષકારક કારણો ન દર્શાવી શકે ત્યાં સુધી સજીવ પદાર્થોના ઉત્પત્તિ કાર્યમાં ઇશ્વરનો હાથ હોવાની માન્યતા સંપૂર્ણ સયુક્તિક ગણાતી. આથી ૧૮૫૯ માં પ્રસિદ્ધ થયેલું ડારવિનનું ‘ ઓરિજીન ઓવ સ્પિસિસ ’ ‘જાતિઓની ઉત્પત્તિ’ નામનું પુસ્તક કેવળ વિજ્ઞાનશાસ્ત્રનું જ નહિ, પરંતુ વિજ્ઞાન-શાસ્ત્ર અને ઇશ્વરવિદ્યા વચ્ચેની લડતનું પણ સીમાચિહ્ન છે. એ પુસ્તક પ્રકટ થયું ત્યારે વિલ્બરફોર્સ નામના પાદરીએ ખરૂં જ કહ્યું હતું કે કુદરતની પસંદગીના સિદ્ધાંતનો ઇશ્વરોક્ત શાસ્ત્ર સાથે કશો મેળ ખાય એમ નથી. એ પુસ્તકમાં દેવને રાજભ્રષ્ટ કરવાનો સૃષ્ટિનો કોઈ એવો નિયામક નથી, કુદરતી પ્રક્રિયાઓથી જ સજીવ, નિર્જીવ પદાર્થો વિકાસ પામે છે એવું પુરવાર કરવાનો—જે ભયંકર પ્રયાસ કરવામાં આવ્યો હતો તે સામે ઈંગ્લેંડ, ફ્રાન્સ અને જર્મ-

-નીના ઈશ્વરવિદ્યાવિદો (Theologians) એ સખત વિરોધ દર્શાવ્યો. ૧૮૭૧ માં 'ડિસેન્ટ ઓવ મેન' 'માનવાવતાર' પ્રકટ થયું; મનુષ્યજાતિ હલકી જાતિઓથી વિકાસ પામી છે એ પુરવાર કરવા માટે એમાં સચોટ રીતે મનુષ્યોની વંશાવલી દોરવામાં આવી હતી, આથી જૂનો પોકાર ફરી તાજો થયો. બાઇબલમાં લખ્યું છે કે ઇશ્વરે મનુષ્યને ઘડતાં તેને પોતાની જ આકૃતિ આપી. ડારવિન એવું પ્રતિપાદિત કરે છે કે મનુષ્ય વાનર યોનિમાંથી ઉતરી આવ્યો છે. ડારવિનના આ ઉદ્ધત શાસ્ત્રવિરોધથી પ્રાચીનમતવાદીઓ (Orthodox) ભડકી ઉઠયા હતા. નીચે આપેલા ગ્લેડસ્ટનના શબ્દોમાં તેમની લાગણીઓનો ચિતાર આપી શકાયઃ "ઉત્ક્રાંતિવાદને બ્હાને ઇશ્વરને સૃષ્ટિ ઉત્પન્ન કરવાની મહેનતમાંથી મુકત કરવામાં આવ્યો છે અને અવિચળ કાનુનોને નામે તેના શિરપરથી સૃષ્ટિ પર શાસન કરવાનો ભાર દૂર કરવામાં આવ્યો છે. આમ સૃષ્ટિકર્તાના અને નિયંતાના કામમાંથી ઇશ્વરને છૂટો કરવામાં આવ્યો છે. સ્પેન્સરના કહેવા મુજબ ન્યૂટને ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત શોધ્યો તે દિવસથી જ જગન્નિયંતાના કાર્ય ભારમાંથી ઇશ્વરને છૂટી મળી હતી. હાલ મનાય છે તે મુજબ ડારવિને જાતિઓની ઉત્પત્તિનાં પૂર્ણ કારણો નથી આપ્યાં એ વાત કબુલ રાખીએ તોપણ એનાં સંશોધનોથી કોઈ અતિમાનુષી શક્તિ વિશ્વની સરજનહાર અને નિયંતા છે એ સિદ્ધાંત ભાંગી પડયો અને સજીવ, નિર્જીવ સમસ્ત સૃષ્ટિમાં સતત વિકાસ ચાલ્યા કરે છે એવા સમર્થ વિચારકોના અભિપ્રાયને ટેકો મળ્યો. બાવા આદમનાં પતન અને ઉત્પત્તિની કથાનાં નપગાં પ્રમાણો સામે આમ બીજું સફળ તીર છૂટયું હતું અને ઇશુના પ્રાયશ્ચિતથી થયેલા માનવોદ્ધારનો સિદ્ધાંત રક્ષવા માટે એના આધારભૂત યહુદિકથા સાથેનો એનો સંબંધ તોડવાનો એક જ માર્ગ રહ્યો હતો.

કોઇ પ્રકૃતિબાહ્ય અને અપાર બુદ્ધિ સામર્થ્ય સંપન્ન પ્રબળ વ્યક્તિએ કુદરતમાં સાધ્ય સાધનનો સુયોગ કર્યો છે એ સિદ્ધાંતને

ડારવિનવાદે તોડી પાડયો. વિશ્વરચનાના આધારે ઇશ્વરનું અસ્તિત્વ પુરવાર કરવાની દલીલોની અયોગ્યતા કેન્ટ અને હ્યુમે તર્કદ્વારા દર્શાવી હતી, પરંતુ કુદરત અને કલાને સાદશ્ય છે એમ કહીને જે સાદશ્યને નામે ઈશ્વરકર્તૃત્વ પુરવાર કરવાનો પ્રયાસ થતો તે સાદશ્ય કુદરતમાંની પ્રાણપ્રક્રિયાના અવલોકન પછી ઘટી શકતું જ નથી. લૅંગ (Lange) નામના જર્મન લેખકે ઘણી અસરકારક રીતે આ સાદશ્યની અયોગ્યતા પુરવાર કરી આપી છે. 'અમુક ખેતરમાંના એકાદ સસલાનો શિકાર કરવા ઇચ્છનાર પુરુષ હજારો બંદુકો મેળવી તથા ખેતરને ઘેરો ઘાલી પછી બધી બંદુકો ફેરવતો નથી, તેમ એકાદ ઘરમાં રહેવા ઇચ્છનાર પુરુષ પહેલાં આખું શહેર બંધાવી પાછળથી એક સિવાયનાં બધાં ઘરોને ગડગડી જવા દેતો નથી. જો તેવો પુરુષ આ બેમાંનું એકાદ મહત્કાર્ય અમલમાં મૂકે તો તેને આપણે છેક બબુચક કહીશું. એના કાર્ય પરથી કોઈ પણ એમ નહિ જ માને કે તેની બુદ્ધિ તીવ્ર છે અને સાધ્ય સાધનનું યોગ્ય સંયોજન કરવામાં તે ઘણો પાવરધો છે. પણ કુદરત તો આજ પ્રકારનાં કાર્યો કરે છે. જીવોના વંશવિસ્તારનાં કાર્યમાં કુદરતનું ઉડાઉપણું છેક આંધળું છે. હજારોમાં માત્ર એક જ વખત હેતુ ફલિભૂત થાય છે; સામાન્ય નિયમ તો વિનાશ અને નિષ્ફળતાનો છે. આવી ઢંગધડા વિનાની પ્રક્રિયામાં બુદ્ધિ જેવું કાંઈ હોય તો ખરેખખર એ બુદ્ધિ અતિશય ઉતરતી કોટિની લેખાય; અને એવી તુચ્છબુદ્ધિની પૂર્ણાકૃતિને વ્યવસ્થા કે રચનાવાળી લેખવી એ તો રચનારની નાલાયકી દર્શાવવા બરોબર છે. દા.ત. મનુષ્યની આંખ લો. એક પ્રખ્યાત વિજ્ઞાનશાસ્ત્રી Hemholtz હેમહોઝે કહ્યું છે કે 'જો કોઇ નેત્રશાસ્ત્રી મારા પર મનુષ્યની આંખ એક યંત્ર તરીકે મોકલે તો તેની યંત્ર બનાવવાના કામની બેદરકારી માટે તેને ઠપકો લખી હું એ આંખ તેના પર પાછી પધરાવું અને મારા પૈસા પાછા ધરી દેવાની માગણી કરૂં.' ડારવિને બતાવી આપ્યું છે કે કુદરતનાં

દશ્યો એ કાંઇ કોઇએ હેતુપૂર્વક ઉપજાવેલા બનાવો નથી, પરંતુ સંજોગોમાં વિરલ મિલનોનાં પરિણામરૂપ બનેલાં છે.

કુદરતી બનાવો અથવા દશ્યજગત્ અવિચળ સિદ્ધાંતો અનુસાર સમકાલીન અસ્તિત્વ ધરાવતી અને એકની પાછળ એક આવતી એવી વસ્તુઓનું એક તંત્ર છે. ૧૯ મી સદીના પ્રારંભકાળમાં આ ભયાનક સિદ્ધાંત વિજ્ઞાનશાસ્ત્રના સૂત્ર તરીકે પ્રતિપાદિત કરવામાં આવ્યો હતો. મિલે પોતાના 'તર્કદર્શન' (System of Logic) નામના ગ્રંથમાં આ સિદ્ધાંતને વૈજ્ઞાનિક વ્યાપ્તિ ( Scientific induction ) ના પાયા તરીકે વર્ણવ્યો છે. એનો અર્થ એવો છે કે કોઇ પણ ક્ષણે અખિલ વિશ્વની સ્થિતિ આગળની ક્ષણે એની જે સ્થિતિ હતી તેનું પરિણામ છે; આવી ક્રમવાર આવતી બે અવસ્થાઓ વચ્ચેનો કાર્યકારણભાવ કોઇની નિરંકુશ નડતરથી તૂટતો નથી. કાર્ય અને કારણ વચ્ચેનો સંબંધ પલટાવનારી કે દાબી દેનારી કોઈ નડતર જ નથી. કેટલાક પ્રાચીન ગ્રીક તત્ત્વજ્ઞોને આ અખંડ કાર્યકારણના સિદ્ધાંતની ખાતરી થઇ હતી અને દરેક ક્ષેત્રમાં એ સિદ્ધાંત સાબીત કરવાનું કામ આધુનિક વિજ્ઞાને કર્યું છે. પણ આ સિદ્ધાંતનું આવું અમર્યાદિત પ્રતિપાદન કરવાની જરૂર નથી. હાલમાં વિજ્ઞાનશાસ્ત્રીઓ એ કહેલું સૂત્ર મર્યાદાપૂર્વક અને વધારે સયુક્તિક રીતે રજૂ કરે છે. આ શાસ્ત્રીઓ એટલું કબુલ રાખવા તૈયાર છે કે એ સિદ્ધાંત વિના વિશ્વ સંબંધી શાસ્ત્રીય જ્ઞાન અશકય થઈ પડે એમ છે; અને તેઓ અને કાર્યકારણનો સિદ્ધાંત કહેવા કરતાં અનુભવની એકતા તરીકે ઓળખાવવા વધુ ઉત્સુક છે. ( કારણ કાર્યકારણનો સિદ્ધાંત સ્વીકારવાથી અધ્યાત્મ વિદ્યા Metaphysics તરફ વળવું પડે છે એમ તેમનું માનવું છે. ) આટલું કબુલવા તો તેઓ તૈયાર છે. કિંતુ તેમના પુરોગામીઓ કાર્યકારણના સિદ્ધાંતમાં અપવાદો કબુલવા જેટલા તૈયાર હતા તે કરતાં આ લોકો અનુભવની એકતાના સિદ્ધાંતમાં અપવાદો સ્વીકારવા વધુ તૈયાર નથી, અર્થાત્

પોતાના સિદ્ધાંતોમાં અપવાદો સ્વીકારવાની બન્નેની સરખી ના છે.

આ વિકાસનો સિદ્ધાંત કેવળ કુદરતને જ નહિ, પરંતુ મનુષ્યના મનને તથા ધર્મ, વિચાર અને સંસ્કૃતિના ઇતિહાસને પણ લાગુ પાડવામાં આવ્યો છે. Hegal હેગલે એ સિદ્ધાંત આખા વિશ્વને વ્યવસ્થાપૂર્વક લાગુ પાડવાનો સૌથી પહેલો પ્રયાસ કર્યો. હેગલ સૃષ્ટિવિજ્ઞાન-Natural Science-નો અભ્યાસી ન હતો, કિંતુ અધ્યાત્મશાસ્ત્રી હતો, એ વાત લક્ષમાં લેવી ઘટે છે. એના અતિ કઠણ તત્ત્વજ્ઞાનની (જનતાના) વિચાર પર ઘણી વિશાળ અસર થઈ હોવાથી એને વિષે બે બોલ લખવા જોઈએ. હેગલનું માનવું એવું હતું કે સમસ્ત વિશ્વ એ સ્વસત્તાના નિયમોને બળે પ્રથમ પ્રકૃતિમાં પ્રાદુર્ભાવ પામી, અને પછી વ્યક્તિના અંતઃકરણમાં જીવાત્માની સંજ્ઞા પામી, વિશ્વની પ્રક્રિયામાં વ્યક્ત થતું દેશકાલાતીત નિર્વિશેષ તત્ત્વ છે. આથી એની ફિલસુફીને નિર્વિશેષ વિજ્ઞાનવાદ Absolute Idealism કહે છે. ૧૯ મી સદીના પ્રચલિત વિચારો સાથે હેગલની ફિલસુફી મળતી આવતી; કારણ કે (Nature and Spirit) પ્રકૃતિ અને જીવાત્મા, જડ અને ચેતન બધાં વિષે વિશ્વની પ્રક્રિયામાં ઉતરતી ભૂમિકાથી ઉચ્ચ ભૂમિકા સુધી વિકાસક્રમ ચાલ્યો આવ્યો છે, એવું હેગલની ફિલસુફીમાં દર્શાવવામાં આવ્યું હતું. કદાચ સમકાલીન વિચારના આ સામ્યને લીધેજ હેગલની ફિલસુફી ઘણી આકર્ષક થઈ પડી હતી. વિશ્વની પ્રક્રિયાને સંપૂર્ણ માને છે અને એના સમયના બીજા વિચારકોને લાગતું તેમ તેને ભવિષ્યમાં વધુ વિકાસ થવાનો સંભવ લાગતો ન હતો. આટલે અંશે હેગલની દૃષ્ટિ મર્યાદિત હતી. પણ એની ફિલસુફીના ગુણદોષનું સૂક્ષ્મ પરીક્ષણ કરવાનું આપણું કામ નથી. આપણે તો માત્ર એટલુંજ લક્ષમાં લેવાનું છે કે હેગલની ફિલસુફી વિજ્ઞાનવાદી હોવા છતાં અને વિશ્વનું ઉપાદાન કારણ સ્થૂલ નહિ, પરંતુ સૂક્ષ્મ છે એમ જણાવતી હોતી છતાં પ્રાચીન, યથાશાસ્ત્ર મતોનું ખંડન કરવા માટે તે કોઈ પણ જડવાદી સંપ્રદાય જેટલીજ

સમર્થ છે. હેગલની ફિલસુફી ખ્રિસ્તી ધર્મને ટેકો આપે છે એવો કેટલાક દાવો કરે છે એ ખરું છે. ખુદ હેગલના જ અભિપ્રાયથી આ માન્યતાને કંઇ આધાર મળી આવે છે. એ કહે છે કે ખ્રિસ્તી મત સર્વ શ્રેષ્ઠ છે અને તેના સિદ્ધાંતોમાં સર્વોત્તમ ફિલસુફી—હેગલની પોતાની—ના કેટલાક વિચારો અપૂર્ણપણે પ્રદર્શિત થયા છે. અને સાકારપણું એ એની નિર્વિશેષ પરતત્ત્વની કલ્પનાને બીલકુલ અસંગત લેખાય તોપણ હેગલ કેટલીકવાર નિર્વિશેષ તત્ત્વને સાકાર તરીકે વર્ણવે છે. પણ એ ખ્રિસ્તી ધર્મની ગમે તે કિંમત આંકતો હોય; આપણને તે સાથે કશી લેવાદેવા નથી. હેગલ શુદ્ધ, બૌદ્ધિક ફિલસુફીના ઉચ્ચતર ધોરણ અનુસાર ખ્રિસ્તી ધર્મને સત્યના ખાસ આવિષ્કાર તરીકે નહિ; પરંતુ કેવળ તત્ત્વજ્ઞાન જ શોધી શકે એવા સત્યની ઘણી પાસે રહેનારા ધર્મ તરીકે લેખે છે, એટલુંજ જણાવવું બસ થશે. જેના પર હેગલની જાદુઈ અસર થશે તેને વિશ્વની ઉત્પત્તિ વિષે એવો સિદ્ધાંત પ્રાપ્ત થશે કે કોઇ પણ શ્રુતિપ્રોક્ત ધર્મની તેને નહિ જરૂર રહે કે નહિ ઇચ્છા થાય એમ વિશ્વાસપૂર્વક કહી શકાય ખરું. જર્મની, રશિઆ અને અન્ય સ્થળોએ એની ફિલસુફીએ પાખંડ મતનો પ્રચાર વધાર્યો, લોકો રૂઢ, યથાશાસ્ત્ર વિચારોના બંધનોમાંથી છૂટયા અને પાખંડમત તરફ વળવા લાગ્યા.

હેગલ આક્રમણશીલ ન હતો. એની ફિલસુફી ઉચ્ચતર હતી. ખ્રિસ્તી ધર્મ અને ઇશ્વરવિદ્યા પ્રત્યે એ ઉદાસીન હતો. એના સમકાલીન ફ્રેન્ચ તત્ત્વજ્ઞ લેખક કૉમ્તે પણ સર્વસ્પર્શી વિચારપદ્ધતિ યોજી કાઢી હતી; પરંતુ તે હેગલની માફક ઉદાસીન ન હતો. એણે ઇશ્વર વિદ્યાનો પ્રચંડ વિરોધ કર્યો અને તે દ્વારા વિશ્વનું રહસ્ય ઉકેલવાની રીતિ છેક રૂઢિભ્રષ્ટ છે એમ સાબીત કરી એણે ઇશ્વરવિદ્યાનું ખંડન કર્યું. વળી અધ્યાત્મવાદીઓ માત્ર અમૂર્ત શબ્દોમાં દૃશ્યમાન્ જગતનું વર્ણન કર્યા કરે છે. પરંતુ સ્પષ્ટ કરતા નથી તેથી, અને વિશ્વનાં ઉત્પત્તિ અને અસ્તિત્વના પ્રશ્નો બુદ્ધિથી સ્હેજ પણ ઉકેલી શકાય

એવા નથી તેથી, આમ આ બે કારણોસર એણે અધ્યાત્મવિદ્યા તથા હેગલના વિચારોનો પણ અસ્વીકાર કર્યો. વિજ્ઞાન અર્થાત્ કાર્યકારણ અને સમકાલીન અસ્તિત્વ ધરાવતા પદાર્થોની શોધ કરનારું શાસ્ત્ર એ ઇશ્વરવિદ્યાથી અને અધ્યાત્મવિદ્યાથી પર છે, અને સમાજની ભાવિ પ્રગતિનો આધાર કેવળ તર્ક પરજ નહિ, પરંતુ અનુભવગમ્ય પ્રમાણોનેજ સ્વીકારનારી શાસ્ત્રીય દૃષ્ટિ પર રહેશે. ધર્મ એ સમાજને આવશ્યક વસ્તુ છે એવી કૉમ્તની દૃઢ માન્યતા હતી; આથી એની નજરમાં મૃતપ્રાયઃ જણાતા ઇશ્વરવિદ્યાવાદી ધર્મોને સ્થાને એણે માનવ-દયાનો નવો ધર્મ શોધ્યો. ધર્મ અને જગતના મહાન્ ધર્મોમાં ફરક એટલો હતો કે એના ધર્મમાં અતિમાનુષી કે અયુક્તિક ધર્મનિયમો ન હતા. આ કારણસર કૉમ્તને ભાગ્યેજ કોઇ અનુયાયી મળ્યો હતો, પરંતુ કૉમ્તના નિરીશ્વરવાદની ઘણી ભારે અસર થઈ છે અને ઈંગ્લે-ડમાં પણ તે કંઇ જેવી તેવી થઇ નથી. કારણ કે ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં અધિકાર વિરુદ્ધ બુદ્ધિના બચાવ માટે તનતોડ મહેનત કરનારાઓમાંના એક અશ્રાન્ત કાર્યકર્તા ફ્રેડરિક હેરિસને કૉમ્તના સિદ્ધાંતોનો ઇંગ્લેંડમાં ખાસ પ્રચાર કર્યો હતો.

હર્બર્ટ સ્પેન્સર નામના એક અંગ્રેજે બીજો નવો સર્વસ્પર્શી વાદ ઉભો કર્યો હતો. કૉમ્તના વાદની માફક સ્પેન્સરનો વાદ પણ વિજ્ઞાનને આધારે રચાયો છે અને વિશ્વ અભ્રમય હતું એ માન્યતાથી શરુ કરીને માનસિક, સામાજીક અને ભૌતિક સમસ્ત જ્ઞેય વિશ્વ સંબંધી કેવી રીતે નિગમન થાય એ દર્શાવવાના એમાં પ્રયાસો છે. બીજા કશા કરતાં એની સમીકરણની ફિલસુફીએ ઈંગ્લેંડમાં સમુ-ત્ક્રાંતિવાદ કદાચ વધારે ફેલાવ્યો.

વિશ્વરહસ્ય સમજાવવા માટેની એક બીજી આધુનિક પદ્ધતિનો અત્રે ઉલ્લેખ કરીશું. આ પદ્ધતિના પ્રચારક જીના ( Jena ) ના અધ્યાપક અને સમુત્ક્રાંતિવાદના પયગમ્બરની ઉપાધિને પાત્ર મનાતા હેઇકલ Haeckel નામના પ્રાણીવિદ્યાશાસ્ત્રી હતા. ૧૮૬૮ માં

પ્રકટ થયેલાં એનાં 'માનવોત્પત્તિ' (ક્રિએશન ઓવ્ મેન) નામના પુસ્તકમાં ડારવિનના "ડિસેન્ટ ઓવ્ મેન" 'માનવાવતાર' ગ્રંથમાં ચર્ચેલો વિષયજ ચર્ચ્યો છે. હેઇકિલનું આ પુસ્તક ઘણો બહોળો ફેલાવો પામ્યું હતું, અને હું ધારું છું ત્યાં સુધી તેનું ૧૪ ભાષામાં ભાષાંતર કરવામાં આવ્યું હતું. એનું ૧૮૯૯ માં પ્રકટ થયેલું (ઉવર્લ્ડ રિડલ્સ) 'વિશ્વ સંબંધી કૂટ પ્રશ્નો' નામનું પુસ્તક પણ એટલુંજ પ્રખ્યાત છે. સ્પેન્સરની માફક એણે પણ એવો ઉપદેશ કર્યો છે કે સમુત્ક્રાંતિ-વાદનો સિદ્ધાંત કેવળ પ્રકૃતિના ઇતિહાસનેજ નહિ પરંતુ મનુષ્યની સંસ્કૃતિ અને વિચારને પણ લાગુ પડે છે. પરિદૃશ્યમાન્ જગત્ની પાછળ કોઈ અજ્ઞેય તત્ત્વ છે એવું એ અનુમાન કરતો નથી. સ્પેન્સર અને કૉમ્તથી હેઇકલ આટલો જુદો પડે છે. એના વિરોધીઓ એના સિદ્ધાંતને સામાન્ય રીતે જડવાદ કરી નિંદે છે, પરંતુ એ ભૂલ છે, સ્પાઇનોઝાની માફક એ જડ અને ચિત્, સ્થૂલ અને સૂક્ષ્મ બન્નેને પરતત્ત્વ જેને એ ઇશ્વર કહે છે તેની બે નિત્યસહવર્ત્તી બાજૂઓ લેખે છે. વસ્તુતઃ એ પોતાની ફિલસુફી અને સ્પાઇનોઝાની ફિલસુફીને એકસરખી કહે છે અને જડપરમાણુઓ વિચારશ્રમ છે એવો સયુ-ક્તિક તર્ક કરે છે. ભૌતિક વિશ્વ સંબંધીનો એનો વિચાર કાલાતીત થઈ ગયેલા અને હાલ છેલ્લાં થોડાં વર્ષોથી જુઠા ઠરેલા જડવાદ પર યોજાયેલો છે. પરંતુ હેઇકિલના અદ્વૈતવાદને થોડા વર્ષ પર નવું રુપ આપવામાં આવ્યું છે અને આ નવા રૂપાંતર પછી જર્મનીના વિચાર-શીલ પુરુષો પર તેની વિશાલ અસર થવાની આશા રખાય છે. એ અદ્વૈતવાદની હિલચાલ હું આગળ ઉપર ચર્ચીશ.

જેટલે અંશે કુદરત કાર્યકારણના સિદ્ધાંતને વશ છે તેટલેજ અંશે મનુષ્યનાં કાર્યો અને માનવ ઇતિહાસ પણ એ સિદ્ધાંતને વશ છે; કાર્યકારણનો સિદ્ધાંત એ ત્રણેમાં પ્રવર્ત્તે છે, એવો કૉમ્તની ફિલ-સુફીનો મુખ્ય સિદ્ધાંત હતો. ૧૮૫૫ માં ઇંગ્લેંડમાં બેઇનકૃત "ઇન્દ્રિયો અને બુદ્ધિ" અને સ્પેન્સરના "માનસશાસ્ત્રના (પ્રિન્સિપલ્સ ઓવ્

સાઇકોલોજી) સિદ્ધાંતો" નામનાં બે પુસ્તક (સેન્સિસ એન્ડ ઇન્ટેલેકટ) પ્રકટ થયાં, તેમાં આપણી ઇચ્છાઓ કાર્યકારણની પરંપરાનાં અનિવાર્ય પરિણામો હોવાથી સંપૂર્ણ નિશ્ચિત થયેલી છે. એમાં હવે વધુ વિકાસનો સંભવ નથી એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. પરંતુ બે વર્ષ પછી પ્રકટ થયેલા બકલના "ઇંગ્લેંડની સંસ્કૃતિનો ઇતિહાસ" (હિસ્ટરિ ઓવ્ સિવિલિઝેશન ઇન ઇંગ્લેંડ) નામના ગ્રંથમાં આ સિદ્ધાંત ઈતિહાસને લાગુ પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઉપર્યુક્ત બે પુસ્તકો કરતાં બકલના આ ગ્રંથની અસર વધારે ઉંડી થઈ હતી. એ પ્રયાસ કેવી રીતે કરવામાં આવ્યો હતો તે નીચેની દલીલો પરથી સ્પષ્ટ થશે. મનુષ્યોનાં કાર્યો એમના હેતુઓના ફળરૂપ છે અને એમના હેતુઓ પુરોગામી બનાવોનાં પરિણામરુપ છે; આથી જો "આપણે બધા પૂર્વગામી બનાવો તથા તેમની ગતિના કાનુનો જાણતા હોઇએ તો આપણે સ્હેજ પણ ભૂલ વગર એ આગળના બનાવોનાં શાં તાત્કાલિક પરિણામો આવશે તેની ચોક્કસ આગાહી કરી શકીએ. આમ ઇતિહાસ કાર્યકારણની અખંડ પરંપરા છે. અકસ્માત્ એ આપણા જ્ઞાનની ખામીઓનુંજ બીજૂં નામ છે એમ કહી એનો ઈન્કાર કરવામાં આવ્યો છે. ગૂઢ, ઇશ્વરી સત્તાની ડખલ દૂર કરવામાં આવી છે. બકલ ઈશ્વરના અસ્તિત્વનું સમર્થન કરતો હતો, પરંતુ ઇતિહાસમાં એણે તેમને પડતા મૂક્યા હતા. મનુષ્યનાં કર્મો સાર્વત્રિક કાર્યકારણભાવના સિદ્ધાંતને વશ નથી એવા તર્કને બકલના ગ્રંથે (Resounding blow) ગાજતી લપડાક મારી અર્થાત્ લગભગ તોડી પાડયો.

છેલ્લાં થોડા વર્ષોથી માનવશાસ્ત્રનો અભ્યાસ અતિ રસમય વિષય થઇ પડયો છે. અસલના માણસની દશા નિર્ધાર કરવા માટેની શોધોને પરિણામે એમ માલુમ પડયું છે કે માણસ ઉચ્ચદશામાંથી અવગતિ પામ્યો એવી માન્યતા ટકી શકે એમ નથી. શોધો થકી જે કાંઈ પ્રમાણ મળ્યું છે તે માણસ કેવળ પશુત્વમાંથી વિકાસ

પામીને તેની હાલની સ્થિતિમાં આવ્યો છે એવું સ્પષ્ટ સૂચન કરે છે. ધાર્મિક માન્યતાઓ પ્રથમ કેવી રીતે શરુ થઇ તેનું બારીક અન્વેષણ કરવામાં આવ્યું છે અને એ શોધનાં પરિણામો પ્રાચીન મતાવલંબીઓ અશાંત કરે એવાં છે. માનવશાસ્ત્ર તથા સાપેક્ષ દૃષ્ટિએ ધર્મોના અભ્યાસ કરનારાઓની શોધો પરથી એમ પુરવાર થઇ ચૂકયું છે કે ખ્રિસ્તીધર્મશ્રુતિમાં ખાસ વિશિષ્ટ ગણાતાં ગૂઢ વિચારો, અયુક્ત જડગ્રાહો અને ક્રિયાઓ પ્રાચીન અસંસ્કારી ધર્મોના અપક્વ વિચારોને મળતાં જ છે. યુકેરિસ્ટ (Eucharist)ની અગમ્યતા પ્રાચીન ખ્રિસ્તેતર ધર્મમાં મૃતદેવને ખાવાની જે ક્રિયા હતી તે સાથે સરખાવી શકાય. ખ્રિસ્તીધર્મના ખાસ આધારભૂત દેવનું મૃત્યુ અને તેમના પુનર્જીવન સંબંધીના સિદ્ધાંતો તથા તારણહાર ઇસુનો ચમત્કારી જન્મ વગેરે બાબતો મૂર્તિપૂજક ધર્મમાં પણ જણાય છે. આમ ખ્રિસ્તી અને પુરાતન અસંસ્કારી ખ્રિસ્તેતર ધર્મો વચ્ચે ઘણું સામ્ય છે એવાં અનુમાનો માનવશાસ્ત્રી અને સર્વ ધર્મોના અભ્યાસીઓની શોધો પરથી નીકળી શકતાં હતાં. પરંતુ આ સંબંધમાં કદાચ એમ પણ કહેવામાં આવે કે આ વિચારો પ્રાચીન મતને ભલે ગમે એટલા પ્રતિકૂળ હોય કિંતુ પ્રચલિત ઇશ્વિરવિદ્યાનું ગૌરવ એમનાથી ઘટે એમ ન હતું. ખ્રિસ્તીશ્રુતિના અંગ તરીકે એવાં વિચારો કંઇ નવો જ અર્થ પામતા અને મનુષ્યોના પૂર્વગ્રહોને રોચક થઇ પડે એવી મુક્તિની યોજના ઘડવાના હેતુથી ઇશ્વિરે ડહાપણ વાપરી પ્રચલિત વિચારોનો ઠીક લાભ ઉઠાવ્યો હતો. આ વિચારો ખોટા અને મનુષ્યોને ક્રૂર આચારો તરફ વાળે એવા હતા; તોપણ ખૂદ ઇશ્વિરે એમને ફેલાવા દીધેલા એવી માન્યતા પણ કદાચ ધારણ કરવામાં આવે. આ પ્રકારના ખુલાસાથી કેટલાકને સંતોષ થાય ખરો; પરંતુ જે થોડાઘણા અભ્યાસીઓ આધુનિક સંશોધનોદ્વારા ધાર્મિક માન્યતાઓનું મૂળ નક્કી કરવા મથે છે તેમાંનાં ઘણાંને ખ્રિસ્તીધર્મને અન્ય ધર્મોથી નોખાં પાડનારાં સીમાચિહ્નો વિલુપ્ત થતાં માલુમ પડશે.

વિજ્ઞાન અને માનવશાસ્ત્રની પ્રગતિને પરિણામે વિશ્વરચના સંબંધી નવીન અને સંગત વિચાર જન્મ પામ્યો. આ નવીન વિચાર-ઘટનામાં અશાસ્ત્રીય યુગના વિચારો અને સમસ્ત વિશ્વ મનુષ્યો (ના ઉપભોગ) માટે ઉત્પન્ન કરવામાં આવ્યું છે એવી ઉદ્ધત કલ્પના પર આધાર રાખતી ખ્રિસ્તી યોજનાને યોગ્ય સ્થાન ન હતું. વિજ્ઞાનની શોધો અને ખ્રિસ્તીધર્મનાં અનુમાનો વચ્ચે કશી જ સંગતતા નથી એવું પેઇનને સો વર્ષ પૂર્વે પ્રતીત થયેલું, પરંતુ એ હકીકત વધારે સ્પષ્ટ તો અત્યારે જ થઈ છે. પણ આ અસંગતતાની ખાતરી બધાઓને થઈ નથી. મનુષ્યની પ્રાચીનતા વિષે બાઇબિલનાં લખાણો ખોટાં છે એવું ઘણાં કબુલ કરશે પરંતુ વિશ્વરચના વિષેના ઈશ્વર-વિદ્યાવિદો અને વિજ્ઞાનશાસ્ત્રીઓના અભિપ્રાયો વચ્ચેના વિરોધથી તેમના પર કશી અસર થઇ નથી કે તેમના વિચારોમાં કશો પલટો થયો નથી.

આવાં મનુષ્યો પર વિજ્ઞાન મહાન્ વિજય મેળવી શક્યું નથી. એમનાં હૃદયોમાં ઘૂસેલી માત્ર થોડી જ માન્યતાઓ એ છોડાવી શક્યું છે અને આ માન્યતાઓ છોડવાથી એ મનુષ્યોને ભારે હાનિ થાય એમ ન હતું. વિજ્ઞાને બાઇબિલના અચૂકપણાનું પ્રાચીન મત અપ્રતિપાદ્ય ઠેરવ્યું છે અને વિશ્વોત્પત્તિ અને બાવા આદમના પતન વિષેના સિદ્ધાંતો ઉડાવી દીધા છે. પણ આટલાથી ખ્રિસ્તીધર્મનો અતિમાનુષી હોવાનો દાવો નાબુદ કરી શકાય એમ નથી. જ્યાં સુધી માત્ર પ્રકૃતિશાસ્ત્રનાં પ્રમાણો અને ખ્રિસ્તીધર્મ વચ્ચે વિરોધ રહે ત્યાં સુધી ખ્રિસ્તીધર્મ બાઇબિલના અધિકારના અને ઇસુના પ્રાયશ્ચિતથી થયેલા માનવોદ્ધારના પોતાના સિદ્ધાંતોમાં સ્હેજ ફેરફાર કરી પોતાનું અતિમાનુષીપણું રક્ષી શકે એમ છે. એનું અતિમાનુષીપણું રક્ષનારાં એમ કહી શકે ખરાં કે સાર્વત્રિક કાર્યકારણ સિદ્ધાંત એ અનુભવ પરથી ઘટાવેલી કલ્પના છે, પણ અનુભવમાં તો ઇતિહાસનાં પ્રમાણોનો પણ સમાવેશ થાય છે અને આ જોતાં નવા કરારમાં ચમત્કારી

બનાવો વિષે જે સ્પષ્ટ પ્રમાણ છે તેની પણ નોંધ લેવાવી જોઇએ આમ વિજ્ઞાનની વ્યાપ્તિઓ સામે ઐતિહાસિક બનાવોની દઢ ભૂમિ પર ખ્રિસ્તીધર્મ ઉભો રહી શકે ખરો; પણ એ દઢભૂમિનો પાયો ઐતિહાસિક વિવેચનથી છેક ખોદાઈ ગયો છે. અઢારમી સદીના સામાન્ય બુદ્ધિના આધારે થયેલા વિવેચન કરતાં આ ઐતિહાસિક વિવેચન ખ્રિસ્તીધર્મને વધારે ભયંકર નિવડયું છે અને એ વિવેચનને લીધે ખ્રિસ્તીધર્મનો દાવો પોકળ ઠર્યો છે.

બાઇબિલમાંની નોંધોને કેવળ માનુષી લખાણો કલ્પી તેમનું પદ્ધતિસર પરીક્ષણ કરવાનું કામ ઓગણીસમી સદીમાં સધાયું. ત્યાર પહેલા આ વિષયમાં થોડી ઘણી હિલચાલ થઇ હતી ખરી. ઉદાહરણ તરીકે સ્પાઇનોઝા અને જેનાં પુસ્તકો બાળી મૂકવામાં આવ્યાં હતાં તે સાઇમન નામનો ફ્રેન્ચ લેખક એ એએ આવું પરીક્ષણ કરવાની પહેલ કરી હતી અને જૂના કરારનું હાલ જે વિવેચન થાય છે તે પેરિસ શહેરના એસ્ટ્રૂક (Astruc) નામના વૈદકવિદ્યાના અધ્યાપકે શરુ કર્યું હતું. એના જ કાળનો Reimarus રીમારસ નામનો જર્મન જે નવા કરારનો અભ્યાસી હતો તેણે ઈસુનો વિચાર નવો ધર્મ સ્થાપવાનો હતો નહિ એવા હાલમાં કરવામાં આવતાં અનુમાનની આગાહી કરી હતી; અને સંત જોનના ઇસુચરિતમાં તથા બીજા લેખકોનાં ઇસુચરિતોમાં ફરક છે એ તેણે જોયું હતું. આમ છતાં પરીક્ષણનું ખરું કામ તો ૧૯મી સદીમાં જ થયું.

૧૯મી સદીમાં જર્મન વિદ્વાનોએ હોમર (ની કૃતિઓ)નું અને રોમની પ્રાચીન ઐતિહાસિક નોંધોનું ચર્ચાત્મક વિવેચન કરવા માટે જે રીતિઓ કામે લગાડી હતી તે બાઇબલના પરીક્ષણના કાર્યમાં પણ કામે લગાડવામાં આવી. એ પરીક્ષણનું કાર્ય ખાસ કરીને જર્મનીમાં થયેલું છે. પ્રાચીન કરારના પહેલાં પાંચ સ્કંધ (Pentateuch) મુસાએ (Moses) લખેલા એવું પ્રાચીન મત છેક ખોટું ઠરાવવામાં આવ્યું છે. જેમણે ભૂતાર્થોનો અભ્યાસ કર્યો છે તે સર્વે એકમતે

હાલમાં સ્વીકારે છે કે એ સ્કંધો જુદા જુદા યુગના જુદા જુદા લેખો—જેમાંનો સૌથી પહેલો ઈ. સ. પૂ. ૯મી સદીમાં અને છેલ્લો ઈ. સ. પૂર્વે ૫મી સદીમાં લખાયો હતો તે—નો સંગ્રહ છે અને એ સ્કંધોમાં પાછળથી કેટલાક નજીવા વધારાઓ પણ કરવામાં આવ્યા છે. નાતાલના કોલેંઝો નામના અંગ્રેજ પાદરીએ આ વાત ઉઘાડી પાડવામાં અચાનક, પરંતુ અગત્યનો, ફાળો આપ્યો હતો. જેનેસિસના ૧લા પ્રકરણમાં શરુ થતી કથા એ જૂનામાં જૂનો લેખ હતો, એવી માન્યતા હતી, પણ આ કથાનો ઇ. સ. પૂર્વે પાંચમી સદીમાં ઘડાયેલાં લેવિટિકસનાં ધારાધોરણો સાથે કંઈક મેળ લાગતો એજ ખરી મુશ્કેલીની વાત હતી; (કારણ જો એ પાંચમી સદીમાં જ લખાઈ હોય તો પછી તેને જૂનામાં જૂની માની જ કેમ શકાય ?) કોલેન્ઝોએ ૧૮૬૨માં "પ્રાચીન કરારના પહેલાં પાંચ સ્કંધો અને જોશુઆના પુસ્તકનું ચર્ચાત્મક પરીક્ષણ" નામના પોતાના ગ્રંથનો પહેલો ભાગ પ્રસિદ્ધ કર્યો. તેણે જૂના કરારના ઐતિહાસિક સત્ય વિષે ઉંડી શંકા હતી અને એક ધાર્મિક ઝુલુએ તેને નીચેનો ચતુર પ્રશ્ન પૂછીને તેની શંકા ઓર જાગૃત કરી હતી. 'જળપ્રલયની કથા શું ત્હમે સાચી માનો છો ? પૃથ્વી પરના બધા ન્હાના, મોટા તથા શીત અને ઉષ્ણ પ્રદેશોમાં વસનારાં પશુઓ, પક્ષીઓ અને સર્પાદિ પેટે ચાલનારાં પ્રાંણીઓ બે બેની જોડીમાં આવીને નોઆહની નૌકામાં દાખલ થયાં અને નોઆહે એ સર્વ માટે પશુઓ અને શિકારી પક્ષીઓ અને બીજાં બધાં માટે—ખોરાક એકઠો કર્યો એવી જળપ્રલયની કથા શું ત્હમે ખરેખર માનો છો ?' આ સંશયજનક પ્રશ્નથી કોલેન્ઝોની શંકા વધુ જાગૃત થઈ અને તેણે ઇશ્વરે પ્રેરિત ગ્રંથોમાંની સંખ્યાત્મક હકીકતોને આધારે એ ગ્રંથોનું ખરાપણું તપાસવાનું શરુ કર્યું. આ કડક પરીક્ષણનું પરિણામ એ આવ્યું કે ઉપર્યુક્ત ગ્રંથોમાંની હકીકતો ઐતિહાસિક નોંધ તરીકે સાચી ઠરી નહિ. એણે ચમત્કારોના સંભવાસંભવનો પ્રશ્ન છેડયો જ ન હતો.

એટલે એ ચમત્કારોના અનૈતિહાસિકત્વની વાત તો દૂર રહી પણ ઇજીપ્ત તથા અરણ્યમાંના યહુદીઓના અલ્પવાસની આખી વાર્તા જ વિચિત્ર અને અશક્યતાથી ભરેલી છે એવું એણે સાબીત કરી આપ્યું. કોલેન્ઝોના પુસ્તકથી ઇંગ્લેન્ડની પ્રજા ઘણી ઉકળી ઉઠી હતી. પરંતુ ઇંગ્લેંડેતર યુરોપીય દેશોમાં તો એ પુસ્તક જુદો જ આવકાર પામ્યું હતું. એણે પાંચ સ્કંધો અને જોશુઆના પુસ્તકના જે ભાગો અનૈતિહાસિક ઠરાવ્યા હતા તે ભાગો જેનેસિસની જે કથાને લીધે ઐતિહાસિક સંશોધનોમાં ઘણી ગુંચવણ ઉભી થઇ હતી તે કથાને લગતાજ હતા, અને કોલેન્ઝોનાં અનુમાનોને આધારે વિવેચકો એવા નિર્ણય પર આવ્યા હતા કે એ કથા લેવિટિકસે ઘડેલાં ધારાધોરણો સાથે સંબંધ ધરાવતી હોવાથી ઇ. પૂ. પાંચમી સદીમાં રચાયેલી હોવી જોઇએ.

જૂના કરાર સંબંધી સંશોધનોનું એક અતિ અસરકારક પરિણામ આવ્યું કે ખુદ યહુદિ લોકોજ પોતાની સામ્પ્રદાયિક કથાઓને છૂટથી ચર્ચવા લાગ્યા. પાછળથી સંકળવામાં આવેલા અને એક પછી એક ક્રમવાર લખાયેલા લેખોમાંના દરેકનો લખનાર જૂની સામ્પ્રદાયિક કથાઓ પ્રત્યે સ્વતંત્ર વલણ ધરાવતો. એ કથાઓ દૈવી છે એવી લેખકોને જરા પણ શંકા ન હોવાથી તેઓએ કથાનાં પ્રમાણોને વજન આપતા ન હતા. ભિન્ન ભિન્ન યુગમાં લખાઈ હોવાથી ભિન્ન ભિન્ન વલણો વાળી, કંઇક અંશે વાર્તાભાગમાં પણ જૂદી પડતી, આ અસંગત અને અવ્યવસ્થિત ઢગલાબંધ યહુદિ કથાઓનું અચૂકપણું સાબીત કરવાનું કામ ખ્રિસ્તીઓ પર છોડવામાં આવ્યું હતું. ઉપર કહેલાં પુસ્તકો સિવાયનાં જૂના કરારનાં બીજા ઘણાં પુસ્તકોનાં પરીક્ષણના પરિણામે એ પુસ્તકોનાં ઉત્પત્તિ અને પ્રકાર વિષે જે પ્રાચીન મત હતું તેથી વિરુદ્ધ અનુમાન નિકળ્યું છે. ગત શતકના ઉત્તરાર્ધમાં પુનઃ મળી આવેલા બેબીલૉનીઆના સાહિત્યને આધારે બીજા ઘણા મુદ્દાઓ વિષે નવું જ્ઞાન પ્રાપ્ત થયું

છે. સૌથી વહેલામાં વહેલી ( ૧૮૭૨ ) અને સંક્ષોભકારક શોધો-માંની એક એ હતી કે યહુદિઓએ એમની જળપ્રલયની કથા બેબીલોનીઅન પ્રજાની પૌરાણિક કથાઓમાંથી લીધી છે. આમ, સંશોધનોને પરિણામે જૂના કરારની ઐતિહાસિકતા નષ્ટ થઇ છે.

બૅાર (Baur) અને સ્ટ્રૅાસ (Strauss) ના ગ્રંથો પ્રસિદ્ધ થયા ત્યારથી નવા કરારનું આધુનિક વિવેચન શરુ થયું. ૧૮૩૫ માં પ્રકટ થયેલા એમનાં 'ઇસુનું જીવન ચરિત્ર' નામના ગ્રંથમાં અતિ-માનુષી, અદ્ભુત કથાભાગો સમૂળગા કાઢી નાખવામાં આવ્યા છે. આ પુસ્તક અત્યંત પ્રસિદ્ધિ પામ્યું હતું અને એને લીધે પ્રચંડ વિવાદો ઉભા થયા હતા. આ 'ચરિત' ના બન્ને બુદ્ધિવાદી લેખકો પર હેગલની અસર હતી. આજ અરસામાં (લાટિન અને ગ્રીક ગ્રંથોના વિદ્વાન્ અભ્યાસી) લોકમેને નવા કરારની પહેલી શાસ્ત્રીય આવૃત્તિ બહાર પાડી, નવા કરારના ગ્રીક ગ્રંથના વિવેચનનો પાયો નાખ્યો. ૧૮૩૫ ની સાલથી સિત્તેર વર્ષ પર્યંત સંશોધનનું જે કામ ચાલ્યું તેને લીધે કંઇક ચોક્કસ પરિણામો આવ્યાં છે અને આજ સર્વ કોઇ સામાન્ય રીતે તેમને સ્વીકારે છે.

પ્રથમ તો, જે બુદ્ધિશાળી પુરુષે આધુનિક વિવેચનનો અભ્યાસ કર્યો છે તે ઇસુનું દરેક જીવનચરિત્ર એક એકથી સ્વતંત્ર રીતે લખાયેલું છે અને એમાંની હકીકતોના સાચાપણાના સ્વતંત્ર પુરાવા છે એવું જૂનું મત ધરાવતો નથી. એ ચરિત્રોમાંના જે જે વિભાગો એક કરતાં વધારે ચરિત્રમાં સામાન્ય છે અને એકસરખી ભાષામાં લખાયેલા છે તેમની ઉત્પત્તિ પણ એક જ છે અને તેમાં એક જ પ્રકારનો પુરાવો છે એવું હવે મનાવા લાગ્યું છે. દરેકની ઉત્પત્તિ અને દરેકનો પુરાવો એક એકથી સ્વતંત્ર છે એ વાત જુઠી ઠરી છે. બીજું, જે ચરિત સૌથી પહેલું લખાયલું ગણાતું તે જૂનામાં જૂનું નથી અને મેથ્યુ તેનો કર્તા નથી એવું હાલમાં સ્વીકારાય છે. વળી

માર્કકૃત ચરિત સર્વથી જૂનું છે એવી પણ કંઇક સામાન્ય માન્યતા થઇ છે. ચોથું ચરિત, જે પહેલાંની માફક નજરે જોનારને હાથે લખાયું છે એમ મનાતું તેના કર્તૃત્વ સંબંધી હજી ઝઘડો ચાલે છે; પણ જેઓ અદ્યાપિ દંતકથાને માન આપે છે તેઓ પણ એટલું તો કબુલે છે જ કે એમાં ઇસુ વિષે જે તર્ક કર્યો છે તે બીજા ચરિત્ર લેખકોના અભિપ્રાયોથી અતિભિન્ન છે.

આ બધાનું પરિણામ એ આવ્યું છે કે ઇસુના જીવનચરિત્ર માટે નજરે જોનારાનો પુરાવો છે એવું હવે વધારે વાર કહી શકાય એમ નથી. એનું માર્કે લખેલું સર્વથી જૂનું ચરિત્ર વહેલામાં વહેલું ઇસુના ક્રુશારોહણ પછી ત્રીશ વર્ષે લખાયું હતું. જો આ પુરાવાના આધારે માર્કના લેખમાંના અતિમાનુષી બનાવો સાચા ઠરાવી શકાય તો પછી કહેવાતા, કોઇ પણ અતિમાનુષી બનાવો આપણે શા માટે સાચા ન માની શકીએ? આના જવાબમાં કોઇ કદાચ કહેશે કે બીજા કહેવાતા અલૌકિક બનાવોની વાત જુદી અને આ ઇસુ-ચરિતની વાત જુદી છે. ત્રીશ વર્ષનું અંતર એ કંઇ બહુ મોટું અંતર ન કહેવાય, એટલા અલ્પકાળમાં કપોલ કલ્પિત ગપ્પાઓ ઉભા કરી શકાય નહિ. આથી, એ લેખમાં ઇસુનાં અલૌકિક કામોનો જે ઉલ્લેખ છે તેમાં શંકા લાવવી ન જોઇએ. પ્રત્યુત્તરમાં એટલું જ જણાવવાનું કે માત્ર ત્રીશ વર્ષ પછી એ લેખ લખાયો તેથી કંઇ બીજા બનાવો અને એ લેખમાં વર્ણવેલા બનાવોમાં કશો જ ફરક થતો નથી. ગપ્પાં ઉભાં થવા માટે ત્રીશ વર્ષની મુદત કંઇ અલ્પ ગણાય નહિ. પૂર્વના દેશોમાં તો તમે ફકત બે દિવસ પર જ બનેલા ચમત્કારોની કહાણી સાંભળશો. ધર્મોની ઉત્પત્તિ સદાકાળ દંતકથાઓમાંથી જ છે, દંતકથાઓ જ ધર્મનું મૂળ છે અને જેમ સોલોમોન રેઇનેચે (Reinach) કહ્યું છે તેમ જો ખ્રિસ્તીધર્મની જન્મકથા સાચો ઇતિહાસ નિવડે તો એ ચમત્કારિક વસ્તુ લેખાશે.

પહેલાં ત્રણ ઇસુચરિતોના સમદર્શી પરીક્ષણનું બીજું પ્રતિ-

ફૂળ પરિણામ એ આવ્યું કે જો ઈસુના નોંધાયેલા શબ્દો સાચા માનીએ તો ઈસુને નવો ધર્મ સ્થાપવાનો વિચાર હતો જ નહિ એવું પુરવાર થાય છે. વળી, સૃષ્ટિનો અંત બહુ નજદીક આવ્યો છે એવી તેને ખાતરી થઈ હતી એ વાત ઉપરના પરીક્ષણથી સ્પષ્ટ થઇ છે. આજની ઘડીએ, ઇસુનો બધો ઉપદેશ ઉપરની એની ભ્રાંતિકારક માન્યતાને આધારે રચાયો હતો કે નહિ એ જ ઉચ્ચ વિવેચનનો મુખ્ય પ્રશ્ન થઇ પડયો છે.

જ્ઞાનમાં પ્રગતિ થઈ છે છતાં આત્માના અમરત્વ વિષેની માન્યતા–જેને માત્ર ધર્મગુરુઓના કહેવાથી સ્વીકારવાની આપણી પાસે માગણી કરવામાં આવે છે અને જે ખ્રિસ્તીધર્મની અતિ ઉપયોગી માન્યતાઓમાંની એક લેખાય છે તેના સંબંધમાં કશું અજવાળું પડયું નથી એમ કહેવાય ખરું. પ્રાણીગુણધર્મશાસ્ત્રે તથા માનસશાસ્ત્રે જ્ઞાનતંતુવાળા મગજ વિના વિચારક્ષમ મનનું અસ્તિત્વ કલ્પવામાં ઘણી મુશ્કેલીઓ છે એવું ભારપૂર્વક જણાવ્યું છે. કેટલાક લોકો અતિ આશાપૂર્વક એમ માને છે કે માનસિક દશ્યોના શાસ્ત્રીય પરીક્ષણ દ્વારા મરેલાંઓના આત્માઓ છે કે નહિ એ કદાચ જાણી શકીએ ખરા. જો મૃતાત્માની સૃષ્ટિનું અસ્તિત્વ એક વાર પુરવાર થાય તો ખ્રિસ્તીધર્મને આજ સુધી કદી નથી વાગ્યો એવો ફટકો વાગે; કારણ ખ્રિસ્તીધર્મ અને બીજા કેટલાક ધર્મો એવો દાવો કરે છે કે અમારું પાલન કરવાથી જ મરણાન્તર સ્થિતિનું ભાન થઈ શકે અને આવો દાવો કરીને એ ધર્મો પોતાનું સર્વોપરિપણું લોકોના મનમાં ઠસાવી પોતાનો સ્વીકાર કરવા લોકોને લલચાવે છે. જો મરણ પછી જીવાત્માનું અસ્તિત્વ હોય છે એ પુરવાર થાય અને ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતની જેમ વૈજ્ઞાનિક સિદ્ધાંત તરીકે એ સ્થાપિત થાય તો પછી ઇશ્વરોક્ત ધર્મોની સત્તા ઢીલી થઇ જાય; કારણ, આવા દરેક ધર્મનું રહસ્ય એ છે કે એ ધર્મ શાસ્ત્રીય અથવા વૈજ્ઞાનિક સત્યો પર આધાર રાખતો નથી. હું જાણું છું

ત્યાં સુધી જેટલા લોકોને આધ્યાત્મિક પ્રયોગોથી પોતે મૃત પુરુષોના આત્માઓ સાથે વાર્તાલાપ કરી શકે છે એવી ખાતરી થઇ ગઇ છે અને જેમને, પ્રમાણ ગમે તેવું ભ્રાંતિકારક હોય છતાં, એ વાતચીત અનુભવસિદ્ધ વસ્તુ લાગે છે તેમને ધર્મવિષયમાં કશો રસ પડતો નથી. તેમને જ્ઞાન પ્રાપ્ત થયું હોવાથી તેઓ ધર્મને જતો કરી શકે છે, ધર્મ વિના નિભાવી લે છે.

ઐતિહાસિક અને વૈજ્ઞાનિક વિવેચન કરનારાઓએ પ્રાચીન મતોનું ખંડન કરવાના અને તેમની મહત્તા તોડવાના જે પ્રયાસ કર્યા તેથી પ્રાચીન મતાવલંબીઓમાં ઘણો ઉહાપોહ થયો. તેઓ આ વિવેચકોનો વિરોધ શાંતપણે સાંખી રહ્યા નહિ. વિરોધીઓને પહોંચી વળવા માટે એમણે વાગ્યુદ્ધ અને બીજાં શસ્ત્રો કામે લગાડ્યાં. સ્ટ્રોસનું ટયુબીજન (Tubingen) નું પ્રોફેસર પદ લઈ લેવામાં આવ્યું અને એની જીંદગી બગાડવામાં આવી. રેનને લખેલા અતિ સંક્ષોભકારક ઇસુચરિતમાં ચમત્કારી વાતોનો ઉલ્લેખ સરખો ન હોવાથી એને ફ્રાન્સની કોલેજમાંની જગા પરથી દૂર કરવામાં આવ્યા. બૂકનેરે (Buchner) વિશ્વોત્પત્તિ વિષે જે અતિમાનુષી કારણો અને ખુલાસાઓ આપવામાં આવ્યાં હતાં તેની નિરર્થકતા એના 'ફોર્સ અને મેટર' (શક્તિ અને દ્રવ્ય) નામના પુસ્તકમાં દર્શાવી હોવાથી અને એ પુસ્તક લોકપ્રિય થઈ પડ્યું હોવાથી એને ૧૮૫૫ ની સાલમાં 'ટયુબીજન્જેન' માંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. હઇકલને જીનામાંથી હાંકી કાઢવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. માત્ર થોડાં જ વર્ષો પર એબ્બી લ્વાઝી નામના એક ફ્રેન્ચ કેથલિકે નવા કરારના અભ્યાસમાં નોંધવા લાયક ફાળો આપ્યો છે અને આના બદલામાં ૧૯૦૭ ની સાલમાં એને ખ્રિસ્તી ધર્મમંડળમાંથી બાતલ કરવામાં આવ્યો હતો.

કેથલિક ધર્મસંસ્થાની અંદર મૉડર્નિઝમ (Modernisn) નામની

દિનપ્રતિદિન વૃદ્ધિ પામતી હિલચાલમાં લ્વાઝી (Loisy) સૌથી આગળ પડતો ભાગ ભજવે છે. કેટલાક લોકો આ હિલચાલને ૧૩મી સદીથી ઠેઠ અત્યાર સુધીના ચર્ચના ઇતિહાસમાં અતિગંભીર પ્રસંગ લેખે છે. આધુનિકો (Modernists)નો કોઈ સુવ્યવસ્થિત પક્ષ નથી, તેમ તેમનો કોઈ મુકરર કાર્યક્રમ નથી. તેઓ ચર્ચ, તેના સંપ્રદાયો તથા તેની મંડળીઓને વફાદાર છે; પણ ખ્રિસ્તી ધર્મ પ્રગતિશીલ છે, પ્રગતિ પામ્યો છે અને પ્રગતિ પામ્યા કરે તોજ જીવન્ત અને ચેતન ભર્યો રહે એવું તેઓ માને છે. અયુક્તિક જડગ્રાહોનો આધુનિક વિજ્ઞાન અને વિવેચન અનુસાર ફરી અર્થ કરવાનો તેઓ નિશ્ચય કરી બેઠા છે. ખ્રિસ્તીધર્મ પ્રગતિશીલ છે એવી માન્યતા જાહેર કરીને જેમ આધુનિકોએ વિકાસનો સિદ્ધાંત રજુ કર્યો છે તેમ એમની પહેલાં ન્યુમેન નામના ધર્મગુરુએ કેથલિક ધર્મવિદ્યાના સંબંધમાં એ વિકાસનો સિદ્ધાંત લાગુ પાડયો હતો ખરો-એ એવું કહેતો કે આદિધર્મ કુદરતી અને સયુક્તિક રીતે વિકાસ પામીને જ કેથલિક ધર્મવિદ્યામાં રૂપાંતર પામ્યો છે,–પણ આધુનિકોની જેમ ન્યુમેન એવા અનુમાન પર આવ્યો ન હતો કે જો કેથલિક ધર્મે પોતાની વિકાસની સત્તા ગુમાવવી ન હોય અને મૃત્યુવશ થવું ન હોય તો તેણે આધુનિક વિચારનાં કેટલાંક નિગમનો વધાવી લેવાં જોઇએ. આધુનિકો કેથલિક ધર્મ માટે આજ કાર્ય કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

દશમા પીઅસ નામના પોપે આધુનિકોને દાબી દેવા માટે ચાલ્યા તેટલા પ્રયત્નો કર્યા. ૧૯૦૭ ના જુલાઈ માસમાં એણે લ્વાઝીના પુસ્તકમાં જેમનું સમર્થન કરવામાં આવ્યું છે તે બાઇબલ પરની આધુનિક ટીકાનાં પરિણામોને તિરસ્કારી કાઢનારૂં ફરમાન કાઢયું. “ચર્ચની ઘટના અધિકારી નથી પરંતુ દરેક સમાજની જેમ ખ્રિસ્તી સમાજ પણ સદાકાળ સમુત્ક્રાંતિ અથવા વિકાસ પામે છે,”

અને " જે અયુક્તિક જડ ગ્રાહકોને ચર્ચ ઇશ્વિરોક્ત માને છે તે સાક્ષાત્ ઇશ્વરે કથેલા નથી પરંતુ અતિ મહેનતને પરિણામે મનુષ્યને જે ધાર્મિક સત્યો લાધ્યાં છે તેની સંકલના માત્ર છે." એ બે મુખ્ય સિદ્ધાંતો–જેમનું મૂળ ન્યુમેનનાં લખાણોમાં શોધી શકાય તેને ધિક્કારી કાઢવામાં આવ્યા છે. ત્રણ મહિના બાદ પોપે જગદ્બોધક પ્રકાશપત્ર જાહેર કર્યો, તેમાં તેણે આધુનિકોના વિચારોની વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી તથા એ અનિષ્ટ (આધુનિકોના વિચારોના ફેલાવારૂપ) ને દાબી દેવાના જુદા જુદા માર્ગો આલેખ્યા હતા. પોપનો આ લેખ આધુનિકોના વિચારો યોગ્ય રીતે રજુ કરે છે એમ કોઈ પણ આધુનિક કબુલ નહિ કરે. આમ છતાં કેટલીક ટીકા મુદ્દાસર હતીઃ-જેવી કે,

" આધુનિકોનું એક પુસ્તક લો. તેના એકાદ પાના પર કેથલિકની સહી હશે. જરા પાનું ઉથલાવશો તો તમને લાગશે કે ત્હમે બુદ્ધિવાદીનું પુસ્તક વાંચી રહ્યા છો. ઇતિહાસ લખતી વખતે તેઓ ઇસુની દિવ્યતાનો કશો ઉલ્લેખ કરતા નથી, પરંતુ વ્યાસપીઠો પરથી તેઓ એ વાત ધાંટા પાડીને જાહેર કરે છે."

જૂના અયુક્તિક જડગ્રાહોનો અસલી અર્થ ખોટો ઠેરવી તેમના માત્ર શબ્દો કાયમ રાખવાના આધુનિકોના આ પ્રયાસોથી કોઈ સરલચિત્ત પુરુષ ગુંચવાઇ જાય એવો સંભવ છે, અને ચર્ચના મુખ્ય મુખ્ય સિદ્ધાંતોને વિનાશરૂપ નિવડે એવા આ નવા જ્ઞાનના પ્રચાર સામે કેથલિક ધર્મ સંસ્થાનો વડો ગુરુ જાહેર રીતે વ્યવસ્થિત અને તીવ્ર વિરોધ કરે એ સ્વાભાવિક છે એમ માનવા તે પ્રેરાય એમાં કાંઇ નવાઇ નથી. ચિરકાળથી આધુનિકો જે કામ કરી રહ્યા છે તે જ કામ પ્રોટેસ્ટંટ ચર્ચોમાં ઉદારમતવાદી ધર્મગુરુઓ કરી રહ્યા છે. 'ઇસુનું દૈવીપણું' એવા શબ્દ સમૂહનો તેઓ પ્રયોગ કરે છે ખરા, પણ તેઓ એ શબ્દસમૂહને એવી રીતે સમજાવે છે કે એમાંથી ઇસુનો જન્મ ચમત્કારી હતો એવો અર્થ નિકળતો નથી. તેઓ ઇસુના પુનરુત્થાન વિષેના સિદ્ધાંતનો ઉપદેશ કરે છે ખરા, પરંતુ એ સિદ્ધાંત

તેઓ એવી રીતે સમજાવે છે કે એમાંથી મૃતશરીર ચમત્કારી રીતે ફરી પાછું ઉભું થાય છે એવો અર્થ નિકળતો નથી. તેઓ બાઈબલને પ્રેરણાયુક્ત ગ્રંથ કહે છે ખરા, પણ 'પ્રેરણા' શબ્દનો પ્રયોગ, જેમ કોઈ પ્લેટો પ્રેરિત લેખક હતો એવા વાક્યમાં કરે છે તેમ અ ચોક્કસ અર્થમાં–નહિ કે પ્રભુપ્રેરિત એવા અર્થમાં–કરવામાં આવ્યો છે; અને 'પ્રેરણા' વિષેના આ નવા વિચારની અચોક્કસતાને સદ્‌ગુણ તરીકે ગણાવવામાં આવી છે. ચમત્કારી વાતોમાં સ્હેજ પણ ન માનનારા ઉદ્દામ વિચારના માણસો અને પ્રાચીનમતાવલંબીઓ વચ્ચે ઘણા જૂદી જૂદી ચઢઉતર માન્યતાઓ ધરાવનારા પંથો છે. ઇંગ્લેંડના આજના ચર્ચમાં ધર્મોપદેશકો તથા સંસ્થાના સભ્યોએ ઓછામાં ઓછી કેટલી બાબતો માનવી આવશ્યક ગણાય છે એ કહેવું મુશ્કેલ થઈ પડે છે. કદાચ એકેએક આગેવાન ધર્મગુરુ આ પ્રશ્નનો નવો નવો જ ઉત્તર આપશે.

ઇંગ્લેંડના ચર્ચમાં બુદ્ધિવાદ કેવી રીતે ઉદય પામ્યો એ કથા રસિક છે અને એ ચર્ચ અને રાજ્ય વચ્ચેનો સંબંધ પ્રકટ કરે છે.

**ઇવેન્જેલિકેલિઝમ**ને નામે જાણીતી થયેલી અને વિલ્બરફોર્સના 'પ્રેક્ટિકલ વ્યુ ઓવ્ ક્રિશ્ચિઆનિટિ' નામના પુસ્તકથી અતિ પ્રસિદ્ધિમાં આવેલી ભક્તિપંથી હિલચાલથી ઈંગ્લેંડના ચર્ચમાં 'મેથોડિઝમ'ની ભાવના દાખલ થઇ; અને તે સમયથી, ગીબનના કહેવા પ્રમાણે, મને કમને ધર્મસિદ્ધાંતો કબુલ રાખનારા ૧૮ મી સદીના આનંદી ધર્મગુરુઓની આવૃત્તિ બંધ પડી, સૅબાથ (પવિત્ર દિવસે)ને દિવસે કામ કરવાની સખ્ત મનાઇ ફરી પાછી શરુ થઈ, રંગભૂમિ તિરસ્કારપાત્ર બની, મનુષ્ય સ્વભાવ ભ્રષ્ટ છે એવો ઉપદેશ મુખ્યત્વે અપાવો માંડ્યો અને બાઇબલની અપૂર્વ અંધપૂજાના ગણેશ મંડાયા. ફ્રાન્સનો વિપ્લવ નાસ્તિકતાને લીધે થયો હતો એવી લોકમાન્યતાથી ઉપર્યુક્ત ધાર્મિક પ્રતિક્રિયાને સારો ટેકો મળ્યો, એ માન્યતા ધાર્મિક પ્રતિક્રિયાની સફળતાનું કારણ ન હતું, છતાં જનસમાજની એવી

માન્યતા ન હોત તો ઉપર વર્ણવેલી ધાર્મિક પ્રતિક્રિયા આટલી સફળ થઈ ન હોત. ફ્રાન્સના વિપ્લવનો દાખલો આપી પ્રજાને વ્યવસ્થિત રાખવામાં ધર્મની અગત્ય કેટલી છે તે દર્શાવવામાં આવતું હતું. ખુદ ફ્રાન્સમાં પણ ધાર્મિક પ્રતિક્રિયા શરુ થઈ હતી. પરંતુ આ બે હિલચાલો પ્રચાર પામી હતી તે પરથી એમ સમજવાનું નથી કે તે સમયે વિચાર સ્વાતંત્ર્ય ઘણું ઓછું હતું. હકીકત એ હતી કે જનતાના મોટાભાગની માન્યતાઓ વધારે આક્રમણશીલ હતી. એ માન્યતાનો પ્રચાર કરનારા સમર્થ વક્તાઓ હતા અને અઢારમી સદીમાંનો બુદ્ધિવાદ અગ્રાહ્ય થઈ પડયો હતો. નવા પ્રકારનો બુદ્ધિવાદ પ્રચારમાં આવ્યો. જર્મન તત્ત્વવેત્તાઓની અસર પામેલો કોલરિજ આ નવી બુદ્ધિવાદી શાખાના પ્રતિનિધિરૂપ હતો. નવીન શાળાના બુદ્ધિસ્વાતંત્ર્યવાદીઓ પ્રાચીનમતોનો એવી ઉદાર રીતે અર્થ કરતા કે તેમનો અને ફિલસુફીનાં નિગમનોનો મેળ બેસી જાય. કોલરિજ ચર્ચની તરફેણમાં હતો અને એણે ૧૯ મી સદીના મધ્યભાગમાં અતિ બળવાન અને વજનદાર લેખાયેલી ઉદારમતવાદી ઇશ્વિરવિદ્યાની શાખા (School of Liberal Theology) નો પાયો નાંખવામાં સારો ફાળો આપ્યો હતો. 'હાઇ-ચર્ચ' પક્ષના સર્વથી પ્રખ્યાત અનુયાયી ન્યુમેને કહ્યું હતું કે કોલરિજ એટલું બધું વિચારસ્વાતંત્ર્ય વાપરતો કે કોઇ ખ્રિસ્તી ભાગ્યેજ તે સાંખી શકે. ૧૮૨૫ થી '૫૦ ના વર્ષોમાં પ્રચારમાં આવેલી હાઇ-ચર્ચની પ્રવૃત્તિ ધાર્મિક મતસ્વાતંત્ર્યને ઇવેન્જેલિકેલિઝમના જેટલીજ પ્રતિકૂળ હતી.

૧૯ મા શતકના મધ્યકાલ સુધી આ વસ્તુસ્થિતિ ચાલી. પરંતુ ત્યાર પછી ઇંગ્લેંડના ચર્ચ પર હેગલ અને કોમ્તની ફિલસુફીઓની તથા ઇંગ્લેંડેતર દેશોમાં બાઇબલ ગ્રંથ પર જે જે ટીકાઓ લખાઇ તેની અસર પહોંચી અને વસ્તુસ્થિતિમાં સ્પષ્ટ પરિવર્તન થયું. ૧૮૫૦ ની સાલમાં એફ. ડબલ્યૂ ન્યુમેનનું " ફ્રેઝિઝ્ ઓવ્ ફેથ " અને ગ્રેગનું 'ક્રિડ ઓવ્ ક્રિસ્ટેન્ડમ' એવાં બે વિરલ સ્વાતંત્ર્યવાદી પુસ્તકો પ્રકટ

થયાં. ન્યુમેને (ધર્મગુરુ ન્યુમેનના ભાઇ) ખ્રિસ્તીધર્મ સાથેનો પોતાનો બધો સંબંધ તોડી કાઢયો અને જે માનસિક ક્રિયાના પરિણામે એણે પોતાની એક વખતની માન્યતા છોડી દીધી તે ક્રિયા એણે એના પુસ્તકમાં વિસ્તારપૂર્વક વર્ણવી છે. એ કહે છે કેઃ–**'નવા કરારમાંનો બોધ નીતિની પરિપાટિ તરીકે ખામીભર્યો છે.'** એના ગ્રંથ-માંનો આ સર્વથી રસિક મુદ્દો છે. ગ્રેગ એક–મૂર્તિવાદી હતો. એ પ્રેરણા કે અયુક્તિક જડગ્રાહોમાં માનતો ન હતો; પરંતુ એ પોતાને ખ્રિસ્તી લેખતો. સર જે. એફ. સ્ટિવને ગ્રેગની સ્થિતિ નીચેના માર્મિક શબ્દોમાં સુંદર રીતે વર્ણવી છે. ગ્રેગની સ્થિતિ "જેણે ગિરિપ્રવચન સાંભળ્યું હોય પણ જેનું ચિત્ત ચમત્કારોમાં લાગ્યું ન હોય અને જે ઇસુનું પુનરુત્થાન થતાં પહેલાં મરણ પામ્યો હોય એવા શિષ્યની સ્થિતિના જેવી" હતી.

ઇંગ્લેંડના કેટલાક પાદરી લોકો અને ખાસ કરીને ઓક્સ્ફર્ડના માણસો જર્મનીમાં બાઇબલ પર જે ટીકાઓ લખાઇ તેમાં રસ લેતા હતા–તેમને રસપૂર્વક વાંચતા હતા. તેઓના વિચારો વિશાળ હતા. ઇવેન્જેલિકલ્સ (Evangelicals) અને હાઇચર્ચવાળાઓને આ વિચારો નર્યા નાસ્તિક જ લાગતા. જર્મન ટીકાઓમાં રસ લેનારા આ થોડા પાદરીઓની વિચારશ્રેણીમાં અને નાસ્તિકમાં એમને કશો ભેદ લાગતો ન હતો. આપણે આ પાદરીગણને 'બ્રૉડ ચર્ચ' વાળાઓને નામે ઓળખીશું;–જો કે "બ્રૉડ ચર્ચ" એ નામ બહુ મોડું પ્રયોગમાં આવ્યું. ૧૮૫૫ ની સાલમાં નોવેટે સંત પોલના પત્રોની એક આવૃત્તિ બહાર પાડી. તેમાં એની તોફાની વૃત્તિ સ્પષ્ટ તરી આવે છે. એ પુસ્તકમાં પ્રાયશ્ચિતના સિદ્ધાંતની મૂળોચ્છેદક ટીકા હતી. પ્રાચીન પાપ વિષેની માન્યતાનો સ્પષ્ટ ઇન્કાર કરવામાં આવ્યો હતો અને ઈશ્વરના અસ્તિ-ત્વના પ્રશ્નની બુદ્ધિવાદીઓની રીતિથી ચર્ચા કરવામાં આવી હતી. પરંતુ આ અને એવાં બીજાં ઉદારમતવાદી ઈશ્વરવિદ્યાવિદોને હાથે લખાયેલાં પુસ્તકો પ્રત્યે પ્રજાનું લક્ષ ભાગ્યેજ કંઇ ખેંચાયું હતું.

અલબત્ત એ ગ્રંથોના કર્તાઓને થોડો ઘણો જુલમ ભોગવવો પડયો હતો. પાંચ વર્ષ બાદ નોવેટે અને ઉદારમતવાદી મંડળના બીજા કેટલાક સભ્યોએ 'સરલમાં સરલ અને સ્પષ્ટ સત્યના પ્રતિપાદનની મના કરનારી જુલમની તિરસ્કરણીય પદ્ધતિ'ની સામે થવાનો નિર્ણય કર્યો, અને ૧૮૬૦ માં છ પાદરીઓ અને બીજો એક એમ મળી સાત લેખકોના હાથનું 'નિબંધો અને-અવલોકનો' નામનું પુસ્તક પ્રકટ થયું. એ પુસ્તકમાં જે વિચારો દર્શાવવામાં આવ્યા છે તે આજની દૃષ્ટિએ-ચાલુ જમાનાની દૃષ્ટિએ-નરમ લાગે છે અને સુશિક્ષિત પાદરીઓનો મોટો ભાગ હાલ એ વિચારોમાંના ઘણાને વગર સંકોચે સ્વીકારે. પરંતુ એ પુસ્તક જે સમયે પ્રસિદ્ધ થયું તે સમયે એની અસર ઘણી દુઃખકારક નિવડી. એના લેખકોને 'ઇસુના શત્રુઓ'ની ઉપમા આપવામાં આવી હતી. જે રીતે બીજા કોઇ પણ ગ્રંથનો અર્થ કરવામાં આવતો હોય તે રીતે બાઇબલનો પણ અર્થ કરવો જોઈએ એવું એ પુસ્તકમાં પ્રતિપાદન કરવામાં આવ્યું હતું. "બીજા ગ્રંથોને જે સિદ્ધાંતો લાગુ પાડતાં વિદ્યાર્થી સંકોચ પામે તે સિદ્ધાંતો બાઇબલને લાગુ પાડવા, સામાન્ય ઇતિહાસના પરીક્ષણ વખતે જે વિરોધોનો ગમે તેમ મેળ બેસાડવાને તે તત્પર ન થાય તે વિરોધો શાસ્ત્રના ઇતિહાસમાં માલુમ પડે તો તે ક્ષેત્રમાં તેમનો અસ્પષ્ટ ખુલાસો આપી ઉપર ઉપરથી સમાધાની કરી એ વિરોધો શમાવી દેવા, સાદા સરલ શબ્દોના બેવડા અર્થો કરવા અને આરંભગુરુઓ તથા ટીકાકારોના તર્કો અને અટકલોને સાચા જ્ઞાન તરીકે સ્વીકારવા એ વિદ્યાર્થીને લાભકારક નથી." હિબ્રૂ ભવિષ્ય કથનોમાં ભવિષ્ય વાણીનું તત્ત્વ જ નથી એમ સૂચવવામાં આવ્યું છે. પરસ્પર વિરોધી વૃત્તાંતો અથવા આમ થવું જોઇએ; તેમ થવું જોઈએ, એવી અટકળ દ્વારા સંગત ઠરાવી શકાય એવી હકીકતો ઈશ્વરપ્રેરિત હોવાનો સંભવ નથી. મેથ્યૂ તથા લ્યુકનાં ઈસુચરિતોમાં અથવા તો ઇસુના મૃતદેહના પુનરુત્થાનની કથામાં આપણી ખામીભરી શક્તિઓને

લીધે વિરોધો દૃષ્ટિગોચર થાય છે, અથવા તો એ દૃષ્ટિગોચર થતા વિરોધોની પછાડી સયુક્તિક અને ડહાપણભરી ગૂઢ યોજના છે, અથવા તો એ વિરોધયુક્ત કથાના લેખકો અંશતઃ દૈવી શક્તિસંપન્ન હોવાથી એ વિરોધોનો ભાસ થાય છે, એમ કહી શકાય નહિ. પ્રાચીન મતાવલંબીઓ ચમત્કારી બનાવો સંબંધી નજરે જોનારાનો પુરાવો હોવાથી તે સાચા છે એવી જે સમર્થ દલીલ રજૂ કરે છે તે દલીલ, પ્રમાણ બહુ આધારભૂત વસ્તુ નથી, પ્રમાણ તો આંધળા ભોમીયા જેવું હોઈ સાચું માર્ગદર્શન કરાવી શકે નહિ, અન્યના પ્રમાણમાં માનનારો પોતાની બુદ્ધિના ચક્ષુથી ભૂતાર્થનું સત્ય તપાસતો નથી. અને સ્થાયી વ્યવસ્થામાં માનવા માટે આપણી પાસે જે કારણો છે તેમની તથા બુદ્ધિની સામે પ્રમાણનું કશું ચાલે એમ નથી એ ઉત્તરથી ઉડી જાય છે. એમ દલીલ કરવામાં આવી છે કે ૩૯ ધર્મસિદ્ધાંતો અનુસાર માણસની વાચાથી બોલતા ગધેડાની, ખડક જેવા ધટ્ટ રાશિરૂપે થંભેલા પાણીની, તથા ડાકણ વગેરે પિશાચ યોનિના અનેક જીવોની વાર્તાઓને દંતકથા, કવિતા કે માત્ર બોધ આપવાના હેતુથી લખાયેલી કલ્પિત સુવાર્તા માનવાથી અને સંબોધના નિયમની વાસ્તવિકતાનો તેમજ શેતાન તરીકે વર્ણવવામાં આવતું. પાત્ર કલ્પિત છે કે એવું કોઈ દેહધારી હતું તેનો આપણી બુદ્ધિ મુજબ નિર્ણય કરવાની છૂટ છે. એ બધાને આપણી ઈચ્છા વિરુદ્ધ પણ ઐતિહાસિક અને સાચા માનવાનો એ ૩૯ સિદ્ધાંતોના ઓઠા નીચે દુરાગ્રહ કરાતો નથી. 'ઇસુના સાત શત્રુઓ'ની ઉપમા પામેલા એ સાત જણાના હાથે લખાયેલા પુસ્તકનો અંતરાય નીચેના વાકયમાં કદાચ સારી રીતે સ્ફુટ કરવામાં આવ્યો છે. " ખુદ ખ્રિસ્તીધર્મનો ઉદ્ભવ સંભવયુક્ત પ્રમાણ પર આધાર રાખે છે એવું જો કોઈ પોતાના અંતર્જ્ઞાનથી પામી જાય તો તે ખ્રિસ્તી ધર્મની ઉત્પત્તિને લગતા ઘણા ગુંચવણીયા પ્રશ્નોની ગરબડમાંથી ઉગરી જાય; કારણ કે ઐતિહાસિક હકીકતો તરીકે જે વર્ણનોનું સત્યાસત્ય શંકાસ્પદ કારણોથી

નક્કી કરી શકાય અને જેમને ઇતિહાસ તરીકે સાચા ઠરાવવાનું અશક્ય થઇ પડે તે વર્ણનો ઇતિહાસની દષ્ટિએ ભલે અસત્ય હોય છતાં આધ્યાત્મિક દષ્ટિએ ઘણો નિશ્ચિત બોધ દેનારા હોઈ શકે ખરાં."

સૌથી વધારે પ્રગલ્ભ નિબંધ રેવરન્ડ બેડન પોવેલે લખેલો 'ખ્રિસ્તીધર્મનાં પ્રમાણોનો અભ્યાસ સ્ટડિ ઓવ્ ધી એવિડેન્સીસ ઓવ ક્રિશ્ચિઆનિટિ' એ નામનો ગ્રંથ હતો. પોવેલ સમુત્ક્રાંતિવાદમાં માનતો, ડારવિનવાદ સ્વીકારતો અને ચમત્કારોને અશક્ય લેખતો. ધર્માધ્યક્ષોએ આ ગ્રંથને ધિક્કારી કાઢયો. આ ગ્રંથમાં લેખો આપનારા (contributors) બે ધર્મોપદેશકો ચર્ચમાંથી વેતન લેતા હતા; આથી જો એ વેતનનો દુરુપયોગ કરી તેઓ ખ્રિસ્તીધર્મનું અહિત કરવા પ્રવૃત્ત થાય તો તેમના પર કાયદેસર કામ ચલાવી શકાય એમ હતું, એટલે ૧૮૬૨ ની સાલમાં એ બે ધર્મોપદેશકો પર દાવો મંડાયો અને ખ્રિસ્તીધર્મ મંડળની કચેરીમાં તેમની તપાસ ચાલી. તપાસમાં કેટલીક બાબતોમાં નિર્દોષ તો કેટલીકમાં ગુન્હેગાર ઠર્યા હોવાથી તેમની પુરોહિતવૃત્તિ એક વર્ષ માટે બંધ કરવામાં આવી. આથી તેમણે પ્રીવી કાઉન્સીલમાં અપીલ કરી હતી. તે વખતના લૉર્ડ ચેન્સેલર લૉર્ડ વેસ્ટબેરીએ પ્રીવી કાઉન્સીલની ન્યાયસમિતિ તરફથી ચુકાદો આપ્યો તેમાં ખ્રિસ્તીધર્મ મંડળની કચેરીનો નિર્ણય ફેરવી નાંખવામાં આવ્યો. આ સમિતિએ એવો અભિપ્રાય જાહેર કર્યો કે પુરોહિતવૃત્તિ કરનારા ધર્મોપદેશકે શાશ્વત નરકવાસ વિષેની માન્યતા સ્વીકારવાની આવશ્યકતા નથી. આ નિર્ણય આપ્યાને લીધે લૉર્ડ વેસ્ટબેરી માટે નીચેનો સ્મરણલેખ લખાયો.

"લૉર્ડ વેસ્ટબેરીએ પોતાના પાર્થિવ જીવનના અંતકાળે નરકનો દાવો ખરચ સાથે કાઢી નાખ્યો અને ઈંગ્લેંડના ચર્ચના (બીચારા) પ્રાચીનમતાવલંબી સભ્યો પાસેથી તેમની શાશ્વત નરકવાસની છેલ્લી આશા ઝૂંટવી લીધી."

ઉપરના બનાવથી બ્રૉડચર્ચવાળાઓનો મહાન વિજય થયો,

અને ઇંગ્લેંડના સરકારી ચર્ચ (English State Church) ના ઇતિહાસમાં એ બનાવ ઘણી અગત્ય ધરાવે છે. લેમેને યોર્ક અને કેન્ટરબરીના મુખ્ય ધર્માધ્યક્ષોના નિર્ણયની ઉપરવટ થઈને કયા ધર્મસિદ્ધાંતો ધર્મોપદેશકોને બંધનકર્તા છે અને કયા નથી તે નક્કી કર્યું. તેણે ચર્ચના પ્રદેશમાં ચર્ચના પ્રતિનિધિઓના મોટા ભાગની દૃષ્ટિએ અનિષ્ટ ગણાતું મત સ્વાતંત્ર્ય વાપરવાની છૂટ આપી. ૧૮૬૫ ની સાલમાં પાર્લામેન્ટના એક કાનુનથી આ મતસ્વાતંત્ર્યનો અધિકાર વ્યવહારિક રીતે સ્થાપિત થયો અને એ કાનુનથી અત્યાર પહેલાં જે પદ્ધતિથી ધર્મોપદેશકો ૩૯ ધર્મ નિયમો માન્ય કરવાની પ્રતિજ્ઞા લેતા હતા તે પદ્ધતિમાં ફેરફાર થયો. આ "નિબંધો અને અવલોકનો'ની ઉપકથા ઈંગ્લેંડના ધર્મવિચારના ઇતિહાસમાં સીમાચિહ્નરૂપ છે.

બ્રૉડચર્ચવાળાઓના ઉદાર વિચારોની તથા બાઇબિલ પ્રત્યેના તેમનાં વલણની તેમના પ્રખર વિરોધીઓ પર ધીમે ધીમે અસર થઇ, અને આજને દિને એવો એક પણ મનુષ્ય નથી જે કંઈ નહિ તો છેવટે જેનેસિસ (બાઇબલના પહેલા પુસ્તક)ના તેરમા પ્રકરણનું લખાણ ઈશ્વરની સાક્ષાત્ પ્રેરણા વિના લખાયું છે એમ ન માનતો હોય.

પછીના થોડા વર્ષોમાં લાયલના 'એન્ટિક્વિટિ ઓવ્ મેન' 'મનુષ્યની પ્રાચીનતા' અને લેકીના હિસ્ટરિ ઓવ્ રેશનાલિઝમ, 'બુદ્ધિવાદનો ઈતિહાસ' જેવા સુપ્રસિદ્ધ ગ્રંથો પ્રકટ થયા. એ સર્વમાં અધિકારની ઝાટકણી, ઉપેક્ષા અથવા તેનો ઇન્કાર કરવામાં આવ્યો હોવાથી પ્રાચીનમતાવલંબીઓના અભિપ્રાયો જોખમમાં આવી પડયા અને તેઓ આભા બની ગયા. જાણે આટલેથી બસ ન હોય તેમ સ્વાતંત્ર્યની હિમાયત કરનારો એક નવો કવિ ઉત્પન્ન થયો અને તેણે અધિકાર જેને જેને પવિત્ર લેખતો તે સર્વ સામે પોતાનો પ્રચંડ અવાજ ઉઠાવવાની હિંમત કરી; ૧૯મી સદીના બધાજ કવિઓ થોડે ઘણે અંશે શાસ્ત્ર વિરોધી હતા. વર્ડ્ઝવર્થ-તેની ઉચ્ચ પ્રેરણાના વર્ષોમાં સર્વેશ્વર વાદી હતો અને એ સદીમાંનો સર્વશ્રેષ્ઠ કવિ શેલી તો ખુલ્લો

અનીશ્વરવાદી હતો. દેવો અને રાજતંત્રોનાં જુલમી કૃત્યોને નિડર શબ્દોથી વખોડી કાઢવામાં સ્વીન્બર્નને શેલી જેટલીજ અદમ્ય ધગશ હતી. નાટકનાં પાત્રોના ઉદ્ગારો માટે લેખક મુખ્યત્વે જવાબદાર ગણાય નહિ, તોપણ એના ‘એટલાન્ટા ઈન કેલીડોન’ નામના નાટકમાં “સર્વથી મોટામાં મોટા અનિષ્ટ-ઈશ્વર”ની નિંદા દ્વારા અધિકારના કિલ્લાઓને છિન્નભિન્ન કરી નાખે એવા અપૂર્વ યોદ્ધાના અવતરણની આગાહી કરવામાં આવી છે. ૧૮૬૬ માં પ્રકટ થયેલા એનાં ‘કાવ્યો અને ગીતો’માં ખ્રિસ્તી આલમના પૂર્વગ્રહો અને પવિત્રતાઓ (પવિત્ર વિધિઓ)ને તિરસ્કારનારા મૂર્તિપૂજકના વિચારો પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

પરંતુ ઈંગ્લેંડમાં પ્રાચીન મત સામે લેખો અને પત્રિકાઓદ્વારા અતિ તુમુલ અને સંક્ષોભકારક યુદ્ધ તો ૧૮૬૯ના અરસામાં શરુ થયું, અને તે બાર વર્ષ પર્યંત ચાલ્યું. ૧૯મી સદીના કોઈપણ સમય કરતાં આ ૧૮૬૯ના અરસામાં અયુક્તિક જડગ્રાહોના બધા શત્રુઓ વધારે વાચાળ અને વધારે આક્રમણશીલ હતા, લૉર્ડ મોર્લિએ એક સ્થળે લખ્યું છે કે તાત્ત્વિક સાહિત્યની ચોટનો આધાર તાત્કાલિક પરિસ્થિતિ ઉપર રહેલો છે.

૧૮૭૦ થી ’૮૦ સુધીમાં પ્રકટ થએલું બુદ્ધિવાદી સાહિત્ય મોર્લિની ટીકા સાચી ઠરાવે છે. આ દશક આશા અને શંકા, પ્રગતિ અને નીતિનું દશક હતું. ૧૮૬૯ માં આયર્લેંડના ચર્ચમાં સ્થાપના ભંગ થયો, અને તેજ વર્ષમાં એક કાયદો નિકળ્યો જેની રુએ અનીશ્વરવાદીઓને કોર્ટમાં સાક્ષી પુરાવો આપવાનો અધિકાર પ્રાપ્ત થયો. ૧૮૭૧ માં યુનિવર્સિટિઓમાં ધાર્મિક પરીક્ષા લેવાનો જે ક્રમ હતો તે નાબુદ થયો. ૧૮૭૧ પહેલાં આ પગલું ઘણીવાર અજમાવવામાં આવ્યું હતું. પણ ફોકટ આ ત્રણ મહત્ત્વના ફેરફારોથી સાંસારિકો તેમજ બુદ્ધિવાદીઓ ઘણું ઉત્તેજન પામ્યા. એમનાં જીવનમાં ઉજ્જવળ આશાઓ ઉભરાવા લાગી. બીજી બાજૂએ, ૧૮૭૦

માં શિક્ષણનો કાયદો નિકળ્યો. એ કાયદો પ્રગતિકારક હતો, છતાં લૌકિક શિક્ષણના હિમાયતીઓને તેનાથી અસંતોષ ઉત્પન્ન થયો અને તેઓ એ કાયદાને પાદરીઓની બળવાન લાગવગનું અમંગળ ચિહ્ન લેખવા લાગ્યા. વળી, આખા યુરોપમાંથી જેટલાં લોકો રોમન ચર્ચની બ્હાર હતા તેમજ થોડાંઘણાં જેઓ તે ચર્ચમાં જ હતાં તે બધા ૧૮૬૯–૭૦ ની રોમન ધર્માચાર્યોની સભાએ પોપના અચૂકપણાનો જે ઠરાવ પસાર કર્યો તેનાથી ભડકી ઉઠ્યા. આ ઠરાવ પસાર કરાવનારા અનેક કાર્યકુશળ ઉદ્યોગી પુરુષોમાં મેનિંગ નામનો એક અંગ્રેજ ધર્મગુરુ હતો. જો પ્રજાજનોનાં ચિત્તમાં પોપે આધુનિક ભ્રાંતિનો તિરસ્કાર જાહેર કરનારી પત્રિકાઓ બ્હાર પાડયાની વાત તાજી ન હોત તો કદાચ રોમન ધર્માચાર્યોની સભાના પેલા ઉપર કહેલા પોપના અચૂકપણાં વિષેના ઠરાવથી લોકો આટલાં હેબકી જાત નહિ. ૧૮૬૪ની સાલ પૂરી થતાં પોપે ૧૯મી સદીની મુખ્ય મુખ્ય ભ્રાંતિઓને લગતું ટિપ્પણ બ્હાર પાડી જગતને ભડકાવી નાંખ્યું હતું, આ મુખ્ય ભ્રાંતિઓમાં તે નીચેની હકીકતો ગણાવે છેઃ—

(૧) મનુષ્ય માત્ર તેની બુદ્ધિના પ્રકાશથી તેને પોતાને જે ધર્મ સાચો લાગે તે પાળવાને સ્વતંત્ર છે; (૨) ચર્ચને શરીરબળ વાપરવાનો કશો અધિકાર નથી; (૩) ધર્માચાર્યો કે ખ્રિસ્તી ધર્મમંડળના અધ્યક્ષોની મદદ લીધા વગર સ્વતંત્ર રીતે અધ્યાત્મશાસ્ત્રનો અભ્યાસ થઈ શકે અને થવો જ જોઈએ; (૪) પર મુલકમાંથી આવી વસેલાં લોકોને જાહેર રીતે પોતપોતાના ધર્મનું આચરણ કરવાની છૂટ આપવામાં કેથલિક રાજ્યો યોગ્ય પગલું ભરે છે; (૫) પોપે ચાલુ યુગની પ્રગતિ, ઉદારવાદ અને સામ્પ્રત સંસ્કૃતિ સાથે સમાધાની કરવી જોઇએ-આવા આવા વિચારો ચાલુ યુગની મુખ્ય ભ્રાંતિઓમાંની કેટલીક છે એમ પોપે પોતાના ટિપ્પણમાં જાહેર કર્યું. પોપનો આ લેખ બુદ્ધિ-સંસ્કાર સામેના સંગ્રામના ઢંઢેરારૂપ મનાયો હતો અને રોમનાચા-

ર્યોની સભાને તામસી સેનાના પ્રથમ દાવપેચ તરીકે ગણવામાં આવી હતી. બુદ્ધિવિરોધી શક્તિઓ ( Powers of Obscurantism ) પોતાનું માથું ઉંચકીને પ્રજા પર નવા ભય ઉતારવાનો ડર આપી રહી હોય એમ લાગતું હતું, અને બુદ્ધિની તમામ શક્તિઓને રણ ક્ષેત્ર પર એકત્રિત કરવાની સર્વને સહજ લાગણી પેદા થઇ હતી. છેલ્લાં ચાલીશ વર્ષનો ઇતિહાસ દર્શાવી આપે છે કે અચૂકપણાનો સિદ્ધાંત હવે સ્થાપિત મત થયેલો હોવાથી અસલ કરતાં વધારે નુક-સાનકર્તા નથી. પરંતુ રોમનાચાર્યોની સભા ભરાઇ ત્યારપછીના વર્ષોમાં કેથલિક ચર્ચે ફ્રાન્સનાં પ્રજાસત્તાક રાજ્યોને ઉથલાવી પાડ-વાની તથા જર્મન સંસ્થાનોમાં ફાટફુટ કરાવવાની જે કોશિષો કરી તે પૂરેપૂરી અશાંતિકારક હતી. બીજી બાજૂએ, પોપની લૌકિક સત્તાનો નાશ તથા ઇટલિનું સંપૂર્ણ સ્વાતંત્ર્ય ઉપરના સંક્ષોભકારક અનર્થોનો અવેજ વાળતાં હતાં એ લક્ષમાં લેવું જોઇએ. આ બનાવથી (પોપની સત્તાનો નાશ અને ઇટલિનું સંપૂર્ણ સ્વાતંત્ર્ય) ધર્મપંથો અને સિતમ-ગારો પ્રત્યે તીવ્ર તિરસ્કારથી ભરેલાં અને વિપ્લવ તથા અનીશ્વર-વાદીની બીજભૂમિરૂપ સ્વીન્બર્નકૃત 'સૂર્યોદય પહેલાંનાં ગીતો'નો ઉદય થયો. આ ગ્રંથમાંની સર્વોત્તમ કવિતા—માનવવર્ચા—જે સમયમાં રોમ-નાચાર્યોની સભા ભરાઈ હતી તે સમયે લખાઈ હતી. એ કાવ્ય પોપની લૌકિક સત્તાના નાશથી ઘવાયેલા પાદરીઓના ઇશ્વર ઉપરના વિજયનું ગીત હતું. આવો ગ્રંથ છૂટથી પ્રસિદ્ધ થઇ શક્યો એ હકી-કત આમ વર્ગને ઉદ્દેશીને લખાયેલાં પુસ્તકો સામે જ દેવનિંદાને લગતો કાયદો લાગુ પાડવાની અંગ્રેજ લોકોની રાજનીતિના ઉદા-હરણરૂપ છે.

આ પ્રમાણે રાજદારી સંજોગોએ બુદ્ધિવાદીઓને હિંમતપૂર્વક આગળ આવવાને આમંત્રણ તથા ઉત્તેજન આપ્યાં, પરંતુ આપણે બ્રૉડચર્ચવાળાઓની તથા ડારવિનવાદની અસરને ગણતરી બહાર કાઢી નાંખવી ન જોઇએ. 'માનવાવતાર' (Descent of man) નામનું

પુસ્તક બરોબર ૧૮૭૧ માં પ્રસિદ્ધ થયું. અયુક્તિક જડગ્રાહો રહિત નવા ખ્રિસ્તીધર્મનો જાહેર વ્યાસપીઠ પરથી પ્રચાર થતો હતો. ૧૮૭૩ માં લૅસ્લિ સ્ટિવને લખ્યું હતું કે આપણે જરા પણ અતિશયોક્તિ વિના કહી શકીએ કે અત્યારે ખ્રિસ્તીધર્મમતોમાંના એકે એક સામે આપણે તીવ્ર વિરોધ જાહેર કરી શકીએ અને સમાજ આપણને કંઇ કનડે નહિં; એટલુંજ નહિ, પરંતુ પ્રાચીનમતાવલંબીઓની પ્રશંસા સંપાદન કરવાના હેતુથી કરવામાં આવતા પ્રવચનમાં પણ કેવળ ગમે તે આદમી નહિ પરંતુ બિશપ જેવી ઉંચી પદવી માટે ઉમેદવારી કરનાર પુરુષ પણ એમાંના કોઈ પણ મતનું જાહેર રીતે ખંડન કરવા ઉભો થઇ શકે. પણ આ સમયના લોકોની મનોદશાનું હૂબહૂ ચિત્ર ચર્ચના એક હલકા અધિકારીની સુપ્રસિદ્ધ કથામાં દૃષ્ટિગોચર થાય છે. આ માણસ ધર્માધિકારીના ઉપદેશનું સામાન્ય વલણ વખાણતો હતો. એને એ ઉપદેશમાં સુંદર વિચારો, સુંદર શબ્દો વગેરે વખાણવા જેવું લાગેલું; પરંતુ એક મુદ્દા વિષે શંકા ઉઠાવવાના જોખમમાં ઉતારવાની તેને જરુર જણાઇ. એણે ક્ષમા માગતો હોય એવી રીતે કહ્યું:—" સાહેબ, મ્હને લાગે છે કે (કદાચ) પ્રભુ છે! આપનું ભાષણ તો સુંદર છે પણ ખ્રિસ્તીધર્મના કાનુનોનામાંના પહેલાં જ અર્થાત્ ઇશ્વરના અસ્તિત્વ વિષે આપ ભાષણમાં કશો ઇસારો જ કરતા નથી એ જરા વિચિત્ર લાગે છે, આથી આપ નાસ્તિક છો એમ કહેવાનો મ્હારો ઇરાદો નથી, આપને એ બાબતનો ઇસારો કરવામાં રુચિભંગ લાગ્યો હશે; બાકી મ્હને તો લાગે છે કે કદાચ પ્રભુ છે." આમ સામાન્ય જનતામાં હજુ ધર્મશ્રદ્ધા હતી.

રસ્કિન, મોરિસ, અને પેટર વગેરે પ્રિરાફાએલાઇટ લેખકો અને ચિત્રકારોએ પ્રચલિત કરેલી 'ઇસ્થેટિક' પ્રવૃત્તિની જનતાના શિષ્ટ વર્ગો પર જે અસર થઇ તે પણ તે સમયના વિચાર આન્દોલનના ચિહ્ન તરીકે લેખી શકાય; કારણ કે આ બધા વિવેચકો, કલાવિધાયકો અને કવિઓનું વલણ મુખ્યત્વે કરીને અખ્રિસ્તી (Pagan) હતું. ઇશ્વર-

વિદ્યાનાં સંરક્ષક સત્યો આ બધાની દૃષ્ટિએ જાણે પ્રચારમાં હતાં જ નહિ એવાં હતાં. જ્યાં સ્વર્ગની કલ્પના કે ભાવના હતી જ નહિ— અર્થાત્ જ્યાં સ્વર્ગનો ઇન્કાર કરવામાં આવ્યો હતો—એ જ પ્રદેશ એમનું પરમ સુખધામ હતું.

આ સમય મન મૂકીને વાત કરવા માટે, પોતાના વિચારો સંપૂર્ણ નિખાલસતાથી જાહેર કરવા માટે ઘણો અનુકૂળ હતો. યુવકવર્ગને અસર કરનારાં અને શ્રદ્ધાળુજનોને ચોંકાવનારાં જે જે પુસ્તકો તથા નિબંધો પ્રકટ થયાં તેમાંનાં ઘણાં તો પ્રોફેસર હક્સ્લેએ હમણાં જ યોજેલા 'અજ્ઞેયવાદી' એવા વ્યાપક નામથી જેમને ઓળખાવી શકાય એવા માણસોને હાથે લખાયેલાં હતાં.

અજ્ઞેયવાદીનું કહેવું છે કે માનવબુદ્ધિને મર્યાદા છે-અમુક ક્ષેત્રોમાં તેનો ગજ વાગી શકતો નથી, રે! તેનો પ્રવેશ થઇ શકતો નથી; અને ઇશ્વરવિદ્યાનું ક્ષેત્ર આવું એક ક્ષેત્ર છે. વિજ્ઞાનશાસ્ત્ર અને માનસશાસ્ત્ર જે દુનિયા સાથે સંબંધ ધરાવે છે તે માનવબુદ્ધિગોચર છે, તેમાં માનવબુદ્ધિનો સુપ્રવેશ થઈ શકે છે. વિજ્ઞાનશાસ્ત્રનો પૂર્ણ સંબંધ દૃશ્ય જગત્ સાથે છે અને એ દૃશ્ય જગત્‌ની પાછળ જે અંતિમ તત્ત્વનું અસ્તિત્વ હોઇ શકે તે તત્ત્વના રૂપ વિષે વિજ્ઞાનશાસ્ત્રને કશું કહેવાનું નથી. આ તત્ત્વ સંબંધી ચાર દૃષ્ટિબિંદુઓ પ્રચારમાં છે. એક અધ્યાત્મવાદીઓ તથા ઇશ્વરવિદ્યાવિદોનું દૃષ્ટિબિંદુ છે. અંતિમ તત્ત્વ છે અને અંશતઃ જાણી શકાય એમ છે એવી આ લોકોની પાકી ખાતરી છે. બીજું દૃષ્ટિબિંદુ અંતિમ તત્ત્વ છે જ નહિ એવું કહેનારાઓનું છે, પણ આ મનુષ્યો પણ અધ્યાત્મવાદી હોવા જોઇએ; કારણકે અધ્યાત્મશાસ્ત્રની દલીલોને આધારે જ અંતિમ તત્ત્વનું અસ્તિત્વ ઉડાવી શકાય. ત્રીજું દૃષ્ટિબિંદુ, અંતિમ તત્ત્વ છે ખરું, પરંતુ એ વિષે આપણે કશું જાણી શકીએ નહિ એવું કહેનારાઓનું છે, અને ચોથું, અંતિમ તત્ત્વ છે કે કેમ એ આપણે જાણી શકીએ એમ નથી એવું કહેનારાઓનું છે. આ છેલ્લાં લોકોને ખરી રીતે અજ્ઞેયવાદી કહી

શકાય. (કારણ તેઓ કંઇ ન જાણવાનો દાવો કરે છે.) ત્રીજું દૃષ્ટિ-બિંદુ ધરાવનારા લોકો દશ્ય જગત્‌ની પેલે પાર દૃષ્ટિ નાંખે છે; કારણકે તેઓ એવું પ્રતિપાદન કરે છે કે દૃશ્ય જગત્‌ની પાછળ અંતિમ તત્ત્વ છે, પરંતુ તે અજ્ઞેય છે. પણ 'અજ્ઞેયવાદી' શબ્દ સામાન્ય રીતે ત્રીજા અને ચોથા એ બન્ને વર્ગો અર્થાત્ જેઓ અજ્ઞેય તત્ત્વ છે પણ એ વિષે આપણે કશું જાણી શકીએ નહિ એમ કહે છે તેમને તથા અજ્ઞેય તત્ત્વ છે કે નહિ એ અમે જાણતા નથી એવું કહેનારાઓને માટે વપરાય છે. ઉદાહરણ તરીકે, કોમ્ત અને સ્પેન્સર જેઓ અજ્ઞેય તત્ત્વના અસ્તિત્વમાં માનતા હતા તેમને અજ્ઞેયવાદી તરીકે ગણવામાં આવ્યા છે. અજ્ઞેયવાદી અને અનીશ્વરવાદી વચ્ચે એટલો તફાવત છે કે અનીશ્વરવાદી ખુલ્લી રીતે ઈશ્વરનું અસ્તિત્વ ઇન્કાર છે, ત્યારે અજ્ઞેયવાદી તેના અસ્તિત્વમાં માનતો નથી.

આ યુગનો સૌથી સમર્થ, શુદ્ધ અજ્ઞેયવાદી લેખક મી. લેસ્લિ સ્ટિવન હતો. તેણે અતિ કડક રીતે ઈશ્વરવિદ્યાવિદોનાં મતોને તર્ક અને બુદ્ધિની કસોટી પર કસ્યાં. તેના 'અજ્ઞેયવાદીનો બચાવ' નામના એક ઉત્તમ નિબંધમાં તેણે એવો પ્રશ્ન કર્યો છે કે શ્રુતિપ્રેમી ઈશ્વર-વિદ્યાવિદોના અયુક્તિક જડગ્રાહોમાં કશો અર્થ છે ? એ જડગ્રાહો વિશ્વના વિરોધોનો સમજી શકાય એવો ખુલાસો આપી શકે છે ? જ્યારે ઈશ્વરના મનુષ્યના સાથેના વ્યવહાર વિષેના ઇશ્વરવિદ્યાવિદોના ખુલાસાઓ તર્કની કસોટી પર ચઢાવીએ છીએ ત્યારે ઈશ્વરવિદ્યાવિદો એ સંબંધનું રહસ્ય સમજ્યા જ નથી, એમ પુરવાર થાય છે. વિશ્વના વિરોધો, પ્રભુનો મનુષ્ય સાથેનો વ્યવહાર વગેરે પ્રશ્નોનો સંતોષકારક ખુલાસો ઇશ્વરવિદ્યાવિદો આપી શકે એમ નથી. ત્યારે પછી એ ઇશ્વરવિદ્યાવિદોના અજ્ઞાન અને અજ્ઞેયવાદમાં ફેર શો ? ત્હમે ત્હમારી શંકાને રહસ્ય એવું નામ આપો; પરંતુ અજ્ઞેયવાદીઓ જેને અજ્ઞેયવાદ કહે છે તેને માટે ઈશ્વરવિદ્યાવિદો 'રહસ્ય' એવો શબ્દ વાપરે છે, " જો દરેક પ્રમાણિક માણસ એકાંતમાં એમ કબુલવા

તૈયાર હોય કે એકે એક અંતિમ પ્રશ્નની પાછળ અગમ્ય રહસ્ય છે તો શા માટે પ્રમાણિક પુરુષો જાહેર વ્યાસપીઠો પરથી બુલંદ અવાજે પોકારીને કહે છે કે અસંદિગ્ધ નિશ્ચય–વગર વિલંબે બધું માની લેવું–એ કેવળ મૂઢ અને અજ્ઞાન જનોનો ધર્મ છે? જે વિષયેમાં આપણને જ શંકા હોય તે વિષય વગર વિલંબે પૂર્ણ શ્રદ્ધાથી સ્વીકારવાની મૂઢને ફરજ પાડવી અથવા મૂઢની ફરજ છે એમ કહેવું એ ઠીક ખરું? આપણે બધાં અજ્ઞાન છીએ અને આપણી દૈનિક જરુરીઆતો પ્રમાણે આપણે ઝાંખો ઝાંખો પ્રકાશ મેળવીએ છીએ પરંતુ પોતપોતાના માર્ગોનું અંતિમ મૂળ વર્ણવાનો પ્રયાસ કરીએ છીએ ત્યારે એક બીજાથી અત્યંત જુદા પડીએ છીએ. આમ છતાં જ્યારે કોઇ બીચારો હિંમતપૂર્વક એમ જણાવે છે કે આ વિશ્વનો નકશો (Map of the Universe) તથા આપણા પોતાના અતિ ન્હાનામાં ન્હાના પરાં (Infinitsim Parish) વિષે આપણે કશું જ જાણતા નથી ત્યારે લોકો એને ધૂતકારી કાઢે છે, એની નિંદા કરે છે તથા એની અશ્રદ્ધાને માટે એ અનંત કાળપર્યંત નરકયાતના ભોગવશે એવું એને સંભળાવે છે." લેસ્લિ સ્ટિવનના નિબંધોનું ખાસ લક્ષણ એ છે કે એ નિબંધો પ્રાચીન ઇશ્વિરવિદ્યાવિદોનું મત જુઠું છે એમ સીધી રીતે દર્શાવતા નથી, પરંતુ એ મતમાં કશી વાસ્તવિકતા નથી અને ગહન પ્રશ્નોના ઇશ્વરવિદ્યાવિદોએ જે ખુલાસા આપ્યા તે જુઠા છે એમ દર્શાવી આપે છે. જો કોઇ ગુપ્ત રહસ્યના અમુક ભાગનો એ મતદ્વારા ઉકેલ થયો હોત તો અલબત્ત આપણે એ મતને આવકારદાયક લેખત, પરંતુ એમ થયું નથી; ઉલટું એનાથી નવી મુશ્કેલીઓ વધે છે. ઇશ્વરવિદ્યાવાદ એ માત્ર પોલંપોલ હતું, એમાં કશું સત્ય હતું નહિ. અંતિમ તત્ત્વ માનવબુદ્ધિથી પર છે એવું તર્કદ્વારા પુરવાર કરવાનો લેખક પ્રયાસ કરતો નથી. બધા તત્ત્વજ્ઞાનીઓ એક બીજાથી છેક જુદા પડે છે એ હકીકત પરથી જ સ્ટિવન એવાં નિગમન પર આવે છે કે અંતિમ તત્ત્વ માનવબુદ્ધિને અગ્રાહ્ય

છે. જો ભૌતિકશાસ્ત્રની જેમ તત્ત્વજ્ઞાનનો વિષય બુદ્ધિગમ્ય હોત તો જુદા જુદા તત્ત્વજ્ઞાનીઓ વચ્ચે કંઈક સમાધાની થઇ હોત–જુદાં જુદાં તત્ત્વમતોમાં કંઇક સામ્ય જણાત.

ખ્રિસ્તી ધર્મને વધુ ઉદાર કરવાની, તેને અસાંપ્રદાયિક અને સયુક્તિક કરવાની તથા ઈશ્વરવિદ્યાવાદ અને વિજ્ઞાન વચ્ચે કંઈક સમાધાની કરવાની બ્રૉડચર્ચવાળાઓની પ્રવૃત્તિ લેસ્લિ સ્ટિવનને આકર્ષી શકી નહિ, અને એણે બ્રૉડચર્ચવાળાના ઉપલા બધા પ્રયાસો પર કંઇક તિરસ્કારપૂર્વક ટીકા કરી. "પ્રાર્થનાના પ્રભાવ વિષે તકરાર ચાલુજ હતી. પ્રાર્થનાની સત્તા શી છે? તે ફળદાયક છે?' વગેરે પ્રશ્નો ચર્ચાતા હતા. ઉ. ત. વર્ષાદ માટે પ્રાર્થના કરવી એ બુદ્ધિ-યુક્ત કહેવાય? એ વિજ્ઞાનશાસ્ત્રના પ્રદેશમાં આવનારા પ્રશ્ન સંબંધી ઈશ્વરવિદ્યાવાદ અને વિજ્ઞાન વચ્ચે તકરાર ઉઠેલી. કેટલાક ઇશ્વર વિદ્યાવિદો એવા સમાધાન પર આવ્યા હતા કે ગ્રહણ વિરુદ્ધ પ્રાર્થના કરવી એ મૂર્ખામી છે, પરંતુ વર્ષાદ માટે પ્રાર્થના કરવી એ કંઇક અક્કલવાળું કહી શકાય, આ સંબંધમાં સ્ટિવને લખ્યું હતું કે જેટલે અંશે એક દૃશ્ય નિશ્ચિત કારણોને આધારે બને છે તેટલેજ અંશે બીજું પણ તે કારણોથીજ પરિણમે છે. પણ જ્યાં કુદરતની શક્તિઓ એવી સરળ રીતે યોજાઈ હોય કે તેમને આધારે આપણે કંઈક આગાહી કરી શકીએ ત્યાં ઇશ્વરીસત્તા ગૂઢ છૂપાઇ રહી છે એમ માનવા કરતાં જ્યાં એ શક્તિઓ અતિ અટપટી રીતે પ્રયોગમાં આવી હોય અને તેથી વાયુવિજ્ઞાન સંબંધી દૃશ્યો વિષેની આપણી ગણતરી ખોટી પડવાનો સંભવ હોય ત્યાં ઈશ્વરીસત્તા ગૂઢ રીતે રહેલી છે એમ માનવું વધારે સહેલું થઇ પડે છે. (ગ્રહણ અને વર્ષાદની બાબ-તમાં ઉપલી ટીકા યોગ્ય છે. પણ વિજ્ઞાનની દૃષ્ટિએ આ ભેદ અયોગ્ય છે. સર્વ શક્તિમાન્ પ્રભુ પંચાંગમાં ન જણાવેલા બનાવોને જેટલી સહેલાઇથી થાપી ઉથાપી શકે છે તેટલીજ સહેલાઇથી પંચાંગમાં જણાવેલા બનાવોને પણ થાપી ઉથાપી શકે છે. એની શક્તિનો

વળી મર્યાદા કેવી ! વિજ્ઞાન જેમ જેમ આગળ વધતું જાય છે તેમ તેમ ઇશ્વર પાછો જતો જાય છે અને ફ્રેન્કલિને દૃશ્યજગતના કાનુનો પ્રકટ કર્યાં ત્યાર પહેલાં વિજળીના કડાકામાં પ્રભુનો અવાજ ઘોરાતો હતો અને હવે તેમ નથી એવી અટકળ કોઇ કરી શકે નહિ, એવી અટકળ કરવાનો કોઇને અધિકાર નથી.

વળી જ્યારે પ્રજાનું લક્ષ 'નરક'ના પ્રશ્ન વિષેની ચર્ચા અને તકરારોમાં પરોવાયું હતું તથા એ સિવાયની બીજી બાબતોમાં પ્રાચીન-મત સ્વીકારનારા ઇશ્વરવિદ્યાવિદો એમ માનવા લાગ્યા હતા કે '**नरके नियंत वासः**' અથવા શાશ્વત નરકવાસનો સિદ્ધાંત ભયંકર સિદ્ધાંત છે, અને એને મંહિનો પુરાવો નિર્ણયાત્મક નથી, તથા પોતાની માન્યતા જાહેર રીતે પ્રકટ કરવાની તેઓ હિંમત કરવા લાગ્યા હતા ત્યારે લેસ્લિ સ્ટિવને આગળ આવી એમ દર્શાવી આપ્યું કે જો આ ઇશ્વર વિદ્યાવિદો કહે છે તે મુજબ પેલો સિદ્ધાંત ભયંકર જ હોય તો પછી ઐતિહાસિક ખ્રિસ્તીધર્મ વિરુદ્ધ તેના કટ્ટા દુશ્મનોએ પ્રસ્તુત પ્રશ્ન (નરકવાસ)ના સંબંધમાં જે જે કાંઇ ઉચ્ચાર્યું કે લખ્યું છે તે સર્વ યોગ્ય છે. જે સમયે મનુષ્યોનાં હૃદયો પર ખ્રિસ્તીધર્મનું પ્રભુત્વ હતું તે સમય 'નરક' વિષેના સિદ્ધાંત સામે એક પણ શબ્દ ઉચ્ચારવાની કોઇની તાકાત ન હતી. જો એ સિદ્ધાંતને ખ્રિસ્તી-મત સાથે ગાઢ સંબંધ ન હોત, જો એ કેવળ બીન અગત્યનો અને આકસ્મિક સિદ્ધાંત હોત તો જ્યાં જ્યાં ખ્રિસ્તીમત પૂર જોરમાં હતો ત્યાં ત્યાં તે સિદ્ધાંત આગ્રહ અને ઉત્સાહપૂર્વક મનાતો ન હોત. એ સિદ્ધાંતને દૂર કરવાનો કે નરમ કરવાનો પ્રયાસ એ અવગતિનું જ ચિહ્ન છે.

"હવે છેવટે ત્હમારું મત નાશ પામતું જાય છે એ મત વિષે ત્હમે કશું જાણતા નથી, સ્વર્ગ અને નરક એ બધી સ્વપ્નાંની વાતો છે, એના પોતાના મૂઢગ્રાહોમાં ન માનવાથી હું સદાકાળ નરકમાં

પડીશ એમ કહેનારો ઉદ્ધત યુવાન પાદરી અને હું બેઉ જણાં એક સરખાં અજ્ઞાન છીએ અને મ્હારું જ્ઞાન મ્હારા કુતરાના જ્ઞાન કરતાં તલભાર વિશેષ નથી,–એ બધું લોકો પામી ગયા છે. ત્હમારાં મતનું પ્રાબલ્ય આમ નરમ થતું જાય છે અને પછી ત્હમે ડાવકા થઇને કહો છો કે 'ભાઇ, ત્હમારી બધી ભૂલ થાય છે. માત્ર અમુક વસ્તુમાં માનો અને બધું સમજાશે. ફક્ત આટલું કબુલો તો અમે નરક સંબંધીનો અમારો સિદ્ધાંત સ્હેજ નરમ કરવા તૈયાર થઇશું; અમારી ભાવના પલટીશું. એ ભાવના અનુસાર નરકમાં ધગધગતા અગ્નિને સ્થળે શરીર સુખાકારીને અનુકૂળ ઠંડી, ગરમી હશે. ત્યાં કેવળ **જુડાસ ઇસ્કેરિઅટ** અને બીજાં એક બે જણ જ હશે તથા શેતાન એની રીતભાત સુધારવાનો નિશ્ચય કરશે તો એને પણ ઉદ્ધાર વા મુક્તિની તક મળશે. પણ 'નરકવાસ'નો ત્હમારો સિદ્ધાંત આમ નરમ કરવાનો પ્રયાસ જ બતાવી આપે છે કે ત્હારા ખ્રિસ્તીમતની હાલ પડતી થઇ છે.

હું ધારું છું કે મેથ્યુ આર્નોલ્ડને આપણે અજ્ઞેયવાદીઓમાં ગણી શકીએ, પણ એ જુદા જ પ્રકારનો હતો. એણે બાઇબિલના વિવેચનનો નવોજ–અર્થાત્ સાહિત્યની દૃષ્ટિએ વિવેચન કરવાનો–પ્રકાર શરુ કર્યો. ધર્મની અને નીતિની રક્ષા માટે એને ઉંડી ચિંતા હતી. ('એસ્ટાબ્લીશ') ચર્ચની તે તરફદારી કરતો હતો. એણે "સંત પોલ અને પ્રોટેસ્ટંટ ધર્મ" (૧૮૭૦), "સાહિત્ય અને અયુક્તિક જડગ્રાહ," (૧૮૭૩) અને "ઇશ્વર અને બાઇબલ," (૧૮૭૫;)–એ ત્રણ ગ્રંથો લખી બાઇબિલને પોતાના ખાસ રક્ષણમાં લીધું અને એની નજરે ખ્રિસ્તી ધર્મને વણસાડનારા જણાતા બાઇબલના પ્રાચીન મતવાદી હિમાયતીઓના ભ્રષ્ટ સંસર્ગમાંથી બાઇબલને એણે ઉગારી લીધું. એ કહે છે કે પ્રાચીનમતાવલંબી ઇશ્વરવિદ્યાવિદોએ સાહિત્ય અને વિજ્ઞાનની દૃષ્ટિએ બાઇબલ ગ્રંથનું ખરાબ વિવેચન કર્યું હોવાથી આપણે–બીજાઓને નાસ્તિક કહેનારા–એ લોકોને નાસ્તિક કહીએ અને

દર રવિવારે વ્યાસપીઠો પરથી (ધર્મગુરુઓ) નાસ્તિકતાનો ઘોષ ચલાવે છે એમ કહીએ તો તેમાં કશું ગેરવ્યાજબી નથી, પણ આમ કરવું એ ભાગ્યેજ સાચા ખ્રિસ્તીને છાજે એવું કર્તવ્ય લેખાય. ખ્રિસ્તી ધર્મને બગાડવાનો બધો દોષ ઇશ્વરવિદ્યાવિદોને માથે છે. છેક ગાંડપણ ભર્યા સ્વેચ્છાચારથી ઇશ્વરનું અસ્તિત્વ પ્રતિપાદિત કરી, અમરત્વનો સિદ્ધાંત રજૂ કરી, માનવજાત તથા વિશ્વના કાર્યનો નિયંતા કોઇ અપ્રાકૃતિક પુરુષ છે એવો તર્ક ઉભો કરી તથા "બાઇબલમાંના ઇશ્વર સંબંધી છૂટા છૂટા ઉદ્‌ગારો એકઠા કરી અને તેમને અક્ષરસઃ સાચા સમજી ઇશ્વરનું કાલ્પનિક વર્ણન આપી, ઇશ્વરવિદ્યાવિદોએ ખ્રિસ્તી ધર્મને ભ્રષ્ટ કર્યો છે." ઇશ્વરની પ્રવૃત્તિઓ અને યોજનાઓ વિષે પ્રાચીન મતવાદીઓ પોતાને જે વિગતવાર જ્ઞાન હોવાનું માને છે તેની મેથ્યુ આર્નોલ્ડ સભ્ય કરડાકીથી ટીકા કરે છે અને ઠાવકા માર્મિક શબ્દોમાં એ વાદીઓની માહિતીના દોષો દર્શાવી આપે છે. "પિતા, પુત્ર અને પવિત્ર આત્મા એ ત્રિપુટિની સભામાં જે કાંઇ બન્યું તે પોતે જાણે છે એવું તેઓ-પ્રાચીન-મતવાદીઓ-સહેલાઇથી માની શકે, રે! એ ત્રિમૂર્તિના સભામંડપમાં શા શા શણગારો હતા તે પણ તેઓ જાણે છે એવું તેઓ વગર હરકતે માની શકે." છતાં "બાઇબલ ધર્મનાં ભાવના અને પ્રકાર સાથે ત્રિમૂર્તિ એ શબ્દ કઢંગો અને અયુકત લાગે છે; પણ રખે સોસીનીઅનો આ સાંભળીને મલકાઇ જાય માટે અમે સાથે સાથે એટલું ઉમેરવાની જરૂર ધારીએ છીએ કે આ ત્રિમૂર્તિની માફક વિશિષ્ટ વ્યક્તિત્વવાળું આદિકારણ એ શબ્દો પણ બાઇબલ ધર્મ વિરુદ્ધ ભાસે છે. બુદ્ધિ જેનું સર્વ પ્રચલિત નિયમપૂર્વક યોજના રૂપે પ્રતિપાદન કરવા મથે છે અને હૃદય જેને કલ્યાણ રૂપે અનુભવવા પ્રયાસ કરે છે એવી વ્યવસ્થાનું લગભગ સૂચન કરવા માટે તે ઇશ્વર શબ્દનો પ્રયોગ કરે છે અને ઇશ્વર એટલે જે વૃત્તિ દ્વારા બધી વસ્તુઓ પોતપોતાનાં જીવનના ધર્મ પરિપૂર્ણ કરવા પ્રયત્ન કરે છે એ વૃત્તિનો પ્રવાહ-એવી 'ઇશ્વર'

શબ્દની વ્યાખ્યા આપે છે. આગળ એ ઇશ્વર એટલે સત્ય પ્રત્યે વાળનારી સત્તા એવી તેની વ્યાખ્યા આપે છે અને આમ અજ્ઞેયવાદીના દૃષ્ટિબિંદુથી ઘણો આગળ વધે છે. બાઇબલના લખાણનું પૃથક્કરણ કરનારી તથા તેમાંની અસંગત અને વિચિત્ર ઉક્તિઓ ઉઘાડી પાડનારી બાઇબલની અતિ સૂક્ષ્મ ટીકા આર્નોલ્ડને અસહ્ય લાગતી. વળી, સાપેક્ષ દૃષ્ટિએ સર્વ ધર્મોનો અભ્યાસ કરવાની ઉપયોગિતા એમને સમજાતી ન હતી. પણ જ્યારે ટૂંક સમય પર ભરાયેલી ચર્ચની કોંગ્રેસમાં એક ઉંચી પદવી પરનો ધર્માધિકારી જૉનાહ અને ડેનિઅલનાં પુસ્તકમાંના વૃત્તાંતો આપણે સ્વીકારવાજ જોઇએ; કારણ એ વૃત્તાંતો ઇસુએ કથેલાં છે એમ કહે છે ત્યારે બુદ્ધિગાંભીર્યના અભાવ માટે એ ધર્માધિકારી જેવા રૂઢિચુસ્ત લોકોને ઠપકો આપવા અહિં આપણે વચ્ચે હોય એવું આપણે ઇચ્છીએ છીએ.

આજ સમયે જોન મોર્લિએ વોલ્તેર (૧૮૭૨), રુસો (૧૮૭૩), અને ડિડેરો,–એ ત્રણ મહાન્ ફ્રેન્ચ સ્વતંત્ર વિચારકોના ગ્રંથોની સહાનુભૂતિપૂર્ણ સમાલોચના કરી. મૉર્લિ 'ફોર્ટનાઇટલિ રિવ્યૂ'નો અધિપતિ હતો અને આ 'રિવ્યૂ'માં વિદ્વાન્ લેખકો અનેક દૃષ્ટિબિંદુથી પ્રચલિત ધર્મ સંબંધી સુંદર વિવેચનો લખતા હતા. એના 'કોમ્પ્રોમાઇઝ' નામના પાછળથી પ્રસિદ્ધ કરવામાં આવેલાં પુસ્તકનો એક ભાગ એ 'રિવ્યૂ'માં પ્રકટ થયો હતો. એ ગ્રંથમાં એણે પ્રજામાં સામાન્ય રીતે પ્રચલિત માન્યતાઓને ઘડનારાં વાસ્તવિક મંતવ્યોની રચનાને ભયંકર લેખી છે અને એ મંતવ્યો ન માનનારાઓને પોતાના વિચારો ખુલ્લી રીતે દર્શાવવાનો આગ્રહ કર્યો છે. આપણા અંતરના વિચારોને વિના સંકોચે પ્રકટ કરવા એ આપણી બૌદ્ધિક ફરજ છે. અંગ્રેજ પ્રજાને પોતાની રાજદ્વારી જવાબદારીનું તીવ્ર ભાન છે પણ બૌદ્ધિક જવાબદારીનું તેટલુંજ મંદ ભાન છે. રાજદ્વારી જુસ્સો એ સત્યનો પ્રેમ તથા ચોક્કસ તર્કપદ્ધતિને ગૌણ પદે મૂકનારું મહાન્ બળ છે અને આ બળના ઝપાટામાં અસાધારણ પુરુષો પણ આવી

ગયા છે અને માઠી અસર પામ્યા છે. વળી, રાજનીતિના ક્ષેત્રમાં પ્રચલિત થયેલાં વલણો ઇશ્વરવિદ્યાવિદોએ પણ પોતાના લાભાર્થે સ્વીકાર્યાં છે. રાજદ્વારી પુરુષો તેમજ ઇશ્વરવિદ્યાવિદો સત્યને ગૌણ પદ આપતા થયા છે, પહેલો વર્ગ સગવડને પહેલું અને સત્યને બીજું સ્થાન આપે છે, ત્યારે બીજો વર્ગ હૃદયની સાન્ત્વનાને પ્રથમ અને સત્યને દ્વિતીય સ્થાન આપે છે. જો ધાર્મિક દૃષ્ટિએ એ પ્રકારની અનીતિ ભારે દૂષણ ગણાતી ન હોય તો ભલે પણ બુદ્ધિએ જે માન્યું તે છૂપાવવાની અપ્રમાણિકતા એ ખરેખર મહાન્ કલંક ગણાય. **સત્યને દબાવી દેવું એ સમાજ સામે મહાન્ અપરાધ કર્યો કહેવાય; કારણ કે જે લોકો સત્ય સાથે ગમે તે હેતુથી રમત કરે છે–સત્યને તુચ્છ ગણે છે, તે લોકો મનુષ્યની ગતિ વધારનારા બળને તુચ્છકારી રહ્યા છે, જોન મોર્લિએ આ પ્રમાણે જે બૌદ્ધિક અપ્રમાણિકતા વખોડી છે તે આજને દિને પણ સર્વત્ર જોવામાં આવે છે.** હજુ અંગ્રેજ પ્રજાની મૂળ પ્રકૃતિ પલટાઇ નથી; રાજદ્વારી જુસ્સો હજુ તેમના જીવનમાં પ્રથમ સ્થાન ભોગવે છે અને ઉત્તરોત્તર વધતો જાય છે. અને રાજકીય ક્ષેત્રમાં સમાધાન આવશ્યક છે તેમ બૌદ્ધિક ક્ષેત્રમાં પણ સમાધાની પર આવવું એ જરૂરનું છે એવા અભિપ્રાયથી હાલ પણ આપણું અંગ્રેજોનું (વ્યવહાર) તંત્ર ચાલી રહ્યું છે.

મોર્લિના રક્ષણ અને નિરીક્ષણથી પ્રકટ થતું 'ફોર્ટનાઇટલિ રિવ્યુ' જ્ઞાનપ્રચારનું સફળ સાધન હતું. આ લડાઇખોર વર્ષોમાં સુપ્રસિદ્ધ થયેલા બીજા સાહિત્યકારો અને વૈજ્ઞાનિકોના ગ્રંથોનો આ ન્હાના ગ્રંથમાં ઉલ્લેખ કરવા પૂરતી જગા મ્હારી પાસે નથી, પણ એટલું નોંધવું જોઇએ કે જ્યારે એક બાજૂએ વ્યાસપીઠો પરથી આધુનિક વિચાર પ્રત્યે તીવ્ર વિરોધ દર્શાવાતો હતો તથા વિચારકોને અનેકાનેક ધમકીઓ અપાતી હતી ત્યારે બીજી બાજૂએ એ વિરોધો અને એ ધમકીઓ છતાં ઘણાં લોકો અને ખાસ કરીને બ્રેડલો જાહેર

ભાષણો દ્વારા અને 'નેશનલ રિફોર્મર' નામના પોતાના પત્ર દ્વારા, નાસ્તિક વિચાર લોકમાં સારી રીતે ફેલાવતા હતા, અને તેમ કરી પૌરાધિકારીઓનો civil authority વિરોધ વ્હોરી લેતા હતા.

ગયા બે સૈકામાં અશાસ્ત્રીય વિચારોને દાબી દેવા માટે ઇંગ્લેંડના સત્તાધીશો જ્યારે જ્યારે વચમાં પડયા હતા ત્યારે ત્યારે તેમનો કેવળ એક જ હેતુ--અર્થાત્ સ્વતંત્ર વિચારને સામાન્ય જનતામાં ફેલાતો અટકાવવાનો-હતો. એ અમલદારોની સત્તાના ભોગ ચહાય તો ગરીબ, અશિક્ષિત જનો થતાં અથવા તો લોક ઉપર અસર કરી શકે એવી રીતે સ્વતંત્ર વિચારોનો ફેલાવો કરનારા લોકો એમના સપાટામાં આવતા હતા. પેઇનનો ઉલ્લેખ કરતી વખતે આ વાતનો નિર્દેશ હું કરી ગયો છું, અને ૧૯ મી અને ૨૦ મી સદીમાં સ્વતંત્ર વિચારકો પર ગુજરેલા સિતમોથી આ કથન સત્ય ઠરે છે. અમલદારો ભલે એમનો આંતર હેતુ કબુલતા નથી પરંતુ એવા વિચારોના ફેલાવાથી લોક ભડકી જશે, તેઓ નિયમનમાં રહી શકશે નહિ, એવી બીકથીજ એ લોકો સ્વતંત્ર વિચારકો પર જુલમ કરવા પ્રેરાય છે. ગરીબ લોકોને વ્યવસ્થિત રાખવા માટે ઇશ્વરવિદ્યા એ સારું સાધન મનાય છે અને અશ્રદ્ધા અથવા નાસ્તિકતાને ભયંકર રાજદ્વારી વિચારોની જનેતા વા સહધર્મિણી સમજવામાં આવે છે. ગરીબ વર્ગમાં સ્વતંત્ર વિચારની ગંધ પેસે, તેઓ સ્વતંત્ર વિચાર કરતા થાય એ એમને માટેની નિર્ણિત (નાસ્તિક વિચાર) મર્યાદાનો ભંગ કર્યા બરોબર છે, તેમને સંતુષ્ટ રાખવા માટે સદાકાળ ત્હેમને વ્હેમી રાખવાની ખાસ આવશ્યકતા છે. તેમનાથી ચઢિઆતા લોકોએ એમને માટે જે જે ઇશ્વરવિદ્યાને લગતી તથા સામાજીક યોજનાઓ ઘડી છે તે માટે તેમણે તેમનો આભાર માનવો જોઇએ-આવા આવા વિચારો હજુ સુધી છેક નાબુદ થયા નથી. ધાર્મિક સંસ્થાઓ પ્રત્યે ગરીબોએ કયા પ્રકારનું વલણ રાખવું યોગ્ય છે એ સંબંધમાં હું મી. ફ્રેડરિક હેરિસનના એક નિબંધમાંની એક પ્રસંગોચિત વાર્તા ટાંકુ છું:—

ઇસેકસના અનાથ કાર્યાલયના ( work house ) માલીકને એકવાર મરણ પથારી પર પડેલા એક કંગાળ માણસના પાદરી તરીકે કામ કરવા માટે બોલાવવામાં આવ્યો. એ ગરીબ માણસે ગદ્ગદિત કંઠે સ્વર્ગ માટે સ્હેજ આશા દર્શાવી, પણ તે માલીકે એ નોકરને બોલતાંજ વચમાં તોડી પાડ્યો અને નરક પ્રત્યે દૃષ્ટિ ફેરવવા માટે તેને ચેતવણી આપીને કહ્યું કે ત્હને છેવટે જવા માટે નરકનું સ્થાન પણ મળે છે એટલું ત્હારું અહોભાગ્ય માની ત્હારે ઉપકાર માનવો જોઇએ.

અંગ્રેજ સ્વતંત્ર વિચારકો પૈકી ઐહિકવાદ (Secularism) નો પ્રચારક હોલીઓક અને બ્રૅડલો એ બે સૌથી અગત્યનું સ્થાન રોકે છે. એમણે પોતાનાં લખાણો અથવા ભાષણો દ્વારા જનસમૂહ પર ઉંડી અસર કરી હતી. બ્રૅડલોની સર્વથી મહાન્ કાર્યસિદ્ધિ શપથ લીધા વગર પાર્લામેન્ટમાં બેસવાનો નાસ્તિકોને ૧૮૮૮ માં એણે અધિકાર અપાવ્યો એ હતી અને આ મહાન્ કાર્યને લીધે એની સ્મૃતિ ચિરકાળપર્યંત ભૂંસાશે નહિ. દેવનિંદાના આરોપસર ન્હાની ઉંમરે કેદખાનાની સહેલ કરી આવનાર હોલીએકે લોકમાં જ્ઞાનનો પ્રચાર થવામાં મહાન્ અંતરાય રૂપ છાપખાનાં પરના કરનો કાયદો નાબુદ કરાવવામાં પોતાના તરફનો ઉત્તમ ફાળો આપ્યો હતો. ઇંગ્લેંડમાંથી મુદ્રણનિયંતાની પદવી કયારની કાઢી નાંખવામાં આવી હતી, પરંતુ યુરોપના બીજા ઘણાખરા દેશોમાં ૧૯ મી સદી દરમ્યાન મુદ્રણનિયંતા નિમવાનો ચાલ નાબુદ થયો હતો.

છેલ્લાં ત્રીશ વર્ષ દરમ્યાન યુરોપના પ્રગતિશીલ દેશોમાં લોકમત તરફની સહિષ્ણુતા ખુલ્લી રીતે વધતી જતી હતી. ગયા જમાનામાં જોન મોર્લિએ લખ્યું હતું કે:–“ હજુ પ્રાથમિક ભૂમિકા પર– પોતાની આજૂબાજૂના લોકોની માન્યતાઓથી તદ્દન સ્વતંત્ર રીતે પોતાના વિચારો બાંધવા માટે મનુષ્ય માત્રને સમાજ અનિયંત્રિત

અધિકાર આપે એ ભૂમિકા પર—આપણે ભાગ્યે જ આવ્યા છીએ." હું માનું છું કે આપણે એ પ્રાથમિક ભૂમિકા વટાવી ગયા છીએ. ઇંગ્લેંડનો દાખલો લો. જે દિવસોમાં ડૉ. આર્નોલ્ડે મોટા મિલને ધર્મવિરુદ્ધ વિચારો પ્રદર્શિત કરવા બદલ બોટાની બેમાં[૧] મોકલ્યો હોત તે દિવસો હવે ગયા છે; આટલું જ નહિ પરંતુ જે સમયે ડારવિનના 'માનવાવતાર' નામના પુસ્તકથી લોકમાં ઉહાપોહ થયો હતો તે સમય પણ ગયો છે અને ડારવિનનું શબ વેસ્ટ મિન્સ્ટર એબીમાં દફન થયું તે સામે કોઇએ વાંધો ઉઠાવ્યો નથી. ઇસુ ઐતિહાસિક પુરુષ ન હતો એવું કહેનારાં—પુસ્તકો સમાજમાં સ્હેજ પણ ખળભળાટ મચાવ્યા વગર પ્રકટ થઈ શકે છે. 'આપણા યુગમાં એવા ઘણા શિક્ષિત પુરુષો પડયા છે જેઓ જુલમ ગુજારવાનું કામ યોગ્ય માને છે' એવું ૧૮૭૭ ની સાલમાં લૉર્ડ ઍકટને જે લખેલું તે હવે સાચું પડે કે કેમ એ માટે શંકા છે. ૧૮૯૫ ની સાલમાં ડબ્લિન યુનિવ્હર્સિટિ તરફથી પાર્લામેન્ટ માટે લેકીએ ઉમેદવારી કરી હતી. એના વિરોધીઓએ એના સ્વાતંત્ર્યવાદી વિચારોની યાદ આપી લોકોને એને ચૂંટતા અટકાવવાનો પ્રયાસ કર્યો હતો; પણ મતદારોનો મોટો ભાગ પ્રાચીન ધર્માવલંબી હતો છતાં લેકી ફત્તેહમંદ નિવડયો હતો. ૧૮૭૦ થી '૮૦ ની સાલ સુધીમાં એણે ઉમેદવારી કરી હોત તો તે ચોક્કસ નિષ્ફળ નિવડત. સ્વતંત્ર વિચારક જરૂર અનીતિમાન્ હોવો જોઇએ એવી જૂના કાળની સામાન્ય ઉક્તિ હવે કાને પડતી નથી.

આજ રોમન ધર્માચાર્યોની સભા સિવાય બધે સ્થળે થોડી ઘણી પ્રતિષ્ઠા પામેલો પ્રત્યેક પુરુષ કબૂલે છે કે જૂના જમાનામાં ધર્માધિકારીઓ પોતાની જે માન્યતાઓ પ્રજા પાસે પરાણે કબુલાવતા તે માન્યતાઓનો આધાર લીધા વિના જેની નિર્ભયપણે કાયદે-

---

(૧) બોટાની બે—આપણું 'આંદામાન'. બોટાની બેમાં મોકલવું—દેશપાર કરવું.

સર ચર્ચા ન કરી શકાય, એવો આ લોક કે પરલોક સંબંધી એક પ્રશ્ન નથી.

૧૯ મી સદીમાં બુદ્ધિને જે જે વિજયો મળ્યા તેનું સંક્ષિપ્ત અવલોકન કરતી વખતે આપણે પ્રાચીન શાસ્ત્રમતોને અતાર્કિક ઠેરવનારાં વૈજ્ઞાનિક શોધો અને ઐતિહાસિક વિવેચનનો વિચાર કર્યો. પણ વિચારસ્વાતંત્ર્યની જે પ્રગતિ થઇ, આજથી સો વર્ષ પહેલાંના અને હાલના સમયમાં પ્રત્યેક દેશમાં મનુષ્યોના ઇશ્વરવિદ્યાવેદો પ્રત્યેના વલણમાં જે પરિવર્તન થયું, તે કંઈ કેવળ તાર્કિક દલીલોનું પરિણામ હતું એમ કહી શકાય નહિ. ઐતિહાસિક વિવેચકોએ તાર્કિક દલીલો વાપરી પ્રાચીનોની માન્યતાઓને ખોટી પાડી એટલા કારણે જ ઉપરના બે બનાવો બન્યા એમ કહેવું એ વધારે પડતું છે. ખરી રીતે જોતાં, જનસમૂહના વિચારોને પલટાવવા માટે નવા જન્મેલા વિચારોનું જેટલું સામર્થ્ય છે તેટલું જૂના વિચારોના કડક, ખંડનાત્મક વિવેચનનું સામર્થ્ય નથી. અંતિમ પ્રશ્નો વિષે જનસમૂહની મનોવૃત્તિમાં સામાન્ય રીતે પરિવર્તન કરવામાં તાર્કિક પ્રયોગો કારણભૂત નથી, પરંતુ નવા સામાજીક ખ્યાલો પ્રચારમાં આવવાથી જ સમાજની મનોવૃત્તિ સદંતર પલટાય છે. આથી હું ધારું છું કે ૧૯ મી સદીમાં માણસોનાં મનમાં જે પરિવર્તન થયું તેનું મુખ્ય કારણ સમાજ પ્રગતિ કરી રહ્યો છે એ વિચાર હોવો જોઇએ. હું માનું છું કે આ નવા વિચારના ઉદ્ભવથી જ ઇશ્વરવિદ્યાને લગતી માન્યતાઓ એક પછી એક નાબુદ થઇ હશે. માણસની શક્તિ પૃથ્વીને રમ્ય બનાવવા માટે વપરાવી જોઇએ એવા ડિડેરા અને તેના મિત્રના શિક્ષણ વિષે હું કહી ગયો છું. ઇશ્વરવિદ્યાને લગતા સિદ્ધાંતોને આધારે યોજાયેલા પ્રાચીન આદર્શને સ્થાને નૂતન આદર્શ સ્થપાયો હતો. સૌથી મોટી સંખ્યાનું સાથી મોટું સુખ સાધવું એ જ કર્તવ્ય માત્રનો પરમહેતુ હોવો જોઇએ, એ જ નીતિનું મૂળ હોવું જોઇએ, એવો ઉપદેશ કરનારા બેન્થામ,

જેમ્સ મિલ, જે. એસ. મિલ તથા ગ્રોટ જેવા અંગ્રેજ ઉપયોગીતાવાદીઓએ નવા આદર્શની પ્રેરણા પામ્યા હતા. આ આદર્શને ઐતિહાસિક પ્રગતિના સિદ્ધાંતથી ભારે પુષ્ટિ મળી હતી. આ પ્રગતિનો સિદ્ધાંત ટર્ગોએ ૧૭૫૦ ની સાલમાં ફ્રાન્સમાં પ્રચારમાં આણ્યો હતો અને એ ચિંતક પ્રગતિને ઇતિહાસના મૌલિક સિદ્ધાંત તરીકે ગણાવતો હતો. ટર્ગોના આ સિદ્ધાંતને કોન્ડર્સેટે (Condorset) ૧૮૯૩ ની સાલમાં વિકસાવ્યો અને પ્રિસ્ટલિએ તે જ સિદ્ધાંત ઇંગ્લેડમાં રજૂ કર્યો. ફ્રાન્સના સમાજવાદી તત્ત્વવેત્તા સંત સીમન તથા ફુરીરે એ નવો વિચાર વધાવી લીધો. ફુરીરનો આશાવાદ એટલી હદે પહોંચ્યો હતો કે મનુષ્ય પોતાની બુદ્ધિચાતુર્યથી ખારા સમુદ્રને લીંબુના શરબત જેવો મીઠો બનાવશે, આ વિશ્વમાં હોમર જેવા ત્રણ કરોડ અને સિત્તેર લાખ કવિઓ, મોલિએર જેવા તેટલાજ લેખકો અને ન્યૂટન જેવાં તેટલાજ વૈજ્ઞાનિકો પેદા થશે એવી તે આશા રાખતો. પણ આ ઐતિહાસિક પ્રગતિના સિદ્ધાંતને ગૌરવાન્વિત તથા બળવત્તર કરવાનું માન કૉમ્તને ઘટે છે. એની સામાજીક ફિલસુફી તથા માનવદયાનો ધર્મ—એ બન્ને એ સિદ્ધાંત પર યોજાયા છે. વિજ્ઞાનના વિજયથી એ સિદ્ધાંતને પુષ્ટિ મળી. વિજ્ઞાનના સમુત્ક્રાંતિના સિદ્ધાંત સાથે આ પ્રગતિના સિદ્ધાંતનું સાહચર્ય છે. અને એ સિદ્ધાંત ૧૯ મી સદીમાં માનવમાત્રને ઇષ્ટ માર્ગે ચઢાવનારું મહાન્ આધ્યાત્મિક બળ હતું એમ કહીએ તો તે યોગ્ય ગણાશે. એને લીધે ભાવિ પ્રજા પ્રત્યેની જવાબદારીનો નૈતિક સિદ્ધાંત જન્મ પામ્યો. માનવજાતની પ્રગતિમાં અને ભવિષ્યમાં નવયુગના મનુષ્યો જે રસ લેતા થયાં છે તે રસે કરીને જૂના કાળમાં મરણાન્તર જીવન વિષે લોક જે રસ લેતા હતા તે કંઈ અજાણતાં જ નિર્મૂળ થયો છે એમ કહેવું ભાગ્યે જ છેક અસત્ય લેખાશે. આ પ્રગતિના સિદ્ધાંતનું અતિ મંગળ પરિણામ એ આવ્યું છે કે એથી મનુષ્ય મૂળથી જ ભ્રષ્ટ અથવા પાપી છે એવો નિરાશાજનક સિદ્ધાંત નષ્ટ થયો છે.

આ ઐતિહાસિક પ્રગતિનો સિદ્ધાંત જર્મન પ્રજામાં જાગૃતિ આણનારી અદ્વૈતવાદની પદ્ધતિમાં જેટલો માન્ય થયો એટલો બીજે કોઇ પણ સ્થળે ભાગ્યે જ આદર પામ્યો હશે. આ અદ્વૈતવાદ હેઇકલના વિચારો પર યોજાયો છે અને લોકો હેઇકલને એનો ઉત્પાદક ગણે છે પણ નવા નેતા ઑસ્વૉલ્ડની અસરથી એ વિચારોમાં મહાન્ પરિવર્તન થયું છે. હેઇકલ પ્રાણી ગુણધર્મવિદ્ધ હતો, ત્યારે ઑસ્વોલ્ડે ખાસ કરીને રસાયણશાસ્ત્ર અને પદાર્થજ્ઞાનનાં ક્ષેત્રમાં ઉત્તમ કામ કરેલું છે. જૂના અને અદ્વૈતવાદમાં પહેલો ફેરફાર તો એ છે કે આ નવો વાદ ઓછો અયુક્તિક છે. આપણો અનુભવ માત્ર તેને મળતા વિજ્ઞાનનો વિષય થઇ શકે, આપણા અનુભવમાં વિવિધતાના જેટલા પ્રકાર છે તે દરેક પ્રકાર માટે વિજ્ઞાન સંભવી શકે છે એવું આ વાદમાં પ્રતિપાદન છે. આ નવો અદ્વૈતવાદ કોઇ પરિપાટિ કરતાં વધારે અંશે પદ્ધતિ (Method) રૂપ છે એનો અંતિમ હેતુ માનવમાત્રના વિવિધ અનુભવમાં જ્ઞાનની એકતા જોવાનો છે અથવા એ અનુભવને જ્ઞાનની એકતાદ્વારા સમજવાનો છે. બીજો ફરક નીચે પ્રમાણે છે. હેઇકલના વાદની માફક આમાં પણ સમુત્ક્રાંતિનો સિધ્ધાંત જીવંત વસ્તુઓનો ઇતિહાસ સમજવામાં માર્ગદર્શક છે એવું પ્રતિપાદિત કરવામાં આવ્યું છે છતાં આ નવો વાદ હેઇકલના સર્વેશ્વરવાદ તથા પરમાણુઓ વિચારક્ષમ છે એ સિધ્ધાંત ઇન્કારે છે. આ વિશ્વ યંત્રવત ચાલે છે એવો જૂનો સિધ્ધાંત ધીરે ધીરે નાબુદ થતો જાય છે અને તેને સ્થાને વિશ્વ ભૌતિક વસ્તુ માત્રના પરમાણુઓના આન્દોલનથી ચલાયમાન્ થાય છે એવો વિચાર રુઢ થતો જાય છે. આ આન્દોલન–વા શક્તિના સિધ્ધાંતનો ખાસ પ્રચારક ઑસ્વોલ્ડ એ સિદ્ધાંતને અદ્વૈતવાદના મુખ્ય સિદ્ધાંત તરીકે ગણાવે છે. જેને ‘દ્રવ્ય’ કહેવામાં આવે છે એ બીજું કાંઇ નહિ પણ, હાલ માનવામાં આવે છે તે પ્રમાણે માત્ર શક્તિનો સમુદાય છે. ઑસ્વાલ્ડે આ (energy) શક્તિ વા આન્દોલનનો સિદ્ધાંત ભૌતિક તેમજ માનસિક, પ્રાણીગુણધર્મ

વિદ્યાને લગતા તેમજ સામાજીક દશ્યોના સંબંધમાં લાગુ પાડ્યો છે. છતાં આ શક્તિનો સિદ્ધાંત પૂર્ણ છે, એનાથી ચઢિયાતો બીજો સિદ્ધાંત સંભવી શકે નહિ, એવો દાવો કરવામાં આવતો નથી. આપણે હાલ જ્ઞાનની જે ભૂમિકા પર છીએ તે ભૂમિકા અનુસાર એ તર્ક કરવામાં આવ્યો છે અને જેમ જ્ઞાનમાં પ્રગતિ થતી જાય તેમ એ સિધ્ધાંતનું સ્થાન બીજો કોઇ વિચાર લઇ લે અને એ સિધ્ધાંતને ઉતરતે પદે મૂકી પણ દે.

અદ્વૈતવાદ એટલે ઇશ્વરવિદ્યા, ગૂઢવાદ અને અધ્યાત્મવિદ્યાના સંસર્ગ રહિત શુધ્ધ વિજ્ઞાનમૂળક જીવનદષ્ટિ એવા અર્થમાં અદ્વૈતવાદ કોમ્તના નિરીશ્વરવાદ તથા કોમ્તીય ધર્મને મળતો આવે છે. અને ધર્મ એટલે વિશ્વ અને આપણી વચ્ચે પ્રવર્તતા સંવાદ (Harmony)ની પ્રતીતિથી ઉત્પન્ન થતી લાગણી–એવી મી. મેકેટેગાર્ટે આપેલી વ્યાખ્યા સ્વીકારીએ તો અદ્વૈતવાદને આપણે 'ધર્મ' પણ કહી શકીએ, પરંતુ એ વાદને 'ધર્મ' એવા નામથી ન ઓળખાવવો એજ બહેતર છે. જેમ કોમ્તે નિરીશ્વરવાદી ચર્ચ સ્થાપ્યું હતું તેમ અદ્વૈતવાદી દેવળ સ્થાપવાનો અદ્વૈતવાદીઓનો વિચાર સરખોયે નથી. તેઓ આગ્રહપૂર્વક જણાવે છે કે વિજ્ઞાન અને ધર્મની દષ્ટિમાં ગંભીર વિરોધ છે અને ધર્મ દિવસે દિવસે ઓછો અનિવાર્ય થતો જાય છે તેમાં તેઓ વિજ્ઞાનની પ્રગતિનું ચિહ્ન જુએ છે. આમ, જેમ જેમ ભૂતકાળ તરફ પાછા વળીએ છીએ તેમ તેમ ધર્મ સંસ્કૃતિનું વધારે અગત્યનું તત્ત્વ લાગે છે, પણ આપણે જેમ આગળને આગળ વધતા જઇએ–ભૂતકાળની ભીંતો ઓળંગી, વર્તમાનને વટાવી ભવિષ્યપર દષ્ટિ ફેંકીએ છીએ–તેમ તેમ ધર્મ તુચ્છ સ્થાન લેતો જાય છે અને વિજ્ઞાન તેનું સ્થાન ઝૂંટવી લેતું જાય છે. આધુનિક દુનિયાનો વિચાર કરતાં બધા જ ધર્મો સિધ્ધાંતથી (નિરાશાવાદી) લાગે છે, ત્યારે અદ્વૈતવાદ (આશાવાદી) છે; કારણ કે સમુત્ક્રાંતિની ક્રિયાથી મનુષ્યમાંનું અનિષ્ટ તત્ત્વ ભારે પ્રમાણમાં નષ્ટ થયું છે અને ઉત્તરોત્તર નષ્ટ થતું જતું એવું

વાદીઓ માને છે. અદ્વૈતવાદ કહે છે કે વિકાસ અને પ્રગતિ એ માનવ આચારનાં વ્યવહારિક સૂત્રો છે, ત્યારે ચર્ચો, અને ખાસ કરીને કેથલિક ચર્ચો, સદા પ્રગતિ વિરોધી હોય છે; અને પ્રગતિ થતી અટકાવવામાં તે નિષ્ફળ નિવડયાં છે. તો પણ જ્યારે જ્યારે પ્રગતિનાં ચિહ્નો પ્રકટ થતાં જણાયાં છે ત્યારે ત્યારે તે ચર્ચોએ તેમને ભૂંસી નાંખવાનો પ્રયાસ કર્યો છે. ૧૯૧૧માં હેમ્બર્ગમાં મળેલી અદ્વૈતવાદીઓની મહાસભાની ફત્તેહ જોઇ એ અદ્વૈતવાદનો પ્રચાર વધારનારાઓ ચકિત થઇ ગયા હતા. આ અદ્વૈતવાદની પ્રવૃત્તિ બુદ્ધિવાદના વિચારો ફેલાવવામાં અતિ સમર્થ નિવડશે એવી આશા રખાય છે.

આપણે પશ્ચિમ યુરોપનાં ત્રણ મહાન્ રાષ્ટ્રો જેમનામાં ખ્રિસ્તીઓનો મોટો ભાગ કેથલિક પંથી છે તેમનો ઇતિહાસ અવલોકીશું તો પ્રગતિના આદર્શનો, વિચાર સ્વાતંત્ર્યનો તથા ધર્મગુરુઓની સત્તાની પડતીનો કેવો સહયોગ છે તે આપણા જોવામાં આવશે. સ્પેઇન જ્યાં ચર્ચ હજુ ઘણું ધનવાન્ અને સત્તાવાન્ છે અને જ્યાં ચર્ચના અધિકારીઓ, ધારાશાસ્ત્રીઓ અને રાજનીતિજ્ઞો પાસે પોતાનું ધાર્યું કરાવવાની સ્થિતિમાં છે ત્યાં ફ્રાન્સ અને ઇટલિમાં પ્રાણરૂપ થઇ પડેલો પ્રગતિનો વિચાર ઉંડી અસર કરી શક્યો નથી. ઉદારમત (Liberal Thought) અલબત્ત કેળવાયલા પુરુષોના ન્હાના વર્ગમાં ઠીક પ્રચાર પામ્યો છે. પરંતુ વસ્તીનો ઘણો ભાગ હજુ અભણ છે અને તેને અભણ રાખવામાં ચર્ચનો સ્વાર્થ છે. સ્પેઇનના બધા સંસ્કારી જનો કબુલ છે કે લોકોને કેળવવા એ દેશની મુખ્ય જરૂરીઆત છે. આધુનિક શિક્ષણનો છૂટથી પ્રચાર થવા દેવામાં આવે ત્યાર પહેલાં કેટલાંયે ભયંકર વિઘ્નો જીતવાની આવશ્યકતા છે એ વાત માત્ર ચાર વર્ષ પર જ થયેલા ફ્રાન્સીસ્કો ફેરરની કરુણ કથાથી તરી આવે છે. પશ્ચિમ યુરોપના એક ખુણામાં હજુ પણ મધ્યયુગના સંસ્કાર સુદૃઢ છે, મધ્યયુગીન પ્રાણ જોરભેર ફુંકાય છે, એની આ ઉપરના બનાવે સર્વને પ્રતીતિ કરાવી છે. ફેરરે ૧૯૦૧ ની

સાલથી કેન્ટેલિઆ પ્રાંતમાં 'આધુનિક' શાળાઓ સ્થાપવામાં પોતાનું ચિત્ત પરોવેલું હતું. એ બુદ્ધિવાદી હતો અને વિશિષ્ટ રીતે ફત્તેહમંદ નિવડેલો. એની શાળાઓ કેવળ સાંસારિક હતી. ખ્રિસ્તી ધર્માધિકારીઓએ ફેરરને ગાળો ભાંડી તેની નિંદા કરી અને તેના પર શાપ વર્ષાવ્યા અને ૧૯૦૯ ની ગ્રીષ્મઋતુમાં દૈવે ફેરરનો નાશ કરવાની એ ધર્માધિકારીઓને તક આપી. બારસિલોના કામદારોની હડતાલ દિન પ્રતિદિન વધતી ચાલી અને પરિણામે ઉગ્ર બળવો થયો. આ હડતાલની પ્રવૃત્તિના શરુઆતના દિવસોમાં ફેરર અચાનક ત્યાં જઇ ચઢેલો અને તેના વિરોધીઓએ ઉગ્ર બળવામાં પરિણમેલી–એ–હડતાલ માટે એને જવાબદાર ઠરાવવાની અનુકૂળ તક સાધી. ખોટા સાક્ષી પુરાવા ઉભા કરવામાં આવ્યા, ખોટા દસ્તાવેજો પણ લખાયા. ફેરરના બચાવના પુરાવા ગુપ્ત રાખવામાં આવ્યા હતા. કેથલિક પંથી વર્તમાનપત્રોએ ફેરર વિરુધ્ધની લાગણી ઉશ્કેરનારાં લખાણો પ્રકટ કર્યાં અને બારસિલોનાના આગેવાન ખ્રિસ્તી ધર્મગુરુઓએ બધા તોફાનના મૂળરૂપ 'આધુનિક' શાળાઓના સ્થાપનારને જતો ન કરવા માટે સરકારને આગ્રહ કર્યો. લશ્કરી અદાલતે ફેરરને ગુન્હેગાર ઠરાવ્યો અને ફેરર ગોળીથી મરાયો. આજની ઘડીએ તપાસકારિણી સભાઓ (Inquisition) અસ્તિત્વમાં ન હોવાથી એના શત્રુઓને ફેરરને મરાવવા માટે દ્રોહ અને અરાજકતા ફેલાવવાના ખોટા આરોપો તેની સામે ઉભા કરવા પડયા હતા. ફેરરે બુદ્ધિસ્વાતંત્ર્ય અને વિચારસ્વાતંત્ર્ય માટે પોતાનું મોંઘું બલિદાન આપ્યું હતું. આ બનાવથી યુરોપમાં જે ક્રોધાગ્નિ પ્રકટ થયો હતો અને ફ્રાન્સમાં એ કૃત્ય સામે સામે જાહેર રીતે જે તિરસ્કાર અથવા અણગમો પ્રદર્શિત કરવામાં આવ્યો હતો તે પરથી ભવિષ્યમાં આવાં અંતિમ પગલાં ફરીથી ભરાતાં અટકશે એ સંભવિત છે, પણ જે દેશમાં ચર્ચ આટલું બધું સત્તાવાન્ અને આટલું બધું ધર્માંધ છે અને જ્યાં રાજનીતિજ્ઞો આટલા બધા ભ્રષ્ટ છે તે દેશમાં લગભગ બધું જ બની શકે.

# પ્રકરણ ૮ મું.

## વિચાર સ્વાતંત્ર્યની વાસ્તવિકતાનો વિર્ણય.

આધુનિક રાષ્ટ્રના સ્વતંત્ર વાતાવરણમાં ઉછરેલી ઘણી વ્યક્તિઓ અધિકાર સામેના સતત સંગ્રામમાં સ્વાતંત્ર્ય પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે; આથી નવા વિચારો તથા સ્વતંત્ર તર્કોને દાબી દેવા માટે સરકારો તેમજ કોમો અને સંસ્થાઓએ જે જુલમી અને અત્યંત દુરાગ્રહી નીતિ અંગીકાર કરી હતી તેના બચાવના બે શબ્દોયે તેમને કયાંથી સુઝે? આગળનાં પાનાંઓમાં આપણે જે આ વિરોધનું લેખન કર્યું તે જાણે પ્રકાશ અને અંધકાર વચ્ચેનું યુદ્ધ ન હોય એમ આપણને ભાસે છે અને માનવપ્રગતિ વિરુધ્ધ રાષ્ટ્રો અને ધર્માલયોએ કારમાં કાવત્રાં રચ્યાં એમ આપણે પુકારી ઉઠીએ છીએ. દ્વેષી નહિ તો આંધળા એવા સત્તાધારીઓને હાથે બુધ્ધિનાં રક્ષકોએ જે જે અસહ્ય જુલમો સહ્યા તેનો વિચાર કરતાં આપણે કંપી ઉઠીએ છીએ.

છતાં દમનનો ખરો નહિ તો વધતેઓછે અંશે ખરો જણાતો બચાવ કરી શકાય. આ માટે સમાજની પૃથક્પૃથક્ વ્યક્તિપર કાયદાની રુએ સમાજની જે સત્તા છે તેનો અતિ સંકુચિત વિચાર કરીએ. મિલની માફક આપણે પણ કહી શકીએ કે સમાજને અથવા તેની એક વ્યક્તિને બીજી વ્યક્તિના કાર્યસ્વાતંત્ર્ય પર અંકુશ મૂકવાનો એક જ રીતે અધિકાર પ્રાપ્ત થાય છેઃ—અર્થાત્ જ્યારે જ્યારે તે સમાજ કે તે વ્યક્તિના આત્મરક્ષણનો પ્રશ્ન ઉભો થાય ત્યારે આત્મ-રક્ષણ માટે જુલમ ગુજારી શકાય અને બીજાને નુકસાન થતું અટ-કાવવા માટે જુલમ ગુજારવો એ વાજબી જ છે એવા મિલના કથ-નને આપણે પણ હુંકારો ભણી શકીએ. જુલમ ગુજારવા માટે દરેક રાષ્ટ્ર ઓછામાં ઓછો એટલો દાવો તો કરી શકે જ. પોતાના સભ્યોને

નુકસાન થતું અટકાવવું એ રાષ્ટ્ર માત્રનો સ્વતઃસિદ્ધ અધિકાર છે; આટલું જ નહિ, એમ કરવું એ રાષ્ટ્રની અનિવાર્ય ફરજ છે, રાષ્ટ્રનું અસ્તિત્વ એ ફરજ અદા કરવા માટે છે, એ વાત કોણ ના કબુલ કરશે ? વર્તન સ્વાતંત્ર્ય પ્રાપ્ત થાય કે વાણી સ્વાતંત્ર્ય મળવુંજ જોઈએ અથવા કાર્ય સ્વાતંત્ર્યના અનેક પ્રકારમાં ખાસ કરી વાણીસ્વાતંત્ર્યને વિશિષ્ટ અધિકાર મળવો જોઈએ–વાણીસ્વાતંત્ર્ય પર જ ખાસ ભાર મૂકાવો જોઇએ–એવો કાંઈ સિદ્ધાંત નથી, તેમ સમાજને ખાતરી થઈ જાય કે તેના કોઈ એક સભ્યની વાણી દ્વારા આખા સમાજને હાનિ પહોંચવાની ભીતિ છે, ત્યારે પણ સમાજે આત્મરક્ષણની તૈયારી ન કરવી અને માત્ર હાથ જોડી બેસી રહેવું એવો પણ કાંઈ નિયમ નથી. આગામી ભયની અટકળ બાંધવી એ દરેક સરકારનું કાર્ય છે. સરકારનો નિર્ણય ખોટો યે હોય, પણ કોઇ પણ વ્યક્તિના વાણી-સ્વાતંત્ર્યથી સમાજના હિતને ધોકો પહોંચે છે એવી જો સરકારને ખાતરી થાય તો વચ્ચે પડવાની–તેને યોગ્ય લાગે તો જુલમ ગુજાર-વાની–તેની ફરજ નથી શું ?

ઉપર આપણે જે દલીલ કરી તેના આધારે પ્રાચીન અને અર્વાચીન કાળમાં સ્વતંત્ર વિચારને કચડી નાખવા માટે સરકારે સ્વીકારેલી સિતમવૃત્તિનો બચાવ થઈ શકે છે. એ જ રીતે તપાસ-કારિણી સભા (Inquisition); મુદ્રણનિયંતાની પદવી, દેવનિંદાને લગતા કાયદા અથવા તો એ જ પ્રકારનાં બધાં જુલમી પગલાં માટે એમ કહી શકાય કે ભલે એ પગમાં અંતિમ હતા અથવા અવિવેકથી અમલમાં મૂકવામાં આવ્યાં હતાં તોપણ એ પગલાં ભરનારાનો હેતુ સમાજ પર ઝઝુમતા ભયમાંથી સમાજને ઉગારી લેવાનો હતો અને એથી એવાં પગલાં ભરવાં એ એમનું ધર્મકર્તવ્ય હતું. ( અલબત્ત, જુલમના ભોગ થઈ પડેલા માણસોના કહેવાતા કલ્યાણ માટે અર્થાત્ તેમની ભાવિ મુક્તિને નામે જે ઘોર પગલાં ભરાયાં તેમનો ઉપર પ્રમાણે બચાવ થઈ શકે નહિ. )

આજને દિને આપણે આવાં એકે એક પગલા સામે જાહેર તિરસ્કાર દર્શાવીએ છીએ, અને રાષ્ટ્રને કોઇ પણ વ્યક્તિના વિચાર સ્વાતંત્ર્યની આડે આવવાનો અધિકાર છે એ વાત આપણે સ્વીકારતા નથી. આજે વિચારસ્વાતંત્ર્યનો સિદ્ધાંત આપણાં હૃદયમાં એવું ઉંડું મૂલ ઘાલી બેઠો છે કે ઉંધે માર્ગે દોરાયેલાં આપણાં પૂર્વજોનાં ઘોર કૃત્યો આપણને કોઈ પણ રીતે વ્યાજબી ભાસતાં નથી; એ કૃત્યો આપણે શાંતપણે સહી શકતા નથી. તો આ વિચારસ્વાતંત્ર્યના સિદ્ધાંતની વાસ્તવિકતા આપણે કેવી રીતે પુરવાર કરીશું ? એ સિદ્ધાંત કોઈ ગૂઢ પાયાપર રચાયો નથી, વા પાયો સમાજથી છેક અસંબદ્ધ કોઇ નિયમ પર અવલંબતો નથી, પણ તે સિદ્ધાંત કેવળ ઉપયોગિતાની દૃષ્ટિએ યોજાએલો છે.

ચર્ચા સ્વાતંત્ર્યની સામાન્ય અગત્ય સોક્રેટિસ કેવી રીતે દર્શાવતો તે આપણે જોઇ ગયા. આવું સ્વાતંત્ર્ય જ્ઞાનની પ્રગતિ માટે ઘણું આવશ્યક છે એવું મિલ્ટનનું કથન પણ આપણે વાંચ્યું. પણ જે સમય દરમ્યાન સહિષ્ણુતા માટે યુદ્ધો ખેડાતાં અને ચોખ્ખી રીતે જીતાતાં તે સમયે સોક્રેટિસ કે મિલ્ટનની દલીલોનો આધાર લેવાતો ન હતો, પરંતુ જો કોઈ પુરુષ પ્રમાણિકપણે એનો છૂટકો ન હોવાથી અમુક સિદ્ધાંત ધરાવતો હોય તો તે સિદ્ધાંત ભ્રાંતિકારક હોય તોપણ તેને શિક્ષા કરવી એ ગેરવાજબી છે એવી દલીલ કરવામાં આવતી હતી. બીજા શબ્દોમાં કહીએ તો ભ્રાંતિ એ ગુન્હો નથી અને તેથી ભ્રાંતિને દંડવી એ અન્યાય છે એવી દલીલ કરવામાં આવતી હતી, અને એ દ્વારા સહિષ્ણુતાના પાલન પર ભાર મૂકવામાં આવતો હતો. છતાં આ દલીલથી ચર્ચાસ્વાતંત્ર્યની વાસ્તવિકતા પૂરવાર થઈ શકતી ન હતી. ઉપરની દલીલને જુલમના હિમાયતીઓ એવો જવાબ આપી શકે કે કોઈ પણ માણસને તેની **ખાનગી** ભ્રાંતિકારક માન્યતાઓ માટે શિક્ષા કરવી એ અન્યાય છે એ વાત અમે કબુલીએ છીએ; પણ અમને ખાતરી થાય કે એ માન્યતાઓ (સમાજને) હાનિકર્તા

છે તો તેનો પ્રચાર થતો અટકાવવો એ અન્યાય નથી. મનુષ્યને અમુક વિચારો **ધરાવવા** ખાતર નહિ પરંતુ **ફેલાવવા** ખાતર શિક્ષા કરવી એ બીલકુલ ગેરવાજબી નથી. સાચી વાત તો એ છે કે આ બધા સિદ્ધાંતોનું પરીક્ષણ કરવામાં ન્યાય અન્યાયની કસોટી લાગુ જ પડતી નથી. " Physiological or social " એ શબ્દો ' experience ' શબ્દ સાથે લેવાના છે. બધા સદ્દગુણો સામાજિક અથવા શારીરિક અનુભવમૂલક છે અને 'ન્યાય'નો સદ્દગુણ પણ આ બાબતમાં અપવાદ રૂપ નથી. અનુભવથી જે નિયમો કે સિદ્ધાંતોની સામાજીક અગત્ય સર્વોપરિ મનાતી હોય અને જેમને કાજે તાત્કાલિક પ્રસંગોચિતતાના બધા વિચારો પડતા મૂકવા પડે એવા નિયમોના કે સિદ્ધાંતોના વર્ગને 'ન્યાયી' એવા શબ્દથી ઓળખવામાં આવે છે. સામાજીક અગત્ય એ જ માત્ર કસોટી છે. આથી વિચારસ્વાતંત્ર્યનો સિદ્ધાંત સમાજના હિતાર્થે એટલો બધો ઉપયોગી છે કે બીજા બધા વિચારો વેગળા કરવા જોઈએ એમ જ્યાં સુધી દર્શાવી શકાય નહિ ત્યાં સુધી સ્વતંત્ર વિચારને કચડી નાંખવામાં સરકાર અન્યાયી પગલું ભરે છે એમ કહેવું મિથ્યા છે. સમાજને સ્વાતંત્ર્ય બહુ કિંમતી છે; એ ધોરણે કરેલી સૉક્રેટિસની દલીલમાંથી તેની ઊંડી દીર્ઘ દૃષ્ટિ જણાઈ આવે છે.

વિચાર સ્વાતંત્ર્યની વાસ્તવિકતા કરાવવાનું કાર્ય ૧૮૫૯ માં પ્રકટ થયેલા પોતાના "સ્વાતંત્ર્ય," નામના ગ્રંથમાં વિચારસ્વાતંત્ર્યની ચર્ચા કરનાર જે. એસ. મિલને આભારી છે. આ ગ્રંથ સામાન્ય રીતે સ્વાતંત્ર્ય વિષે ચર્ચા કરે છે અને વ્યક્તિસ્વાતંત્ર્ય કયા ક્ષેત્રમાં, અને કેટલે અંશે અમર્યાદિત ( absolute ) અને દૃઢ- ( unassailed ) હોવું જોઇએ એ પ્રશ્ન નક્કી કરવાનો પ્રયાસ કરે છે. ગ્રંથના બીજા પ્રકરણમાં વિચારસ્વાતંત્ર્ય તથા ચર્ચાસ્વાતંત્ર્ય વિષેના વિચારો દર્શાવવામાં આવ્યા છે અને મિલ અણઘટતી રીતે સમાજનાં કાર્યોમાં કાપકૂપ કરે છે તથા વ્યક્તિ

સામેના સમાજના હક્કોની કિંમત ઓછી આંકે છે એવું જો ઘણાં ધારતાં હોય તોપણ એ ગ્રંથમાંની મુખ્ય મુખ્ય દલીલોની ન્યાયપુરઃસરતા વિષે તથા મિલના નિગમનોની સપ્રમાણતા વિષે ભાગ્યે જ કોઇને શંકા હશે.

મિલ કહે છે કે સમાજ એની પૃથક્ પૃથક્ વ્યક્તિના વર્તનસ્વાતંત્ર્યની આડે આવે એ કાર્યની યોગ્યતા નક્કી કરવા માટે નિશ્ચિત ધોરણ સર્વમાન્ય થઈ પડયું ન હતું. આગળ, મિલ સમાજના કર્તવ્યની યોગ્યતાનું ધોરણ આત્મરક્ષણ–અર્થાત્ બીજાને હાનિ થતી અટકાવવી–એ છે એવું પ્રતિપાદિત કરે છે. મિલનો સિદ્ધાંત સ્વતંત્ર વા કાલ્પનિક હક્કો પર યોજાયેલો નથી, પરંતુ પ્રગતિશીલ મનુષ્યના સ્થાયી હિત પર અવલંબે છે. મનુષ્યના સ્થાયી હિતની દૃષ્ટિએ એ સિધ્ધાંત યોજાયેલો છે. પછી, ચર્ચાસ્વાતંત્ર્ય અને વિચારસ્વાતંત્ર્યને દાબી દેવાં એ મનુષ્યના સ્થાયી હિતની વિરુદ્ધ છે એ પુરવાર કરવા માટે મિલ નીચેની દલીલ કરે છે.

" જેઓ નવા વિચારને દાબી દે છે તેઓ તેનું સત્ય ઇન્કારે છે, પણ તેઓ જાતે અચૂક હોતા નથી. તેઓ ખોટા યે હોય કે ખરા યે હોય, અથવા અંશતઃ ખરા, ખોટા હોય.

(૧) જો તેઓ ખોટા હોય અને જે વિચાર તેઓ દાબવા ઇચ્છતા હોય તે સાચો હોય તો તેઓ જગતને સત્યથી વંચિત રાખે છે. આ દલીલનો તેઓ જવાબ વાળશે કે ' વિચારને દાબી દેવાનો અમારો પ્રયાસ બીલકુલ ગેરવાજબી નથી. અમે અમારી શક્તિ અનુસાર અમારી વિવેકબુધ્ધિ કામે લગાડી. હવે જો અમારી વિવેકબુધ્ધિ ચૂક કરે એવી હોય તો તેથી અમારે તેનો ઉપયોગ જ ન કરવો એવું અમને કહી શકાય ? અમને જે વિચાર ખોટો અને અનિષ્ટકારી હોવાની પાકી ખાતરી લાગી તેનો પ્રચાર થતો અમે અટકાવ્યો. જાહેર સત્તાથી કરવામાં આવતા કોઈ પણ કાર્ય કરતાં અમારા આ

કર્તવ્યમાં અચૂકપણાનો વધારે દાવો નથી. અમારે કાર્ય કરવું જ હોય તો અમારે અમારો અભિપ્રાય સાચો માનવો જ જોઇએ.' "

મિલ આનો સચોટ પ્રત્યુત્તર વાળે છે.

"અમુક અભિપ્રાયને ખોટા ઠરાવવાની એકે એક તક પ્રાપ્ત થવા છતાં એ અભિપ્રાયનું ખંડન થયું નથી માટે તેને સાચો માનવો તે અને એનું ખંડન થતું અટકાવવાના હેતુથી જ તે (અભિપ્રાય)ને સાચો માનવો—એ બેમાં મોટું અન્તર છે: વ્યવહારકાર્યમાં આપણા અભિપ્રાય વિષે શંકા દર્શાવવાની અને તેને ખોટો ઠરાવવાની બીજાને પૂર્ણ છૂટ આપીએ તો જ આપણે આપણો અભિપ્રાય સાચો છે એમ માનવામાં વાજબી ઠરીએ; આ સિવાયની બીજી કોઈ પણ શરતે માનવશકિતથી વિભૂષિત થયેલા કોઇ પણ પ્રાણીને પોતે ખરો જ છે એની બૌધ્ધિક ખાતરી થઈ શકે નહિ."

(૨) જો પ્રચલિત મત સાચો હોય તો પણ તેની વિરૂદ્ધ થતી ભ્રાંતિ ભરેલી ચર્ચાને દાબી દેવાથી જનકલ્યાણ સધાતું નથી. પ્રચલિત મત સાચો હોય ( તે પૂરેપૂરો સાચો તો ભાગ્યેજ હોય છે ) તો પણ જ્યાં સુધી એની વિરુદ્ધ થતી બધી ચર્ચા ખોટી ઠરે નહિ, એની વિરુદ્ધ ગમે તેવી કઠોર ચર્ચા થાય છતાં પ્રચલિત મતને કશો ધોકો પહોંચે નહિ. ત્યાં સુધી એ મતના ખરાપણાંની પૂરી ખાતરી થઈ શકે નહિ. વિરુદ્ધ ચર્ચા ખોટી ઠરવાથી ખરો મનાતો પ્રચલિત મત વધારે દૃઢ બને છે.

(૩) વધારે સામાન્ય અને ઘણી અગત્યની બાબત તો જ્યાં પરસ્પર વિરુદ્ધ મતો—પ્રચલિત મત અને કચડી નાંખવામાં આવેલો મત—માં સત્યનો અંશ હોય તે છે. આ સંબંધમાં પ્રજાએ સ્વીકારેલાં એકપક્ષી સભ્યોની ન્યૂનતા પ્રજાએ અવગણેલાં બીજાં સત્યોથી પૂરવાની અગત્ય મિલ સહેલાઈથી સમજાવી શકયો છે. એ કહે છે કે સત્યના અંશવાળા એ બે વિરોધી મતોમાંથી જો કોઈ સહિષ્ણુતાપાત્ર કે ઉત્તેજનપાત્ર હોય તો તે અલ્પમતિએ સ્વીકારેલો મત છે;

કારણ કે ક્ષણભર એ મત કલ્યાણથી વંચિત રહેલી વ્યક્તિઓનો મત છે અથવા સરળ શબ્દોમાં કહીએ તો અમુક કાળ પર્યંત એ મત ધરાવનારાઓનું હિત અવગણવામાં આવ્યું છે. દા. ત. તે રુસોના સિદ્ધાંતો લે છે. આ સિદ્ધાંતોને ભયંકર લેખી દાબી દેવામાં આવ્યા હોત. પણ ૧૮મી સદીના આત્મસંતોષી જનોને એ રુસોના સિદ્ધાંતથી કલ્યાણકારક આઘાત પહોંચેલો, લાભદાયી અસર થઈ હતી. એ સિદ્ધાંતોના ફેલાવાથી ૧૮મી સદીના એકપક્ષી પ્રચલિત મતોનું પ્રાબલ્ય શિથિલ થયું હતું. " રુસોના સિદ્ધાંતો કરતાં પ્રચલિત મતો સત્યની વધારે નજદીક હતા, તથા ઓછા ભ્રાંતિકારક હતા. છતાં રુસોના સિદ્ધાંતોમાં પ્રચલિત મતની ખામીઓ દૂર કરનારા, તેની ન્યૂનતા પૂરનારા સત્યનો ઘણો અંશ હતો અને જયારે ભરતીની છોળો શમી ગઈ ત્યારે રુસોના સિદ્ધાંતો અવશેષ રૂપે પાછળ રહી ગયા.

મિલની મુખ્ય દલીલોનું તાત્પર્ય ઉપર મુજબનું છે. પણ હું વિચારસ્વાતંત્ર્યની વાસ્તવિકતા મિલની તર્ક પદ્ધતિને આધારે છતાં કોઈ જૂદા જ પ્રકારથી પૂરવાર કરવાનું પસંદ કરીશ. જો સંસ્કૃતિની પ્રગતિ અંશતઃ મનુષ્યની સત્તા બહારના સંજોગો પર અવલંબેલી હોય તો મ્હારે કહેવું જોઈએ કે એ પ્રગતિનો ખરો આધાર વિશેષ કરીને, અને ઘણા મોટા પ્રમાણમાં, મનુષ્યના હાથમાં રહેલી બાબતો પરજ છે. આ બાબતોમાં ખાસ કરીને જ્ઞાનની પ્રગતિ અને પલટાતા સંજોગોને પોતાની સંસ્થાઓનું વાતાવરણ અને પોતાની ટેવો અનુકૂળ કરી દેવાની સહૃદય વૃત્તિ એ બેને ગણાવી શકાય. જ્ઞાનની ગતિ વધારવા માટે અને ભૂલભ્રાંતિ સુધારવા માટે અનિયંત્રિત ચર્ચા સ્વાતંત્ર્ય અતિ આવશ્યક છે. ગ્રીસમાં જ્યારે પૂર્ણ વિચારસ્વાતંત્ર્ય હતું ત્યારે જ્ઞાનવિકાસ પામતું એ વાત ઇતિહાસ દર્શાવી આપે છે અને ચાલુ જમાનામાં સ્વતંત્ર તપાસ કરવાની પદ્ધતિ સામેનાં બધાં જ નિયંત્રણો નાબુદ કરવામાં આવ્યાથી મધ્યકાલીન ચર્ચના ગુલા-

મોને તે સમયની ચર્ચની વ્યવસ્થામાં અંધ શ્રદ્ધા રાખનારાઓને–અતિ અનિષ્ટ વા પૈશાચી લાગે એવા વેગથી જ્ઞાન વૃદ્ધિ પામ્યું છે. ત્યારે, આ પરથી એટલું સ્પષ્ટ થાય છે કે સામાજીક રીતરિવાજો, સંસ્થાઓ અને પદ્ધતિઓને, નવી જરુરીઆતોને અને નવા સંજોગોને અનુકૂળ કરવા માટે એ સર્વનાં સત્યનું કઠણ પરીક્ષણ કરવાની, તેમની વિરુદ્ધ ચર્ચા કરવાની તથા પ્રચલિત મતને ગમે તેટલો આઘાત પહોંચતો હોય છતાં અપ્રિય વિચારો જાહેર કરવાની અમર્યાદિત સ્વતંત્રતા હોવી જોઇએ. સંસ્કૃતિનો ઇતિહાસ જો કોઈ પણ પાઠ શીખવતો હોય તો તે આ જ છેઃ-કે માનસિક અને નૈતિક પ્રગતિ સિદ્ધ કરવાનું અમોઘ સાધન વિચારનું અને ચર્ચાનું પૂર્ણ સ્વાતંત્ર્ય છે અને આ સાધન પ્રાપ્ત કરવું એ મનુષ્યના પોતાના જ હાથમાં છે. આવા સ્વાતંત્ર્યની સ્થાપનાને આધુનિક સંસ્કૃતિની અતિ ઉપયોગી સિદ્ધિ લેખી શકાય અને સામાજીક પ્રગતિના સાધન રૂપે એ સ્વતંત્રતાની પ્રાપ્તિ પ્રધાન ગણાવી જોઈએ. એ સ્વતંત્રતાના આધાર રૂપ સ્થાયી ઉપયોગિતાના વિચારોને પ્રાધાન્ય મળવું જોઈએ અને તાત્કાલિક લાભના બધા વિચારો જે કોઈ કાળે સ્વતંત્રતાનો નાશ કરે એવો સંભવ હોય, તે વિચારોને ગૌણ, તુચ્છ પદ અપાવું જોઈએ.

એ તો સ્પષ્ટ છે કે આ આખી દલીલ માનવજાતિની પ્રગતિ, તેનો બૌદ્ધિક તેમજ નૈતિક વિકાસ, એ કાલ્પનિક સ્વપ્ન નથી, પરંતુ અસંદિગ્ધ સત્ય છે અને અતિ કિંમતી (પ્રાપ્તિ) છે એવી માન્યતા પર આધાર રાખે છે. જે કોઈ કાર્ડિનલ ન્યૂમેનના મત પ્રમાણે એમ માને છે કે માનવજાતિની પ્રગતિની અને પૂર્ણતાની વાત એ તો કેવળ સ્વપ્નું છે, કારણ શ્રુતિ એ વાત સ્વીકારતી નથી તે માણસને ઉપરની કશી અસર થવાની નથી. એવો માણસ કાર્ડિનલ ન્યૂમનની માન્યતા, અર્થાત જો આ દેશ હાલ જણાય છે તે કરતાં ઘણો વધારે વ્હેમી, અંધશ્રદ્ધાળુ, ઉદાસી અને ધર્મવિષયમાં વધુ ઝનુની હોત તો તેથી દેશને લાભ થાત એ માન્યતાને પૂરી સંગતતાથી પોતાનો ટેકો પણ આપી શકે.

મિલ જે સમયે એનો અતિ સમર્થ અને બધાએ વાંચવા યોગ્ય નિબંધ લખી રહ્યો હતો ત્યારે (૧૮૫૮ ની સાલમાં) જુલમીઓનું ખુન કરવું એ કાયદેસર છે એવા સિદ્ધાંતનો પ્રચાર કરનારાઓ પર એ સિદ્ધાંત અનીતિમય છે એવા કારણસર અંગ્રેજ સરકાર ફોજદારીઓ ચલાવી રહી હતી. સદ્ભાગ્યે આ ફોજદારીઓ દુરાગ્રહ પૂર્વક ચલાવાતી ન હતી. મિલ આ બાબત વિષે લખે છે કે "જુલમીની હત્યા કરવાનો 'સિદ્ધાંત ગમે તેટલો અનીતિમાન્ હોય છતાં તે સિદ્ધાંતની ચર્ચા માટે અને તે માનવા માટે પૂર્ણ સ્વાતંત્ર્ય હોવું જોઈએ' એ નિયમના અપવાદ રૂપ નથી." અર્થાત્ એ સિદ્ધાંત પણ પૂર્ણ સ્વાતંત્ર્યથી ચર્ચાવો જોઈએ.

ઉપલા નિયમના અપવાદો અર્થાત્ જ્યાં અધિકારીઓની ડખલગીરી યોગ્ય ગણાય તેવા પ્રસંગો સુસ્પષ્ટ છે, કારણ તેઓ ખરી રીતે બીજા નિયમમાં આવે છે. ઉ. ત. જ્યાં સીધી ઉશ્કેરણીથી માણસોને હિંસાનાં અમુક કાર્યો પ્રત્યે પ્રેરવામાં આવતા હોય ત્યાં સત્તાધીશો કે સરકારોને વચ્ચે પડવા માટે યોગ્ય પ્રસંગ ઉભો થાય છે. પણ આ ઉશ્કેરણી સીધી અને હેતુપૂર્વક કરવામાં આવી હોવી જોઈએ. હું એક પુસ્તક લખી ચાલુ સમાજો પ્રત્યે તિરસ્કાર દર્શાવું તથા અરાજકતાના સિદ્ધાંતનો બચાવ કરું, અને જો કોઈ માણસ એ પુસ્તક વાંચી એકદમ અત્યાચાર કરવા ઉશ્કેરાય તો મ્હારા પુસ્તકથી એ માણસ અરાજક બન્યો અને એણે ગુન્હો કર્યો એમ ચોખ્ખા રીતે પુરવાર કરી શકાય. પણ જ્યાં સુધી એણે જે ગુન્હો કર્યો હોય તે ગુન્હો કરવા માટે તેને સીધી રીતે ઉશ્કેરે એવું કશું મ્હારા પુસ્તકમાં હોય નહિ ત્યાં સુધી મને શિક્ષા કરવી કે મ્હારા પુસ્તકને દાબી દેવું એ અન્યાયી ગણાય.

સ્વાતંત્ર્યના સિદ્ધાંતનો ભંગ કરવા માટે સરકારનું મન લલચાય અને પ્રજાના ઉહાપોહથી તે તેમ કરવા પ્રેરાય એવા ગંભીર, મુશ્કેલ, પ્રસંગો ઉભા થાય એ સમજી શકાય એવું છે. આપણે

લગભગ ન બને એવો પરંતુ પ્રસ્તુત પ્રશ્નને સ્પષ્ટતાથી અને સચોટતાથી સમજાવે એવો એક પ્રસંગ કલ્પીએ. ધારો કે બીજાઓને આંજી નાંખે એવા પ્રભાવશાળી, આકર્ષક વ્યક્તિત્વવાળા અને પોતાના ગમે તેવા અયુક્તિક વિચારોનો પણ બીજાને ચેપ લગાડવાની 'અદ્ભુત શક્તિવાળા (ટૂંકાણમાં, નમુનારૂપ ધર્મનેતા) એક પુરુષને વિશ્વની ગતિ થોડા મહિનામાં બંધ પડી જશે એવી ખાતરી થાય છે. એ દેશના ખુણેખુણામાં ભટકે છે અને જ્યાં ત્યાં પોતાની માન્યતાના પ્રચાર માટે પત્રિકાઓ વ્હેંચે છે. અને સ્થળે સ્થળે ઉપદેશ કરે છે. એના શબ્દોમાં વીજળી જેવી શક્તિ હોવાથી શિક્ષિત તેમજ અશિક્ષિત જનસમુદાયને ખાતરી થઇ જાય છે કે કયામતના દિવસની તૈયારી માટે ઘણા ટાંચા દિવસો રહ્યા છે. બાકી રહેલો સમય પ્રાર્થના કરવામાં તથા પયગમ્બરનાં બોધવચનો સાંભળવામાં ગાળવાના હેતુથી સંખ્યાબંધ લોકો પોતપોતાનો ધંધો છોડી દેછે. કામ બંધ પડે છે. આ રાક્ષસી હડતાળથી દેશ દુબળો બની જાય છે, ગતિહિન થઇ જાય છે. હુન્નર અને ઉદ્યોગો અટકી પડે છે. લોકોને પોતાના ધંધારોજગાર પડતા મેળવાનો અને પયગમ્બરને એની માન્યતા ફેલાવવાનો કાયદાની દષ્ટિએ પૂર્ણ અધિકાર છે. આજ માન્યતા ઇસુ અને એના અનુયાયીઓ એટલી જ ભ્રાંતિથી ધરાવતા હતા. કોઇ કહેશે કે 'જેવો ગંભીર રોગ તેવા આકરા ઇલાજો' હોવા જોઇએ અને આ સૂત્રાનુસાર પેલા ઝનુનીને બોલતો અટકાવવાનું ઘણું મન પણ થાય. પણ જે મનુષ્ય કાયદાનો ભંગ કરતો નથી કે બીજાને બોધ આપી ત્હેને કાયદાનો ભંગ કરવા ઉશ્કેરતો નથી અથવા જાતે સુલેહશાંતિનો ભંગ કરતો નથી તેને કેદ પકડવો એ હડહડતો જુલમ કહેવાય. સ્વાતંત્ર્યની ગતિ પાછી વાળવાથી થતું અનિષ્ટ ભ્રાંતિકારક સિદ્ધાંતના પ્રચારથી ઉપસ્થિત થતાં બધાં અનિષ્ટો કરતાં વધારે ભયંકર નિવડે એવું ઘણાનું માનવું હશે. છતાં વાણીસ્વાતંત્ર્યથી કોઈ વેળા અમુક પ્રકારનું નુકસાન થાય એ વાત નકારવી એ

મૂર્ખામીભરેલું ગણાશે. દરેક સારી વસ્તુ કોઈવાર નુકસાન કરે છે. દાખલા તરીકે, સરકાર ગંભીર, વિનાશકારી ભૂલો કરે છે અને કાયદો વારંવાર અન્યાયથી અને ઘણી કડક રીતે અમલમાં મૂકવામાં આવે છે—અને ખ્રિસ્તીઓના નિરાસક મોક્ષના સિદ્ધાંતની કેવી અસર થઈ છે ? એ સિદ્ધાંતથી અકથ્ય દુ:ખો પેદા થાય છે એવું ખ્રિસ્તીઓને યાદ કરાવવામાં આવે તો ખ્રિસ્તીઓ "દરેક સારી વસ્તુ પણ કોઈવાર નુકસાન કરે છે" એ સિવાય બીજી શી દલીલ, બીજો શો બચાવ, રજૂ કરી શકે !

એક વાર વિચારસ્વાતંત્ર્યના સિદ્ધાંતને સામાજીક પ્રગતિના ઉત્તમ સાધન તરીકે સ્વીકારવામાં આવે કે તુરત તે સામાન્ય ઉપયોગિતાના ક્ષેત્રને વટાવી વધારે ઉંચી ઉપયોગિતાના—અર્થાત્ ન્યાયના ક્ષેત્રમાં ક્રમણ કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો એ સિદ્ધાંત મનુષ્ય માત્રનો કિંમતી હક્ક થઈ પડે છે. હવે આ હક્ક અંતે ઉપયોગિતા પર અવલંબતો હોવાથી સરકાર ઉપયોગિતાનું બ્હાનું આપી અમુક બાબતોમાં એ હક્કની કાપકૂપ કરે તો તેથી કાંઈ સરકાર વાજબી કામ કરે છે એમ કહી શકાય નહિ.

દેવનિંદાના ગુન્હા બદલ ટૂંક સમય પર ઇંગ્લેંડમાં જે ત્રાસજનક શિક્ષાઓ ગુજારવામાં આવી હતી તે ઉપર ચર્ચેલો મુદ્દો સ્પષ્ટ કરે છે. સામાન્ય માન્યતા એવી હતી કે દેવનિંદાને લગતા કાયદા રદ કરવામાં આવ્યા ન હતા છતાં તેમનો અમલ થતો ન હોવાથી તે રદ થયા બરોબર જ હતા. પણ ૧૯૧૧ થી માંડીને અત્યાર સુધી (૧૯૧૫ સુધી) છ માણસોને આ ગુન્હા બદલ કેદમાં પૂરવામાં આવ્યા છે. આ છએ પ્રસંગે ખ્રિસ્તી સિદ્ધાંતોનું ખંડન કરનારા માણસો વધતે ઓછે અંશે અભણ હતા અને તેમણે અસભ્ય અને ક્રોધોત્પાદક શબ્દોમાં ખ્રિસ્તી સિદ્ધાંતો વિરુદ્ધ અભિપ્રાય જાહેર કર્યો હતો. કેટલાક ન્યાયાધીશો એવા મતના હતા કે ખ્રિસ્તીધર્મના મુખ્ય સિદ્ધાંતો વિરુદ્ધ વિચારો પ્રકટ કરતી વખતે

સભ્યતા જાળવવામાં આવે તો દેવનિંદાનો ગુન્હો થતો નથી, પરંતુ અસભ્ય રીતે વિરોધ દર્શાવવામાં આવે તો એ ગુન્હો ગણાય. ધર્મ-નિંદાને લગતા કાયદાની આ નવી જ વ્યાખ્યા ગણાય અને એ કાયદાઓ ઘડવાના અને અમલમાં મૂકવાના હેતુથી વિરુદ્ધ છે—એથી કાયદા ઘડવાનો હેતુ માર્યો જાય છે. સર જે–એફ્ સ્ટિવને બતાવી આપ્યું છે કે લૉર્ડહેલ (૧૭ મી સદી) ના સમયથી માંડીને ઠેઠ ફુટની તપાસ ચાલી (૧૮૮૩) તે સમય સુધીમાં ન્યાયાધીશ માત્રનો સિદ્ધાંત એ જ હતો કે ખ્રિસ્તીધર્મના મુખ્ય મુખ્ય સિદ્ધાંતોનું સત્ય ઇન્કારવું અથવા તો એ સિદ્ધાંતોનો તિરસ્કાર કે ઉપહાસ કરવો, એ કાયદાની દૃષ્ટિએ ગુન્હો છે, અને એમનો આ સિદ્ધાંત ખ્રિસ્તીધર્મ દેશના કાયદાનું એક અંગ જ છે એ માન્યતા પર યોજાયો હતો.

પેલા છ માણસ પર ચલાવવામાં આવેલા મુકર્દમાઓ અને તેમને કરવામાં આવેલી શિક્ષાઓના બચાવમાં એમ કહેવામાં આવે છે કે ધર્મ (ભાવના) નાં અપમાન અને ઉપહાસ થતાં અટકાવ-વાના હેતુથી એ પગલાં ભરવામાં આવ્યાં હતાં. સર. જે. એફ્. સ્ટિવન લખે છે, કે 'જો કાયદા ખરેખર નિષ્પક્ષપાતી હોય અને દેવનિંદાનો ગુન્હો કરનારને જ દંડતા હોય—કારણ દેવનિંદા કરનારા લોકો શ્રદ્ધાળુજનોની લાગણી દુઃખાવે છે—તો નાસ્તિકો (અશ્રદ્ધાળુ જનો) ની લાગણી દુઃખાવે એવા ઉપદેશો કરનારને પણ કાયદાએ દંડવા જોઇએ. પોતાનું બધું જ ખરું અને સારું કહેવડનારા જગત્ પર ઘણા ઉત્સાહી ધર્મો એ ધર્મોમાં ન માનનારાઓની લાગણી દુઃખાવવામાં કશી મણા રાખતા નથી. અને કાયદા આવા ધર્મોને ક્યાં દંડે છે ? ખરી રીતે જોતાં, કાયદાનું ન્યાયીપણું કેવળ જેને હું એના એક જ સાચા સિદ્ધાંત—અર્થાત્ જુલમનો સિદ્ધાંત તરીકે માનું છું તે સિદ્ધાંતને આધારે પુરવાર કરી શકાય." બાકી કાય-દાનું નિષ્પક્ષપાતીપણું પુરવાર કરવું અશકય છે. ખ્રિસ્તીધર્મ ખોટોજ હોય તો તેનો સભ્યતાપૂર્વક વિરોધ કરવો એવો કાંઈ નિયમ ન

હોઈ શકે, એનું સારાપણું એના સાચાપણા પર આધાર રાખે છે, એનું જુઠાપણું સિદ્ધ થાય કે પછી એને ખાસ રક્ષણ આપવું જોઇએ, એના મુખ્ય સિદ્ધાંતોનું ખંડન કરતી વખતે સભ્ય શબ્દો વાપરવા જોઇએ એવી માગણી કરી શકાય નહિ એમ દલીલ કરવાનો ખ્રિસ્તીધર્મના વિરોધીઓને ન્યાયની દૃષ્ટિએ ચોખ્ખો અધિકાર છે. પણ કાયદો આ વાત લક્ષમાં લે એમ ક્યાં છે! ખ્રિસ્તીધર્મ વિરુદ્ધ વિચાર દર્શાવનારો એકદમ કાયદાના ઝપાટામાં આવી જાય છે. આથી ઉલટું કોઇ ખ્રિસ્તીનો ઉપદેશ ઇતરધર્મીને ગમે તેટલો ગુસ્સો ચઢાવે એવો હોય તો પણ કાયદો ખ્રિસ્તી (ના વર્તનસ્વાતંત્ર્ય) ઉપર કશો અંકુશ મૂકતો નથી,. માટે કાયદો ગુસ્સો ઉપજાવે એવી ભાષાનો ઉપયોગ અટકાવવાની નિષ્પક્ષપાત અભિલાષા પર યોજાયેલો નથી; માટે એ ખ્રિસ્તીધર્મ સાચો છે એવા તર્ક પર યોજાયેલો છે અને તેથી જ દમન એ એનો એક અને અદ્વિતીય સિદ્ધાંત છે.

ધર્મનિંદાને લગતા સામાન્ય કાયદાનો હાલ જે રીતે અમલ થાય છે તે જોતાં માનવજાતિની પ્રગતિને વેગ આપે એવા સમર્થ નાસ્તિકોનું સ્વાતંત્ર્ય ભયમાં આવી પડતું નથી એ ખરું, પરંતુ એનાથી ચર્ચાસ્વાતંત્ર્ય તથા વિચારસ્વાતંત્ર્યના સર્વોપરિ સિદ્ધાંતનો ભંગ તો થાય છે જ, એ સામાન્ય કાયદાનો આજ જે અમલ થાય છે તેને પરિણામે ભણેલા અને સાવધ લોકો જે બીના વધારે અસરકારક રીતે, કપટથી અને શિક્ષા થવાના સ્હેજ પણ ભય વગર કહી શકે છે તેને તેજ બીના બીચારા અભણ અને અણઘડ લોકો એમની પોતાની જ શૈલીમાં પ્રકટ કરે તો તેમાં કાયદો આડે આવે છે. આવા લોકો એમની સરળ, ગામડીઆ ઢબે જ જે કાંઇ કહેવાનું હોય છે તે કહી શકે છે. બીજી દંભી રીતો એ લોકો શીખ્યા નથી. આથી આ લોકો ઘણીવાર કાયદાના પાશમાં આવી જાય છે. ગયા બે વર્ષ દરમ્યાન (૧૯૧૩-૧૧) કારાવાસમાં

પૂરાયેલા કેટલાક માણસની વસ્તુ સ્થિતિ વિચારીશું તો આપણને ખાતરી થશે કે એ બીચારાઓનો દોષ એજ હતો કે એમણે જે વિચારો દર્શાવ્યા તે જરા શોચનીય, અસભ્ય શૈલીમાં દર્શાવેલા. બાકી એમણે પ્રકટ કરેલા વિચારો તો ભાંગ્યુંતુટયું સ્હેજસાજ ભણેલા એકે એક પાદરીના ખાનગી પુસ્તકાલયમાંની ચોપડીઓમાં થોડા ઘણા વિનયપૂર્વક દર્શાવવામાં આવ્યા છે, જો કાયદો નિષ્પક્ષપાત અને યથાર્થ હોય તો આવાં પુસ્તકોના લખનારા સામે એનો અમલ થવો જ જોઇતો હતો. પણ કપટભરી સભ્યતા શિક્ષામુક્ત રહે છે ત્યારે નિષ્કપટ અસભ્યતા દંડાય છે, આમ, કાયદાનો હાલ એવો અમલ થાય છે કે તેથી અરુચિકર પદ્ધતિથી પોતાના વિચારો જાહેર કરનારાઓ દંડાય છે અને અભણ સ્વતંત્રવિચારકો બધી વાતે નાલાયક ઠરે છે. જો આ વિચારકોના શબ્દોથી શ્રોતાવર્ગમાં કશી ગરબડ ઉભી થતી હોય તો એ વિચારકો સામે જાહેર શાંતિનો ભંગ કરવા બદલ કામ ચાલવું જોઇએ; દેવનિંદાના ગુન્હાનો એમના પર આરોપ મૂકી શકાય નહિં. જો કોઈ માણસ દેવળમાંનું બધું ધન લૂંટી લે કે દેવળને કશું નુકસાન કરે અથવા ધર્મગુરુઓનો મહેલ લૂંટી લે તો તેના પર ચૌરકર્મ કે એવાજ કોઈ ગુન્હાસર કામ ચલાવી શકાય, પણ પવિત્ર વસ્તુને ભ્રષ્ટ કરવાના અપરાધસર એના પર કામ ચલાવવામાં આવે એ કયાંનો ન્યાય ?

૧૮૮૯ ની સાલમાં બ્રેડલોએ દેવનિંદાના ગુન્હા માટેની શિક્ષાઓ નાબુદ કરવા માટે આમની સભામાં ઠરાવ મૂક્યો હતો, પણ તે ઉડી ગયો હતો. આ સુધારો જલદી કરવાની જરુર છે. આમ થશે તો ગમે તેવે અણધાર્યે સમયે ચલાવવામાં આવતા નામોશીભરેલા ફોજદારી મુકદ્દમાઓની પુનરાવૃત્તિ બંધ પડી જશે. આવી ફોજદારીઓથી કોઇનું કશુંયે હિત સધાતું હોત તો તો જૂદી વાત પણ એથી કોઇનું કદી કાળ કંઈ પણ સુધર્યું હોય એવો એકે દાખલો (જાણ્યો, સાંભળ્યો) નથી. ધર્મભાવનાને અપમાનિત

કે તિરસ્કૃત થતી અટકાવવાના જે હેતુપૂર્વક એવા મુકદ્દમાઓ ચલાવવામાં હતા તે હેતુ પણ સિદ્ધ થઇ શકયો નથી. આવી ફોજદારીઓથી ધર્મને નામે ઘણીવાર ખાનગી ઝેરવેર વાળવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. આથી ઉપર કરેલો સુધારો જેમ વહેલો દાખલ થાય તેમ વધારે સારું.

અધિકાર સામેના બુદ્ધિના સંગ્રામમાં બુદ્ધિને સ્વાતંત્ર્ય માટે નિશ્ચયાત્મક અને સ્થાયી વિજય મળ્યો હોય, સ્વાતંત્ર્ય મળી ગયું હોય. એમ ભાસે છે, જગત્‌ના પ્રગતિશીલ અને સંસ્કૃત દેશોમાં ચર્ચાસ્વાતંત્ર્ય મુખ્ય સિદ્ધાંત તરીકે સ્વીકારાય છે. વસ્તુતઃ ચર્ચાસ્વાતંત્ર્ય એ સંસ્કારિતાનું ધોરણ મનાય છે. જે દેશમાં ચર્ચાસ્વાતંત્ર્ય પ્રવર્તે છે તે દેશ સુધરેલો ગણાય છે. અને જ્યાં વિચારસ્વાતંત્ર્ય પર વધતાં ઓછાં નિયંત્રણો મૂકાય છે એવા સ્પેઇન અને રશિયા જેવા દેશો એમની આજૂબાજૂના દેશો કરતાં ઓછા સુધરેલા છે એવું રસ્તે ચાલતો માણસ પણ કબુલવા તૈયાર છે. બધીજ પ્રતિષ્ઠિત વ્યક્તિઓની દૃઢ માન્યતા છે કે ઐહિક કે પારલૌકિક એવો એક પણ વિષય નથી જેના સત્યનું સંશોધન ઈશ્વર વિદ્યાવિદોના વિચારોનો આધાર લીધા વગર થઇ શકેજ નહિ. આજે વૈજ્ઞાનિકો પોતાની શોધખોળો નિર્ભયપણે પ્રસિદ્ધ કરે છે, પછી ભલેને એ શોધો પ્રકટ કરવાથી પ્રચલિત માન્યતાઓને ગમે તેવો ધોકો પહોંચે. ધાર્મિક સિદ્ધાંતોની ચર્ચા તથા રાજદ્વારી અને સામાજીક સંસ્થાઓની ટીકા આજ પૂરી છુટથી થઈ શકે છે. બુદ્ધિનો વિજય સનાતન છે. બૌદ્ધિક સ્વાતંત્ર્ય એ હવે માનવજાતિનો શાશ્વત અધિકાર થઇ ચૂક્યો, એ સ્વાતંત્ર્યની બાધક શક્તિઓ થોડા વખતમાં છિન્નભિન્ન થઈ જશે અને પૃથ્વીના પછાત ભાગોમાં પણ બુદ્ધિસ્વાતંત્ર્ય ધીમે ધીમે પગપેસારો કરશે એવું એવું આશાવાદી મનુષ્યો શ્રદ્ધાપૂર્વક માની શકે ખરાં. છતાં ઇતિહાસ સૂચવે છે કે જો આશા ફલિભૂત થવાની હજી પાકી ખાતરી રાખી ન શકાય, તો શું આપણી ગતિ જોરથી પાછી નહિ

ફરે એવું આપણે છાતી ઠોકીને, પૂરા વિશ્વાસથી ઉચ્ચારી શકીએ ખરા? નહિ જ. કારણ પ્રાચીનકાળમાં રોમ અને ગ્રીસમાં ચર્ચાસ્વાતંત્ર્ય અને વિચારસ્વાતંત્ર્ય પૂર જોસમાં હતાં અને ત્યારપછી ખ્રિસ્તી ધર્મરૂપે એક અદૃષ્ટ શક્તિ આવી તેણે મનુષ્યના મનને બેડી પહેરાવી, તેના વિચારો પર અંકુશો મૂક્યાં, સ્વાતંત્ર્યને કચડી નાંખ્યું અને ગુમાવેલા સ્વાતંત્ર્યની પુનઃ પ્રાપ્તિ માટે થકવી નાંખે એવાં યુદ્ધો ખેડવાનું મનુષ્યોને લલાટે લખ્યું; એ આપણે જાણીએ છીએ. આવાજ પ્રકારનું કંઇક ફરીથી બને એ શું વિચારી શકાય એવી વાત નથી? કોઈ નવી જ શક્તિ, અજ્ઞાતમાંથી ઉત્પન્ન થઈ, જગતને આશ્ચર્યચકિત કરી નાખે અને તેની ગતિ એકદમ પાછી વાળે એ શું કલ્પનીય નથી?

આવું બને એની ના તો ન કહેવાય; છતાં કેટલીક બાબતો વિચારતાં એ વસ્તુસ્થિતિ ઉભી થવી અસંભવિત લાગે છે. અસલના અને હાલના બૌદ્ધિક વાતાવરણમાં મૂળથી જ તફાવત છે. ભૌતિક વિશ્વ વિષે ગ્રીક પ્રજાને ઘણા થોડા ભૂતાર્થો જાણીતા હતા. શીખવાનું એમાંનું ઘણું સિદ્ધ કરવામાં આવતું નહતું. (ગણિત ઉપરાંત) ખગોળ-વિદ્યા અને ભૂગોળ એ બે વિષયોમાં એ લોકો બહુ જ આગળ વધેલા એમનો જ દાખલો લો અને એમના જ્ઞાનની સાથે તુલના કરો. જ્યારે સિદ્ધ-ભૂતાર્થો ઘણા ઓછા હતા ત્યારે તર્કસ્વાતંત્ર્ય માટે અત્યંત અવકાશ હતો. હવે એકાદ સિદ્ધાંતને માટે બીજા પ્રતિસ્પર્ધી સિદ્ધાંતોને દાબી દેવા એ અને સ્થાપિત ભૂતાર્થોની આખી પરિપાટિઓને દાબી દેવી એ બે ઘણી જૂદી બાબતો છે. બન્નેમાં મહદ્ અન્તર છે. ઉ. ત. ખગોળવેત્તાઓની એક શાખા એમ માનતી હોય કે પૃથ્વી સૂર્ય પાછળ ફરે છે અને બીજી, સૂર્ય પૃથ્વી પાછળ ફરે છે, અને એમાંથી કોઈ પોતાની માન્યતા પ્રયોગ સિદ્ધ કરવાને સમર્થ ન હોય તો દમનનીતિ ચલાવવાની શક્તિવાળી સત્તા એમાંથી ગમે તે એકને સહેલાઈથી કચડી નાંખી શકે. પણ એકવાર પૃથ્વી સૂર્ય પાછળ ફરે છે એ વિચાર બધા ખગોળવેત્તાઓ એકમતે સ્વીકારે તો તો પછી

ગમે તે સત્તાને એથી ઉલટો વિચાર માણસો પાસે કબુલાવતાં ભારે થઈ પડે. ટૂંકાણમાં, આજે બુદ્ધિના કાબુમાં ઘણા સિદ્ધ ભૂતાર્થો હોવાથી, જે સમયે ખ્રિસ્તી ઇશ્વરવિદ્યા તેને કેદીની જેમ દોરતી તેના કરતાં હાલ બુદ્ધિ વધારે દૃઢ ભૂમિ પર ઉભી છે. આ બધા સિદ્ધ ભૂતાર્થોએ એના વજ્રનિર્મિત કોટ–કિલ્લાઓ છે. વળી, જ્ઞાનની સતત્ પ્રગતિને ભવિષ્યમાં કંઇ ચીજ અટકાવી શકે એ કલ્પવું કઠણ છે. પ્રાચીન સમયમાં આ પ્રગતિનો આધાર ઘણી થોડી પ્રજાઓ પર હતો, હાલ એ કાર્યમાં ઘણી પ્રજાઓ પરોવાઇ છે. પ્રાચીન સમયમાં ગ્રીસમાં પ્રચલિત ન હતી એવી વિજ્ઞાનની અગત્ય વિષેની દૃઢ માન્યતા સામાન્ય રીતે આજે પ્રચારમાં છે, અને આજ સંજોગો એવા છે કે આવી ભૌતિક (Material) સંસ્કૃતિનો વિકાસ વિજ્ઞાન પર અવલંબતો હોવાથી વૈજ્ઞાનિક શોધખોળનું કામ અટકી નહિં પડે એવી વ્યવહારિક ખાતરી થઇ ગઇ છે. ખરું જોતાં, ધર્મની જેમ વિજ્ઞાન પણ એક સામાજીક સંસ્થા લેખાય છે.

આમ વિજ્ઞાન કંઈક સહિસલામત દેખાય છે છતાં જે દેશોમાં વૈજ્ઞાનિક ભાવ પૂર્ણ આદર પામે છે ત્યાં સામાજીક, રાજપ્રકરણી અને ધાર્મિક પ્રશ્નોને લગતા વિચારો પર ગંભીર નિયંત્રણો મૂકાય એ સદા સંભવિત વાત છે. રશિયાના વૈજ્ઞાનિકોથી ગાંજ્યા જાય એવા નથી છતાં ત્યાં પેલો જાણીતો (notorious) મુદ્રણનિયંતા નિમવાનો ચાલ મોજુદ છે. જ્યાં આજ વિચારસ્વાતંત્ર્ય વિલસે છે ત્યાં આવતી કાલ દમનનીતિ દાખલ થાય એ અકલ્પનીય નથી. (ફ્રાન્સના વિપ્લવના અગ્રણીઓ જેવા) અમૂર્ત સિદ્ધાંતોમાં દૃઢ શ્રદ્ધા રાખનારા અને પોતાના સિદ્ધાંતો બીજા પાસે બળાત્કારે કબુલાવવાનો નિશ્ચય કરી બેઠેલા લોકો એકાદ બળવાખોર સામાજીક હિલચાલ ફેલાવે તો જરૂર દમનનીતિ અમલમાં મૂકાય એ આપણે અનુભવ પરથી જાણી શકીએ છીએ. આમ, સ્વાતંત્ર્યની ગતિ જોરથી પાછી વાળવા માટે ભવિષ્યમાં પ્રયાસો નહિ થાય એ માનવું મૂર્ખામીભરેલું છે; તોપણ રોમન સામ્રાજ્યના સમયમાં **સ્વાતંત્ર્ય** જે સ્થિતિમાં હતું તે કરતાં હાલ

વધારે સારી અને અનુકૂળ સ્થિતિમાં છે. કારણ તે સમયે વિચાર-સ્વાતંત્ર્યની સામાજીક અગત્ય લોકને બરોબર સમજાતી ન હતી, ત્યારે આજ એ સ્વાતંત્ર્યના પુનઃ સ્થાપન માટે ખેડવામાં આવેલી લાંબી લડતને પરિણામે માણસો એની અગત્ય સમજતા થયા છે. આ દૃઢ માન્યતા જ કદાચ સ્વાતંત્ર્ય વિરુદ્ધનાં બધાં કાવત્રાંને પહોંચી વળશે. દરમ્યાન, વિચારસ્વાતંત્ર્ય એ માનવ પ્રગતિનું સૂત્ર છે એ વાત ઉછરતા યુવકોના મનપર ઠસાવવામાં આપણે કશી મણા રાખવી ન જોઇએ. છતાં શંકા કે દીર્ઘ કાળપર્યંત આવા પ્રયાસો થશે નહિ, કારણ પ્રાથમિક શિક્ષણની આપણી પદ્ધતિઓ અધિકાર પર રચાયેલી છે. બાળકોને કેટલીક વાર સ્વતંત્ર રીતે વિચાર કરવાનો બોધ આપવામાં આવે છે એ વાત ખરી. છતાં આ શ્રેષ્ઠ સલાહ આપનાર પિતાનું કે ગુરુનું ધારવું હોય છે કે બાળકની વિચારશ્રેણીનાં જે પરિણામો આવશે તે એનાં મુરબ્બીઓની દૃષ્ટિએ ઇષ્ટ લાગતા વિચારોને મળતાં જ આવશે. અધિકાર દ્વારા એના મનમાં જે સિદ્ધાંતો ઉતારવામાં આવ્યા છે તે સિધ્ધાંતાનુસાર જ બાળક તર્કો ચલાવશે એવું ધારી લેવામાં આવે છે, પણ જો સ્વતંત્ર વિચારપધ્ધતિ ધાર્મિક અને નૈતિક પ્રશ્નો વિષે શંકા ઉઠાવવાની રીતિમાં રૂપાંતર પામે તો તેના ગુરુઓ અને માતપિતાઓ અદ્ભુત વ્યક્તિઓ નહિ હોય તો જરુર તેથી નાખુશ થશે અને ઘડી ઘડી પ્રશ્નો કરવાની એની ટેવને ઉત્તેજન આપશે નહિ, અને બાળકનો ઉત્સાહ તોડી પાડશે. અલબત્ત, ઉપર કહ્યું તેવું વિચારસ્વાતંત્ર્ય તો અસાધારણ અને ભવિષ્યમાં મહાન થવાની આશા આપનારા બાળકોમાં જ દૃષ્ટિગોચર થશે. આવાના સંબંધમાં એમ કહી શકાય કેઃ–**मातृदेवो भव, पितृदेवो-भव** એથી ઉલટો બોધ બાળકનું વિચારસ્વાતંત્ર્ય પોષાય તે માટે આશા આપનારો છે. વસ્તુસ્થિતિ આમ હોવાથી, બાળક સમજણો થાય ત્યારથી પરપ્રમાણ ક્યારે સ્વીકારવું યોગ્ય છે અને ક્યારે અયોગ્ય છે એ નક્કી કરવાની તાલીમ આપવી અને તે એની કેળવણીનું અંગ ગણાવું જોઈએ.